

# મક્કા, મદીના, શામ, ઈરાક, ઈરાનની ઝિયારતો




: પ્રકાશક :

**હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ**

માળીટેકરા, આંબાચોક, ભાવનગર. (ગુજરાત-ઈન્ડિયા)
ફોન : ૨૫૧૦૦૫૬, ૨૪૨૩૭૪૬





# મક્કા, મદીના, શામ, ઈરાક, ઈરાનની ઝિયારતો

(તરજુમા સાથે)

હજ તથા ઉમરાના માર્ગદર્શન સહિત

: ગુજરાતી સંકલન :

અલ્હાજ બરકતઅલી ટી. નાયાણી

ZAHERA TOURS & TRAVELS
DIWANPARA ROAD
BHAVNAGAR-1

: પ્રકાશક :

**હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ**

માળી ટેકરા, આંબાચોક,

ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત - ઈન્ડિયા)

ફોન : (૦૨૭૮) ૨૪૨૩૭૪૬ - ૨૫૧૦૦૫૬

Web : www.hajinaji.com

Email : hajinajitrust@yahoo.com

| | | |
|---|---|---|
| કિતાબનું નામ | : | મક્કા, મદીના, શામ, ઈરાક, ઈરાનની ઝિયારતો |
| પ્રકાશક | : | હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ |
| સંકલન | : | અલ્હાજ બરકતઅલી ટી. નાચાણી |
| નકલ | : | ૧૦૦૦ |
| આવૃતિ | : | બારમી (ફેબ્રુઆરી - ૨૦૧૩) |
| હદિયો | : | રૂ. ૮૦/- |

## : પ્રાપ્તિ સ્થાન :

| | | |
|---|---|---|
| ભાવનગર | : હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ, | ફોન: ૨૫૧૦૦૫૬ |
| ભાવનગર | : બરકતભાઈ કેબીનવાળા, | મો. : ૯૯૨૪૮૦૦૨૮૪૬ |
| મુંબઈ | : ઇસ્નાઅશરી બુક ડીપો, | ફોન: ૨૩૪૩૫૨૧૫ |
| મુંબઈ | : પંજેતની બુક ડીપો, | મો. : ૯૮૧૯૬૩૭૩૭૦ |
| અમદાવાદ | : શબ્બીરભાઈ નૂરાની, | મો. : ૯૩૭૬૧૬૮૩૦૬ |
| અમદાવાદ | : એહમદભાઈ માસ્ટર, | મો. : ૯૮૯૮૩૩૯૨૭૯ |
| વડોદરા | : અય્યુબભાઈ ટીનવાલા, | મો. : ૯૪૨૮૮૮૧૪૭૨ |
| કાણોદર | : અલ નજફી ઈસ્લામીક લાઈબ્રેરી | મો. : ૯૭૨૫૪૦૮૬૭૫ |
| મહુવા | : અલમદાર બુક ડીપો, | મો. : ૯૨૭૫૧૧૦૬૩૦ |
| મેતા | : ઝયનબીયાહ ઈસ્લામીક લાઈબ્રેરી, | મો. : ૯૮૯૮૩૬૯૦૮૯ |

# આભાર

આપણા મઝહબની મોટાભાગની કિતાબો અરબી, ફારસી અને ઉર્દૂ ભાષામાં પ્રગટ થતી હોય, ગુજરાતી ભાષી શિયા ઈસ્નાઅશરી કૌમ મઝહબી મૂલ્યવાન કિતાબોના લાભથી વંચિત રહેતી હતી.

મ. અલ્લામા હાજી નાજી સાહેબે અસંખ્ય મૂલ્યવાન કિતાબો આપણી કૌમના લાભાર્થે અને મઝહબી પ્રચાર અર્થે પ્રગટ કરેલ હતી. અલ્લામાના ઈન્તકાલ પછી દીની કિતાબોના પ્રકાશન કાર્યમાં ઓટ આવી ગઈ અને કૌમ એક સારા ખતીબ અને કલમકારની સેવાઓથી મહેરૂમ થઈ ગઈ. મ. અલ્લામાના મીશનને આગળ ધપાવવા એમણે પ્રગટ કરેલ કિતાબો ઉપરાંત અન્ય મૂલ્યવાન કિતાબોનો લાભ લોકોને મળતો રહે તે આશયથી જુલાઈ - ૧૯૯૬થી ડીસેમ્બર - ૨૦૦૫ સુધી અંદાજે ૭૫ જેટલી નાની મોટી કિતાબો આપ સૌના સહકારથી પ્રગટ કરવામાં અલ્લાહ તઆલાહે અમારા ટ્રસ્ટને સફળતા બક્ષી.

મુરબ્બી વડીલ અલ્હાજ બરકતભાઈ ટી. નાયાણી (કરાચીવાળા) કેટલાક વરસ પહેલાં ભાવનગર ખાતે સંસ્થાની મુલાકાતે પધાર્યા ત્યારે તેમણે દીની કિતાબોના પ્રકાશન કાર્યમાં અંત:કરણ પૂર્વક રસ દાખવ્યો, પરિણામે એલલુશ્શરાઅ, તવઝીહુલ મસાઈલ અને તફસીરે નમૂના ઉપરાંત અન્ય કેટલીક મૂલ્યવાન કિતાબોને ગુજરાતી ભાષામાં પ્રગટ કરવાનું કાર્ય ખૂબજ સરળ બન્યું.

ત્યાર બાદ મુરબ્બી બરકતભાઈના સહકારથી બીજી ચાર કિતાબો (મુનતખબ મફાતીહુલ જીનાનનો પહેલો ભાગ, સહીફએ

સજ્જાદીયા, ઝિયારતોની કિતાબ અને મુઝે રાસ્તા મીલ ગયાનું પ્રકાશન કાર્ય ખૂબજ સરળ બન્યું.

ભવિષ્યમાં પણ અલ્લાહનો ફ્ઝલ અને કરમ અને તૌફિકાતમાં વધારો થતો રહ્યો તો સમયાંતરે મૂલ્યવાન કિતાબો ગુજરાતી ભાષામાં પ્રગટ કરતા રહીશું અને દીની પ્રચાર કાર્યને તેમજ ઉલુમે આલે મોહમ્મદ (સ.અ.વ.)ને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસો - પ્રયત્નો કરતા રહીશું. ઈન્શાઅલ્લાહ.

અંતમાં દીની કિતાબોના પ્રકાશન કાર્યમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે જે ભાઈઓએ સહકાર આપ્યો છે તેઓ સૌનો સંસ્થા હાર્દિક આભાર માને છે. કિતાબોના પ્રકાશન કાર્યમાં મુરબ્બી બરકતભાઈ નાયાણીના સહકારને, નજર અંદાઝ કરી શકાય નહિ. ખુદાવન્દે કરીમ આપની અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપનાર તમામ બિરાદરોની તંદુરસ્તી અને તવફીકાતમાં વધારો કરે તેવી દુઆ ગુઝારૂં છું અને એવાજ બહોળા સહકારની અપેક્ષા રાખું છું.

કૌમના સખી દાતાઓને નમ્ર ભાવે અરજ છે કે મઝહબી મૂલ્યવાન કિતાબોનો કિમંતી ખજાનો જીવંત રહે તે હેતુથી યથા શક્તિ કિતાબોની નકલો નોંધાવી ઈમામે અલી (અ.સ.)ના (ઈલ્મને કિતાબો દ્વારા સુરક્ષિત રાખો) કથન ને અનુસરે એવી વિનંતી છે.

ગુલામહુસૈન એમ. મેઘાણી

(મેનેજીંગ ટ્રસ્ટી)

૩૧-૦૩-૨૦૦૬ હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ - ભાવનગર

## જત સલામ બાદ જણાવવાનું કે....

ઝિયારતો અરબીમાં જ પઢવાની છે, કેમ કે તેના અરબીના શબ્દો ઈમામ (અ.સ.) તરફથી આવેલ છે. અને તરજુમો પઢ્યા વગર આપણે શું કહી રહ્યા છીએ તે સમજી શકાય નહિ. એટલે જો સમય હોય તો અરબી અને તરજુમો બંને પઢવું, નહિતર એક વખત અરબી અને બીજી વખત હરમ મુબારકમાં ઝિયારત માટે જઈએ ત્યારે તરજુમો પઢવો.

મસ્જીદે કુફા અને મસ્જીદે સેહલાના આમાલ ત્યાંના મુતવલ્લી સાથે જ કરવા, પણ જ્યારે આ આમાલ માટે જવાનું થાય તે પહેલાં તરજુમો વાંચી લેવો. આલિમોથી સાંભળેલું છે કે મસ્જીદે કૂફામાં દુઆઓ માંગવામાં આવે છે તે તુરતજ કબુલ થાય છે અને મસ્જીદે સેહલાના આમાલ પુરા થતા દરેક ગુનાહો માફ થઈ જાય છે.

આ ઝિયારતની કિતાબની પ્રથમ આવૃત્તિ જૂન ૧૯૯૬માં છપાઈ હતી. ત્યાર બાદ ડીસેમ્બર – ૨૦૦૫ સુધી કુલ સાત આવૃત્તિઓ પ્રસિદ્ધ થએલ છે. જેનાથી આ કિતાબની મહત્વતા અને ઉપયોગીતા સમજી શકાય છે.

દરેક આવુત્તિમાં ઉમરએ મુફરદા અને હજ માર્ગદર્શનની માહિતી શામેલ કરવામાં આવેલ છે.

આ આવૃત્તિમાં પાંચ વખતની નમાઝ બાદ પઢવાની દોઆઓ અને કુરઆને મજીદના કેટલાક સુરાઓનો સમાવેશ કરવામાં આવેલ છે, આશા છે કે ઝવ્વારોને આ ઉમેરો લાભદાયક થશે.

ખુશીની વાત એ છે કે, આ મૂલ્યવાન કિતાબને તૈયાર કરવામાં હાજી બરકતઅલીભાઈ નાયાણીએ ખૂબજ ઝેહમત ઉઠાવેલ છે. અલ્લાહ તઆલા તેમની તવફીકાત અને તંદુરસ્તીમાં વધારો કરે તેવી દુઆ છે.

લી.–પ્રકાશક

# અનુક્રમણિકા

પરિશિષ્ટ, પવિત્ર સ્થળોની વિગત ........................... ૦૧
અઈમ્મા (અ.સ.)ની ઝિયારતના આદાબ ........................ ૦૮

## મક્કાએ મોઅઝઝમાની ઝિયારતો

જનાબે ખદીજા (સ.અ.)ની ઝિયારત ........................... ૦૯
જનાબે કાસિમ (અ.સ.)ની ઝિયારત ........................... ૧૧
જનાબે આમેના (સ.અ.)ની ઝિયારત .......................... ૧૧
જનાબે અબુ તાલીબ (અ.સ.)ની ઝિયારત ..................... ૧૩
જનાબે અબ્દે મનાફની ઝિયારત ............................. ૧૪
જનાબે અબ્દુલ મુત્તલીબ (અ.સ.)ની ઝિયારત ................. ૧૫

## મદીનએ મુનવ્વરાની ઝિયારતો

ઈઝને દુખૂલ ................................................ ૧૭
હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ની ઝિયારત ............... ૨૦
હઝરત ફાતેમા ઝેહરા (સ.અ.)ની ઝિયારત ................... ૨૫
વિદાઅ મસ્જીદે નબવી ....................................... ૨૮

## જન્નતુલ બકીઅની ઝિયારતો

ઈઝને દુખૂલ ................................................ ૩૧
ઈમામે હસન, ઈમામે ઝયનુલ આબેદીન, ઈમામે મોહમ્મદે બાકિર,
અને ઈમામે જાઅફરે સાદિક (અ.સ.)ની ઝિયારત ............. ૩૨
જનાબે અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલીબની ઝિયારત ........... ૩૬
જનાબે અકીલ અને અબ્દુલ્લાહ બિન જાઅફરની ઝિયારત ..... ૩૭
જનાબે ઈબ્રાહીમ (અ.સ.)ની ઝિયારત ........................ ૩૮
ઓહદમાં ઝખ્મી થયેલા શહીદોની ઝિયારત ................... ૪૨
જનાબે ઈસ્માઈલ (અ.સ.)ની ઝિયારત ........................ ૪૨
જનાબે હલીમા ખાતુનની ઝિયારત ........................... ૪૪
જનાબે ફાતેમા બિન્તે અસદની ઝિયારત ...................... ૪૪
જનાબે સફીયા અને જ. આતેકાની ઝિયારત .................. ૪૮

જનાબે ઉમ્મુલ બનીનની ઝિયારત ........................ ૪૯
વિદાએ ઈમામો (અ.સ.) ........................ ૫૦
જનાબે અબ્દુલ્લાહની ઝિયારત ........................ ૫૦

## ઓહદની ઝિયારતો

જનાબે હમ્ઝાની ઝિયારત ........................ ૫૨
ઓહદના શહીદોની ઝિયારત ........................ ૫૫

## નજફે અશરફની ઝિયારતો

હઝરત અલી (અ.સ.)ની ઝિયારતની ફઝિલત ........................ ૫૮
હઝરત અલી (અ.સ.)ની ઝિયારત ........................ ૫૯
હઝરત આદમ (અ.સ.)ની ઝિયારત ........................ ૭૭
હઝરત નૂહ (અ.સ.)ની ઝિયારત ........................ ૭૮
હઝરત અલી (અ.સ.)ની ઝિયારત બાદ પઢવાની દુઆ ........................ ૭૯
વિદાએ હઝરત અલી (અ.સ.) ........................ ૮૧
મસ્જીદેહન્નાનામાં પઢવાની ઝિયારત ........................ ૮૪
રોઝએ જ. કુમૈલમાં નમાઝ પછી પઢવાની દુઆ ........................ ૮૭

## મસ્જીદે કૂફાના આમાલ

મસ્જીદે કૂફા ........................ ૮૮
મસ્જીદે કૂફાના આમાલ ........................ ૮૯
મકામે હઝરતે ઈબ્રાહીમ (અ.સ.) ........................ ૯૦
મકામે હઝરતે ખિઝર (અ.સ.) ........................ ૯૪
મકામે દકકુલ કઝા ........................ ૯૪
મકામે બયતુલ તશ્ત ........................ ૯૫
મકામે હઝરતે મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) ........................ ૯૭
મકામે હઝરતે આદમ (અ.સ.) ........................ ૯૮
મકામે હઝરતે જીબ્રઈલ (અ.સ.) ........................ ૧૦૫
મકામે ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.) ........................ ૧૦૭
મકામે હઝરતે નૂહ (અ.સ.) ........................ ૧૧૦
હઝરત અલી (અ.સ.)ની મહેરાબ ........................ ૧૧૧

મકામે ઈમામે જાઅફરે સાદિક (અ.સ.) ........................ ૧૧૨
હઝરત અલી (અ.સ.)નો સુફ્ફો ................................ ૧૧૩
હઝરત મુસ્લિમ બિન અકીલ (અ.સ.)ની ઝિયારત ........... ૧૧૬
હઝરત હાની બિન ઉરવાહની ઝિયારત ........................ ૧૨૩

## મસ્જીદે સેહલાના આમાલ

મસ્જીદે સેહલા .................................................. ૧૨૫
મકામે ઈમામે જાઅફરે સાદિક (અ.સ.) ........................ ૧૨૮
મકામે હઝરતે ઈબ્રાહીમ (અ.સ.) ............................. ૧૩૦
મકામે હઝરતે ઈદરીસ (અ.સ.) ................................ ૧૩૧
મકામે હઝરતે ખિઝર (અ.સ.) ................................. ૧૩૧
મકામે હઝરતે સાલેહીન (અ.સ.) .............................. ૧૩૨
મકામે ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.) ..................... ૧૩૪
મકામે ઈમામે ઝમાના (અ.સ.) ................................ ૧૩૪
ઝયદ અને સાઅસા બિન સોહાનની મસ્જીદ વિષે ............ ૧૩૯

## કરબલા-એ-મોઅલ્લાની ઝિયારત

ઈમામે હુસૈન (અ.સ.)ની ઝિયારતની ફઝીલત ............... ૧૪૦
ઈમામે હુસૈન (અ.સ.)ની ઝિયારત ........................... ૧૪૩
હઝરતે અલી અકબર (અ.સ.)ની ઝિયારત ................... ૧૫૧
તમામ શહીદોની ઝિયારત ....................................... ૧૫૩
વિદાઅ ઈમામે હુસૈન (અ.સ.) ................................ ૧૫૪
જનાબે હબીબ ઈબ્ને મઝાહિરની ઝિયારત .................. ૧૫૬
જનાબે ઈબ્રાહીમ મુજાબની ઝિયારત ......................... ૧૫૭
હઝરતે અબ્બાસ (અ.સ.)ની ઝિયારત ........................ ૧૫૮
ઝિયારતે વિદાઅ હઝરતે અબ્બાસ (અ.સ.) ................. ૧૬૭
જનાબે હૂરની ઝિયારત ......................................... ૧૬૯
જનાબે ઓનની ઝિયારત ........................................ ૧૭૧
જનાબે મુસ્લિમ (અ.સ.)ના ફરઝંદોની ઝિયારત ............ ૧૭૫

## કાઝમૈનની ઝિયારતો

ઈમામે મુસા કાઝિમ (અ.સ.) અને ઈમામે મોહમ્મદે તકી (અ.સ.)ની ઝિયારત ........................ ૧૭૭
ઈમામે મુસા કાઝિમ (અ.સ.)ની ઝિયારત ........................ ૧૮૦
ઈમામે મોહમ્મદે તકી (અ.સ.)ની ઝિયારત ........................ ૧૮૯
ઝિયારતે વિદાઅ ઈમામે મુસા કાઝિમ (અ.સ.) ........................ ૧૯૫
ઝિયારતે વિદાઅ ઈમામે મોહમ્મદ તકી (અ.સ.) ........................ ૧૯૫

## બલદની ઝિયારત

સૈયદ મોહમ્મદ (અ.સ.)ની ઝિયારત ........................ ૧૯૬

## સામરાની ઝિયારતો

ઈ. અલી નકી તથા ઈ. હસન અસ્કરી (અ.સ.)ની ઝિયારત . ૨૦૩
ઈમામે અલી નકી (અ.સ.)ની ઝિયારત ........................ ૨૦૬
ઈમામે હસન અસ્કરી (અ.સ.)ની ઝિયારત ........................ ૨૧૫
વિદાઅ ઈમામ અલી નકી, તથા ઈ. હસન અસ્કરી (અ.સ.) . ૨૨૬
જનાબે નરજીસ ખાતુનની ઝિયારત ........................ ૨૨૭
જનાબે હકીમા ખાતુનની ઝિયારત ........................ ૨૩૨
ઈમામે ઝમાના (અ.સ.)ની ઝિયારત ........................ ૨૩૬

## બગદાદની આજુ બાજુમાં આવેલી ઝિયારતગાહો

મસ્જીદે બરાસા ........................ ૨૪૧
જનાબે સલમાને ફારસીની ઝિયારત ........................ ૨૪૩
વિદાઅ જનાબે સલમાને ફારસી ........................ ૨૪૭
હુઝયફા યમાની, તાકે કિસરા ........................ ૨૪૮
ઈમામે ઝમાના (અ.સ.)ના ચાર નાએબો વિશે ........................ ૨૪૮

## શામની ઝિયારતો

જનાબે ઝયનબ (સ.અ.)ની ઝિયારત ........................ ૨૪૯
જનાબે સકીના (અ.સ.)ની ઝિયારત ........................ ૨૫૩

## ઈરાનની ઝિયારતો


જનાબે ફાતેમા – મઅસુમા (સલા.)ની ઝિયારત ............. ૨૫૭
ઈમામઝાદા અબ્દુલ અઝીમની ઝિયારત ..................... ૨૬૧
ઈમામઝાદા હમઝાની ઝિયારત ................................ ૨૬૬
ઈમામઝાદા તાહિરની ઝિયારત ................................ ૨૬૭
ઈમામે રઝા (અ.સ.)ની ઝિયારત ............................. ૨૬૯
વિદાઅ ઈમામે રઝા (અ.સ.) .................................. ૨૮૩


## ખાસ ખાસ ઝિયારતો


ઝિયારતે જામેઆ ..................................................... ૨૮૮
ઝિયારતે આશુરા ...................................................... ૩૦૭
ઝિયારતે અરબઈન .................................................... ૩૧૬
ઝિયારતે અરફા ........................................................ ૩૨૧


## નમાઝ બાદ પઢવાની દોઆઓ


ફજરની નમાઝ બાદ પઢવાની દોઆ ........................... ૩૨૯
ઝોહરની નમાઝ બાદ પઢવાની દોઆ ......................... ૩૩૦
અસરની નમાઝ બાદ પઢવાની દોઆ .......................... ૩૩૨
મગરીબની નમાઝ બાદ પઢવાની દોઆ ...................... ૩૩૩
ઈશાની નમાઝ બાદ પઢવાની દોઆ ......................... ૩૩૫


## ઉમરએ મુફરદા અને હજ માર્ગદર્શન


ઉમરએ મુફરદા ......................................................... ૩૩૭
હજ માર્ગદર્શન .......................................................... ૩૪૫


## કુરઆને મજીદના અમૂક સુરાઓ


સુરએ યાસીન (૧) સુરએ રહમાન (૭) સુરએ વાકેઆ (૧૦) સુરએ જુમ્આ (૧૫) સુરએ મુલ્ક (૧૬) સુરએ નબઅ (૧૯) સુરએ અઅલા. (૨૧) સુરએ શમ્સ (૨૧) સુરએ કદ્ર (૨૨) સુરએ ઝિલઝાલ (૨૨) સુરએ આદેયાત (૨૩) સુરએ કાફેરૂન (૨૩) સુરએ નસ્ર (૨૪) સુરએ તવહીદ (૨૪) સુરએ ફલક (૨૪) સુરએ નાસ (૨૫) આયતુલ કુરસી (૨૫)

# દોઆ શા માટે માગવી જોઈએ?

દુન્યાને પેદા કરવાનો હેતુ તેના સર્જનહારે કુરઆને શરીફમાં જાહેર કરી દીધો છે: "વમા ખલકતુલ જીન્ન વલ ઈન્સા ઈલ્લા લે યઅબોદુન – જીન્નાત અને ઈન્સાનને ફક્ત મારી ઈબાદત કરવા માટે જ પેદા કરેલ છે." અને સાથે સાથે તેણે ઈબાદતના તરીકા (નમાઝ, રોઝા, ઈત્યાદિ)નું શિક્ષણ પણ આપ્યું.

હવે જો ઝરા સુક્ષ્મ દ્રષ્ટિએ આપણે જોશું તો નમાઝ વગેરે આમાલમાં અલ્લાહ પાસે દોઆ માંગવામાં આવે છે. તો આપણે એ વાત વિના સંકોચે કહી શકીશું કે દોઆ ઈબાદતનો એક પ્રકાર છે.

કારણ દેખીતું છે કે કોઇ પણ મુરાદ માટે, કોઈ પણ નેક કામને માટે, કોઈ આફ્ત દૂર થવા માટે દોઆ માંગતી વખતે તે દોઆ કરનારની ઝબાન પર અલ્લાહ – તઆલાનો વિર્દ હોય છે તો તે અલ્લાહના નામના વિર્દને શું આપણે ઈબાદત નહી કહીએ? તે સિવાય નમાઝના અર્થ ન જાણતા ભાઈઓ અને બહેનો દોઆને પોતાની ઝબાનમાં સમજી શકે છે તેથી તેનું દિલ કંઈક વધારે ખુદામય બને છે, ખુદાના ખોફ્થી તેની આંખોમાંથી આંસુઓ વહે છે, તેનો સવાબ ધ્યાન વગર પડાએલી સુન્નત નમાઝોની હજારો રકાતો કરતાં પણ વધુ છે.

અને માઅસુમીન (અ.સ.)ની દેવડી ઉપરથી આપણને એવી દોઆઓ મળી છે કે જેના સદકાથી મુસીબતોના પહાડ આપણે ખસેડી શકીએ છીએ. ફોલાદથી વધુ કઠણ દિલ રાખતા ઝાલિમોનાં દિલ પણ પીગળીને પાણી થઈ જાય છે અને કેટલીય દોઆ એવી છે કે હઝારો ગુનાહ માફ થઈ જાય છે.

દોઆ માંગવી તે નકામી બાબત નથી અથવા જેમાં કાંઈ લાભ ન હોય તેવી મહેનત પણ નથી. દોઆ માંગવી તે મહાન ઈબાદત હોવા ઉપરાંત જેના પરિણામમાં ફાયદાઓની કોઇ ગણત્રી થઈ શકે નહિ એવું કાર્ય છે. જેવી રીતે તદબીરને તકદીર કચડી નાખે છે અને પરિણામ શૂન્ય અથવા ધાર્યાથી ઉલ્ટું લાવે છે તેનાથી પણ બેવડી તાકાતથી દોઆ તકદીરને પલટાવી દે છે.

પરંતુ એ દોઆ અંત:કરણપૂર્વક થવી જોઇએ. દોઆ કરતી વખતે બધું ધ્યાન તે માલિકમાં જ પરોવી દેવું જોઈએ, તો જ એ દોઆ કબુલિયતને દરજ્જે પહોંચી શકે છે. વર્ષો સુધી બેદિલીથી કરેલી દોઆ નિષ્ફળ જાય

છે, જ્યારે થોડીક પળ માટે ખુલુસ દિલથી કરેલી દોઆ ઘણી જ જલ્દી કબુલ થાય છે. તે વિષેનો એક ઐતિહાસિક પ્રસંગ બયાન કરવો જરૂરી છે.

ઈરાનના શાહ નાસેરૂદ્દીન હઝરત અલી (અ.સ.)ની ઝિયારત માટે નજફમાં આવ્યા અને તેઓ રોઝએ અકદસના દરવાજા પાસે પહોંચ્યા ત્યાં એક આંધળાને જોયો. તેમણે તેને પુછ્યું : તું અહીં કેમ ઉભો છે? તેણે કહ્યું : એક વર્ષથી મારી આંખોની બિનાઈ માટે મૌલાના દરબારમાં કરગરૂં છું.

તું બાર મહિનાથી દોઆ કરે છે અને તે દુઆ હજુ સુધી કબુલ થઈ નથી! તે પણ મારા મૌલાના દરબારમાં! મૌલાના દરબારમાં તો માંગનારને જરીએ ખોટીપો નથી થતો, પણ તારી નિય્યતમાં ખોટ હોવી જોઈએ, તું અહીં દોઆ માંગવાનું બહાનું કરી ભીખ માંગવા જ ઉભો લાગે છે, જો હું ઝિયારત કરીને પાછો ફરૂં ત્યાં સુધીમાં તારી આંખો દેખતી ન થઈ તો હું તને કત્લ કરાવીશ. એટલું કહી નાસેરૂદ્દીન રોઝએ મુબારકમાં દાખલ થયા.

પેલો અંધ એ ધમકી સાંભળી ફિકર – ચિન્તામાં પડી ગયો. તે ડરી ગયો કે જો આંખો દેખતી ન થઈ તો મારૂં આવી બન્યું. જીવનનો લોભ બધા લોભથી ચઢીયાતો છે, તેણે પોતાના દિલમાંથી એકેક ઈચ્છા, એકેક વાતને ખંખેરી નાખી, અત્યારે તો તેના દિલમાં એક જ વાત હતી અને તેની જીભથી તે નિકળી રહી હતી, મૌલા! મને જાન બક્ષી આપો મારી આંખોમાં બીનાઈ આપો. એ એકની એક વાત નીકળતી હતી તેની આંખોમાંથી આંસુઓ વહી રહ્યા હતા.

દોઆ કબુલ થઈ, તેની આંખોનો અંધાપો દૂર થઈ ગયો. આંખોમાં નુર આવી ગયું. ખુદાએ ખલકત કરેલ તમાજ ચીજ વસ્તુઓ તેની આંખેથી દેખાવા લાગી.

એક વાત યાદ રહે કે ઈન્સાનનું તકદીર બે રીતે ઘડાય છે, એક તો એ કે તેના કિસ્મતમાં લખાએલ આરામ, સુખ, મુસીબત, અફ્ર હોય છે. તેમાં ગમે તે થાય પણ કશો ફેરફાર થતો નથી.

બીજું એવી રીતે કે તેમાં લખાએલી મુસીબતો, આફ્તો ઈત્યાદિને પોતાના સારા કાર્યોથી બદલી શકે છે. તે વાતને પુષ્ટિ આપતી હઝરત ઈસા (અ.સ.)ના ઝમાનાની એક હિકાયત અત્રે પેશ કરૂં છું.

એક નવી દુલ્હન પિયરથી સાસરે જઈ રહી હતી. ઈસા (અ.સ.)મે તેના માટે ભવિષ્યવાણી કહી, આ છોકરીને આજે સર્પ કરડશે અને તેણી મરી જશે. પરંતુ હઝરતે કહેલું થયું નહી, તેથી આપ તેણીને ઘરે ગયા અને પુછ્યું કે કાલે રાત્રે તેણીથી કાંઈ નેક કામ થએલું?

તેણીને પુછતાં કહ્યું : મારા પિયરમાં રોજ એક ફકીરને ખાણું મળતું પણ પરમ દિવસ રાતના બધા શાદીની ધમાલમાં હોઈ, ફકીરનો અવાઝ કોઈએ સાંભળ્યો નહીં. મારા કાનમાં સાઈલનો અવાઝ આવવાથી હું છુપી રીતે તેને ખાણું આપી આવી.

હઝરતે તેની વાત સાંભળ્યા પછી કહ્યું : ઉઠ, અને તારા કપડાં ખંખેર.

તેણીએ તુરતજ ઉભા થઈ કપડાં ખંખેર્યા. જેવા કપડાં ખંખેર્યાં તેવો જ એક ઝેરી સર્પ નીચે પડ્યો, તે સર્પના મોંમાં કોઈએ ડુચો દઈ દીધો હતો.

જો આ સર્પ તારો કાળ થાઈને આવ્યો હતો, એનો એક જ દંશ તારૂં મરણ નિપજાવત. પણ તેં જે પેલા ફકીરને ખાણું આપ્યું, જે સદકો આપ્યો, તે સદકાએ તારી તકદીરને પલટાવી દીધું.

કહેવાનું તાત્પર્ય એટલું જ કે એવું તકદીર છે કે જે તકદીર દોઆ માંગવાથી, સદકો આપવાથી ખયરાત ઈત્યાદિ નેકીના કાર્યોથી બદલી શકાય છે. પણ જો એમ ન કરે તો એ તકદીરમાં લખાએલા દુઃખો મુસીબતો અને આફતો સેહવા જ પડશે.

એનો કોઈને ઈન્કાર જ ન હોઈ શકે કે ખુદા રોઝી આપવા માટે બંધાએલો છે. એ રોઝી આપવાનો ઝામીન થઈ આપણને રોઝીની તલાશ (કામ – ધંધો ઈત્યાદિ) કરવાનો હુકમ આપેલ છે અને જો એ ન કરે તો ગુનેહગાર અને નાફરમાન છે. એ જ રીતે તેણે દરેક બલા, બિમારી, મુસીબતો વગેરેથી રક્ષણ મેળવવા અને મુરાદો પુરી થવા માટે પણ દોઆ માગવાનું ફરમાન કરેલું છે અને દોઆ ન કરનારની અભિમાનીમાં ગણના થાય છે.

દોઆ શા માટે માગવી જોઈએ? એ પ્રશ્નના ઉત્તરમાં કરેલો ખુલાસો પુરતો છે. હવે ઘણીવાર દોઆ કબુલ નથી થતી તે વિષે ટૂંકો પણ આવશ્યક ખુલાસો કરી, દોઆ માગવા માટે ખુદા, રસુલ (સ.અ.વ.) અને ઈમામો (અ.સ.)ના ફરમાનો શું છે? તે ટૂંકમાં અહીં રજુ કરેલ છે.

ઘણીવાર ઈન્સાન દોઆ માગે છે પણ કબુલ થતી નથી, તેમાં ખુદાની કોઈ અકળ મસલેહત સમાયેલી છે. થોડીવાર માટે તો તે નિરાશ થઈ જાય છે. પણ એ ન ભુલવું જોઈએ કે અંતરમાંથી નીકળેલો અવાઝ કોઈ દિવસ પણ નિષ્ફળ નથી જતો. આજે એ દોઆ નિષ્ફળ ગયેલી લાગે છે. આજે ઈચ્છિત ફળની પ્રાપ્તી એ દોઆ થકી ન થાય, તો પણ ઈન્સાનને તેથી નિરાશ થવું ન જોઈએ. કારણકે સંભવિત છે કે એ દોઆથી આજે દુનિયામાં ઈચ્છિત ફળની પ્રાપ્તી નથી થઈ શકી એ ન થઈ શકવાના કારણમાં ઈન્સાનની ભલાઈ સમાએલી હોય છે.

સાચા દિલથી ખુદા ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખનારની દોઆ કબુલ થઈ કે નહીં, તેની જાણ તો કયામતના દિવસે થશે કે ખુદાએ તઆલા પોતાના બંદાને કહેતો હશે કે, મારા બંદા! તેં માગ્યું અને મેં ન આપ્યું. તેનો અર્થ એ નથી કે હું આપવા અશક્ત હતો. અથવા મારી પાસે તારી કદર ન હતી પણ તારી દોઆ કબુલ ન કરવામાં તારી જ બહેતરી અને ભલાઈ હતી.

ખુદાએ તઆલા કુરઆને શરીફમાં ફરમાવે છે. : 'વકાલ રબ્બોકા ઉદઉની અસ્તજીબ લકુમ, ઈન્નલ્લઝીન યસ્તકબેરૂન અન એબાદતી સયદ ખોલુન જહન્નમ દાખેરીન' – 'તમારો રબ ફરમાન કરે છે કે તમો દોઆ માંગો (મસલેહત હોય) તો હું કબુલ કરૂં, (પણ) જે લોકો મારી ઈબાદત કરવા માટે તકબ્બુર કરે છે, તેઓને નજીકમાં રૂસવા કરીને જહન્નમમાં હોમી દઈશ.' આ સ્થળે તફસીરકારોએ ઈબાદતના અર્થ 'દોઆ' બતાવેલ છે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) મે ફરમાવ્યું : હું તમોને એક એવું શસ્ત્ર બતાવું કે જે તમારા દુશ્મનોથી તમારૂં રક્ષણ કરે અને તમારી રોઝીમાં પણ વધારો કરે?

યા રસુલુલ્લાહ અમોને એવું શસ્ત્ર જરૂર દેખાડો. અસ્હાબોએ અર્ઝ કરી.

એ શસ્ત્ર એ છે કે પરવરદિગારની હુઝુરમાં રાત અને દિવસ દોઆ માગ્યા કરવી, હઝરતે મહાન શસ્ત્ર બતાવ્યું.

તેમણે જ ફરમાવેલું છે કે તમારા મરીઝોનો ઈલાજ સદકો આપીને કર્યા કરજો. બલાઓને દોઆથી દફે કરજો.

હઝરત અલી (અ.સ.) ફરમાવે છે કે દોઆ મોઅમિનો માટે શસ્ત્રની

ગરજ સારે છે અને તે શસ્ત્રથી તેઓ વિજય મેળવે છે.

હઝરત ઈમામે જાઅફરે સાદિક (અ.સ.)મે ફરમાવ્યું : ઓ મયસર! દોઆ કરીને એમ ન કહો કે તકદીરમાં હશે તે થઈને રહેશે, ખુદા પાસે એક એવી પણ કદર છે, એક એવો પણ દરજો છે જે દોઆ થકી જ મળી શકે છે. જો તમો હોઠ બંધ કરી બેસી રહેશો તો કાંઈ નહીં મળે, પણ યકીન રાખજો કે જે દરવાજો સતત ખખડાવવામાં આવે છે તે દરવાજો એક દિવસ જરૂર ઉઘડવાનો જ.

હઝરત ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.)ની દોઆઓનો સહીફો જોનાર આશ્ચર્યથી દીગ્મુઢ થઈ જાય છે અને વિચારમાં પડી જાય છે કે આપ ઈમામ (અ.સ.) કેવી આજીઝી, કેવી લાચારીથી દોઆ ગુઝારે છે કે જેનું બયાન પણ થઈ શકે નહિ. ત્યારે આપણે તો ડગલે ને પગલે કદમ કદમ પર ગુનાહના અંબાર ખડકે જઈએ છીએ છતાં ખુદાની બારગાહમાં લીન નથી બની જતા, આજીઝી સાથે કરગરતા નથી, કાકલુદી નથી કરતા. એ માટે અવકાશ જ ક્યાં મળે છે!!!? એના માટે સમય જ ક્યાં છે? પેટનો ખાડો પુરવા માટે એક શેર જાર કે બાજરો કે ઘઉં અને એક શેર પાણીની જરૂરત છે. તેમાંય પાણી તો જ્યાં અને જ્યારે જુઓ ત્યારે વગર મુલે મળી રહે છે. રહી એક શેર જાર કે બાજરી તેના માટે મનુષ્ય કેવાં કાળા કર્મો કરે છે કે અલ્લાહની પનાહ! અને તે પણ જાણવા છતાં કે રોજી માટે તે માલિક બંધાયેલ છે.

ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.) તે માલિકની જબાનમાં કેવા દિલ હચમચાવી નાખે એવા શબ્દોમાં યાચના – દોઆ કરે છે. તે જરા જાણી લઈએ.

હે મારા મૌલા મારી સ્થિતી એવી બનાવી દે કે જરૂરત વખતે તારી સહાયથી હુમલો કરૂં. હાજત વેળા તારી પાસે યાચના કરૂં, લાચારીમાં તારી પાસે કરગરૂં. હે માઅબુદ! એવું ન કરજે કે તને મુકીને બીજાને માથું નમાવું, બીજાના પાસે હાથ લાંબો કરૂં, બીજાની રૂબરૂ કરગરૂં. માલિક! એવું ન કરજે, જો હું એવો થઈ જઈશ તો હું તારી દરગાહને કાબિલ નહીં રહું. તારી બક્ષિશોને લાયક નહીં રહું!!!

બીજી એક દોઆમાં આપ કહે છે કે : હે મારા માઅબુદ! જ્યારે વિરોધી કિન્નાખોરી રાખે ત્યારે મારા દિલમાં (તેના પ્રત્યે) મોહબ્બત આપજે, તે ઈર્ષા કરે ત્યારે મારા દિલમાં તેના માટે સહાનુભૂતિ પ્રેરજે.

જ્યારે તે બુરાઈ કરે ત્યારે મને ભલાઈ કરવાની તૌફીક બક્ષજે. જ્યારે તે બદગુમાની કરે ત્યારે મારા દિલને શંકાઓથી નિર્મળ રાખજે. તે મારો સહાયક ન થાય તો પણ તેના સહાયક થવાની મને પ્રેરણા દે જે. ઝાલિમોના ભયની કડવાશને બદલે અભયતાની મીઠાસ આપજે.

દોઆઓ કબુલ ન થવાથી કંટાળવું નહીં, પરંતુ દોઆ શા માટે કબુલ નથી થતી તેનું કારણ શોધવું અને આપણી જ કોઈ ભુલના કારણે જો દોઆ કબુલ ન થતી હોય તો તે ભુલને સુધારવી. હઝરત ઈમામે જાઅફરે સાદિક (અ.સ.)ની ખિદમતમાં એક જણે અરજ કરી : યા મૌલા અમારી દોઆઓ કબુલ નથી થતી તેનું શું કારણ?

આપે ફરમાવ્યું : ખુદાએ તઆલા ફરમાવેલ છે કે 'વ અવફુ બેઅહદી ઉફે બેઅહદેકુમ' તમોએ મારી સાથે જે વાયદો કરેલ છે. તે પુરો કરો તો હું પણ તમારી સાથેનો વાયદો પૂરો કરૂં. તો તમારી દોઆ કબુલ ન થવાનું એક કારણએ છે કે તમો વાયદો પૂરો કરતા નથી. અર્થાત તેઓએ જે વાજેબાત બજાવી લાવવા વચન આપ્યું છે તેનું પાલન કરતા નથી, અને જે કાર્યથી દૂર રેહવા પ્રતિજ્ઞા કરી હતી, તે કાર્યો પણ તમો કરો છો. ખુદાની કસમ, જો તમો તેની સાથેનો વાયદો પુરો કરશો તો તે તમારી દોઆઓ કબુલ કરી પોતાનો વાયદો પૂરો કરશે.

દોઆ કબુલ ન થવાનું બીજું કારણ એ પણ છે કે તેમાં એ શરત છે કે નેકીનાં કાર્યો કરીને જો દોઆ કરે તો આટામાં નમક જેટલી દોઆ બસ છે અને નેક અમલ વિના દોઆ કરવી તે ધનુષ્ય વગર બાણ ફેંકવા સમાન છે. હાથથી ફેંકાએલું તીર ધારેલું અચુકતાથી નિશાન વીંધી શકતું નથી. એ જ રીતે નેક અમલ વગર દોઆ કરવાથી ધારી અસર ઉપજાવી શકાતી નથી.

ટૂંકમાં દોઆ કરવાની પ્રત્યેકને ફરજ પડે છે. ભલેને ખુદાની મહેરબાનીથી માલ, ઔલાદ, આબરૂ હોય, છતાં પણ તેની બારગાહમાં દોઆ કર્યા જ કરવી જોઈએ. હઝરત અલી (અ.સ.) ફરમાવે છે કે હાજત હોય કે ન હોય પણ દોઆ તો કરવી લાઝિમ છે.

હાજતવાળાઓ માટે જ દુઆ જરૂરી છે એમ સમજવું ભૂલ ભરેલું છે, દરેકે હાજત હોય કે ન હોય દોઆ માંગવી લાઝીમ છે. હંમેશા બલાઓથી બચવા માટે દોઆ કરવી જોઈએ, કારણકે એમ કરવાથી આવનારી બલા અટકે છે અને મળેલી નેઅમતો બાકી રહે છે.

## પરિશિષ્ટ (પવિત્ર સ્થળોની વિગત)

**મક્કા : મસ્જીદુલ હરામ :**

૧-ખાનએ કા'બા, ૨-હજરે અસ્વદ, ૩-મકામે ઈબ્રાહિમ, ૪-મુસ્તજાર (રૂકને યમાનીની સામે), ૫-રૂકને યમાની, (હજરે અસ્વદ અને કા'બાનો વચ્ચેનો દરવાજો) ૬-દિવારે હતીમ, ૭-સોનાનો બનેલો પરનાળો, ૮-ઝમઝમનો કુવો, ૯-સફા અને મરવાની પહાડીઓ.

**મક્કા શહેરમાં :**

૧-હઝરત રસૂલ સ.અ.વ.નું જન્મ સ્થળ, ૨-મસ્જીદે જીન, ૩- મસ્જીદે બિલાલ, ૪-મસ્જીદે આઈશા, (તનઈમ)

**જન્નતુલ મોઅલ્લા :**

૧-જનાબે ખદીજતુલ કુબરા સલા.ની કબર, ૨-જનાબે આમેના સલા.ની કબર, (હુઝૂર સલ.ના માતાજી) ૩-હઝરત અબુ તાલિબની કબર, (હઝરત અલી અ.સ.ના પિતા) ૪-હઝરત અબ્દે મુનાફની કબર, (હુઝૂર સલ.ના પરદાદા) ૫-હઝરત હાશીમ ર.અ.ની કબર, ૬-હઝરત અબ્દુલ મુત્તલિબની કબર, (હુઝૂર સલ.ના દાદા)

**ગુફાઓ :**

૧-ગારે હિરા-જબલે નૂર, ૨-ગારે સોર-જબલે સોર.

**અરફાત :**

૧-અરફાતનું મયદાન, ૨-જબલે રહેમત, ૩-મસ્જીદે નમરા, ૪-મયદાને મુઝદલિફા.

**મીના :**

૧-મસ્જીદે ખયફ, ૨-મસ્જીદે કવસર, ૩-જમરા,(ત્રણ શયતાન)

**મદીના : મસ્જીદે નબવી :**

૧-હઝરત રસૂલ સ.અ.વ.ની કબર મુબારક, ૨-હઝરત અબુ બકર રજી.ની કબર, ૩-હઝરત ઉમર રજી.ની કબર, ૪-જનાબે ફાતેમા ઝેહરા સ.અ.નું ઘર, ૫-મહેરાબ અને મિમ્બરે રસૂલ સ.અ.વ. ૬-મકામે જીબ્રઈલ

અ.સ. ૭–સાત ઈતિહાસીક થાંભલાઓ, (સુતૂન) ૮–હઝરત અબુ બકર રજી.નો ખોખો, ૯–મકામ અસહાબે સુફફા, ૧૦–રિયાઝુલ જિન્ના.

**જન્નતુલ બકીઅ : મદીનાનું કબ્રસ્તાન :**

૧–જનાબે ફાતેમા ઝેહરા સલા.ની કબર મુબારક, ૨–ઈમામ હસન અ.સ. ઈમામ ઝયનુલ આબેદીન અ.સ. ઈમામ મોહમ્મદ બાકિર અ.સ. ઈમામ જઅફર સાદિક અ.સ. ની કબર મુબારક, ૩–હઝરત અબ્બાસ (હુઝૂર સ.અ.વ.ના કાકા)ની કબર, ૪–હઝરત ઈબ્રાહીમ અ.સ.ની કબર, (હુઝૂર સલ.ના ફરઝંદ) ૫–જનાબે ઉમ્મુલ બનીનની કબર, (હઝરત અબ્બાસ અ.સ.ના માતાજી) ૬–જનાબે આતિકાની કબર, (હુઝૂર સલ.ના ફુઈ) ૭–જનાબે સફીયાની કબર, (હુઝૂર સલ.ના ફુઈ) ૮–હલીમા સાદીયાની કબર, (જેમણે હુઝૂર સલ.ને દુધ પીવરાવ્યું હતું) ૯–હઝરત જઅફરે તય્યાર અ.સ.ની કબર, ૧૦–જનાબે ફાતિમા બિન્તે અસદની કબર, (હઝરત અલી અ.સ.ના માતાજી)

**ઓહદ :**

૧–જબલે ઓહદ, ૨–હઝરત હમઝાની કબર, (હુઝૂર સલ.ના કાકા) ૩–જંગે ઓહદમાં શહીદ થયેલાઓની કબરો,

**મદીનાની મસ્જીદો :**

૧–મસ્જીદે કુબા, ૨–મસ્જીદે કિબ્લતયન, ૩–મસ્જીદે ગમામા, (મસ્જીદે અલી) ૪–મસ્જીદે ઈજાબા, (મુબાહેલાનાસ્થળે) ૫–મસ્જીદે ફત્હ, મસ્જીદે સલમાન, મસ્જીદે ફાતેમા, મસ્જીદે અલી, મસ્જીદે ઉમર, મસ્જીદે અબુ બકર, (આ મસ્જીદો મયદાને ખંદકમાં છે) ૬–મસ્જીદે જુમ્આ, ૭–મસ્જીદે શજરા, (મિકાત)

**મદીનામાં :**

૧–મકામે બયતુલ હુઝન, ૨–મયદાને મુબાહેલા, ૩–અબયાર અલી, ૪–બાગે સલમાન, બાગે શમઉન, બાગે ફિદક વિગેરે

**કરબલા : ઈમામ હુસેન અ.સ.ના હરમમાં :**

૧–ઈમામ હુસેન અ.સ.ની કબર, ૨–અલી અકબર અ.સ.ની કબર, ૩–અલી અસગર અ.સ.ની કબર, ૪–ગંજે શહીદા, ૫–હબીબ ઈબ્ને

મઝાહિરની કબર, ૬–કત્લગાહ, ૭–હ. ઈબ્રાહીમ અલ મુજાબની કબર,

**હરમ મુબારકની બહાર :**

૧–હઝરત અબ્બાસ અ.સ.નો રોઝો, ૨–તિલ્લએ–ઝયનબીયા, ૩–ખયમાગાહ, ૪–ઈમામ જઅફર સાદિક અ.સ.નો બાગ; અને નેહરે ફૂરાત, ૫–મકામે ઈમામે ઝમાના અ.સ. ૬–હઝરત હુરનો મકબરો, ૭–જ્યાં હઝરત અલી અકબર અ.સ. શહીદ થયા હતા, ૮–જયાં હઝરત અલી અસગર અ.સ. શહીદ થયા હતા, ૯–જયાં હઝરત ઈમામ હુસેન અ.સ.નું સર મુબારક રાખવામાં આવ્યું હતું, ૧૦–જયાં હઝરત અબ્બાસ અ.સ. ના હાથ કપાયા હતા, ૧૧–જનાબે ઔનનો મકબરો, ૧૨–હઝરત મુસ્લિમ બિન અકિલના ફરઝંદોની કબરો.

એ ઉપરાંત મકામે શેરે ફિઝ્ઝા, મકામે જાફર જીન, મકામે મુકાલમા, મકામે ઈમામ જઅફર સાદીક અ.સ. વિગેરે જગ્યાઓ પણ છે

**નજફ : હરમમાં :**

૧–હઝરત અલી અ.સ.ની કબર, ૨–હઝરત આદમ અ.સ.ની કબર, ૩–હઝરત નૂહ અ.સ.ની કબર, ૪–અલ્લામા યુસુફ બિન મઝાહિર હિલ્લી રહ.ની કબર, ૫–અલ્લામા મુકદ્દસે અરદબેલી રહ.ની કબર, (આ બન્ને કબરો હરમના મિનારામાં છુપાએલી છે

**હરમની બહાર :**

૧–મકામે ઈમામ ઝયનુલ આબેદીન અ.સ. ૨–અલ્લામા શેખ અબુ જાફર તુસીનો મકબરો, ૩–આયતુલ્લાહ ખુઈની કબર અને મસ્જીદ,

**વાદીઉસ્સલામ :**

૧–હઝરત હુદ અ.સ.નો મકબરો, ૨–હઝરત સાલેહ અ.સ.નો મકબરો, ૩–મકામે ઈમામે જાફર સાદિક અ.સ. ૪–મકામે ઈમામે ઝમાના

**કુફા શહેરની નજદીક :**

૧–હઝરત કુમયલ બિન ઝીયાદનો મકબરો, ૨–મસ્જીદે હનાના, ૩–હઝરત ઈબ્રાહીમ ઈબ્ને મુસન્ના ઈબ્ને ઈમામ હસન અ.સ.નો મકબરો, ૪–જનાબે મયસમે તમ્મારનો મકબરો, ૫–મસ્જીદે ઝયદ; અને મસ્જીદે સઆસા, (મસ્જીદે સેહલાની નજદીક)

**કુફા :**

૧-મસ્જીદે કુફા ★ મેહરાબ અને મિમ્બર હઝરત અલી અ.સ. ★ પયગમ્બરો અને અઈમ્મા અ.સ.ના મુસલ્લા, ★ એ જગ્યા જયાંથી તૂફાને નૂહની શરૂઆત થઈ હતી, ★ હઝરત મુસ્લિમ બિન અકીલનો મકબરો, ★ જનાબે અમીર મુખ્તારની કબર, ★ જનાબે હાની ઈબ્ને ઉરવાહનો મકબરો, ૨-હઝરત અલી અ.સ.નું ઘર, ૩-જનાબે ખદીજા સલા. ઈબ્ને અલી અ.સ.નો મકબરો, ૪-હઝરત યુનુસ અ.સ.નો મકબરો, (તે જગ્યા કે જયાં આપને માછલીએ પોતાના પેટમાંથી આપને પાછા કાઢયા હતા) ૫-મસ્જીદે સેહલા ★ ઈમામ જઅફર સાદિક અ.સ.નો મુસલ્લો ★ હઝરત ઈબ્રાહીમ અ.સ.નો મુસલ્લો ★ હઝરત ઈદરીસ અ.સ.નો મુસલ્લો ★ હઝરત ખિઝર અ.સ.નો મુસલ્લો ★ મકામે સાલેહીન ★ ઈમામ ઝયનુલ આબેદીન અ.સ.નો મુસલ્લો ★ મકામે ઈમાને ઝમાના અ.સ.

**હિલ્લા :**

૧-જનાબે હમ્ઝા બિન હસન બિન અબ્દુલ્લાહનો રોઝો, ૨- જનાબે કાસિમ ઈબ્ને હઝરત ઈમામ મૂસા કાઝિમ અ.સ.નો રોઝો, ૩- નબી અય્યુબ અ.સ.નું ઘર; અને કુવો, ૪-નબી અય્યુબ અ.સ.નો મકબરો, ૫-નબી દાનિયાલ અ.સ.ની મઝાર, ૬-હઝરત નબી ઝુલકિફલ અ.સ.ની મઝાર, ૭-મકામે ઈમામે ઝમાના અ.સ. ૮-મસ્જીદે રદ્દે શમ્સ,

**કાઝમયન : કાઝમયનનું હરમ :**

૧-ઈમામ મૂસા કાઝિમ અ.સ.ની કબર મુબારક, ૨-ઈમામ મોહમ્મદ તકી અ.સ.ની કબર મુબારક, ૩-જનાબ શેખ મુફિદ અર.ની કબર, ૪-જનાબ નસીરૂદ્દીન તુસીની કબર, ★ સય્યદ મુરતઝાનો મકબરો, (હરમની બહાર) ★ સય્યદ રઝીનો મકબરો, (હરમની બહાર)

**સામરા : હરમમાં :**

૧-ઈમામ અલી નકી અ.સ.ની કબર મુબારક, ૨-ઈમામ હસન અસ્કરી અ.સ.ની કબર મુબારક, ૩-જનાબે હકીમા ખાતૂન સલા.ની કબર મુબારક, (ઈમામ હસન અસ્કરી અ.સ.ના ફુઈ ) ૪-જનાબે નરજીસ ખાતૂન સલા.ની કબર મુબારક, (ઈમામે ઝમાના અ.સ.ના માતાજી) ૫- સરદાબ ઈમામે ઝમાના અ.સ. (મકામે ગયબત)

**બલદ :**

૧–સય્યદ મોહમ્મદ બિન ઈમામ અલી નકી અ.સ.નો રોઝો.

**બગદાદ :**

ઈમામે ઝમાના અ.સ.ના નાયબોની કબરો, ★ જનાબ ઉસ્માન બિન સઈદ, ★ જનાબ મોહમ્મદ બિન ઉસ્માન, ★ જનાબ હુસેન બિન રવહ નોબખ્તી, ★ જનાબ અલી બિન મોહમ્મદ સામરી, ★ જનાબ કમ્બરની મઝાર, ★ મસ્જીદે બરાસા, ★ એહલે સુન્નતના ઈમામ અબુ હનીફાની મઝાર, ★ શેખ અબ્દુલ કાદિર જિલાનીની મઝાર.

**મદાએન :**

૧–જનાબે સલમાન ફારસી ર.અ.ની કબર, ર–જનાબે હોઝયફા યમાનીની કબર, ૩–જનાબે જાબીર ઈબ્ને અબ્દુલ્લાહ અનસારીની કબર, ૪–જનાબે મોહમ્મદ તાહિર ફરઝંદે ઈમામ ઝયનુલ આબેદીન અ.સ.ની કબર, ૫–તા કે કિસરા અને મ્યુઝીયમ.

**ઈરાન : મશહદ :**

૧–ઈમામ અલી રઝા અ.સ.નું હરમ મુબારક, ર–મસ્જીદે ગોહરશાદ, ૩–ઈમામઝાદા સુલતાન અહેમદનો રોઝો, ૪–ખ્વાજા અબાસલ્તહેરવીનો રોઝો, ૫–ખ્વાજા રબીનો મકબરો, ૬–ખ્વાજા મુરાદનો મકબરો, ૭–બેહિશ્તે રઝા, ૮–પીર પાલાન દોઝનો મકબરો.

**નેશાપુર : (તુસ)**

૧–કદમગાહ ઈમામ રઝા અ.સ. ર–અત્તાર નીશાપુરીની કબર, ૩–ઉમર ખય્યામની કબર, ૪–ઈમામઝાદા માહરૂકની કબર, ★ ફીરદોસીનો બાગ અને કબર, ★ હારૂનનું કેદખાનું જયાં ઈમામ રઝા અ.સ.ની શહાદત બાદ ઈમામ અ.સ.ના દોસ્તોને કેદ કર્યા હતા.

**કુમ :**

૧–રોઝએ અકદસ માઅસુમા કુમ, (જનાબે ફાતેમા બિન્તે ઈમામ મૂસા કાઝિમ અ.સ. ર–મસ્જીદે ઈમામ હસન અસ્કરી અ.સ. ૩–મસ્જીદે જમકરાન, ૪–ઈમામઝાદાઓની કબરો,

**તહેરાન :**

૧–શેહઝાદા અબ્દુલ અઝીમ બિન અબ્દુલ્લાહ બિન અલી બિન હસન બિન ઝયદ બિન ઈમામ હસન અ.સ.નો રોઝો, ★ જનાબે હમ્ઝા બિન અબુલ કાસિમ ઈબ્ને ઈમામ મૂસા કાઝિમ અ.સ.ની કબર, ★ જનાબે તાહિર ઈબ્ને ઈમામ ઝયનુલ આબેદીન અ.સ.નો મકબરો, ૨–ઈમામઝાદા દાઉદનો મકબરો, ૩–ઈમામઝાદા સાલેહ બિન ઈમામ મૂસા કાઝિમ અ.સ.નો મકબરો, ૪–ઈમામઝાદા કાસીમનો મકબરો, ૫–બીબી શેરબાનુની કબર, (પહાડની ઉપર, ઈમામ ઝયનુલ આબેદીન અ.સ.ના માતાજી) ૬–બેહિશ્તે ઝેહરા, (કબરસ્તાન) ૭–આયતુલ્લાહ રૂહુલ્લાહ ખુમયનીનો મકબરો, (તહેરાન અને કુમના માર્ગે)

**શામ :**

૧–જનાબે ઝયનબ સલા.નો રોઝો.

**કબરસ્તાનમાં :**

૧–જનાબે રૂકૈયા (સકીના)નો મકબરો, ૨–જનાબે ઉમ્મે કુલસુમ સલા.નો મકબરો, ૩–ઉમ્મુલ મોઅમેનીન ઉમ્મે સલમા સલા.નો મકબરો, ૪–ઉમ્મે હબીબા સલા.નો મકબરો, ૫–જનાબે ફીઝઝાનો મકબરો, ૬– જનાબે અબ્દુલ્લાહ ઈબ્ને જઅફરે તય્યાર અ.સ.નો મકબરો, ૭–અબી ઈબ્ને કઅબ, (જનાબે હલીમાના પતીનો મકબરો) ૮–જનાબે બિલાલ અ.ર. નો મકબરો, ૯–જનાબે અબ્દુલ્લાહ બિન ઈબ્ને મકતૂમ નો મકબરો, ૧૦–હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઈમામ ઝયનુલ આબેદીન અ.સ.નો મકબરો, ૧૧–હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઈમામ જઅફરે સાદિક અ.સ.નો મકબરો, ૧૨–જનાબે ફાતેમા સુગરા બિન્તે ઈમામ હુસેન અ.સ.નો મકબરો, ૧૩–મકામે રાસુલ શોહદા, (તે જગ્યા જયાં કરબલાના સોળ શહીદોના સર મુબારક રાખવામાં આવ્યા હતા.)

**કબરસ્તાનની બહાર :**

૧–જનાબે સુકયના (રૂકૈયા) બિન્તે ઈમામ હુસેન અ.સ.નો મકબરો,

**મસ્જીદની બહાર : જામએ ઉમવી :**

૧–મિમ્બર, જેના પર ઈમામ ઝયનુલ આબેદીન અ.સ.ખુત્બો પડયા

હતા, ૨–રાસુલ હુસેન, (તે જગ્યા જયાં ઈમામ હુસેન અ.સ.નું સર મુબારક રાખવામાં આવ્યું હતું ) ૩–હઝરત યાહ્યાને કત્લ કર્યા તે જગ્યા, ૪–હઝરત યાહ્યા નબીની કબર.

**કાસ્યુન પહાડ ઉપર :**

૧–કોહે કાફ, ૨–નાની મસ્જીદ, ૩–મસ્જીદે સુલેમાન, ૪–અસ્હાબે કાફની કબર, ૫–હઝરત અલી અ.સ.એ પોતાની આંગળીથી પહાડ ઉપર કોતરેલા હસ્તાક્ષર.

**બીજી પહાડી ઉપર :**

૧–અરબઈન મુસલ્લા, (ચાલીસ પયગમ્બરોની ઈબાદતની જગ્યા) ૨–પહાડના બે કાણાંમાંથી નીકળી રહેલું પાણી, (જાણે પહાડ રડી રહ્યો છે) ૩–હાબીલ અ.સ.ની કબર, ૪–જનાબે હજર બિન અદી અ.ર.ની કબર, (જે શામથી લગભગ ૨૦ કીલોમીટર દૂર છે, આપ સહાબીએ અલી અ.સ. હતા)

**હલબ [Aleppo] :**

(દમાસકસથી લગભગ ૪૦૦ કીલોમીટર દૂર) ૧–રાસુલ હુસેન અ.સ.–એ પથ્થર જેના પર ઈમામ હુસેન અ.સ. ના માથામાંથી નીકળેલા લોહીના નીશાન છે, ૨–હઝરત મોહસીન ઈબ્ને ઈમામ હુસેન અ.સ.નો રોઝો, ૩–નબી ઝકરીયા અ.સ.નો રોઝો.

**રક્કા :**

(દમાસકસથી લગભગ ૬૦૦ કીલોમીટર દૂર) ૧–અમ્મારે યાસીન (ર.અ.)નો રોઝો, ૨–ઓવેસ કરની ર.અ.નો રોઝો, ૩–ઓબેદ બિન કાબ ર.અ.નો રોઝો, ૪–મયદાને સીફફીન.

◆◆◆◆◆

# અઈમ્મા અ.સ.ની ઝિયારતના આદાબ

૧-ઝાઈરીન મુસાફરીએ નીકળવા પહેલા ગુસલ કરે. ૨-માર્ગમાં નકામી વાતો અને લડાઈ ઝગડાથી બચે. ૩-દરેક ઈમામના રોઝાની ઝિયારત માટે જવા પહેલા ગુસલ કરે. ૪-નાની અને મોટી નાપાકીથી દૂર રહે, અને વઝુથી રહે. ૫-પાક સાફ અને સ્વચ્છ કપડા પહેરે. ૬-ઈમામ હુસૈન અ.સ. ની ઝિયારત સિવાય બાકીના અઈમ્માની ઝિયારત કરવા જતી વખતે ખુશ્બૂ લગાવે. ૭-રોઝા મુબારક ઉપર જતી વખતે હળવે પગલે ચાલે, માથાને જુકાવીને ચાલે, આજુ બાજુ જૂએ નહિ. તકબીર, હમ્દ અને સલવાત પઢતા રહે. ૮-હરમ મુબારકના દરવાઝા પાસે ઉભા રહી ઈઝને દુખૂલ પઢે, નમ્રતા અને આજીજી સાથે, કોશીશ કરે કે આંખોમાંથી આંસુ નીકળે. ૯-હરમ મુબારકમાં દાખલ થતી વખતે પહેલા જમણો પગ અંદર મૂકે અને બહાર નીકળતી વખતે ડાબો પગ. ૧૦-ઝરીહ મુબારકથી એટલા નજીક રહે કે ઝરીહ મુબારકથી વળગી શકાય, ઝરીહ મુબારકને ચૂમે અને હાથોથી પકડે. ૧૧-અગર ઉભા ઉભા ઝિયારત પડવામાં કોઈ તકલીફ હોય તો બેસીને પણ ઝિયારત પઢે. ૧૨-ઝિયારતો એવી પઢે કે જે ઈમામોથી રિવાયત થયેલી હોય. પોતાની જાતે કે બીજાઓની બનાવેલી ઝિયારતો ન પઢે. ૧૩-ઝિયારત પઢી લીધા પછી બે રકાત નમાઝ હદીયએ ઝિયારત પઢે. ૧૪-હરમ મુબારકમાં દાખલ થવા ટાઈમે જો નમાઝ થઈ રહી હોય તો પ્રથમ નમાઝ પઢે. ઝિયારત પછી પઢે. ૧૫-ઝરીહ મુબારક પાસે બેસીને કુરઆને મજીદની તીલાવત કરે. ૧૬-પોતાના ગુનાહોની તૌબા કરે અને ઈરાદો કરે કે હવેથી ગુનાહોથી પરહેઝ કરીશ. ૧૭-પોતાના શહેરમાં પાછા જતી વખતે દરેક હરમ મુબારકમાં ઝિયારતે વિદાઅ પઢે. ૧૮-શેખ શહીદ રહ.એ ફરમાવ્યું છે કે, જ્યારે ઝિયારત કરી લે તો ત્યાંથી પાછા વળવા માટે ઉતાવળ  કરે અને બીજી વખત ઝિયારત માટે આવવાની ઈચ્છાઓ વ્યકત કરે. ૧૯-પવિત્ર સ્થળોએ ત્યાંના ગરીબ લોકોની ભરપૂર મદદ કરે.

◆◆◆◆◆

# મક્કાએ મોઅઝ્ઝમાની ઝિયારતો

મક્કાના કબ્રસ્તાન જન્નતુલ મોઅલ્લાના છેક અંદરના ભાગમાં શોઅબે અબીતાલિબ છે, તેમાં મહાન બુઝુર્ગોની કબરો છે. શોએબે અબીતાલિબની બહાર દિવાલ બનેલી છે, ત્યાં જ ઉભા રહીને નીચે મુજબની ઝિયારતો પઢવાની છે.

## હઝરત ખદીજા સ.અ.ની ઝિયારત

અસ્સલામો અલયકે યા ઝવ્જત રસૂલિલ્લાહે સય્યેદિલ મુરસલીન. અસ્સલામો અલયકે યા ઝવ્જતે નબીય્યીલ્લાહે ખાતમિન નબીય્યીન. અસ્સલામો અલયકે યા ઉમ્મ ફાતેમતઝ ઝહેરાએ. અસ્સલામો અલયકે યા ઉમ્મલ હસને વલ હુસયને સય્યેદય શબાબે અહેલિલ જન્નતે અજમઈન. અસ્સલામો અલયકે યા ઉમ્મલ અઈમ્મતિત તાહેરીન. અસ્સલામો અલયકે યા ઉમ્મુલ મુઅમેનીન. અસ્સલામો અલયકે યા ઉમ્મલ મોઅમેનાત. અસ્સલામો અલયકે યા ખાલેસતલ મુખલસાત. અસ્સલામો અલયકે યા સય્યેદતલ હરમે વ મલેકતલ બતહાઅ. અસ્સલામો અલયકે યા અવ્વલ મન સદ્દકત બે રસૂલલ્લાહે મિનન નિસાએ. અસ્સલામો અલયકે યા મન વફત બિલ ઓબૂદિય્યતે હક્કલ વફાએ વ અસલમત નફસહા વ અનફકત માલહા લે સય્યેદિલ અમબિયાઅ. અસ્સલામો અલયકે યા કરીનત હબીબે એલાહિસ સમાએ અલ મોજવ્વજતે બે ખોલાસતિલ અસફિયાએ

**યા અબ્નત ઈબ્રાહિમલ્ ખલીલ. અસ્સલામો અલયકે યા હાફેઝત દીનિલ્લાહ. અસ્સલામો અલયકે યા નાસેરત રસૂલિલ્લાહ. અસ્સલામો અલયકે યા મને તવલ્લા દફનહા રસૂલુલ્લાહે સલ્લલ્લાહો અલયકે વ રહેમતુલ્લાહે વ બરકાતોહ.**

સલામ હો આપ પર અય જનાબે રસૂલે ખુદા મુરસલીનના સરદાર સ.અ.વ.ની પત્નિ, સલામ હો આપ પર અય ખાતેમુલ અંબિયા પયગમ્બર સ.અ.વ.ની પત્નિ, સલામ હો આપ પર અય જનાબે ફાતેમા ઝેહરા સ.અ.ની માનવંત માતા, સલામ હો આપ પર અય જન્નતના બધા જવાનોના સરદાર ઈમામ હસન અને ઈમામ હુસૈન અ.સ.ની માતા, સલામ હો આપ પર અય પવિત્ર ઈમામો અ.સ.ની માતા, સલામ હો આપ પર અય તમામ મોઅમીનો અને મોઅમેનાતની માતા, સલામ હો આપ પર અય મુખ્લીસ ઓરતોની સરદાર, સલામ હો આપ પર અય હરમની સરદાર અને બત્હાની માલીકા, સલામ હો આપ પર અય કે જે રસૂલે ખુદા પર સ્ત્રીઓમાં સૌથી પહેલે ઈમાન લાવનાર.

સલામ હો આપ પર અય ઈબાદતોના હક્કોના હક્કને પૂરા કરવાવાળી, અને પોતાની જાન અને પોતાનો માલ અંબિયાના સરદારને સોંપવાવાળી, સલામ હો આપ પર અય ખુદાના હબીબ સ.અ.વ.ની જીવન સાથી અને ચુંટાયેલા સરદારની પત્નિ, સલામ હો આપ પર અય અલ્લાહના વલીની પુત્રી, સલામ હો આપ પર અય ખુદાના દીનની રક્ષણ કરવાવાળી, સલામ હો આપ પર અય રસૂલે ખુદા સ.અ.વ.ની મદદ કરવાવાળી, સલામ હો આપ પર અય તે ખાતૂન જેમને રસુલે ખુદાએ દફન કર્યા, આપ પર અલ્લાહની રહેમતો અને બરકતો નાઝિલ થાય.

◆◆◆◆◆

## જનાબે કાસિમ ઈબ્ને મોહમ્મદ સ.અ.વ.ની ઝિયારત

**અસ્સલામો અલયક યા સય્યેદના કાસેમબ્ન રસૂલિલ્લાહ. અસ્સલામો અલયક યબ્ન નબીયે-યીલ્લાહ. અસ્સલામો અલયક યબ્ન હબીબિલ્લાહ. અસ્સલામો અલયક યબ્નલ મુસ્તફા. અસ્સલામો અલયક વ અલા મન હવ્લક મેનલ મુઅમેનીન વલ મુઅમેનાત. રઝેયલ્લાહો તઆલા અન્કુમ વ અરઝાકુમ અહસનર રઝા વ જઅલલ જન્નત મન્ઝેલકુમ વ મસ્કનકુમ વ માઅવાકુમ.**

સલામ હો આપ પર અય અમારા આગેવાન જનાબે કાસિમ રસૂલે ખુદા સ.અ.વ.ના પુત્ર, સલામ હો આપ પર અય અલ્લાહના નબીના પુત્ર, સલામ હો આપ પર અય અલ્લાહના હબીબના પુત્ર, સલામ હો આપ પર અય મુસ્તુફા સ.અ.વ.ના પુત્ર, સલામ હો આપ પર અને બધા મોઅમીનો અને મોઅમેનાત પર જેઓ આપની આસપાસ દફન થયેલા છે. આપથી અલ્લાહ રાઝી થાય અને સૌથી ઉત્તમ રીતે રાઝી થાય અને જન્નતમાં આપને ઊંચો દરજ્જો આપે, અને આપના આરામનું ઘર અને રહેવાનું સ્થળ બનાવે.

◆◆◆◆◆

## જનાબે આમેનાની ઝિયારત

(હઝરત રસૂલે ખુદા સ.અ.વ.ના માતાજી)

**અસ્સલામો અલયકે અય્યતોહત તાહેરતુલ મોતહહેરહ. અસ્સલામો અલયકે અય્યતોહઝ ઝાકેયતુલ મુકતખેરહ. અસ્સલામો અલયકે યા મન શર્રફલ્લાહો બે અલશ શરફે. અસ્સલામો અલયકે યા ખયર ખલફિન બઅદ અકરમે સલફિન. અસ્સલામો અલયકે યા મન સતઅ મિન જબીનેહા નૂરો સય્યેદિલ**

**અમ્બેયૉએ ફ અઝૉઅતૈ બે ઝૅવેઓહિલે અરૅઝ વસ્સમૉઅ. અસ્સલામો અૅલયૅકે યા મનૈ નઝલ લહલૈ મલૉએકતુલૈ અસૈફૈયૉઅ વ ઝૉરેબ લહા હુંજેબુલૈ જન્નતે કમા ઝૉરેબ લે મરૈયમ સય્યેદતિનૈ નેસૉઅ. અસ્સલામો અૅલયૅકે યા ઉમ્મ રસૂલિલ્લાહ. અસ્સલામો અૅલયૅકે યા વાલેદત હૅબીબિલ્લાહે કૅદ હૅમલતે બે સય્યેદિલૈ કાએનાતે વ જેઅૅતે બે અશૅરફિલે મવૈજાૂદાતે વ સૅલ્લલ્લાહો અૅલયૅહે વ રૅહૅમતુલ્લાહે વ બરકાતોહ.**

સલામ હો આપ પર અય પાક અને પાકીઝા ખાતૂન, સલામ હો આપ પર અય પવિત્ર અને મોભાવાળી બીબી, સલામ હો આપ પર અય તે ખાતૂન જેને ખુદાએ ઉમદા કૂળ અર્પણ કર્યું, સલામ હો આપ પર અય ઊંચા મોભા વાળા મહાન અને માનવંત વારસદાર, સલામ હો આપ પર અય કે જેમના કપાળ પર અંબિયાના સરદારનું નૂર ચમકયું, અને આ નૂરના કારણે તેમની પેશાનીએ જમીન અને આસમાનને રોશન કરી દીધું.

સલામ હો આપ પર અય જેમના માટે પાક ફરિશ્તાઓ નાઝિલ થયા. અને જેમના માટે જન્નતના પરદાઓ લગાવવામાં આવ્યા હતા, જેવી રીતે ઓરતોની સરદાર જનાબે મરયમના માટે પરદાઓ લગાવવામાં આવ્યા હતા, સલામ હો આપ પર અય જનાબે રસૂલે ખુદા સ.અ.વ.ના માતાજી, સલામ હો આપ પર અય અલ્લાહના હબીબની માતાજી, ખચીત તમે વિશ્વના સરદારને પોતાના ગર્ભમાં ઉપાડયા, અને આપ શ્રેષ્ઠ સર્જનને લઈને આવી. આપ પર અલ્લાહની રહેમતો અને બરકતો ઉતરે.

◆◆◆◆◆

# હઝરત અબુ તાલેબ અ.સ.ની ઝિયારત

(હઝરત અલી અ.સ.ના પિતાજી)

**અસ્સલામો અલયક યા સય્યેદલ બત્હાએ વબ્ન રઈસેહા. અસ્સલામો અલયક યા વારેસલ કઅબતે બઅદ તાઅસીસેહા. અસ્સલામો અલયક યા કાફેલ રસૂલિલ્લાહ. અસ્સલામો અલયક યા હાફેઝ દીનિલ્લાહ. અસ્સલામો અલયક યા અમ્મલ મુસ્તફા. અસ્સલામો અલયક યા વાલેદલ અઈમ્મતિલ હોદા. અસ્સલામો અલયક યા મન રોઝેક વલદન હોવ ખયરો મનલુદિન વ ઈમામુલ ઉમ્મતે વ અબુલ અઈમ્મતે હોવ કસીમુલ જન્નતે વન્નારે વ નેઅમતુલ્લાહે અલલ અબરાર વ નિકમતુલ્લાહે અલલ ફૂજ્જાર. અસ્સલામો અલયક વ અલયહિમ વ રહમતુલ્લાહે વ બરકાતોહ.**

સલામ હો આપ પર અય બત્હાના સરદાર, અય બત્હાના આગેવાનના પુત્ર, સલામ હો આપ પર અય કા'બાના સર્જન પછી તેના વારસદાર, સલામ હો આપ પર અય જનાબે રસૂલે ખુદાના ઉછેરનાર, સલામ હો આપ પર અય ખુદાના દીનનું રક્ષણ કરનાર, સલામ હો આપ પર અય રસૂલે ખુદાના કાકા, સલામ હો આપ પર અય હિદાયત પામેલા ઈમામોના માનવંત પિતાજી. સલામ હો આપ પર અય કે જેમને તમામ સર્જનમાંના સૌથી શ્રેષ્ઠ પુત્ર અર્પવામાં આવ્યો, જે ઈમામ છે અને બધા ઈમામોના બાપ છે, જે જન્નત અને જહન્નમની વહેંચણી કરનારા છે, જે નેક લોકો માટે અલ્લાહની રહેમત છે અને દુરાચારી અને અત્યાચારીઓ માટે ખુદાનો કોપ છે. આપ પર અને તેમના પર સલામ અને ખુદાની રહેમતો અને બરકતો ઉતરે.

◆◆◆◆◆

## હઝરત અબ્દે મનાફની ઝિયારત

(જનાબે પયગમ્બરે અકરમ સ.અ.વ.ના પરદાદા)

**અસ્સલામો અલયક અય્યોહસ્સ સય્યેદુન નબીલ. અસ્સલામો અલયક યા મને અકરમહુલ્લાહો બિત તબ્જીલ. અસ્સલામો અલયક યા જદદ ખૈરિલ વરા. અસ્સલામો અલયક યબ્નલ અમ્બેયાઈલ અસ્ફેયાઅ. અસ્સલામો અલયક યબનલ અવલેયાઈલ અવસેયાઅ. અસ્સલામો અલયક યા સય્યેદલ હરમ. અસ્સલામો અલયક યા સાહેબ સફા વ મરવહ વ ઝમ્ઝમ. અસ્સલામો અલયક યા વારેસ મકામે ઈબ્રાહીમ. અસ્સલામો અલયક યા સાહેબ બયતિલ્લાહિલ અઝીમ. અસ્સલામો અલયક યા અલમલ અશ્રાફે. યા આલેયન બે કમાલિલ અવસાફ. અસ્સલામો અલયક યા સય્યેદ કુરયશેનિલ મઅરૂફો બે અબ્દે મનાફ. અસ્સલામો અલયક વ અલા આબાએકલ કાદેમીનલ લાહેકીન, ઉમ્નાઈલ્લાહે ફિલ આલમીન વ રહેમતુલ્લાહે વ બરકાતોહ.**

સલામ હો આપ પર અય માનવંત સરદાર, સલામ હો આપ પર અય તે કે જેને ખુદાએ મોભો અને વડિલાત અર્પણ કરી, સલામ હો આપ પર અય શ્રેષ્ઠ સર્જન હઝરત મોહમ્મદ મુસ્તુફા સ.અ.વ.ના માનનીય પરદાદા, સલામ હો આપ પર અય ચુંટાએલા અંબિયાના ફરઝંદ, સલામ હો આપ પર અય વલીઓ અને વસીઓના પુત્ર, સલામ હો આપ પર અય હરમ (કા'બા)ના સરદાર.

સલામ હો આપ પર અય સફા, મરવા અને ઝમઝમના માલિક, સલામ હો આપ પર અય મકામે ઈબ્રાહીમના વારસદાર, સલામ હો આપ પર અય

મહાન બયતુલ્લાહના (કા'બા)ના માલિક. સલામ હો આપ પર અય ખાનદાનોના નિશાન. સલામ હો આપ પર અય સંપુર્ણ ગુણોના મોટા કરતબા પર ફાએઝ. સલામ હો આપ પર અય કુરેશના સરદાર જે અબ્દે મનાફના નામથી મશ્હૂર છે. સલામ હો આપના દાદા પરદાદાઓ પર જેઓ દુનિયામાં અલ્લાહના અમાનતદાર હતા. આપ પર સલામ અને ખુદાની રહેમતો અને બરકતો નાઝિલ થાય.

◆◆◆◆◆

## હઝરત અબ્દુલ મુત્તલીબની ઝિયારત

(હઝરત પયગમ્બર અકરમ સ.અ.વ.ના માનવંત દાદા)

**અસ્સલામો અલયક યા સય્યેદલ્ બતહાઅ. અસ્સલામો અલયક યા સાહેબલ્ મહાબતે વલ્ બહાઅ. અસ્સલામો અલયક યા મઅદેનલ્ કરમે વ અસ્લસ્ સખાઅ. અસ્સલામો અલયક યા અવ્વલ મન્ કાલ બિલ્ બદાઅ. અસ્સલામો અલયક યા મન્ યુહશરો ફી સીમાઇલ્ અમ્બેયાએ. અસ્સલામો અલયક યા મઅરૂફન્ ફિલ્ અરઝે વસ્સમાઅ. અસ્સલામો અલયક યા મન્ નાદાહો હાતેફૂલ્ ગયબે બે અકરમે નેદાઅ. અસ્સલામો અલયક યબ્ન ઈબ્રાહીમલ્ ખલીલ. અસ્સલામો અલયક યા વારેસઝ ઝબીહે ઈસ્માઈલ. અસ્સલામો અલયક યા મન્ અહેલકલ્લાહો બે દોઆએહી અસ્હાબલ્ ફીલ વ જઅલ કયદહુમ્ ફી તઝલીલિન્ વ અરસલ અલયહિમ્ તયરન્ અબાબીલ. અસ્સલામો અલયક યા સાકેયલ્ હજીજે વ હાફેર ઝમ્ઝમ. અસ્સલામો અલયક યા મન્ તોફ હવ્લલ્ કઅબતે વ જઅલ સબઅત**

**અર્શેવાતિન. અસ્સલામો અલયક યા નૂરલ હરમે વબ્ન હાશેમિને વ સલ્લલ્લાહો અલયક વ રેહમતુલ્લાહે વ બરકાતોહ.**

સલામ હો આપ પર અય કા'બા અને બત્હાના સરદાર, સલામ હો આપ પર અય શાહી ઠાઠ અને ખુબસૂરતીના માલિક, સલામ હો આપ પર અય દાનવીર અને દાન કરવાના મૂળ, સલામ હો આપ પર અય પ્રથમ અને શરૂઆતની પહેલ કરનાર, સલામ હો આપ પર અય નબીઓની સાથે સજીવન થનાર, સલામ હો આપ પર અય જમીન અને આસમાનના મશહુર અને જાણીતા, સલામ હો આપ પર અય તેઓ કે જેને આસમાની અવાજે શ્રેષ્ઠ અવાજથી ઉદ્દેશ્યા.

સલામ હો આપ પર અય ઈબ્રાહીમ ખલીલે ખુદાના ફરઝંદ, સલામ હો આપ પર અય ઈસ્માઈલ ઝબીહુલ્લાહના વારિસ, સલામ હો આપ પર અય તે કે જેમની દુઆથી ખુદાએ હાથીવાળાઓનો નાશ કર્યો, અને તેઓના ઈરાદાઓને માટીમાં મેળવી દીધા, અને પક્ષીઓના ટોળેટોળા મારફત હાથીવાળાઓ ઉપર કાંકરીઓ વરસાવી, સલામ હો આપ પર અય હાજીઓને પાણી પીવરાવનાર, સલામ હો આપ પર અય ઝમઝમના કુવાને ખોદનાર, અને કા'બાની ચોતરફ સાત ચક્કર લગાવનાર, સલામ હો આપ પર અય હરમના નૂર, અય હાશિમના પુત્ર આપ પર સલામ, અને અલ્લાહની રહેમતો, અને બરકતો ઉતરે.

◆◆◆◆◆

# મદીનએ મુનવ્વરા

હઝરત મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.ની કબરની ઝિયારત તમામ મુસલમાનો માટે સુન્નતે મોઅક્કદા (તાકીદ ભરી સુન્નત) છે. ખાસ કરીને હજ માટે જનારાઓએ હજ પરિપૂર્ણ કરવા પછી રિસાલત મઆબ સ.અ.વ.ની કબર મુબારકની ઝિયારતનો લાભ લેવો જોઈએ, કારણ કે આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું છે કે જે શખ્સ હજ અદા કરે છે, અને મારી કબરની ઝિયારત ન કરે, તે મને નારાઝ કરે છે.

ભરોસાપાત્ર રિવાયતોમાં છે કે ઈમામ જઅફર સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે મારા જદ્દે બુઝુર્ગવાર રસૂલે મકબુલ સ.અ.વ.એ ફરમાવ્યું હતું કે જે શખ્સ મારા હયાતી કાળમાં યા મારી વફાત બાદ મારી ઝિયારત કરશે, તેની હું કયામતના દિવસે શફાઅત કરીશ.

## ઈઝને દુખૂલ

**મસ્જીદે નબવીના બાબે જીબ્રઈલ સામે ઉભા રહીને હરમ મુબારકમાં દાખલ થવાની આ રીતે રજા માંગે.**

અલ્લાહુમ્મ. ઈન્ની વકઁફ્તો અઁલા બાબિને મિને અબ્વાબે બોયૂતે નબીય્યેક સઁલવાતોક અઁલયહે વ આલેહી વ કઁદ મનઅઁતન્નાસ અંય યદખોલૂ ઈલ્લા બે ઈઝનેહી ફ કુંલ્ત યા અય્યોહલ્લઝીન આમનૂ લા તદખોલૂ બોયૂતન્નબીય્યે ઈલ્લા અંય યુઅઝન લકુમ. અલ્લાહુમ્મ ઈન્ની અઅઁતકેંદો હુંરમત સાંહેબે હાઝલ મશ્હદિશ્શરીફે ફી ગૅયબતેહી કમા અઅઁતકેંદોહા ફી હઁઝરતેહી વ અઅઁલમો અન્ન રસૂલક વ ખોલફાઅક અઁલયહેમુસ્સલામો. અઁહેયાઉન ઈન્દક યુરઝકૂન યરવન મકાંની વ યસ્મઊન કલામી વ યરુદ્દૂન સલામી વ અન્નક હંજબ્ત અન સમ્ઈ કલામહુમ વ

**ફતહેત બાબ ફહેમી બે લઝીઝે મોનાજાતેહિવ વ ઈન્ની અસતઅઝેનોક યા રબ્બે અવ્વલંવ વ અસતઅઝેનો રસૂલક સલ્લલ્લાહો અલયહે વ આલેહી સાનેયંવ વ અસતઅઝેનો ખલીફતકલ એમામલ મફરૂઝ અલય્ય તાઅતોહ. વલ મલાએકતલ મોવકકલીન બે હાઝેહિલ બુકઅતિલ મુબારકતે સાલેસન અઅદખોલો યા રસૂલલ્લાહ અઅદખોલો યા હુજજતલ્લાહ અઅદખોલો યા મલાએકતિલ્લાહિલ મોકર્રરબિનલ મોકીમીન ફી હાઝલ મશહદ. ફઅઝન લી યા મવલાય ફિદ દોખૂલે અફઝલ મા અઝિનત લે અહદિમ મિન અવલેયાએક ફ ઈન લમ અકુન અહલલ લે ઝાલેક ફ અન્ત અહલુલ લે ઝાલેક.**

અય અલ્લાહ ! તારા નબીના ઘરોના દરવાજાઓમાં એક દરવાજે હું ઉભો છું, અને બેશક તેં રજા વગર કોઈને અંદર દાખલ થવાની મના કરી છે, જેમકે તેં ફરમાવ્યું છે કે : અય ઈમાનવાળાઓ, રસૂલ સ.અ.વ.ના ઘરોમાં તેની રજા લીધા વગર દાખલ ન થજો. પરવરદિગાર ! મારો એ અકીદો છે કે તેમનું સ.અ.વ.નું માન તેમની વફાત પછી એટલું જ છે જેટલું તેમની સ.અ.વ. હયાતીમાં હતું. અને હું જાણું છું કે તારા રસૂલ સ.અ.વ. અને તારા ખલીફાઓ હયાત છે, તારાથી રોજી મેળવી રહ્યા છે, મારા સ્થાનને જોઈ રહ્યા છે, મારૂં બોલવું સાંભળે છે અને મારા સલામનો જવાબ આપે છે. અને હું એ પણ જાણું છું કે તેં મને તેમની વાતો સાંભળવાની શકિત નથી આપી અને મારી સમજના દરવાજા તેમની રૂહ પરવર મુનાજાતો માટે ખોલી નાંખ્યા છે. અય અલ્લાહ, હું પહેલા તારાથી ઈજાઝત માગું છું. પછી તારા મકબૂલ રસૂલ સ.અ.વ.થી, પછી તારા બરહક ખલીફાઓથી, જેઓ ઈમામો છે અને જેમની પયરવી મારા પર વાજિબ કરવામાં આવી છે, અને એ ફરિશ્તા ઓની જેઓ આ પવિત્ર સ્થાનના રખેવાળ છે તેઓથી

રજા માગું છું. અય ખુદાના રસુલ સ.અ.વ. શું હું અંદર આવી શકું છું ? અય ખુદાની હુજજત શું હું અંદર આવી શકું છું ? અને અય ખુદાના મુકર્રબ ફરિશ્તાઓ જેઓ આ મસ્જિદમાં નિયુકત કરવામાં આવ્યા છે, શું મને અંદર આવવાની રજા છે ? અય આકા અય મારા મૌલા ! મને અંદર દાખલ થવાની એવી રજા આપ જેવી શ્રેષ્ઠ રજા તેં તારા અવલીયાઓને આપી જે આજ દિન સુધી કોઈને પણ ન આપી હોય. અને જો હું (દાખલ થવાને) લાયક નથી તો તું મને એને લાયક બનાવ.

◆◆◆◆◆

**પછી બાબે જીબ્રઈલથી મસ્જીદે નબવીમાં દાખલ થતા થતા પઢે :**

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ ફી સબીલિલ્લાહે, વ અલા મિલ્લતે રસૂલિલ્લાહે, સલ્લલ્લાહો અલયહે વ આલેહી, અલ્લાહુમ્મ મગ્ફિર લી, વરહમની વ તુબ અલય્ય, ઈન્નક અન્તત્ત તવ્વાબુર રહીમ.**

અલ્લાહના નામથી અલ્લાહની ઝાત અને અલ્લાહના માર્ગ પર હઝરત રસુલે ખુદા સ.અ.વ.ની મિલ્લત પર કાયમ રહીને શરૂઆત કરૂં છું, અય અલ્લાહ મને માફ કરી દે, મારા પર રહમ કર, મારી તૌબા કબૂલ કર. ખરેખર તું સૌથી મોટો તૌબા કબૂલ કરવાવાળો છે, અને રહેમ કરનારો છે.

◆◆◆◆◆

મસ્જીદે નબવીમાં દરેક વખતે જતા દુખૂલ ન પઢી શકાય તો :
**અસ્સલામો અલયક યા રસૂલિલ્લાહ અસ્સલામો અલયક યા બિન્તે રસૂલિલ્લાહ.** જરૂર કહે.

*મસ્જીદે નબવીમાં દાખલ થઈ એકસો વખત* ***અલ્લાહો અકબર*** *પઢે અને બે રકાત નમાઝ તહીય્યતે મસ્જીદ પઢે. પછી આં હઝરત સ.અ.વ.ની કબર મુબારક પાસે જઈ કબર મુબારકની જમણી બાજુ ઉભા રહો જેથી ડાબો ખંભો મિમ્બરની તરફ આવે. પછી નીચે મુજબ હઝરત મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.ની ઝિયારત પઢો :*

◆◆◆◆◆

## હઝરત મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.ની ઝિયારત

અસ્સલામો અંલયંક યા રસૂલલ્લાહ. અસ્સલામો અંલયંક યા નબીય્યલ્લાહ. અસ્સલામો અંલયંક યા મોહંમ્મદબ્ને અંબ્દિલ્લાહ. અસ્સલામો અંલયંક યા ખાંતેમન્નં નબીયંયિન. અશ્હદો અન્નક કંદ બલ્લગ઼ંતર રેસાલાત વ અકંમ્તસ્સં સંલાત વ આતયંતઝ્ ઝકાત વ અમરંત બિલ્ મઅંરૂફે વ નહયંત અંનિલ્ મુનંકરે વ અંબદંતલ્લાહ મુખ્લેસંનં હંત્તા અતાકલ્ યકીંનો ફ સંલવાતુલ્લાહે અંલયંક વ રહેંમતોહૂ વ અંલા અહેલે બયંતેકંત્ તાંહેરીન. અશ્હદો અલ્ લા ઈલાહ ઈલ્લલ્લાહો વહેંદહૂ લા શરીક લહૂ વ અશ્હદો અન્ન મોહંમ્મદબ્ન અંબ્દોહૂ વ રસૂલોહૂ વ અશ્હદો અન્નક રસૂલુલ્લાહે વ અન્નક મોહંમ્મદુબ્નો અંબ્દિલ્લાહે વ અશ્હદો અન્નક કંદ બલ્લગ઼ંત રેસાલાતે રબ્બેક વ નસંહંત લે ઉમ્મતેક વ જાંહદંત ફી સબીલિલ્લાહે વ અંબદંતલ્લાહ હંત્તા અતાકલ્ યકીંનો બિલ્ હિકંમતે વલ્ મવંઅં-ઝતિલ્ હંસનતે વ અદ્દયંતલ્ લઝી અંલયંક મેનલ્ હકંકે વ અન્નક કંદ રઉફંત બિલ્ મુઅંમેનીન વ ગ઼ંલુ-ઝંત અંલલ્ કાફેરીન ફ બલ્લગ઼ંલ્લાહો બેક અફંઝંલ શરફે મહંલ્લિલ્ મોકર્રમીન અલ્હંમ્દો લિલ્લાહિલ્ લઝીસ્ તનંકંઝના બેક મેનશ્ શિર્કે વઝ્ ઝંલાલતે. અલ્લાહુમ્મ ફજંઅંલ સંલવાતેક વ સંલવાતે મલાંએકતેકલ્ મોકંર્રબીન વ અમ્બેયાંએકલ્ મુર્સલીન

વ અઁબાદેકસ્સૅ સૉલેહીન વ અહૅલિસ્સૅ સમાવાતે વલ્ અરઝીન વ મનૅ સબ્બહૅ લક યા રબ્બલ્ આૅલમીન મેનલ્ અવ્વલીન વલ્ આખૅરીન અઁલા મોહઁમ્મદિનૅ અઁબ્દેક વ રસૂલેક વ નબીય્યેક વ અમીનેક વ નજીય્યેક વ હૅબીબેક વ સૅફીય્યેક વ ખૉસ્સૅતેક વ સૅફ્વતેક વ ખૅયરતેક મિનૅ ખૅલ્કૅક. અલ્લાહુમ્મ અઁતૅહિદ દરજતરે રફીઅઁત વ આતેહિલ્ વસીલત મેનલ્ જન્નતે વબ્અઁસ્હો મકાંમનૅ મહૅમૂદનૅ યગ્બેતોહૂ બેહિલ્ અવ્વલૂન વલ્ આખૅરુન. અલ્લાહુમ્મ ઈન્નક કુૅલ્ત વ લવ્ અન્નહુમ્ ઈઝ્ ઝલમૂ અનૅફોસહુમ્ જાઊક ફસ્તગ્ફિરુલ્લાહ વસ્તગ્ફર લહોમુર્ રસૂલો લવજદુલ્લાહ તવ્વાબનૅ રહીમા વ ઈન્ની અતયૅતોક મુસ્તગ્ફેરનૅ તાૅએબનૅ મિનૅ ઝોનૂબી વ ઈન્ની અતવજ્જહો બેક એલલ્લાહે રબ્બી વ રબ્બેક લે યગ્ફિર લી ઝોનૂબી.

સલામ હો આપ પર અય રસુલે ખુદા સ.અ.વ., સલામ હો આપ પર અય ખુદાના નબી, સલામ હો આપ પર અય હઝરત અબ્દુલ્લાહના ફરઝંદ મોહંમદ મુસ્તફા સ.અ.વ., સલામ હો આપ પર અય નબીઓના સિલસિલાને ખતમ કરવાવાળા.

હું ગવાહી આપું છું કે આપે ખરેખર અલ્લાહના પયગામને લોકો સુધી પહોંચાડયો. આપે નમાઝ કાયમ કરી અને ઝકાત અદા કરી. આપે નેક કામોના હુકમ આપ્યા અને બુરા કામોથી લોકોને રોકયા. અને છેલ્લા શ્વાસ સુધી નિખાલસતાથી અલ્લાહની ઈબાદત કરી. આપ પર અને આપની પાક એહલેબયત પર અલ્લાહની રહેમતો અને બરકતો ઉતરે.

હું ગવાહી આપું છું કે ખુદા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. તે

એક છે તેનો કોઈ ભાગીદાર નથી. અને હું ગવાહી આપું છું કે મોહમ્મદ સ.અ.વ. ખુદાના ખાસ બંદા અને રસૂલ છે અને એ કે આપ મોહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ છો. અને હું ગવાહી આપું છું કે આપે આપના પરવરદિગારના પયગામને લોકો સુધી પહોંચાડયો અને ઉમ્મતની ભલાઈ કરી અને અલ્લાહના માર્ગમાં જેહાદ કર્યો અને છેવટ સુધી આપે ખુદાની બંદગી કરી અને બુદ્ધિથી તથા ડહાપણપૂર્વક લોકોને ખુદાના દીનની તરફ બોલાવ્યા. અને પોતાનો હક અદા કરી દીધો. જે તેમના પર ખુદા તરફથી વાજિબ કરવામાં આવ્યો હતો અને યકીનન આપે મોઅમીનો પર ધ્યાન આપ્યું અને મહેરબાની કરી અને કાફરો ઉપર સખ્તાઈ કરી. એટલે ખુદાએ આપને માનવંત બંદાના સ્થાનેથી શ્રેષ્ઠ સ્થાને પહોંચાડયા.

હમ્દ અને તાઅરીફ એ ખુદાની કે જેણે આપ સ.અ.વ. મારફત અમને શિર્ક અને ગુમરાહીથી નજાત અપાવી. અય અલ્લાહ ! તું તારી રહેમતો અને તારા માનીતા ફરિશ્તાઓ અને તારા નેક બંદાઓ અને જમીન તથા આસમાનના રહેવાવાળાઓની સલવાત તેમના પર મોકલ. અય તમામ દુન્યાના પાલણહાર ! અવ્વલીન અને આખેરીનમાંથી જે લોકો તારી તસ્બીહ કરે છે તેની સલવાતો તારા બંદા મોહમ્મદ મુસ્તફા સ.અ.વ. પર મોકલ, જે તારા રસૂલ છે. નબી અને અમીન છે. તારા રાઝદાર અને હબીબ છે અને તારી ચૂંટેલી ખાસ મખ્લૂક અને તારી મખ્લૂકમાં સૌથી શ્રેષ્ઠ છે.

અય અલ્લાહ ! તું હઝરત મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.ને ઉંચો દરજજો આપ અને તેમને જન્નત મેળવવા માટે વસીલો બનાવ. અને તેમને એ પ્રસંશનીય સ્થાને પહોંચાડ જયાં જવા અવ્વલીન અને અખેરીનના લોકો અપેક્ષા કરે. અય પરવરદિગાર ! તેં ફરમાવ્યું છે કે જયારે તેઓએ પોતાની ઝાત પર ઝુલ્મ કર્યો તો જો તેઓએ અય રસુલ તારી પાસે આવી મગફેરત ચાહી હોત અને રસૂલ સ.અ.વ.એ પણ તેમના માટે મગફેરતની દુઆ કરી હોત તો તેઓ અલ્લાહને મોટો તૌબા કબૂલ કરવાવાળો અને મહેરબાન પામત. અય રસૂલે ખુદા સ.અ.વ. હું આપની પાસે મારા ગુનાહોની માફી માટે આવ્યો છું અને હું આપના વાસ્તાથી ખુદાને ઈલ્તેજા કરૂં છું જે મારો અને આપનો પરવરદિગાર છે, કે મારા ગુનાહોને માફ કરી આપે.

*(જયારે ઝિયારત પઢીને ફારિગ થઈ જાય તો કિબ્લા સામે ઉભા રહીને પોતાના હાથ ઉંચા કરીને ખુદાવંદે કરીમ પાસે પોતાની હાજતો માગો.*

*ઈન્શાઅલ્લાહ તમામ હાજતો પૂરી થશે.)*

◆◆◆◆◆

*ભરોસાપાત્ર રિવાયતોમાં છે કે ઈમામ જઅફર સાદિક અ.સ.એ રસૂલ સ.અ.વ.ની કબર પાસે આવીને આ મુજબ ફરમાવ્યું :*

**અસ્સઅલુલ્લાહલ્લ લઝીજ તબાક વખ્તારક વ હદાક વ હદા બેક અંય્યો સૈલ્લેય અલયેક.**

હું ખુદાથી સવાલ કરૂં છું, જેણે આપને ચુંટયા અને નિયુકત કર્યા અને જેણે આપનું માર્ગદર્શન કર્યું અને આપના થકી બધાની હિદાયત કરી આપ પર અલ્લાહની રહેમતો નાઝિલ થાય.

**પછી ઈમામ અ.સ.એ ફરમાવ્યું :**

**ઈન્નલ્લાહ વ મલૉએકતહૂ યોસૈલ્લુન અલન્નબી યા અય્યોહલ્લ લઝીન આમનૂ સૈલ્લુ અલયેહે વ સૈલ્લેમુ તસ્લિમા.**

બેશક ખુદા અને એના ફરિશ્તા નબીએ કરીમ સ.અ.વ. પર સલવાત મોકલે છે, અય ઈમાનવાળાઓ ! તમે પણ આપ હઝરત સ.અ.વ. પર દુરૂદ અને સલવાત મોકલો.

◆◆◆◆◆

*દુઆથી ફારિગ થયા પછી મિમ્બર પાસે જાઓ અને હાથોથી મિમ્બરને સ્પર્શ કરો અને બની શકે તો મિમ્બરના નીચેના ભાગ સાથે ચેહરાને અને આંખોને અડાડો, કારણ કે એમ કરવાથી આંખોને શિફા મળે છે. મિમ્બર પાસે ખુદાની હમ્દો સના કરો તથા પોતાની હાજતો માગો. કેમકે સરવરે કાએનાત સ.અ.વ.એ ફરમાવ્યું છે :*

**મા બયેન કબ્રેરી વ મિમ્બરી રવ્ઝતુને મિને રેયાઝિલ્લ જન્નહ.**

મારી કબર અને મિમ્બરની વચ્ચેનો ભાગ જન્નતના બાગોમાંથી એક બાગ છે, જન્નતના દરવાજાઓમાંથી એક દરવાજો છે.

*ત્યાર બાદ આંહઝરત સ.અ.વ.ના ઓરડા અને મેહરાબ તરફ જઈને નમાઝ બજાવી લાવો. બની શકે તો આંહઝરત સ.અ.વ.ના જમાનામાં*

*મસ્જિદની જે હદ હતી તેટલા વિસ્તારમાં જ્યાં જગ્યા મળે ત્યાં નમાઝ પઢો. મસ્જિદે નબવીમાં વધારેમાં વધારે નમાઝો પઢવી જોઈએ, કારણ કે અહીં એક રકાત નમાઝ પઢવાનો સવાબ દસ હજાર રકાત નમાઝ પઢવા બરાબર છે. કઝા નમાઝો અદા કરવા માટેનું આ ખાસ સ્થળ છે, અને બે રકાત નમાઝ હદિયએ વાલેદયનની નિય્યતથી પઢવી પણ બેહતર છે.*

◆◆◆◆◆

*મસ્જિદે નબવીમાં જ્યારે પણ દાખલ થાવ અથવા બહાર નીકળો ત્યારે આંહઝરત સ.અ.વ. પર દરૂદ મોકલો, અને જનાબે ફાતેમા સલા.ના હુજરા પાસે નમાઝ અદા કરો.*

◆◆◆◆◆

*પછી મકામે જિબ્રઈલ અ.સ. પર જઈને નીચે મુજબ કહે :*

**અસ્અલોક અય્યે જવાદો અય્યે કરીમો અય્યે કૅરીબો અય્યે બઈદો અન્ તરૂદ્દ અૅલય્ય નેઅ્મતક.**

હું તારાથી સવાલ કરૂં છું અય સખી અને ઉદાર અય નઝદીક અને દુરવાળા મારા પર તારી નેઅમતોને વરસાવ.

◆◆◆◆◆

*અમુક રિવાયત મુજબ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. મસ્જીદે નબવીમાં આવેલ હુજરએ ફાતેમા સ.અ.માં દફન છે, એટલે રસુલે ખુદા અ.વ.ની કબર પાસે જઈને નીચે મુજબ જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની ઝિયારત પઢે :*

**અને જન્નતુલ બકીઅમાં પણ આ ઝિયારત પઢો.**

## જનાબે ફાતેમા ઝેહરા સ.અ.ની ઝિયારત

**બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ.**

**અલ્લાહુમ્મ ઈન્ન ઝોનૂબી કદ્ કસોરત્ વ લમ્ યબ્કઁ લહા ઈલ્લા રજાઓ અફ્વેક વ કદ્ કદ્દમ્તો આલતલ્ હિર્માને એલય્ક ફ અના. અસ્અલોક અલ્લાહુમ્મ મા લા અસ્તવ્જેબોહૂ વ અત્લોબો મિન્ક મા લા અસ્તહિક્કોહૂ. અલ્લાહુમ્મ ઈન્ તોઅઝ્ઝિબ્ની ફ બે ઝોનૂબી વ લમ્ તઝ્લિમ્ની શય્અન્ વ ઈન્ તગ્ફિર્ લી ફ ખય્રો રાહેમિન્**

અનેત યા સય્યેદી. અલ્લાહુમ્મ અનેત અેનત વ અના અના અનેતલ્લે અંવ્વાદો બિલ્લે મગૅફિરતે વ અનલ્લે અંવ્વાદોબિઝે ઓનૂબે વ અનેતલ્લે મોતફઝેંઝેલો બિલ્લે હિંલ્મે વ અનલ્લે અંવ્વાદો બિલ્લે જહલે. અલ્લાહુમ્મ ફ ઈન્ની અસંઅલોક યા કનેઝઝે ઓંઅંફાએ યા અંઝીમરે રજાએ યા મુનેકેઝલ્લે ગેરેકાં યા મુનેજેયલ્લે હલ્કા યા મોમીતલ્લે અંહેયાએ યા મુંહેયેયલ્લે મવેતા અનેતલ્લાહુલ્લે લઝી લા ઈલાહ ઈલ્લા અનેત અનેતલ્લે લઝી સજદ લક શોઆઉંશે શમંસે વ નૂરૂલ્લે કંમરે વ ઝુલ્લમતુલ્લે લયલે વ ઝંવઉને નહારે વ ખંફકાનુતેં તંયરે ફ અસંઅલોક અલ્લાહુમ્મ યા અંઝીમો બે હંકેકેક યા કરીમો અંલા મોહંમ્મદિંવે વ આલેહિસેં સાંદેકીન વ બે હંકેકે મોહંમ્મદિંવે વ આલેહિસેં સાંદેકીન અંલયક વ બે હંકેકેક અંલા અંલીયેયિંવે વ બે હંકેકે અંલીયેયિને અંલયક વ બે હંકેકેક અંલા ફાતેંમત વ બે હંકેકે ફાતેંમત અંલયક વ બે હંકેકેક અંલલ હંસને વ બે હંકેકિલ્લે હંસને અંલયક વ બે હંકેકેક અંલલ હુંસયને વ બે હંકેકિલ્લે હુંસયને અંલયક ફ ઈન્ન હોંકૂકંહુમં મિને અફેઝલે ઈનંઆંમેક અંલયહિમં વ બિશે શઅંનિલ્લે લઝી લક ઈનેદહુમં વ બિશે શઅંનિલ્લે લઝી લહુમં ઈનેદક સંલ્લે યા રબ્બે અંલયહિમં સંલાતને દાએમતને મુનેતહા રેઝાંક વગૅફિરે લી બેહેમુઝે ઓનૂબલ્લે લતી

**બયૅની વ બયૅનક વ અતૅમિમૅ નેઅૅમતક અૅલય્ય કમા અતૅમમ્તહા અૅલા આબાૅઈ મિનૅ કૅબ્લો યા કાફ હા યા અૅયૅન સૅવાૅદ. અલ્લાહુમ્મ કમા સૅલ્લયૅત અૅલા મોહૅમ્મદિંવૅ વ આલે મોહૅમ્મદિનૅ ફ્સૅલ્જિબૅ લી દોઅૅાઈ ફી મા સઅલૅતોક.**

શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે અત્યંત દયાળુ અને કૃપા કરનાર છે. અય અલ્લાહ ! ખરેખર મારા ગુનાહ એટલા વધી ગયા છે કે હવે તારી બખ્શીશની ઉમ્મિદ સિવાય કંઈ બાકી નથી રહ્યું. મેં મારી નિરાશાનું દામન તારી સામે ફેલાવી દીધુ છે.

અય અલ્લાહ ! હું એ માગણી કરૂં છું જે હું માંગવાને લાયક નથી. હું તારાથી એ વસ્તુ માગું છું જે માગવાને હું લાયક નથી. અય અલ્લાહ અગર હવે તું મારા ગુનાહોના બદલામાં તું મારા પર અઝાબ કરે તો તેમાં જરાય ઝુલ્મ કર્યો નહીં કહેવાય અને જો તું બક્ષી આપે તો તરાથી શ્રેષ્ઠ દયા કરનાર બીજું કોણ છે. તું મારો માલિક છે. અય અલ્લાહ તું તું છે અને હું હું છું. તું વારંવાર બખ્શી આપે છે અને હું વારંવાર ગુનાહ કરૂં છું. તું સહિષ્ણુતાપૂર્વક વિશેષ ઉપકાર કરે છે જયારે હું વારંવાર મુર્ખાઈ કરૂં છું. હવે હું તારાથી માગું છું અય નિરાધારોના આધાર, અય મારી આશાનું કેન્દ્ર, અય ડૂબનારાઓના તારણહાર, અય નાશ પામનારાઓને બચાવનાર, અય જીવતાઓને મારનાર અને મારનારાઓને જીવાડનાર, તું અલ્લાહ છે તારી સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. અય તે હસ્તી જેને સૂરજના કિરણોએ સિજદો કર્યો, અને ચાંદની રોશનીએ, રાતના અંધકારે, અને દિવસના ઉજળાએ અને પક્ષીઓના ટોળાઓએ સિજદો કર્યો, એટલે અય મહાન અલ્લાહ હું તારા હકના વાસ્તાથી માગું છું.

અય કરીમ તારા એ હકનો વાસ્તો જે મોહમ્મદ સ.અ. અને તેની આલ પર તારો હક છે, અને મોહમ્મદ સ.અ.વ. અને તેમની સાચી આલનો હક જે તારા પર છે. તારા અલી અ.સ. પરના હકનો વાસ્તો અને અલી અ.સ.ના તારા પર હકનો વાસ્તો તારાએ હકનો વાસ્તો જે જનાબે ફાતેમા સલા. પર તારો છે અને તારા પર જે હક જનાબે ફાતેમા ઝેહરા સ.અ.નો

છે. તારા એ હકનો વાસ્તો જે હસન અ.સ. પર છે અને તારા પર જે હક હસન અ.સ.નો છે. એ હકનો વાસ્તો જે તારો ઈમામ હુસેન અ.સ. પર છે અને ઈમામ હુસૈન અ.સ.ના એ હકનો વાસ્તો જે તારા પર છે. ખરેખર તેમને જે હકો તેં આપ્યા છે એ એક મોટું ઈન્આમ છે તારૂં તેઓ પર. તારી એ શાનનો વાસ્તો જે તેઓની પાસે છે એ શાનનો વાસ્તો જે તારી પાસે તેઓની શાન છે. અય પાલણહાર તેમના પર હમેશા હંમેશાનું દુરૂદ મોકલ જે તારી ખૂશનૂદીનો અંત હોય, અને તેમના વાસ્તાથી મારા એ ગુનાહોને બખશી આપ જે મારી અને તારી વચ્ચે છે અને મારી ઉપર નેઅમતોને તમામ કર જેવી રીતે તેં નેઅમતો તમામ કરી છે. મારા બાપ-દાદા પર. અય કાફ, હા, યા, અયન, સ્વાદ, મારી દુઆઓને કબુલ ફરમાવ, જે કંઈ મેં તારાથી માગી છે.

**પછી સિજદામાં જઈ જમણા ગાલને ખાક પર રાખીને ઘણી વખત કહે :**

## યા સય્યેદી યા સય્યેદી યા સય્યેદી સૅલ્લે ઍલા મોહૅમ્મદિંવં વ આલે મોહૅમ્મદિંવં વગ઼ૈફિર લી વગ઼ૈફિર લી.

અય મારા સરદાર, અય મારા સરદાર, અય મારા સરદાર મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર અને મને બખ્શી આપ, મને બખ્શી આપ.

**પછી ડાબા ગાલને ખાક પર રાખી અને એવી જ રીતે સિજદામાં ઘણી વખત પઢે, અને પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગે.**

### (૯) મકામે હઝરત નૂહ અ.સ.

***આ મુસલ્લા પર ચાર રકાત નમઝ પઢે, અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢીને આ દુઆ પઢે :***

## અલ્લાહુમ્મ સૅલ્લે ઍલા મોહૅમ્મદિંવં વ આલે મોહૅમ્મદિંવં વકૈઝેં હૅાજતી યા અલ્લાહો યા મનં લા યખીંબો સૉએલોહૂ વ લા યનંફદો નૉએલોહૂ યા કૉઝૅયલં હૅાજાતે યા મોજીબદં દઐવાતે યા

રબ્બલ અરઝીન વસ સમાવાતે યા કાશેફલ કોરોબાતે યા વાસેઅલ અતીય્યાતે યા દાફેઅને નકેમાતે યા મોબદદેલસ સય્યેઆતે હંસનાતિને ઉંદે અલય્ય બે તંવલેક વ ફઝલેક વ એહસાનેક વસતજિબ દોઆઈ ફી મા સઅલતોક વ તલબતો મિનેક બે હકકે નબીય્યેક વ વસીય્યેક વ અવલેયાએકસ સાલેહીન.

અય અલ્લાહ ! મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર સલવાત મોકલ અને મારી હાજત પૂરી કર. અય અલ્લાહ, અય કે જેની પાસે સવાલ કરનારો નિરાશ નથી થતો ન કોઈ નુકસાનમાં રહે છે. અય હાજતો પૂરી કરનાર, અય દુઆઓ કબૂલ કરનાર, અય આસમાનો જમીનના પાલણહાર, અય દુઃખોને ટાળનાર, અય વિશાળ અતા કરનાર, અય અઝાબને દૂર કરનાર, અય ગુનાહોને નેકીમાં બદલી નાખનાર, મારી સાથે તારી ઉદારતા, તારી કૃપા અને તારા અહેસાન સાથે વર્તાવ કર. મારી દુઆ કબૂલ કરી લે, જે કંઈ મેં તારી પાસે માગ્યું છે અને જે કંઈ તલબ કર્યું તે તારા નબી સ.અ.વ. અને તેના વસી અને તેના સાલેહ વલીઓના સદકે મને અતા કર.

**પોતાની હાજતો અલ્લાહતઆલાથી માંગે.**

## (૧૦) હઝરત અલી અ.સ.ની મેહરાબ

***અહીં બે રકાત નમાઝ અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢીને આ દુઆ પઢે :***

યા મને અઝહરલ જમીલ વ સતરલ કબીહ યા મને લમ યોઆખિઝ બિલ જરીરતે વ લમ યહેતેકિસ સિતરે વસ સરીરત યા અઝીમલ અફવે યા હંસનત તજાવોઝે યા વાસેઅલ મગફેરતે યા બાસેતલ યદયને બિર રહેમતે યા સાહેબ કુલ્લે નજવા યા મુનતહા કુલ્લે શકવા યા કરીમસ સફહે

**યા અઁઝીમર્રે રજાએ યા સય્યેદી સઁલ્લે અઁલા મોહઁમ્મદિંવ્ વ આલે મોહઁમ્મદિંવ્ વફ્અઁલ્ બી મા અનેત અહેલોહૂ યા કરીમ.**

અય નેકીઓને પ્રગટ કરનાર, અને બૂરાઈઓને ઢાંકનાર, અય જે ગુનાહોને માફ કરી દે છે અને પૂછાણું નથી કરતો, અયબોને છુપાવી દે છે અને બંદાઓને બદનામ નથી કરતો એ મહાન બખ્શવાવાળા, અય સારી રીતે દરગુઝર કરનારા, અય ગુનાહોને ઉદારતાથી માફ કરનાર, અય દીની અને દુન્યવી નેઅમતોને રહેમતની સાથે ફેલાવનાર, અય દરેક ગુપ્ત વાતોને સાંભળી લેનાર. અય શિકાયત કરનારાની શિકાયતો સાંભળનાર, અય દરગુઝર કરનાર અને અય મહાન આશા દેનાર, અય સરદાર, મોહમ્મદ સ.અ.વ. પર અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર અને મારા માટે એ કર જે કરવાને તું લાયક છો અય મહાન કૃપાળું.

**પછી પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગે.**

### (૧૧) મકામે ઈમામ જઅફર સાદિક અ.સ.

***આ મુસલ્લા પર બે રકાત નમાઝ અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢીને આ દુઆ પઢે :***

**યા સાઁનેઅઁ કુલ્લે મસ્નૂઈંવ્ વ યા જાબેર કુલ્લે કસીરિંવ્ વ યા હાઁઝેર કુલ્લે મલાઈંવ્ વ યા શાહેદ કુલ્લે નજવા વ યા આઁલેમ કુલલે ખંફીય્યતિંવ્ વ યા શાહેદને ગૈંયર ગૉએબિંવ્ વ યા ગાઁલેબને ગૈંયર મગ્લૂબિંવ્ વ યા કઁરીબને ગૈંયર બઈદિંવ્ વ યા મૂનેસ કુલ્લે વહીદિંવ્ વ યા હઁય્યને હીન લા હઁય્ય ગૈંયરોહૂ યા મુહઁયેયલ્ મવ્તા વ મોમીતલ્ અહઁયાઈલ્ કૉએમ અઁલા કુલ્લે નફ્સિમ્ બે મા કસબત્ લા ઈલાહ ઈલ્લા અનેત સઁલ્લે અઁલા મોહઁમ્મદિંવ્ વ આલે મોહઁમ્મદ.**

અય દરેક વસ્તુના બનાવનાર અય ભગ્ન દિલોને સાંધનાર અય દરેક મજમામાં હાજર, અય દરેક ગુપ્ત વાતોના ગવાહ, અય દરેક છૂપી વાતોને જાણનાર, અય એવા મવજુદ જે કદી ગાયબ નથી. એવો જીતનાર જે કદી પરાજિત નથી થતો એવા પાસે રહેનાર કે કદી દૂર નથી થતો, અય દરેક એકલવાયાના મદદગાર, અય જીવંત એવો જીવંત કે જ્યારે કોઈ જીવતું ન હતું, અય મુરદાને સજીવન કરનાર અને જીવતાઓને મોત દેનાર, અય દરેક જીવના તેના સામાન સાથે રક્ષણ કરનાર, તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મો સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર.

**પછી પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગે.**

## (૧૨) હઝરત અલી અ.સ.નો સુફ્રો

***અહીં ચાર રકાત નમાઝ, બે બે રકાત કરીને પઢે, જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢીને આ દુઆ પઢે :***

અલ્લાહુમ્મ ઈન્ની હૅલલૅતો બે સાહૅતેક લે ઈલ્મી બે વહૅદાનીય્યતેક વ સૅમદાનીય્યતેક વ અન્નહૂ લા કૌદેર અૅલા કૅઝૉએ હૉજતી ગૅયૅરોક વ કૅદ અૅલિમૅતો યા રબ્બે અન્નહૂ કુલ્લમા શાહદૅતો નેઅૅમતક અૅલય્યશૅ તદૅદતૅ ફાકૅતી એલયૅક વ કૅદ તૅરકૅની યા રબ્બે મિમૅ મુહિમ્મે અમૅરી મા કૅદ અૅરફૅતહૂ લે અન્નક અૉલેમુલૅ ગૅયૅરો મોઅૅલ્લમિંવૅ વ અસૅઅલોક બિલૅ ઈસૅમિલ્લઝી વ ઝૅઅૅતહૂ અૅલસૅ સમાવાતે ફનૅ શકૅકૅતૅ વ અૅલલૅ અરઝીન ફનૅ બસતૅતૅ વ અૅલનૅ નોજુમે ફનૅ તશરતૅ વ અૅલલૅ જેબાલે ફસૅ તકૅરૅરત વ અસૅઅલોક બિલૅ ઈસૅમિલ્લઝી જઅૅલૅતહૂ ઈનૅદ મોહૅમ્મદિંવૅ વ ઈનૅદ અૅલીયૅયિંવૅ વ ઈનૅદલૅ હૅસને વ ઈનૅદલૅ હુૅસયૅને

**વ ઈનૈદલૈ અઈમ્મતે કુલ્લેહિમૅ સૈલવાતુલ્લાહે અૅલયૈહિમૅ અજૅમઈન અનૈ તોસૈલ્લેય અૅલા મોહૅમ્મદિંવૈ વ આલે મોહૅમ્મદિંવૈ વ અનૈ તકૈઝૈય લી યા રબ્બે હૌજતી વ તોયસ્સેર લી અૅસીરહા વ તકૈફેયના મોહિમ્મહા વ તફૈતહૅલી કુંફૈલહા ફ ઈલૈ લમૅ તફૈઅૅલૈ ફ લકલૈ હૅમૅદો ગૅયૈર જૉએરીન ફી હુંકૈમેક વલા હૌએફીનૈ ફી અૅદૈલેક.**

અય અલ્લાહ હું તારા આંગણામાં તારી તવહીદ અને તારી બેનયાઝીના ઈલ્મ સાથે ઉતરી રહ્યો છું અને હું એ પણ ખાતરીપૂર્વક જાણું છું કે મારી હાજતોને તારી સિવાય કોઈ પૂરી કરી શકતો નથી અને હું એ પણ જાણું છું કે અય મારા પલણહાર, મેં તારી જેટલી નેઅમતોને જોઈ એટલી જ તેને મેળવવા માટે મારી જરૂરત વધતી ગઈ.

અય પાલણહાર, ઘણા એવા પણ વિકટ પ્રસંગો ઉભા થયા જેને તું જ જાણે છે, કારણ કે તું એવો જાણકાર છે કે જેને કોઈ વાત બતાવવાની જરૂરત નથી અને હું તારા એ નામના વાસ્તાથી સવાલ કરૂં છું જેના કારણે આસમાનો ફેલાઈ ગયા અને ધરતી પથરાઈ ગઈ, અને તારાઓ વિખરાઈ ગયા, અને પહાડો ખોડાઈ ગયા, અને તારા એ નામના વાસ્તાથી સવાલ કરૂં છું, જેને તેં મોહમ્મદ સ.અ.વ. પાસે અને અલી અ.સ. પાસે, ઈમામે હસન અ.સ. પાસે ઈમામે હુસૈન અ.સ. પાસે અને બીજા બધા ઈમામો અ.સ. પાસે મુકર્રક કર્યાં છે. તેમના પર તારા દુરૂદ હો. તું દુરૂદ નાઝીલ કર મોહમ્મદ સ.અ.વ. પર, અને તેની આલ અ.સ. પર અને મારી દુઆ કબૂલ કર. અય મારા પાલણહાર, તું મારી મુશ્કિલોને આસાન કરી દે, અને મારી કઠણાઈઓને દૂર કર, અને મારા માટે પ્રગતિના દરવાજા ખોલી દે. અગર તું આમ કરે તો તારો આભાર અને ન કરે તો પણ તારો શુક્ર કારણ કે તારા હુકમમાં કદી ઝુલમ નથી હોતો અને હું ઈન્સાફથી હઠવાવાળો નથી.

***પછી જમણા ગાલને સિજદગાહ પર રાખીને પઢે :***

**અલ્લાહુમ્મ ઈન્ન યુનોસબૈન મત્તા અબૈદક વ**

**નબીય્યક દઓઁક ફી બર્તેનિલ્ હુઁતે ફસ્સે તજબ્તેત લહૂ વ અના અદ્દઉકે ફસ્સે તજીબ્લી બે હંકેકે મોહંમ્મદિંવ વ આલે મોહંમ્મદ.**

અય અલ્લાહ ! યુનુસ ઈબ્ને મતા તારા બંદા અને તારા નબી હતા, તેમણે માછલીના પેટમાં તારી પાસે દુઆ કરી તો તેં તેમની દુઆ કબૂલ કરી લીધી અને હું પણ દુઆ કરૂં છું મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ.ના વાસ્તાથી તેને કબૂલ કરી લે.

**પછી દુઆ માંગે અને જમણો ગાલ જમીન પર રાખી કહે :**

**અલ્લાહુમ્મ ઈન્નક અમરૅત બિદ્દે દોઓઁએ વ તકફ્ફૅલ્તે બિલ્ ઈજાબતે વ અના અદ્દઉકે કમા અમરૅતની ફ સૅલ્લે અૅલા મોહંમ્મદિંવ વ આલે મોહંમ્મદિંવ વસ્સે તજીબ્લી કમા વ અૅદ્દતની યા કરીમ.**

અય અલ્લાહ, તેં દુઆ માગવાનો હુકમ કર્યો અને તેના પૂરા કરવાની ખાતરી આપી છે એટલે હું તારાથી દુઆ માગું છું જેવો તેં હુકમ કર્યો છે. તો હઝરત મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર, અને તારા વાયદા મુજબ મારી દુઆઓ કબુલ કરી લે, અય મહા કૃપાળુ.

**પછી દુઆ માગે અને કપાળ જમીન પર રાખી કહે :**

**યા મોઈઝ્ઝ કુલ્લે ઝલીલિન્ વ યા મુઝિલ્લ કુલ્લે અૅઝીઝિન્ તઅૅલમો કુરૅબતી ફ સૅલ્લે અૅલા મોહંમ્મદિંવ વ આલે મોહંમ્મદિંવ વસ્સે તજીબ્લી કમા વ અૅદ્દતની યા કરીમ.**

અય દરેક હડધૂતને માનવંત બનાવનાર, અને દરેક માનવંતને ઝલીલ કરનાર, તું મારી બેચેનીનું કારણ જાણે છે તો મોહમ્મદ સ.અ.પર અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર અને મને આરામ અર્પણ કર અય મહા કૃપાળુ.

## હઝરત મુસ્લિમ બિન અકીલ અ.સ.ની ઝિયારત

રોઝા મુબારકના દરવાઝા ઉપર ઉભા રહીને પઢે :

અલ્ હંમ્દો લિલ્લાહિલ્ મલેકિલ્ હંક્કિલ્ મોબીનિલ્ મોતસાંગેરે લે અંઝમતેહી જબાબેરતુર્ તાંગીનલ્ મુઅંતરફે બે રોબૂબીય્યતેહી જમીઓં અહેલિસ્ સમાવાતે વલ્ અરેઝીનલ્ મોકિર્રે બે તવ્હીદેહી સૉએરુલ્ ખૅલ્કે અંજમઈન વ સૅલ્લલ્લાહો અંલા સય્યેદિલ્ અનામે વ અહેલે બયતેહિલ્ કેરામે સૅલાતન્ તકંર્રોબેહા અઍયોનોહુમ્ વ યરંગમો બેહા અન્ફો શાનેએહિમ્ મેનલ્ જિન્ને વલ્ ઈન્સે અંજમઈન સલામુલ્લાહિલ્ અંલીયંયિલ્ અંઝીમે વ સલામો મલૉએકતેહિલ્ મોકંર્રબીન વ અમ્બેયૉએહિલ્ મુર્સલીન વ અઈમ્મતેહિલ્ મુન્તજબીન વ અંબાદેહિસ્ સાંલેહીન વ જમીઈશ્ શોહદૉએ વસ્ સિદ્દીકીન વઝ્ ઝાકેયાતુત્ તંય્યેબાતો ફી મા તગ્તદી વ તરૂહોં અંલયક યા મુસ્લિમબ્ને અકીલિબ્ને અબી તાંલેબિન્ વ રહેમતુલ્લાહે વ બરકાતોહ. અશ્હદો અન્નક અકંમ્તસ્ સૅલાત વ આતય્તઝ્ ઝકાત વ અમર્ત બિલ્ મઅંરૂફે વ નહય્ત અંનિલ્ મુન્કરે વ જાહદ્ત ફિલ્લાહે હંક્કં જેહાદેહી વ કાંતિલ્ત અંલા મિન્હાજિલ્ મોજાહેદીન ફી સબીલેહી હંત્તા લકીતલ્લાહ અંઝ્ઝ વ જલ્લ વ હોવ અંન્ક રાઝિન્ વ અશ્હદો અન્નક વફય્ત બે અંહેદિલ્લાહે વ બઝલ્ત નફ્સક ફી નુસ્રતે હુંજ્જતિલ્લાહે

વબેને હુંજ્જતેહી હૅત્તા અતાકલ યકીનો અશ્હદો લક બિત તસ્લીમે વલ વફાએ વન નસીહતે લે ખલફિન નબીયયિલ મુરસલે વસ સિબ્તિલ મુનતજબે વદ દલીલિલ આલેમે વલ વસીયયિલ મોબલ્લેગે વલ મઝલૂમિલ મુહતઝમે ફ જઝાકલ્લાહો અન રસૂલેહી વ અન અમીરિલ મુઅમેનીન વ અનિલ હસને વલ હુસયને અફઝલલ જઝાએ બે મા સબરત વહતસબત વ અઅનત ફ નેઅમ ઉકબદ દારે લઅનલ્લાહો મન કતલક વ લઅનલ્લાહો મન અમર બે કતલેક વ લઅનલ્લાહો મન ઝલમક વ લઅનલ્લાહો મનિફતરા અલયક વ લઅનલ્લાહો મન જહેલ હક્કક વસ્તખફ્ફ બે હુરમતેક વ લઅનલ્લાહો મન બાયઅક વ ગશ્શક વ ખઝલક વ અસ્લમક વ મન અલબ્બ અલયક વ લમ યોઇનક અલ હમ્દો લિલ્લાહિલ લઝી જઅલન નાર મસ્વાહુમ વ બેઅસલ વિર્દુલ મવરૂદો અશ્હદો અન્નક કોતિલ્ત મઝલૂમન વ અન્નલ્લાહ મુનજેઝુન લકુમ મા વઅદકુમ જેઅતોક ઝાએરન આરેફન બે હક્કેકુમ મોસલ્લેમન લકુમ તાબેઅન લે સુન્નતેકુમ વ નુસરતી લકુમ મોઅદદતુન હત્તા યહકોમલ્લાહો વ હોવ ખયરૂલ હાકેમીન ફ મઅકુમ મઅકુમ લા મઅ અદુવ્વેકુમ સલવાતુલ્લાહે અલયકુમ વ અલા અરવાહેકુમ વ અજસાદેકુમ વ શાહેદેકુમ વ ગાએબેકુમ વસ સલામો અલયકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહ. કતલલ્લાહો

## ઉમ્મતને કતલતેકુમે બિલે અયેદી વલે અલસોન.

તમામ તારીફ અલ્લાહને માટે છે, જે બરહક અને ઝાહિર માલિક છે, જેની મહાનતા આગળ સરકશ અને ઝાલિમ હકીર બની ગયા અને તમામ આસમાનો અને જમીનોના રહેવાસીઓએ તેના પાલણહાર હોવાનો સ્વીકાર કર્યો અને તમામ મખ્લૂકે તેની વહેદાનિયતનો ઈકરાર કર્યો.

અય અલ્લાહ સલવાત મોકલ ખલ્કના સરદાર અને તેમની માનવંત અવલાદ પર, એવી સલવાત જે તેમની આંખોને ઠંડક આપે અને તેમના દુશ્મનોનું નાક ઘસડાવે પછી તે જિન્નાતોમાંથી હોય કે ઈન્સાનોમાંથી. સલામ હો મહાન ખુદાના અને તેમના નિકટ રહેનારા ફરિશ્તાઓના અને મુરસલીન નબીઓના, અને વરાએલા ઈમામોના અને નેક બંદાઓના અને તમામ શહીદોના અને સીદ્દીકોના, અને જનાબે મુસ્લિમ બિન અકીલ અ.સ. પર સવાર સાંજ પાક અને પાકીઝા તોહફાઓ અને ખુદાની રહેમતો અને બરકતો નાઝિલ થાય.

હું ગવાહી આપું છું કે બેશક તમોએ નમાઝ કાયમ કરી, ઝકાત અદા કરી, ભલાઈના કામોની ભલામણ કરી અને બુરાઈના કામોથી લોકોને રોકયા અને ખુદાની રાહમાં જેવો જેહાદ કરવો ઘટે એવો જેહાદ કર્યો અને મુજાહિદોની અદાથી આપ શહાદત પામ્યા ત્યાં સુધી કે પરિણામે તમે અલ્લાહના ઈઝઝતવાન અને કિર્તિમાન દરબારમાં મુકર્રબ બન્યા અને તે આપનાથી રાજી થયો. હું ગવાહી આપું છું કે આપે ખુદા સાથે કરેલ વાયદાનું પાલન કર્યું અને તેની નુસરતમાં આપે પોતાની જાતનું નજરાણું પેશ કર્યુ અને અલ્લાહની હુજજત અને તેના ફરઝંદની નુસરતમાં જાન આપી દીધી ત્યાં સુધી કે આપ મોતને ભેટયા.

હું ગવાહી આપું છું કે તમે તસ્લીમ કરનારા, વફાદાર અને નસીહત કરનાર હતા. નબીએ મુરસલના ફરઝંદના, તેમના નવાસાના, દુનિયાના રેહનુમાના, વસીએ રસૂલના, દીનની તબ્લીગ કરનારાના અને જેના હક્કો છીનવી લેવામાં આવ્યા એવા મઝલૂમના એલચી હતા. અમીરૂલ મોઅમેનીન અ.સ. તરફથી અને ઈમામ હસન અને ઈમામ હુસૈન અ.સ. તરફથી અલ્લાહ શ્રેષ્ઠ બદલો આપે એ માટે કે આપે ધીરજ ધરી અને ખુદાથી બદલાની આશા રાખી અને આપે એ લોકોની મદદ કરી, તો કયામતમાં તેનો કેવો સારો બદલો છે.

અલ્લાહ લાનત કરે એ શખ્સ પર જેણે આપને કતલ કર્યા અને અલ્લાહ લાનત કરે એ શખ્સ પર જેણે આપને કતલ કરવાનો હુકમ આપ્યો અને અલ્લાહ લાનત કરે એ શખ્સ પર જેણે આપ પર ઝુલ્મ કર્યો અને અલ્લાહ લાનત કરે એ શખ્સ પર જેણે આપ પર તોહમત લગાવી. અલ્લાહ લાનત કરે એ શખ્સ પર જેણે આપના હકનો અનાદર કર્યો અને આપની ઈઝઝત ઘટાડી. અલ્લાહ લાનત કરે એ શખ્સ પર જેણે આપની બચ્યત કરી પણ આપ પર ઝુલ્મ કર્યા અને આપને અમાન આપ્યા પછી આપના દુશ્મનોને સાથ આપ્યો. બધી તારીફો અલ્લાહ માટે છે જેણે આવા લોકો માટે જહન્નમનું બિસ્તર બનાવ્યું અને એ કેટલું ખરાબ સ્થળ છે. હું ગવાહી આપું છું કે આપ પર ઝુલ્મ કરી આપને કતલ કરવામાં આવ્યા અને અલ્લાહ ખરેખર તમારા સાથે કરેલ વાયદાને પૂરો કરનારો છે. હું આપના પાસે આપની ઝિયારત કરવાના ઈરાદાથી આવ્યો છું. હું આપના હકને ઓળખું છું અને તેનો સ્વીકાર કરૂં છું અને હું આપના નકશે કદમ પર ચાલું છું અને આપની મદદ માટે તૈયાર છું. ત્યાં સુધી કે ખુદા હુકમ આપે અને તે શ્રેષ્ઠ હુકમ આપવાવાળો છે. બસ હું આપની સાથે જ છું. આપના દુશ્મનો સાથે હરગીઝ નથી. આપ પર ખુદાની રેહમત થાય અને આપની રૂહ પર. આપના જિસ્મ પર. આપના ઝાહિર પર અને આપના બાતિન પર. સલામ થાય આપ પર અને અલ્લાહની રેહમતો અને બરકતો થાય. ખુદા ગરક કરે એ ટોળાને જેણે હાથોથી અને જીભોથી આપને કતલ કર્યા.

◆◆◆◆◆

*પછી રોઝામાં દાખલ થાય અને ઝરીહ મુબારકથી લિપટીને કહે :*

**અસ્સલામો અૅલયૅક અય્યોહલ્ અૅબ્દુસ્ સૉલેહુલ્ મોતીઓ લિલ્લાહે વ લે રસૂલેહી વ લે અમીરિલ્ મુઅ્મેનીન વલ્ હૅસને વલ્ હુૅસયૅને અૅલયૅહેમુસ્ સલામો અલ્ હૅમદો લિલ્લાહે વ સૈલામુન્ અૅલા અૅબાદેહિલ્ લઝીનસ્ સૅતૅફા મોહૅમ્મદિન્ વ આલેહી વસ્સલામો અૅલયૅકુમ્ વ રૅહૅમતુલ્લાહે વ બરકાતોહૂ વ મગ્ફેરતોહૂ વ અૅલા રૂહેક વ બદનેક. અશ્હદો**

**અન્નક મઝૅયૅત ઑલા મા મઝૉ ઑલયૅહિલ બદ્રીય્યૂનલ મોજાહેદુન ફી સબીલિલ્લાહિલ મોબાલેગૂન ફી જેહાદે અઅૅદાએહી વ નુસૅરતે અવલેયાએહી ફ જઝાકલ્લાહો અફ્ઝલલ જઝાએ વ અકસરલ જઝાએ વ અવફર જઝાએ અહૅદિને મિમ્મન વફા બે બયૅઅૅતેહી વસ્તજાબ લહૂ દઅૅવતહૂ વ અતાઅ વોલાત અમ્રેહી. અશ્હદો અન્નક કદ બાલગ્ત ફિન નસીહતે વ અઅૅતયત ગાયતલ મજ્હૂદે હત્તા બઅસકલ્લાહો ફિશ શોહદાએ વ જઅલ રૂહક મઅ અરવાહિસ સોઅદાએ વ અઅૅતાક મિન જેનાનેહી અફસહહા મન્ઝેલન વ અફ્ઝલહા ગોરફવ વ રફઅ ઝિક્રક ફિલ ઈલ્લીય્યીન વ હશરક મઅન નબીય્યીન વસ્ સિદ્દીકીન વશ શોહદાએ વસ્ સાલેહીન વ હસોન ઓલાએક રફીકા. અશ્હદો અન્નક લમ તહિન વ લમ તન્કુલ વ અન્નક કદ મઝૅયૅત ઑલા બસીરતિમ મિન અમ્રેક મુકતદેયન બિસ્ સાલેહીન વ મુત્તબેઅન લિન નબીય્યીન ફ જમઅલ્લાહો બયનના વ બયનક વ બયન રસૂલેહી વ અવલેયાએહી ફી મનાઝેલિલ મુખ્બેતીન ફ ઈન્નહૂ અરહમુર રાહેમીન.**

સલામ હો આપ પર અય અલ્લાહના નેક બંદા. અલ્લાહની તાબેદારી કરનારા અને તેના રસૂલ સ.અ.વ.ની અને અમીરૂલ મોઅમેનીન અ.સ.ની અને ઈમામ હસન અને ઈમામ હુસૈન અ.સ.ની. તેઓ સર્વો પર સલામ. સર્વ તારીફ અલ્લાહની અને સલામ હો તેમના બંદા મોહમ્મદ મુસ્તુફા સ.અ.વ. અને તેમની આલ પર. સલામ હો આપ પર અને અલ્લાહની

રેહમતો અને બરકતો નાઝિલ થાય આપ પર અને તે બખ્શી આપે આપની રૂહને અને આપના જિસ્મને.

હું ગવાહી આપું છું કે આપે એ કામ અંજામ આપ્યું જે કામ બદર વાળ ાઓએ કર્યું હતું. એટલે કે ખુદાની રાહમાં જેહાદ કર્યો અને અનહદ કોશિશ કરી દુશ્મનો સામે જેહાદ કરવામાં અને તેના વલીઓને મદદ કરવામાં. અલ્લાહ આપને ઉત્તમમાં ઉત્તમ બદલો આપે અને ખૂબ બદલો આપે અને વિશાળ બદલો આપે. દરેક એ શખ્સનો જેણે તેની બયઅતમાં વફાદારી કરી અને તેઓની દાવતને કબૂલ કરી અને તેઓના વલીએ અમ્રની ઈતાઅત કરી.

હું ગવાહી આપું છું કે આપે નસીહત પહોંચાડવાની પૂરી કોશિશ કરી અને ઈતાઅત કરવામાં એટલા પ્રવત્ત રહ્યા કે અલ્લાહ તઆલાએ આપનો શુમાર શહીદોમાં કરી લીધો અને આપની રૂહને નેક લોકોની રૂહ સાથે મેળ વી દીધી અને આપને જન્નતોમાં એક એવી જન્નત અતા કરી કે જેમાં વિશાળ આરામ કરવાના સ્થાનો છે અને જેના મકાનો સૌથી શ્રેષ્ઠ છે અને ઈલ્લીયીનમાં આપનો ઝિક્ર બાકી રાખ્યો અને નબીઓ સાથે આપનો હશર કર્યો અને સીદ્દીકો, શહીદો અને નેક લોકો સાથે આપને મેળવ્યા અને આ કેટલા ઉમદા સાથીઓ છે.

હું ગવાહી આપું છું કે ન તો તમે આળસ કરી કે ન તમે પાછી પાની કરી અને આપે ઈલ્મે યકીનની સાથે અમલને અંજામ આપ્યો. નેક લોકોની પયરવી કરી. નબીઓના નકશે કદમ પર ચાલ્યાં અંતમાં ખુદા આપને અને અમોને તથા તેના રસૂલ અને તેના વલીઓને એક સાથે ભેગા કરે વિનમ્ર લોકોના સ્થાનમાં. ખરેખર તે સૌ રહેમ કરવાવાળાઓમાં શ્રેષ્ઠ રહેમ કરવા વાળો છે.

*પછી બે રકાત નમાઝ પઢી જનાબે મુસ્લીમ અ.સ.ને હદિયો કરે અને આ દુઆ પઢે :*

**અલ્લાહુમ્મ સૅલ્લે અૅલા મોહૅમ્મદિંવૅ વ આલે મોહૅમ્મદિંવૅ વલા તદઅૅ લી ફી હાઝૅલૅ મકાનિલૅ મુકર્રમે વલૅ મશ્હદિલૅ મુઅઝ્ઝમે ઝમ્બન્ ઈલ્લા ગૅફર્તહૂ વ લા હમ્મન્ ઈલ્લા ફર્રજ્તહૂ વલા મરઝૅન્

**ઈલ્લા શફયૅતહૂ વ લા અયૅબન્ં ઈલ્લા સતરૅતહૂ વલા રિઝ્કન્ં ઈલ્લા બસૅતૅતહૂ વ લા ખૅવૅફન્ં ઈલ્લા આમનૅતહૂ વ લા શમૅલન્ં ઈલ્લા જમઍતહૂ વ લા ગૉએબન્ં ઈલ્લા હૅફિઝૅતહૂ વ અદૅનયૅતહૂ વ લા હૉજતમૅ મિનૅ હૅવાએજિદૅ દુનૅયા વલૅ આખૅરતે લક ફીહા રેઝન્ં વલેય ફીહા સૅલાહુન્ં ઈલ્લા કઝૅયૅતહા યા અરૅહમરૅ રાહૅમીન.**

અય અલ્લાહ, રેહમત નાઝિલ કર મોહમ્મદ સ.અ.વ. પર અને આલે મોહમ્મદ સ.અ.વ. પર અને ઉન્નત સ્થળ, આ મહાન મકબરાના સદકામાં મારો કોઈ ગુનાહ માફ કર્યા વિના છોડીશ નહીં, અને રંજો ગમને દૂર કર્યા વિના રાખજે નહીં, અને મારી બિમારીને શફા વગરની ન રહેવા દેજે અને મારો કોઈ એબ પ્રગટ ન થવા દે અને મારી રોજીને વિશાળ કરી દેજે, મારા ખોફને અમાનમાં પલટાવી દેજે અને કોઈ પરેશાનીને દૂર કર્યા વિના ન રાખજે અને મારી ગુપ્ત વાતોને સુરક્ષિત રાખજે. અને દુનિયા તથા આખેરતની હાજતોમાંથી મારી કોઈ હાજત પૂરી થયા વગરની ન રાખજે. જેમાં તારી રઝા હોય અને જેમાં મારા માટે ભલાઈ હોય. અય રહેમ કરવા વાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

**પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગે.**

◆◆◆◆◆

# જનાબે હાની બિન ઉરવાહની ઝિયારત

**સલામુલ્લાહિલ્ અઝીમે વ સલવાતોહૂ અલયક યા હાનેયબ્ન ઉરવહ. અસ્સલામો અલયક અય્યોહલ અબ્દુસ્ સાલેહુન્ નાસેહો લિલ્લાહે વ લે રસૂલેહી વ લે અમીરિલ મુઅમેનીન વલ હસને વલ હુસયને અલયહેમુસ સલામ. અશ્હદો અન્નક કોતિલ્ત મઝ્લૂમન્ ફ લઅનલ્લાહો મન્ કતલક વસ્તહલ્લ દમક વ હશા કોબૂરહુમ્ નારન. અશ્હદો અન્નક લકીતલ્લાહ વ હોવ રાઝિન અન્ક બેમા ફઅલ્ત વ નસહ્ત વ અશ્હદો અન્નક કદ બલગ્ત દરજતશ્ શોહદાએ વ જોએલ રૂહોક મઅ અર્વાહિસ સોઅદાએ બે મા નસહ્ત લિલ્લાહે વ લે રસૂલેહી મુજ્તહેદન્ વ બઝલ્ત નફ્સક ફી ઝાતિલ્લાહે વ મર્ઝાતેહી ફ રહેમકલ્લાહો વ રઝેય અન્ક વ હશરક મઅ મોહમ્મદિવ્ વ આલેહિત્ તાહેરીન વ જમઅના વ ઈય્યાકુમ મઅહુમ્ ફી દારિન્ નઈમે વ સલામુન્ અલયક વ રહેમતુલ્લાહે વ બરકાતોહ.**

મહાન અલ્લાહના આપ પર સલામ હો અને તમારા પર તેના તરફથી રહેમત ઉતરે અય હાની ઈબ્ને ઉરવહ રઝી. સલામ હો તમારા પર અય અલ્લાહના નેક બંદા અને તેના રસૂલ સ.અ.વ. અને અમીરૂલ મોઅમેનીન અ.સ. અને ઈમામે હસન અને ઈમામે હુસેન અ.સ. તરફથી નસીહત કરનારા.

હું ગવાહી આપું છું કે તમને ઝુલ્મ કરી શહીદ કરવામાં આવ્યા. બસ ખુદા લાનત કરે તે મરદૂદ પર જેણે તમને શહીદ કર્યા અને તમારા ખૂન વહાવવાને હલાલ સમજ્યા અને તે નીચ લોકોની કબ્રોને ખુદા આગથી

ભરી દે અને હું ગવાહી આપું છું કે તમે ખુદાના દરબારમાં એવી સ્થિતિમાં પહોંચ્યા કે તે તમારાથી રાજી છે. તમે જે કંઈ અંજામ આપ્યું અને જે નસીહત કરી એ માટે.

હું ગવાહી આપું છું કે તમે શહીદોના મરતબા પર પહોંચ્યા અને તમારી રૂહને નેક લોકોની રૂહોમાં શુમાર કરી એ કારણે કે તમે તેના, રસૂલ સ.અ.વ. સાથે નિસ્વાર્થપણે વર્તયા અને તમે ખુદાની ઝાતમાં તમારી જાનને કુરબાન કરી દીધી અને તેની મરજી મેળવી તો ખુદા રહેમત કરે તમારા પર. અને તમારાથી રાજી થઈ જાય અને તમારો હશર (ગણત્રી) મોહમ્મદ સ.અ.વ. અને તેની પવિત્ર આલ અ.સ. સાથે કરે અને જન્નતમાં તમને તેઓ સાથે રાખે અને તમારા પર સલામ થાય અને અલ્લાહની રહેમતો અને બરકતો ઉતરે.

**પછી બે રકાત નમાઝ જનાબે હાનીને હદિયો કરે અને દુઆ માગે.**

◆◆◆◆◆

# મસ્જિદે સેહલા

મસ્જિદે સેહલા એ પવિત્ર સ્થળ છે, જે જનાબે ઈબ્રાહીમ અ.સ.ના મકાનથી મશહુર છે અને હઝરતે દાઉદ અ.સ. પણ અહીં રહેતા હતા. જનાબે ખિઝર અ.સ.નું પણ આ રહેણાક છે. જનાબે ઈદ્રીસ અ.સ. અહીં સિલાઈ કામ કરતા હતા. બલ્કે હદીસોમાં આવેલ છે કે કોઈ પયગમ્બર એવા નથી થયા જેમણે અહીં નમાઝો ન પઢી હોય અને ઈન્શાઅલ્લાહ ટુંકમાં જ સાહેબે અમ્ર ઈમામે ઝમાના અ.સ. પોતાના બાલ બચ્ચા સાથે અહીં મકામ કરશે. અહીં મલાયકા હાજરી આપે છે અને ખુદાની બંદગી કરે છે અહીં પર જે કંઈ માંગવામાં આવે તે ખુદાવંદે આલમ કબૂલ ફરમાવે છે. રિવાયતમાં છે કે જે કોઈ વ્યક્તિ અહીં બે રકાત નમાઝ પઢે તો ખુદા તેની વયમાં બે વરસનો વધારો કરશે આ મસ્જિદમાં વાસ કરવો એવું છે જાણે હઝરત રસૂલે ખુદા સ.અ.વ. સાથે વાસ કર્યાં.

**મસ્જિદના દરવાજા પર ઉભા રહી કહે :**

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ મેનલ્લાહે વ એલલ્લાહે વ મા શાઅલ્લાહો વ ખૈરૂલ અસ્માએ લિલ્લાહે તવક્કલતો અલલ્લાહે વ લા હવ્લ વ લા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીયિલ અઝીમ. અલ્લાહુમ્મ જઅલ્નની મિન ઉમ્માર મસાજેદેક વ બોયૂતેક. અલ્લાહુમ્મ ઈન્ની અતવજ્જહો એલયક બે મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વ ઓકદ્દેમોહુમ બયન યદય હવાએજી ફજઅલ્નની. અલ્લાહુમ્મ બેહિમ ઈન્દક વજીહન ફિદ દુન્યા વલ આખેરતે વ મેનલ મોકર્રબીન. અલ્લાહુમ્મ જઅલ સલાતી બેહિમ મકબૂલતન વ ઝમ્બી બેહિમ મગફૂરવ વ રિઝકી બેહિમ મબસૂતવ વ દોઆઈ બેહિમ મુસ્તજાબન**

**વ હુંવૉએજી બેહિમે મકીઝીય્યતને વનેઝુરે એલય્ય બે વજેહેકલે કરીમે નઝૈરતને રહીંમતને અસેતવેજેબો બેહિલે કરામત ઈનેદક સુમ્મ લા તસૈરિફૈહૂ અન્ની અબદને બે રહેંમતેક યા અરહેંમરે રાહેંમીન. યા મોકૈલ્લબેલે કૌલૂબે વલે અબસૉરે સબેબિતે કૅલેબી અલા દીનેક વ દીને નબીય્યેક વ વલીય્યેક વ લા તોઝિગ્ગૈ કૅલેબી બઅંદ ઈઝ હદયેતની વ હબે લી મિલે લદુનેક રહેમતને ઈન્નક અનેતલે વહેહાબ. અલ્લાહુમ્મ એલયેક તવજેજહેતો વ મરેઝૉતક તેલબેતો વ સવાબકબે તગેયેતો વ બેક આમનેતો વ અલયેક તવકૈકલતો. અલ્લાહુમ્મ ફ અકૈબિલે બે વજેહેક એલય્ય વ અકૈબિલે બે વજેહી એલયેક.**

અલ્લાહના નામથી અને તેની જ મદદની આશા સાથે તેની તરફ રજુ થાઉં છું એ જે ચાહે તે કરે છે અને બધા સારા સારા નામ તેના જ છે. હું અલ્લાહ પર ભરોસો રાખું છું મારી ગણના મસ્જિદો અને તારા ઘરોને આબાદ કરનારાઓમાં કર. અય અલ્લાહ હું ખરેખર તારી તરફ ધ્યાન ધરૂં છું અને મોહમ્મદ સ.અ.વ. અને તેમની આલ મારફત અને હું તેમના વાસ્તાથી સવાલ કરૂં છું કે તું મારી હાજતોને પૂરી કર અને અય અલ્લાહ મારો શુમાર તેઓની સાથે કર અને દુનિયા અને આખેરતમાં તેઓને કારણે મને માનવંત કર અને મને તારા મુકર્રબ બંદાઓમાં દાખલ કર. અય અલ્લાહ મારી નમાઝને તેઓના સદકે કબૂલ કર અને મારા ગુનાહોને માફ કરી દે અને તેમના સદકે મારી રોજી વિશાળ કર અને મારી દુઆઓને તેઓના તુફેલથી કબૂલ કરી લે અને તેમના સદકે મારી હાજતો બર લાવ.

અય અલ્લાહ ! તારા માનવંત ચેહરાના સદકામાં મારા પર દયાદ્રષ્ટિ કર, જેને કારણે હું તારી પાસે માનવંત બનું. પછી તારી કૃપાદ્રષ્ટિને મારાથી પાછી ફેરવજે નહીં કયારે પણ નહિ. તારી રહેમતનો વાસ્તો અય રહેમ

કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર. અય દિલો અને નજરોને પલટાવનાર. મારા કદમને તારા દીન પર જમાવી દે અને તારા નબીના દીન પર અને તેના વલીના દીન પર. તેં જયારે મારી હિદાયત કરી છે તો પછી મારા દિલને પાછું વળવા ન દેજે અને મને તારા તરફથી રહેમત અતા કર. તું તો હમેશા ઉદાર દિલે આપવાવાળો છે અય અલ્લાહ હું તારા તરફ ધ્યાન ધરૂં છું અને તારો રાજીપો ચાહું છું. તારા સવાબની આશા રાખું છું. હું તારા પર ઈમાન લાવું છું અને તારા પર જ ભરોસો રાખું છુ. અય અલ્લાહ તું મારા તરફ ધ્યાન આપ અને મારા લક્ષને તારી તરફ ફેરવી દે.

**પછી આયતલ કુરસી પઢે અને સૂરએ કુલ અઊઝો બે રબ્બિલ ફલક અને સૂરએ કુલ અઊઝો બે રબ્બિન્નાસ પઢે અને સાત વખત કહે :**

**સુબ્હાનલ્લાહે વલ્ હમ્દો લિલ્લાહે વ લા ઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર.**

અલ્લાહ પાક અને પાકિઝા છે, તમામ તારીફ તેને સઝાવાર છે, તેના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, અને અલ્લાહ મહાન છે.

**પછી પઢે :**

**અલ્લાહુમ્મ લકલ્ હમ્દો અલા મા હદયતની લકલ્ હમ્દો અલા મા ફઝ્ઝલ્તની વ લકલ્ હમ્દો અલા મા શર્રફ્તની વ લકલ્ હમ્દો અલા કુલ્લે બલાઈન્ હસનિન્ તલયતની. અલ્લાહુમ્મ તકબ્બલ્ સલાતી વ દોઆઈ વ તહ્હિર્ કલ્બી વશ્રહ્ લી સદરી વ તુબ્ અલય્ય ઈન્નક અન્તત્ તવ્વાબુર્ રહીમ.**

અય અલ્લાહ તમામ તારીફ તને સઝાવાર છે કે તેં મારી હિદાયત કરી અને તમામ તારીફ તને સઝાવાર છે કે તે મારા પર એહસાન કર્યો અને તમામ તારીફ તને સઝાવાર છે કે તેં મને ઉન્નતિ આપી અને તારો શુક્ર એ વાત પર છે કે તેં મારૂં સરસ ઈમ્તેહાન લીધું. અય અલ્લાહ મારી નમાઝ કબૂલ કર. મારી દુઆ કબૂલ કરી લે. મારા દિલને નિર્મળ બનાવી દે અને

મારી છાતીને વિશાળ કર અને મારી તૌબા કબૂલ કર. બેશક તું જ વારંવાર તૌબા કબૂલ કરનારો અને રહેમ કરનારો છે.

*પછી મસ્જિદમાં દાખલ થાય અને સહેનની વચમાં બે રકાત નમાઝ અદા કરે. હઝરત ઈમામ જઅફર સાદિક અ.સ.થી રિવાયત છે કે જે કોઈ મંગળવારના મગરીબ અને ઈશાની વચ્ચે બે રકાત નમાઝ મસ્જિદે સેહલામાં પઢે તો હક તઆલા તેના ગમને જરૂર દૂર કરશે અને આફતને ટાળી દેશે અને તેની હાજતો પૂરી કરશે નમાઝ પઢયા પછી જનાબે સય્યદાની તસ્બીહ પઢે પછી પોતાના બંને હાથોને આસમાન સામે ઉંચા કરી કહે :*

## મકામે ઈમામ જઅફર સાદિક અ.સ.

અન્તલ્લાહો લા ઈલાહ ઈલ્લા અન્ત મુબ્દેઉલ ખ઼ૅલ્કે વ મોઈદોહુમ્ વ અન્તલ્લાહો લા ઈલાહ ઈલ્લા અન્ત ખૉલેકુલ્ ખ઼ૅલ્કે વ રાઝેકોહુમ્ વ અન્તલ્લાહો લા ઈલાહ ઈલ્લા અન્તલ્ કૉબેઝુલ્ બાસેતોં વ અન્તલ્લાહો લા ઈલાહ ઈલ્લા અન્ત મોદબ્બેરુલ્ ઓમૂરે વ બાઅેસો મન્ ફીલ્ કૉબૂરે અન્ત વારેસુલ્ અર્ઝે વ મન્ ઍલયહા. અસ્અલોક બિસ્મેકલ્ મખ઼્ઝૂનિલ્ મક્નૂનિલ્ હૅય્યિલ્ કૅય્યૂમે વ અન્તલ્લાહો લા ઈલાહ ઈલ્લા અન્ત ઑલેમુસ્ સિર્રે વ અખ઼્ફા. અસ્અલોક બિસ્મેકલ્ લઝી એઝા દોઈત બેહી અજબ્ત વ એઝા સોઈલ્ત બેહી અઅ્તય્ત વ અસ્અલોક બે હૅક્કૅક ઍલા મોહૅમ્મદિવ્ વ અહૅલે બય્તેહી વ બે હૅક્કેહેમુલ્ લઝી અવ્જબ્તહૂ ઍલા નફ્સેક અન્ તોસૅલ્લેય ઍલા મોહૅમ્મદિવ્ વ આલે મોહૅમ્મદિવ્ વ અન્ તક્ઝેય લી હૉજતીસ્ સાઅૅતસ્ સાઅૅત યા સામેઅૅ દોઑઅ. યા

**સય્યેદાહો યા મર્વેલાહો યા ગૈયાસાહો. અસ્અલોક બે કુલ્લે ઈસ્મિન સમ્મયેત બેહી નફ્સક અવિસ્ તાઅસ્સરેત બેહી ફી ઈલ્મિલે ગૈયબે ઈન્દક અને તોસલ્લેય અલા મોહંમ્મદિંવે વ આલે મોહંમ્મદિંવે વ અને તોઅંજેજેલે ફરજનસે સાઅત યા મોકલ્લબેલે કોલૂબે વલે અબ્સારે યા સમીઅંદે દોઓઅ.**

અય અલ્લાહ, તું જ અલ્લાહ છે. તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. તું જ લોકોને પયદા કરનાર છે અને મારવા પછી પાછા સજીવન કરનાર છે અને તું જ અલ્લાહ છે, તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. તેં જ લોકોને પયદા કર્યા અને તું જ એને રોજી આપે છે. તું જ અલ્લાહ છે અને તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી તું જ રોકવા વાળો છે અને તું જ ફેલાવવાવાળો છે અને તું જ અલ્લાહ છે અને તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી તું જ કાર્યસાધક છે અને મુરદાઓને ફરી ઉભા કરનાર છે અને તું જ જમીનનો ધણી છે અને જે કંઈ પણ તેમાં છે એ બધાનો.

હું તારાથી સવાલ કરૂં છું એ નામના વાસ્તાથી જે છુપો અને સંઘરેલો છે, એ નામથી જે જીવંત અને સનાતન છે, અને તું જ અલ્લાહ છે અને તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી તું દરેક છુપી અને ભેદ ભરેલી વાતોને જાણે છે. હું માગું છું તારા એ નામના વાસ્તાથી કે જે થકી દુઆ માંગવામાં આવી, તો કબૂલ થઈ ગઈ અને જે કંઈ માગવામાં આવ્યું તે આપવામાં આવ્યું.

અને હું માગણી કરૂં છું તારા એ હકના વાસ્તાથી જે તારો મોહમ્મદ સ.અ.વ. અને તેમની એહલેબયત અ.સ. પર છે અને એ લોકોના હકનો વાસ્તો જે તેં તારા પર વાજીબ કરી લીધો છે. મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર અને મારી હાજતો પૂરી કર અબ ઘડી, અબ ઘડી એ દુઆઓના સાંભળનાર, અય સરદાર, અય મવલા અને અય ફરિયાદે પહોંચનારા અને સવાલ કરૂં છું તારા એ દરેક નામથી જે તેં તારા માટે પસંદ કરેલ છે અને ઈલ્મે ગયબથી તારા પર મખ્સૂસ કર્યા.

મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર અને અબ ઘડીએ મને આરામ પહોંચાડ, અય દિલોને પલટાવનાર અને આંખોને ફેરવનાર અય દુઆઓને સાંભળનાર.

**પછી પોતાની હાજતો માગે અને શુક્રનો સિજદો કરે.**

## મકામે હઝરત ઈબ્રાહીમ અ.સ.

**અહીં બે રકાત નમાઝ પઢે અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢે પછી કહે :**

**અલ્લાહુમ્મ બે હૅક્કે હાઝેહિલ બુકઁઅતિશ શરીફતે વ બે હૅક્કે મન તઅઁબ્બદ લક ફીહા કૅદ્દે અઁલિમૅત હૅવાએજી ફ સૅલ્લે અઁલા મોહૅમ્મદિંવ વ આલે મોહૅમ્મદિંવ વકૅઝેહા વ કૅદ્દે અહૅસૅયૅત ઝોનૂબી ફ સૅલ્લે અઁલા મોહૅમ્મદિંવ વ આલે મોહૅમ્મદિંવ વગૅફિરેહા. અલ્લાહુમ્મ અહૅયેની મા કાનતિલ હૅયાતો ખૅયરલ લી વ અમિતની એઝા કાનતિલ વફાતો ખૅયરલ લી અઁલા મોવાલેતે અવૅલેયાએક વ મોઆદાતે અઅઁદાએક વફૅઅઁલ બી મા અનત અહૅલોહૂ યા અરહૅમર રાહેમીન.**

યા અલ્લાહ, આ મુબારક સ્થળના વાસ્તાથી અને આ સ્થળે તારી ઈબાદત કરનારા બુઝુર્ગોના વાસ્તાથી તું મારી હાજતોને જાણે છે એટલે મોમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર અને મારી હાજતોને પૂરી કર અને તેં મારા ગુનાહોની ગણત્રી કરી લીધી છે. એટલે મોહમ્મદ સ.અ.વ. પર અને તેમની આલ પર દુરૂદ નાઝિલ કર અને મારા ગુનાહોને માફ કર.

બારે ઈલાહા ! જ્યાં સુધી મારી ઝિંદગી નેક અને સારા કામોમાં ખર્ચ થાય ત્યાં સુધી મને જીવતો રાખ અને મને એવા સમયે મોત દે, જે સમયે મોત મારા માટે બેહતર હોય. હું તારા દોસ્તોથી દોસ્તી અને તારા દુશ્મનોથી

દુશ્મનીને સારી ગણું છું અને મને એવો બનાવી દે જેવો તું ચાહે છે. અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

*પછી દુઆ માગે અને શુકરનો સિજદો બજાવી લાવે.*

## મકામે હઝરત ઈદરીસ અ.સ.

***અહીં બે રકાત નમાઝ પઢે, જનાબે સય્યદા અ.સ..ની તસ્બીહ પઢે પછી બન્ને હાથો આસમાન તરફ ઉંચા કરી કહે :***

**અલ્લાહુમ્મ ઈન્ની સૅલ્લયૅતો હાઝેહિસ્સૅ સૅલાતબ્તેગાઅ મરઝૅાતેક વ તૅલબ નૅાએલેક વ રજાઅ રિફ્દેક વ જવાએઝેક ફ સૅલ્લે અૅલા મોહંમ્મદિંવ્ વ આલે મોહંમ્મદિંવ્ વ તકૅબ્બલહા મિન્ની બે અહૅસને કૅબૂલિંવ્ વ બલ્લિગ્નીની બે રહૅમતેકલ્ મામૂલ વફૅઅલ્ બી મા અન્ત અહૅલોહૂ યા અરહૅમર્ રાહેમીન.**

અય અલ્લાહ ! મેં આ નમાઝ તારી ખૂશનુદી મેળવવાના હેતુથી અને તારી અતાની ઉમ્મીદમાં અને તારા ઈન્આમ અને બક્ષીશની આશામાં પઢી છે. તો તું મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર અને મારી આ નમાઝ અને દુઆને કબૂલ કરી લે. શ્રેષ્ઠ સ્વીકાર સાથે અને મને તારી રહેમતથી મારા મકસદ સુધી પહોંચાડી દે અને મારી સાથે એવો વર્તાવ કર જેવો તને છાજે, અય સૌ રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

*પછી દુઆ માગે અને શુકરનો સિજદો બજાવી લાવે.*

## મકામે હઝરત ખિઝર અ.સ.

***અહીં બે રકાત નમાઝ બજાવી લાવે અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢે અને પછી બંને હાથોને આસમાન તરફ ઊંચા કરી કહે***

**અલ્લાહુમ્મ ઈન્ને કાનતિઝ્ ઝોનૂબો વલ્ ખતૅાયા કદ્ અખ્લકત્ વજ્હી ઈન્દક ફ લમ્ તરફઅૅ લી એલયૅક**

સૈવૅતનૅ વ લમૅ તસૅતજિબૅ લી દઅૅવતનૅ ફ ઈન્ની અસૅઅલોક બેક યા અલ્લાહો ફ ઈન્નહૂ લયસૅ મિસૅલક અહૅદુનૅ વ અતવસ્સલો એલયૅક બે મોહૅમ્મદિંવૅ વ આલેહી વ અસૅઅલોક અનૅ તોસૅલ્લેય અૅલા મોહૅમ્મદિંવૅ વ આલે મોહૅમ્મદિંવૅ વ અનૅ તુકૅબેલ એલય્ય બે વજૅહેકલૅ કરીમે વ તુકૅબેલ બે વજૅહી એલયૅક વ લા તોખૅયૅયિબૅની હીૅન અદઉૅક વ લા તહૅરિમૅની હીૅન અરૅજૂક યા અરૅહૅમરૅ રાહૅમીન.

અય અલ્લાહ ! મારા ગુનાહો અને ભૂલોએ મારા ચેહરાને તારી સામે અધમૂઓ કરી દીધો છે. જેના કારણે મારી અવાજ તારી સુધી નથી પહોંચતી અને મારી દુઆ કબૂલ નથી થાતી એટલે હું તારો વાસ્તો આપી તારાથી દુઆ કરૂં છું, ખરેખર તારા જેવું કોઈ નથી અને હું તારાથી મોહમ્મદ સ.અ.વ. અને તેમની આલના તુફેલથી સવાલ કરૂં છું અને સવાલ કરૂં છું કે મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દરૂદ નાઝિલ કર અને મારી તરફ નજરે કરમ કર. અને મારૂં ધ્યાન તારી તરફ ફેરવી દે અને મને નિરાશ ન કરજે જ્યારે હું તારી પાસે દુઆ કરૂં અને હું તારી પાસે આજીઝી કરૂં તો મને વંચિત ન રાખજે અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનારા.

**પછી દુઆ માગે અને શુક્રનો સિજદો બજાવી લાવે.**

## મકામે સાલેહીન અ.સ.

**અહીં બે રકાત નમાઝ પઢે અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢે પછી બંને હાથ આસમાન તરફ ઉંચા કરી કહે :**

અલ્લાહુમ્મ ઈન્ની અસૅઅલોક બિસૅમેક યા અલ્લાહો અનૅ તોસૅલ્લેય અૅલા મોહૅમ્મદિંવૅ વ આલે મોહૅમ્મદિંવૅ વ અનૅ તજૅઅૅલ ખૅયૅર ઉૅમૅરી આખૅરહૂ વ ખૅયૅર અઅૅમાલી ખૅવાતીમહા વ ખૅયૅર

**અય્યામી યવ્વેમ અલ્લૌક ફીહે ઈન્નક અૅલા કુલ્લે શય્ઈને કંદીર. અલ્લાહુમ્મ તકંબ્બલ દોઑઈ વસમઅૅ નર્જવાય યા અૅલીય્યો યા અૅઝીમો યા કૌદેરો યા કૌહેરો યા હંય્યન લા યમૂતો સૈલ્લે અૅલા મોહંમ્મદિંવ વ આલે મોહંમ્મદિંવ વગ્ગીફિર લેયઝ ઝોનૂબલ લતી બય્નેની વ બય્નક વ લા તફ્ઝંહેની અૅલા રોઉસિલ અશ્હાદે વહૈરૂસ્નેની બે અંય્નેકલ લતી લા તનામો વરહંમ્નેની બે કુંદરતેક અૅલય્ય યા અરહંમર રાહેમીન વ સૈલ્લલ્લાહો અૅલા સય્યેદેના મોહંમ્મદિંવ વ આલેહિંતે તૌહેરીન યા રબ્બલ ઑલમીન.**

અય અલ્લાહ હું તારા નામના વાસ્તાથી તારાથી સવાલ કરૂં છું કે મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર અને મારી વયના છેલ્લા ભાગને નેક બનાવી દે અને મારા આખરી આમાલોને નેક આમાલ બનાવી દે અને મારા મૃત્યુના દિવસોને સારા દિવસો બનાવી દે. ખરેખર તું દરેક ચીઝ પર શકિત ધરાવે છે. અય અલ્લાહ ! મારી દુઆ કબૂલ કર અને મારી ઈલ્તેજા કબૂલ કરી લે.

અય મહાન, અય અઝીમ, અય શકિતમાન અય ઝબરદસ્ત, અય એવો જીવંત જેને મૃત્યુ નથી. મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર અને મારી તથા તારી વચ્ચે જે મારા ગુનાહ છે તેને માફ કરી દે મને ગવાહોની સામે રૂસ્વા ન કરજે અને તારી એ આંખથી મારૂં ધ્યાન રાખજે જે કદી બંધ થતી નથી. (સૂતી નથી) મારા પર રહેમ કર તારી એ શકિતથી જે મારા પર પ્રભુત્વ ધરાવે છે. અય સૌ રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર અને દરૂદ નાઝિલ કર મોહમ્મદ સ.અ.વ. પર અને તેમની પવિત્ર અવલાદ પર અય તમામ આલમોના પાલણહાર.

**પછી દુઆ માગે અને શુક્રનો સિજદો બજાવી લાવે.**

## મકામે ઈમામ ઝયનુલ આબેદીન અ.સ.

**અહીં બે રકાત નમાઝ અદા કરે અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢે પછી બંને હાથ ઉંચા કરી કહે :**

**યા મનં હોવ અકૅરબો એલય્ય મિનં હૅબ્લિલ વરીદે યા ફઅઁાલનં લે મા યોરીદો યા મંયે યહૂલો બયૅનલ મરૂએ વ કૅલ્બેહી સૅલ્લે અૅલા મોહૅમ્મદિંવં વ આલેહી વ હુંલ્લ બયૅનના વ બયૅન મનં યુઅઝીના બે હૅવેલેક વ કુંવ્વતેક યા કાફી મિનં કુલ્લે શયૅઈંવં વ લા યકૅફી મિનેહૂ શયૅઉનં ઈકૅફેનલ મોહિમ્મ મિનં અમૅરિદં દુનેયા વલ આખેંરતે યા અરૅહંમર રાહેંમીન.**

અય મારી ધોરી નસથી પણ વધારે નિકટ રહેનારા એ જે ચાહે તે કરી છૂટનારા, અય ઈન્સાનોના દિલ અને તેના ઈરાદાની વચ્ચે આડે આવનારા, મોહમ્મદ સ.અ.વ. અને તેમની આલ પર દરૂદ નાઝિલ કર અને મારી તથા મને દુઃખ દેનારાની વચ્ચે રૂકાવટ થઈ જા. તારી કુવ્વત અને તાકત સાથે. અય બધી ચીઝોમાં કિફાયત કરનાર અને જેનાથી કોઈ ચીઝ બેપરવા નથી થઈ શકતી. મારી દુનિયા અને આખેરતના કામોમાં આસાની પૈદા કર. અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

## મકામે ઈમામે સાહેબુઝઝમાન અ.સ.

**અહીં હાજર થઈ આ મુજબ ફરિયાદ કરે :**

**સલામુલ્લાહિલ કામેલુત તૉમ્મુશ શામેલુલ ઑમ્મો વ સૅલવાતો હુદં દૉએમતો વ બરકાતો હુલ કૉએમતુત તૉમ્મતો અૅલા હુજ્જતિલ્લાહે વ વલીય્યેહી ફી અરૅઝેંહી વ બેલાદેહી વ ખૅલીફતેહી અૅલા ખૅલ્કેંહી વ અૅબાદેહી વ સોલાલતિનં નોબુવ્વતે વ બકીય્યતિલ**

ઈંતેરતે વર્સે સૈફેવતે સાંહેબિઝે ઝમાને વ મુઝેહેરિલ ઈમાને વ મોલકેકેને અંહકામિલે કુંરઆને વ મોતંહેહેરિલ અરૅઝે વ નાશેરિલ અંદલે ફિત્તૂલે વલે અંરેઝે વલ હુંજ્જતિલ કૌએમિલ મહેદીયેયિલ એમામિલ મુનંત-ઝરિલ મરૅઝીય્યે વર્બોનિલ અઈમ્મતિતં તૌહેરીનલ વસીય્યીબોનિલ અવે સૅયાઈલ મરેઝીંય્યીનલ હાદીલ મઔસૂમિબોનિલ અઈમ્મતિલ હોદાતિલ મઔસુમીન. અસ્સલામો અંલયંક યા મોઈઝઝલ મુઅંમેનીનલ મુસતઝઅંફીન. અસ્સલામો અંલયંક યા મોઝિલ્લલ કાફેરીનલ મોતકબ્બેરીનઝે ઝાલેમીન. અસ્સલામો અંલયંક યા મવેલાય યા સાંહેબઝે ઝમાને. અસ્સલામો અંલયંક યબ્નેન રસૂલિલ્લાહે. અસ્સલામો અંલયંક યબ્નેન અમીરિલ મુઅંમેનીન. અસ્સલામો અંલયંક યબ્નેન ફાતેમતુઝે ઝહેરાએ સય્યેદતે નેસાઈલ આંલમીન. અસ્સલામો અંલયંક યબ્નેનલ અઈમ્મતિલ હોંજજિલ મઔસૂમીન વલ એમામે અંલલ ખંલકે અંજેમઈન. અસ્સલામો અંલયંક યા મવેલાય સલામો મુખ્લેસિને લક ફિલ વેલાયતે. અશેહદો અન્નકલ એમામુલ મહેદીય્યો કંવેલન વ ફેઅંલને વ અનંતલ લઝી તમેલઉલ અરૅઝં કિસતંને વ અંદલને બઅંદ મા મોલેઅતં ઝુલેમને વ જવેરને ફ અંજેજલલ્લાહો ફરજક વ સહેહલ મખેરજક વ કેંરેબ ઝમાનક વ કસ્સર અનંસારક વ અઔવાનક વ અનેજઝ લક

**મા વઅ્ઁદક ફ હોવ અસ્ઁદકુંલે કૌઅેલીન વ નોરીદો અને નમુન્ન અઁલલે લઝીનસે તુઝેઅ્ઁફૂ ફિલે અરેઝે વ નજ્અઁલહુમે અઈમ્મતને વ નજ્અઁલહોમુલે વારેસીન યા મવ્ઁલાય યા સાહેંબઝે ઝમાને યબ્ઁન રસૂલિલ્લાહે હાઝેહી હૌંજતી.**

**પોતાની હાજતો માંગે અને કહે :**

**ફશ્ઁફઅ્ઁ લી ફી નજાહેંહા ફ કંદ્ં તવજ્જહેતો એલયઁક બે હૌંજતી લે ઈલ્ઁમી અન્ન લક ઈન્દલ્લાહે શફાઅ્ઁતને મકૂ્ઁબૂલતને વ મકાઁમન મહૌંમૂદને ફ બે હંકૈંકે મનિખ્ઁ તસ્ઁસૈકુમે બે અમ્ઁરેહી વરે તઝાંકુમે લે સિર્ઁરેહી વ બિશ્ઁ શઅ્ઁનિલે લઝી લકુમ ઈન્દલ્લાહે બય્ઁનકુમે વ બય્ઁનહૂ રસૂલિલ્લાહ તઔ્ઁલા ફી નુજ્હેં તંલેબતી વ એજાબતે દઅ્ઁવતી વ કશ્ઁફે કુરેબતી.**

અલ્લાહના કામિલ, શામિલ, તમામ અને આમ સલામ હો. આપ પર અને તેની હંમેશા રહેવાવાળી દુરૂદ અને સંપૂર્ણ અને સનાતન બરકાતો ઉતરે અલ્લાહની હુજ્જત પર અને જમીન પરના તેના વલી પર અને તમામ શેહરો પરના હાકિમ અને તેની મખ્લૂકાત અને બંદાઓ પર તેના ખલીફા પર અને એ હુજ્જત પર જે નબૂવ્વતનો ખુલાસો છે અને તેની અવલાદમાં બાકી રહેનાર પર. અને જે મુન્તખબ અને ઝમાનાના ધણી છે. ઈમાનના જાહેર કરનારા છે. કુરઆનના હુકમોની તલકીન (ભલામણ) છે, અને જમીનને પાવન કરનાર છે અને જમીનના પટ પર ઈન્સાફને કાયમ કરનારા છે, જે હુજ્જત છે, કાયમ છે, મહેંદી છે અને ઈમામ છે જેની વાટ જોવાઈ રહી છે. જે ચૂંટાયેલા છે. પાક ઈમામોના બેટા છે, જે વસી છે અને મુન્તખબ વસીઓના ફરઝંદ છે, જે હિદાયત પામેલા અને માસૂમ છે, અને મઅસૂમ હાદી ઈમામોના ફરઝંદ છે.

સલામ હો તમારા પર અય નિર્બળ મોઅમેનીનોને ઈઝઝતદાર

બનાવનાર. સલામ હો તમારા પર અય મગરૂર અને ઝાલિમ કાફિરોને રૂસ્વા કરનાર. સલામ હો તમારા પર અય મારા આકા, અય ઝમાનાના ઈમામ, અય મોહમ્મદ સ.અ.વ.ના ફરઝંદ તમારા પર સલામ હો અય અમીરૂલ મોઅમેનીનના પુત્ર. તમારા પર સલામ હો, અય દુનિયા અને અખેરતની નારીઓની સરદાર જનાબે ફાતેમા ઝેહરા સ.અ..ના ફરઝંદ. તમારા પર સલામ હો, અય મઅસૂમ હુજજતો અને ઈમામોના ફરઝંદ. તમારા પર સલામ હો તમે તમામ મખ્લૂક પર ઈમામ છો. સલામ હો તમારા પર અય મારા આકા આપના આ મુખ્લીસ ચાહકના. આપ પર સલામ હો. હું ગવાહી આપું છું કે આપ વાણી અને વર્તનથી હિદાયત કરનારા છો અને આપ ધરતીને અદલો ઈન્સાફથી ભરી દેનારા છો. જયારે તે ઝૂલ્મ અને અત્યાચારમાં જકડાયેલી હશે. ખુદા આપના આવવામાં જલ્દી કરે અને આપને જલ્દી જાહેર કરે અને તમારી હકૂમતનો કાળ અમારાથી નઝદિક કરે. તમારા મદદગારોમાં વધારો કરે અને આપના દોસ્તોમાં વધારો કરે અને તમારી સાથે કરેલા વાયદાને અલ્લાહ પૂરો કરે કારણ કે તે વાયદામાં સૌથી સાચો છે. (અને એ ફરમાવે છે) અમારો ઈરાદો છે કે ઝમીન પર, નિરાધાર કરી દેવાએલા ઉપર અમે એહસાન કરીએ અને તેમને જ અમે સર્વોપરી બનાવીએ અને તેમને જ ઝમીનના માલિક બનાવી દઈએ અય મારા મૌલા, અય સમયના માલીક, અય રસૂલે ખુદા સ.અ.વ.ના ફરઝંદ આ મારી હાજતો છે.

**પછી પોતાની હાજતો માગે અને કહે :**

આ મારી હાજતો પૂરી થવામાં મારી શફાઅત કરો. મેં તમારી પાસે મારી હાજતો એટલે પેશ કરી છે કે અલ્લાહ પાસે તમારી શફાઅત કબૂલ થાય છે અને હું જાણું છું અને તેની પાસે તમારૂં ઉંચું સ્થાન છે. તેના હકનો વાસ્તો જેણે પોતાના હુકમો માટે તમને ખાસ નીમ્યા અને પોતાના રહસ્યો માટે તમારી વરણી કરી અને એ શાનનો વાસ્તો જે તમારી પાસે છે. ખુદાથી સવાલ કરો કે તે મારી માંગણીઓ સ્વીકારી લે અને મારી દુઆને કબૂલ ફરમાવે અને મારી પરેશાનીઓને દૂર કરે.

**પછી દુઆ માગે અને અહીં બે રકાત નમાઝ પઢે અને જનાબે સચ્યદા સ.અ.ની તસ્બીહ પઢે પછી આ દુઆ પઢે :**

**અલ્લાહુમ્મ અઝોમલ બલાઓ વ બરેહલ ખફાઓ વન્ કશફલ ગેતાઓ વન્ કતઅર રજાઓ વ ઝાકતિલ અરઝો વ માનેઅતિસ સમાઓ વ અનતલ મુસતઆનો વ એલયકલ મુશતકા વ અલયકલ મોઅવ્વલો ફિશ શિદદતે વર રખાએ. અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિન ઉલીલ અમરિલ લઝીન ફરઝત અલયના તાઅતહુમ વ અરરફતના બે ઝાલેક મનઝેલતહુમ ફ ફરરિજ અન્ના બે હકકેહિમ ફરજન આજેલન કરીબન કલમહિલ બસરે અવ હોવ અકરબો યા મોહમ્મદો યા અલીય્યો યા અલીય્યો યા મોહમ્મદો ઈકફેયાની ફ ઈન્નકોમા કાફેયાને વનસોરોની ફ ઈન્નકોમા નાસેરાને યા મવલાના યા સાહેબઝ ઝમાન અલ ગવસ અલ ગવસ અલ ગવસ. અદરિકની અદરિકની અદરિકની અસ્સાઅત અસ્સાઅત અસ્સાઅત અલ અજલ અલ અજલ અલ અજલ. યા અરહમર રાહેમીન બે હકકે મોહમ્મદિન વ આલેહિત તાહેરીન.**

અય પરવરદિગાર ! બલા મોટી થઈ ગઈ. ગુપ્ત વાતો જાહેર થઈ ગઈ. પર્દાઓ ઉઘડી ગયા અને આશાઓ તુટી ગઈ. ઝમીન તંગ થઈ ગઈ અને આસમાને (દયાને) રોકી લીધી. હવે માત્ર તારાથી જ શિકાયત કરી શકાય છે અને સુખ દુ:ખમાં તારા પર જ ભરોસો કરી શકાય છે. અય અલ્લાહ મોહમ્મદ સ.અ.વ. પર અને તેમની આલ પર દુરૂદ નાઝિલ ફરમાવ. જેમની ઈતાઅત અમારા પર તેં વાજિબ કરી દીધી છે અને તેમના મરતબાનું

અમને ભાન કરાવ્યું છે તેમના વાસ્તાથી અમારી મુશ્કિલોને આસાન કર જલ્દી કર, હમણાં જ, ક્ષણ ભરમાં બલકે તેનાથી પણ નઝદિક, અય મોહમ્મદ સ.અ.વ. અય અલી અ.સ. અય અલી અ.સ. અ. મોહમ્મદ સ.અ.વ. આપ બન્ને હઝરાત મારી મદદ ફરમાવો કેમકે તમે જ મારી મદદ કરી શકો છો અને આપ બન્ને હઝરાત મારી કિફાયત કરો કારણ કે આપ બન્ને જ મારા માટે કાફી છો, અય મારા મૌલા ! અય ઝમાનાના ધણી ફરિયાદ છે, ફરિયાદ છે, ફરિયાદ છે. મારી મદદ કરો, મારી મદદ કરો, મારી મદદ કરો, અબ ઘડી, અબ ઘડી, અબ ઘડી. જલ્દી, જલ્દી, જલ્દી. અય બધા રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર મોહમ્મદ સ.અ.વ. અને તેમની આલના સદકે મારી દુઆ કબુલ ફરમાવ.

◆◆◆◆◆

## ઝયદ બિન સોહાન અને સોહસા બિન સોહાન ની મસ્જિદ વિશે

ઝયદ, અને સોઅસા બિન સોહાન બન્ને ભાઈઓ હઝરત અલી અ.સ.ના ખાસ સહાબી હતા. અને હઝરત અલી અ.સ.ની શહાદત પછી મૌલાના ગુસલ કફનમાં પણ શામીલ હતા.

આ મસ્જિદો તેઓના ઘર હતા. અહીં ઈબાદત કરવાનો ઘણો સવાબ છે. અહીંયા ખુદ હઝરત અલી અ.સ.એ પણ નમઝ પઢી છે અને લગભગ ઈમામો અ.સ. પણ અહીં આવી ચૂકયા છે. અહીં ઈબાદત કરવાનો ઘણો સવાબ છે.

◆◆◆◆◆

# ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારતની ફઝીલત

ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારતની મહત્તા વર્ણન કરવી ઘણી મુશ્કેલ છે. હદીસોથી એ સ્પષ્ટ થાય છે કે ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારતની મહત્તા હજ, ઉમરા અને જેહાદની બરાબર છે બલ્કે તેનાથી પણ અધિક છે, ગુનાહ બખ્શાવવાનું સાધન છે, દુઆ કબૂલ થવાનું કારણ છે, ઉમ્રમાં વધારો કરનાર છે. જાન અને માલના રક્ષણનું સબબ છે અને રોજીમાં વધારો કરવાનો ઝરીઓ છે. તેનાથી કબરના સવાલ જવાબ અને કયામતના હિસાબમાં આસાની થાય છે. ગમ અને રંજથી છૂટકારો મળે છે, સય્યદુશ્શોહદાની ઝિયારત છોડી દેવાથી દીન અને ઈમાનમાં ઉણપ આવે છે, બલ્કે જનાબે રસૂલે ખુદા સ.અ.વ.ના હક્કોમાંથી એક મોટો હક અદા ન કરવા બરાબર છે. ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારતનો નાનામાં નાનો સવાબ એ છે કે ઝાઈરના બધા ગુનાહ માફ કરી દેવામાં આવે છે. ખુદા તેના જાન માલનું રક્ષણ કરે છે, ત્યાં સુધી કે તે પોતાના બાલ બચ્ચાઓમાં પાછો ફરે અને કયામતમાં ખુદા તેનો રક્ષક હશે ઝિયારત વિષે ઘણી રિવાયતો મઅસૂમીન અ.સ.થી નકલ કરવામાં આવી છે, જેમાં એ પણ છે કે ઝિયારતે ઈમામ હુસૈન અ.સ. પાછળ જે પૈસા ખર્ચ કરવામાં આવશે તેના દરેક રૂપિયાના બદલામાં ખુદાવંદે આલમ એક હજાર રૂા. બલ્કે દસ હજાર રૂા. રાહે ખુદામાં ખર્ચ કરવાનો સવાબ અતા કરશે જ્યારે ઝાઈર પોતાના ઘરેથી નીકળે છે તો ચાર હજાર ફરિશ્તાઓ તેનું સ્વાગત કરે છે અને જ્યારે ઘરે પાછો ફરે છે ત્યાં સુધી તેની સાથે રહે છે.

ફરિશ્તાઓ, નબીઓ, વસીઓ અને મઅસૂમીન ઈમામો જ્યારે ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારત માટે આવે છે તો ઈમામ અ.સ.ના ઝવ્વાર માટે દુઆ કરે છે અને માનવંત પાલણહાર પોતે પણ ઝવ્વારને રહેમતની દ્રષ્ટિએ જુએ છે. કયામતના દિવસે જ્યારે મહેશરમાં ભેગા થનારા લોકો ઝાઈરનું માન પાન જોશે તો દરેક વ્યક્તિ આરઝુ કરશે કે કેવું સરસ હોત કે હું પણ ઈમામના ઝાઈરોમાં હોતે.

ઈબ્ને કવલૂયા, કુલયની અને સય્યદ તાઉસ વીગેરેએ ભરોસાપાત્ર હદીસવેત્તાઓએ વર્ણન કરેલ છે કે મઆવિયા બીન વહબ કહે છે કે હું એક દિવસ ઈમામ જઅફર સાદિક અ.સ.ની સેવામાં હાજર થયો. જોયું કે ઈમામ

અ.સ. ઈબાદત કરવામાં મશ્ગુલ છે એટલે હું તેમની પાસે બેસી ગયો એ હેતુથી કે હઝરત નમાઝ પૂરી કરે તો હું તેમનો લાભ લઉં. આમ મેં તેમની મુનાજાત સાંભળવાની તક ઝડપી લીધી. સાંભળ્યું કે આપ ખુદાના દરબારમાં વિનંતી કરી રહ્યા હતા :

ઓ ખુદા ! તેં અમને ખાસ ઈઝઝત આપી, અમારાથી શફાઅતનો વાયદો કર્યો અમને નબીઓના વારસ બનાવ્યા અને તારા રસૂલ હઝરત મોહમ્મદ મુસ્તુફા સ.અ.વ.એ અમારા વિશે ઉમ્મતને ભલામણ કરતા રહ્યા, તેં અમને ભુતકાળનું અને ભવિષ્યનું જ્ઞાન આપ્યું, લોકોના દિલોને અમારી તરફ વાળી દીધા, તો તું અબૂ અબ્દુલ્લાહીલ હુસૈન અ.સ.ના ઝવ્વારોને માફ કરી દે કારણ કે તેમણે માત્ર અમારી મહોબ્બતમાં પૈસો ખર્ચ કર્યો અને મુસાફરી કરી અને તારાથી અમારા સંબંધના કારણે સવાબની આશા રાખે છે, તારા પયગમ્બર સ.અ.વ.ને ખૂશ કર્યા, અમારા હુકમોને માથે ચડાવ્યા, અને અમારા દુશ્મનો સાથે દુશ્મની કરી, આ બધી વાતોમાં તેઓનો હેતુ માત્ર તારો રાજીપો મેળવવાનો છે, એટલે તારી રઝામંદી સાથે તેમને બદલો આપ, રાત દિવસ તેમનું રક્ષણ કર, અને જે બાલ બચ્ચાઓને તેઓ વતનમાં છોડીને આવ્યા છે તેનો તું રખેવાળ રહેજે, તેમનાથી દરેક દુષ્ટતા અને નિર્દયતાને દૂર રાખજે અને તેમનું રક્ષણ કરજે, પછી તે જીન્નાતોમાંથી હોય કે ઈન્સાનોમાંથી અને તેમની આશાઓથી તેઓને વધારે આપજે, કારણ કે તેઓ પોતાના વતનમાં પોતાના બાલ બચ્ચાઓને માત્ર અમારી મહોબ્બતના કારણે છોડીને આવ્યા છે.

ખુદાવંદા, અમારા દુશ્મનોએ અમારા ઝવ્વાર પર માત્ર ઝિયારતના કારણે આક્ષેપો કર્યા, મેણા માર્યા, પણ તેઓના કારણે અમારા ઝવ્વારની હિમ્મત ન ટૂટી, તેમના ઈરાદાઓમાં લેશ માત્ર ફરક ન પડયો, અને ન તેમને અમારી પાસે આવવામાં અવરોધ ઉભો કરી શકાયો, એટલે તું રહેમ કર એ શરીરો પર જે સૂર્યના તેજથી પલટાઈ ગયા છે, અને રહેમ કર એ શરીરો પર જે ઈમામ હુસૈન અ.સ.ની કબર પર ઢળ્યા છે અને ઝરીહ સાથે અડકયા છે અને દયા દ્રષ્ટિ કર એ આંખો પર જેણે અમારા પર આંસુ વહાવ્યા છે અને રહેમ કર એ દિલો પર જે અમારી મુસીબત પર દુઃખી થયા છે અને રહેમ કર એ કલ્પાંતો પર જે અમારી મુસીબતો પર ઉઠયા છે, ખુદાવંદા તેમના જીવો અને શરીરોને હું તને સોંપું છું, તું એમને

તરસવાળા (કયામતના) દિવસે કવસરના જામથી તૃપ્ત કરજે.

મોઆવિયા ઈબ્ને વહબ કહે છે કે, આપ સિજદામાં વારંવાર આ દુઆ પઢતા રહ્યા. જ્યારે આપ દુઆ પઢી રહ્યા તો મેં કહ્યું ઓ રસુલે ખુદા સ.અ.વ.ના ફરઝંદ, જે દુઆ મેં આપના મોંએ સાંભળી તે આપ અગર કાફરોના માટે પણ કરત તો જહન્નમની આગ તેના સુધી ન પહોંચત. ખુદાની કસમ મેં એ વખતે આરઝુ કરી કદાચ આ વરસે હું પણ હજ માટે ન ગયો હોત અને તેના બદલે ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારત માટે ગયો હોત તો સારૂં થતે.

આપે ફરમાવ્યું કે તું તો કરબલાથી ઘણો નજીક રહે છે પછી તને શું અડચણ છે ? ઓ મોઆવિયા ! ઝિયારતને કદી ન છોડજે મેં નમ્રતાપૂર્વક કહ્યું, મારા મા-બાપ આપ પર કુરબાન થાય હું ઝિયારતની આટલી મહાનતા છે એ જાણતો ન હતો.

આપે ફરમાવ્યું : ઓ મોઆવિયા ! સય્યદુશ્શોહદાના ઝાઈરો માટે દુઆ કરનારાઓ ધરતીથી વધારે તો આસમાનમાં વસે છે, કોઈ ડરના કારણે આપની ઝિયારત ન છોડજે કારણ કે ડરીને ઝિયારત છોડી દેનારને ઘણો પસ્તાવો થશે કે કદાચ પવિત્ર મઝારથી એટલો નઝદીક હોત કે હમેશા ઝિયારત કરતો રહેત અને ત્યાં જ દફન થઈ જાત. શું તને એ વાત પસંદ નથી કે ખુદા તને એ લોકોમાં જુએ કે જેના માટે રસુલે ખુદા સ.અ.વ. અને હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ. અને જનાબે ફાતેમા સલા. અને બધા મઅસૂમીન અ.સ. દુઆ કરે છે. શું તું એ નથી ઈચ્છતો કે તું પણ એ લોકોમાં હોય કે જેઓ કયામત આવે ત્યારે તેમના પર ગુનાહનો કોઈ બોજ ન હોય, અને શું તું એ નથી ચાહતો કે કયામતમાં તું પણ એ લોકોમાં ભળી ગયો હોય જેઓ સાથે રસુલે ખુદા સ.અ.વ. હાથ મેળવશે.

ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારત કરવી સુન્નત છે, બલ્કે એવી ભલામણ છે કે કેટલીક હદીસોથી જાણવા મળે છે કે ઝિંદગીભરમાં એક વખત તો આપની ઝિયારત કરવી જરૂરી છે, ઈમામ જઅફર સાદિક અ.સ.થી કોઈએ પૂછયું કે તમારૂં એ માણસના વિષે શું કહેવું છે કે જેણે શક્તિમાન હોવા છતાં સય્યદુશ્શોહદા અ.સ.ની ઝિયારત છોડી દીધી તો આપે ફરમાવ્યું : તે ખુદા અને રસુલ સ.અ.વ.નો નાફરમાન છે અને તેણે એક એવા કામને તુચ્છ ગણ્યું જે તેના માટે અત્યંત લાભદાયી હતું. ઝાઈર ઝિયારત કર્યા

પછી એવી સ્થિતિમાં પોતાના બાલબચ્ચાઓ વચ્ચે પાછો ફરે છે કે તેના પર ગુનાહનો કોઈ બોજ નથી હોતો. જો મુસાફરીની હાલતમાં મરી જાય તો ફરિશ્તાઓ તેના કફન દફનમાં હાજરી આપે છે.

ઈમામ જઅફર સાદિક અ.સ.એ સુદૈર સેરનીથી પુછયું કે તું ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારત કરવા દરરોજ જાય છે ? તેણે કહ્યું નહિ. શું દર અઠવાડિયે જાય છે ? તેણે કહ્યું નહિ. દર મહિને જાય છે ? તેણે જવાબ આપ્યો નહિ. દર સાલ જાય છે ? તેણે કહ્યું કે કયારેક વરસોમાં એક વાર જવાનું થાય છે. આપે ફરમાવ્યું : તને ખબર નથી કે ચાર હજાર ફરિશ્તાઓ દરરોજ આપની ઝિયારત કરવા આવે છે અને તેમના પર રડે છે અને મરસિયા પઢે છે, જેનો સવાબ આપના ઝાઈરોને મળે છે, અને આવી જાતની ઘણી હદીસો છે.

ઈમામ મોહમ્મદ બાકિર અ.સ.એ ફરમાવ્યું : હઝરત ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારત કરનારો મકાન નીચે દબાઈ જવાથી ડૂબી જવાથી, બળી જવાથી, અને ભયાનક જાનવરોના ફાડી ખાવાથી સુરક્ષિત રહે છે, જો કોઈ મોઅમીનને આપની ઝિયારતની મહાનતા સમજાઈ જાય તો તે ઝિયારત દિલથી કરે છે, જો કોઈ આપની ઝિયારત દિલથી કરે તો અલ્લાહ તેને એક હજાર મકબૂલ હજ્જોનો, એક હજાર પસંદીદા ઉમરાઓ અને એક હજાર શહીદોનો સવાબ આપશે અને એવો બદલો આપશે જે એક હજાર રોઝા રાખવા, એક હજાર સદકો આપવા, એક હજાર ગુલામ રાહે ખુદામાં આઝાદ કરવાથી મળે છે, અને એક વરસ સુધી બધી આફતોથી અમાનમાં રહે છે.

◆◆◆◆◆

## ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારત

***રવાક (પરશાળ)ના પહેલા દરવાજા પાસે ઉભા રહી અને કહે :***

**અલ્લાહો અકબરો કબીરા વલ્ હંમ્દો લિલ્લાહે કસીરા વ સુબ્હાનલ્લાહે બુકરતન્ વ અસીલા. અલ્ હંમ્દો લિલ્લાહિલ્ લઝી હદાના લે હાઝા વ મા કુન્ના લે નહ્તદેય લવ્ લા અન્ હદાનલ્લાહો લ કંદ્ જાઅત્ રોસોલો રબ્બેના બિલ્ હંક્કં. અસ્સલામો અંલયક યા**

**રસૂલલ્લાહ. અસ્સલામો અૅલયૅક યા નબીય્યલ્લાહ. અસ્સલામો અૅલયૅક યા ખૉતમન્ નબીય્યીન. અસ્સલામો અૅલયૅક યા સય્યેદલ્ મુર્રસલીન. અસ્સલામો અૅલયૅક યા હબીબલ્લાહ. અસ્સલામો અૅલયૅક યા અમીરલ્ મુઅ્મેનીન. અસ્સલામો અૅલયૅક યા સય્યેદલ્ વસીય્યીન. અસ્સલામો અૅલયૅક યા કૉઅદલ્ ગુર્રિલ્ મોહજ્જલીન. અસ્સલામો અૅલયૅક યબ્નત ફાતેમત સય્યેદતે નેસાઈલ્ આલમીન. અસ્સલામો અૅલયૅક વ અૅલલ્ અઈમ્મતે મિન્ વુલ્દેક. અસ્સલામો અૅલયૅક યા વસીય્ય અમીરિલ્ મુઅ્મેનીન. અસ્સલામો અૅલયૅક અય્યોહસ્ સિદ્દીકુશ્ શહીદ. અસ્સલામો અૅલયૅકુમ્ યા મલાએકતલ્લાહિલ્ મોકીમીન ફી હાઝલ્ મકામિશ્ શરીફ. અસ્સલામો અૅલયૅકુમ્ યા મલાએકત રબ્બિલ્ મુહદ્દેકીન બે કબ્રિલ્ હુસયને અૅલયહિસ્ સલામ. અસ્સલામો અૅલયૅકુમ્ મિન્ની અબદન્ મા બકીતો વ બકેયલ્ લયલો વન્ નહાર વ રહેમતુલ્લાહે વ બરકાતોહ.**

અલ્લાહ મહાન છે, અલ્લાહ ઘણો મહાન છે અને તેની પ્રશંસા અનેક છે. સવાર સાંજ તેની સ્તુતી કરાતી રહે છે.

સર્વે વખાણ અલ્લાહના માટે છે જેણે આ (ઝિયારત પઢવા) માટે અમારી હિદાયત કરી અને અમે કદી હિદાયત ન પામત જો તે અમારી હિદાયત ન કરત. ખરેખર અલ્લાહના પયગમ્બરો હક વાત લઈ આવ્યા.

સલામ થાય આપ પર ઓ અલ્લાહના રસૂલ સ.અ.વ., સલામ થાય આપ પર ઓ અલ્લાહના નબી, સલામ થાય આપ પર ઓ ખાતેમુન્નબીય્યીન, સલામ થાય આપ પર ઓ પયગમ્બરોના સરદાર, સલામ થાય આપ પર ઓ અલ્લાહના હબીબ અને સલામ થાય આપ પર

ઓ અમીરૂલ મોઅમેનીન, સલામ થાય આપ પર ઓ વસીઓના સરદાર. સલામ થાય આપ પર ઓ અબુ અબ્દુલ્લાહ, સલામ થાય આપ પર ઓ દુનિયાભરની સ્ત્રીઓના આગેવાન ફાતેમા ઝેહરા સ.અ.ના પુત્ર. સલામ થાય આપ પર અને આપના વંશજોના ઈમામો પર, સલામ થાય આપ પર ઓ અમીરૂલ મોઅમેનીન અ.સ.ના વારસ. સલામ થાય આપ પર તમે તદ્દન સાચા અને શહીદ છો. સલામ થાય આ પવિત્ર મશ્હદ પર રખેવાળી કરવા નિયુક્ત કરાએલા ફરિશ્તાઓ પર. સલામ થાય ઈમામ હુસૈન અ.સ.ની કબરની આસપાસ વર્તુળ બનાવી ઉભેલા ફરિશ્તાઓ આપ પર. સલામ થાય આપ પર હંમેશા હંમેશા જ્યાં સુધી હું જીવતો રહું અને આ દિવસ અને રાત બાકી રહે. અલ્લાહની રહેમત અને તેની બરકતો સદા ઉતરતી રહે.

*પછી પરશાળના બીજા દરવાજા પાસે પહોંચે અને કહે :*

**અસ્સલામો અઁલયૅક યા અબા અઁબ્દિલ્લાહ. અસ્સલામો અઁલયૅક યબ્નૅ રસૂલિલ્લાહ. અસ્સલામો અઁલયૅક યબ્નૅ અમીરિલ્ મુઅ્મેનીન અઁબ્દોક વબ્નો અઁબ્દેક વબ્નો અમતેકલ્ મોકિર્રો બિર્રે રિક્કૅ વર્તે તારેકોલિલ્ ખેલાફે અઁલયૅકુમ્ વલ્ મોવાલી લે વલીય્યેકુમ્ વલ્ મોઆદી લે અઁદૂવ્વેકુમ્ કઁસેદ હઁરમક વસ્તેજાર બે મશ્હદેક વ તકર્રેરબ એલયૅક બે કઁસ્દેક. અઅ્દખોલો યા રસૂલલ્લાહ અઅ્દખોલો યા નબીય્યલ્લાહ અઅ્દખોલો યા અમીરલ્ મુઅ્મેનીન અઅ્દખોલો યા સય્યેદલ્ વસીય્યીન અઅ્દખોલો યા ફાતેમતો સય્યેદતે નેસાઈલ્ આલમીન અઅ્દખોલો યા મવ્લાય યા અબા અઁબ્દિલ્લાહ અઅ્દખોલો યા મવ્લાય યબ્નૅ રસૂલિલ્લાહ.**

સલામ થાય આપ પર ઓ અબુ અબ્દુલ્લાહ, સલામ થાય આપ પર ઓ રસૂલે ખુદા સ.અ.વ.ના ફરઝંદ, સલામ થાય આપ પર ઓ અમીરૂલ મોઅમેનીન અ.સ.ના ફરઝંદ, આપનો આ ગુલામ, આપના ગુલામનો પુત્ર, આપની કનીઝનો દીકરો, આપની ગુલામીનો સ્વીકાર કરે છે. હું આપની વિરૂદ્ધની દરેક વાત તજી દઉં છું. આપના દોસ્તોને દોસ્ત રાખું છું અને આપના દુશ્મનોથી દુશ્મની રાખું છું. આપના હરમનો કસ્દ કરૂં છું. આપના રોઝામાં આશરો લઉં છું અને આપના જ મકસદથી આપની નિકટતા મેળવું છું.

અય રસુલે ખુદા સ.અ.વ. શું મને, અંદર દાખલ થવાની રજા છે ? અય અલ્લાહના નબી મને દાખલ થવાની રજા છે ? અય અમીરૂલ મોઅમેનીન અ.સ. શું હું અંદર દાખલ થઈ શકું છું ? અય વસીઓના સરદાર મને દાખલ થવાની ઈજાઝત છે ? અય વિશ્વની સ્ત્રીઓની સરદાર જનાબે સય્યદા સલા. શું હું આ રોઝામાં દાખલ થઈ શકું છું ? અય આકા, ઓ અબુ અબ્દિલ્લાહ શું હું અંદર આવી શકું છું ? અય આકા અય રસૂલે ખુદા સ.અ.વ.ના ફરઝંદ, મને રજા આપો તો હું અંદર પ્રવેશ કરૂં.

***આમ કહી હરમમાં દાખલ થાય જો આ સમયે દિલમાં નમ્રતા અને આંખોમાં આંસુ આવી જાય તો સમજો કે દાખલ થવાની રજા મળી ગઈ.***

***પછી કહે :***

અય અલ્લાહ રહેમત ઉતાર મોહમ્મદ સ.અ.વ. પર અને તેમની એહલેબયત પર અને મૂસા ઈબ્ને જઅફર અ.સ. પર સલવાત મોકલ જે નેક લોકોના વસી છે અને ભાગ્યશાળીઓના ઈમામ છે, નૂરના મિનાર છે, સકીના (નબીઓના અવશેષો)ના વારસ છે અને વકાર, જ્ઞાન અને નિશાનીઓ ધરાવનારા છે, એવા ઈમામ છે જેમણે રાતોને જાગતા પસાર કરી અને સવારથી બીજી સવાર સુધી ખુદાથી ગુનાહોની માફી માંગતા રહ્યા, લાંબા સિજદાઓ સાથે, અને અતિશય કલ્પાંત સાથે ઘણા કરગરીને, અને નિરંતર રોવા સાથે, જેઓ ઈન્સાફ અને અકલ માટે આરામની જગ્યા છે, નેકી અને ફઝલ માટે, સખાવત અને દાનના માટે, જે બલા અને સબરનો ઉતારો છે. જેમને ઝૂલ્મથી સતાવવામાં આવ્યા અને જોર જબરથી દફનાવવામાં આવ્યા, જેમને ઊંડી ખાઈમાં કેદ કરવામાં આવ્યા, અને અંધારી કોટડીઓમાં, જેમના પગો લોખંડની બેડીઓથી ઝખ્મી થયા, જેમના જનાઝા સાથે હલકા શબ્દોથી લોકોને બોલાવવામાં આવ્યા, જે પોતાના દાદા મુસ્તુફા સ.અ.વ. પિતા મુર્તઝા અ.સ. અને મા સય્યદા સ.અ. પાસે એવી હાલતમાં પહોંચ્યા કે તેમના હક્કો છીનવી

લેવામાં આવ્યા હતા, અને માનહાની કરવામાં આવી હતી, અને તેમના હુકમોનું ખંડન કરવામાં આવ્યું હતું, તેમનું લોહી વહેવડાવવામાં આવ્યું હતું અને તેમને ઝેર પિવરાવવામાં આવ્યું હતું.

અય અલ્લાહ, જેવી રીતે તેઓએ કઠણમાં કઠણ મુસીબત પર સબર કરી, અને દુઃખો સહન કર્યાં અને તારી રઝા પર રાજી રહ્યા, અને ફકત તારી ઈતાઅત કરી, ફકત તારાથી ડર્યાં અને વિનમ્રતાના વસ્ત્રો પહેર્યાં અને બિદઅતની દુશ્મની કરી અને એહલે બિદઅતથી પણ, અને તારા હુકમો પહોંચાડવામાં અને તારી મના કરેલ વસ્તુથી લોકોને રોકવામાં નિંદા કરવાવાળાની નિંદાની પરવા ન કરી. અય અલ્લાહ, તેમના પર સલવાત મોકલ એવી સલવાત જે વધતી રહે, ઊંચી થતી રહે, પાક હોય, અને જે કારણ બને તેમના માટે ઉમ્મતની શફાઅત કરવા માટે, અને તારી મખ્લૂકની જે પહેલાં ગુઝરી ચૂકી છે, અને અમારા તરફથી સલામ હો આપ પર, અને નમન હો તેમને અને તારા તરફથી તેમની મહોબ્બતના વાસ્તામાં અમોને તારો ફઝલ એહસાન, માફી અને ખૂશ્નૂદી અતા કર. ખરેખર તારો ફઝલ આમ છે, અને તું મહાન બખ્શવાવાળો છે. તારી રહેમતનો વાસ્તો અય સૌ રહેમ કરવા વાળાઓમાં વધારે રહીમ.

**પછી ઈમામ મોહમ્મદ તકી અ.સ.ની ઝરીહ તરફ જાય અને ઈમામ મોહમ્મદ તકી અ.સ.ની ઝિયારત પઢે :**

◆◆◆◆◆

## ઈમામ મોહમ્મદ તકી અ.સ.ની ઝિયારત

**અસ્સલામો અઁલયઁક યા અબા જઅઁફરિને મોહઁમ્મદબ્નેન અઁલીયેંયિલ બરરતેં તકીંય્યલ એમામલે વફીય્ય. અસ્સલામો અઁલયઁક અય્યોહરેં રઝીંય્યુઝે ઝકીય્ય. અસ્સલામો અઁલયઁક યા વલીય્યલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા નજીય્યલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા સફીરલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા સિરરલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા ઝેંયાઅલ્લાહ. અસ્સલામો**

અલયક યા સનાઅલ્લાહ. અસ્સલામો અલયક યા કલેમતલ્લાહ. અસ્સલામો અલયક યા રહેમતલ્લાહ. અસ્સલામો અલયક અય્યોહન્નૂરુસ્સાતેઅ. અસ્સલામો અલયક અય્યોહલ બદરુત્તાલેઅ. અસ્સલામો અલયક અય્યોહત્તય્યેબો મેનત્તય્યેબીન. અસ્સલામો અલયક અય્યોહત્તાહેરો મેનલ મોતહેહરીન. અસ્સલામો અલયક અય્યોહલ આયતુલ ઉઝમા. અસ્સલામો અલયક અય્યોહલ હુજ્જતુલ કુબ્રા. અસ્સલામો અલયક અય્યોહલ મોતહેહરો મેનઝ ઝલ્લાત. અસ્સલામો અલયક અય્યોહલ મોનઝઝહો અનિલ મુઅઝ્ઝેલાત. અસ્સલામો અલયક અય્યોહલ અલીય્યો અન નકાઈસિલ અવસાફ. અસ્સલામો અલયક અય્યોહર રઝીય્યો ઈનદલ અશરાફ. અસ્સલામો અલયક યા અમૂદદ દીન. અશહદો અન્નક વલીય્યુલ્લાહે વ હુજ્જતોહૂ ફી અરઝેહી વ અન્નક જમ્બુલ્લાહે વ ખયરતુલ્લાહે વ મુસ્તવદઓ ઈલ્મિલ્લાહે વ ઈલ્મિલ અમ્બેયાએ વ રુકનુલ ઈમાને વ તરજોમાનુલ કુરઆન. વ અશહદો અન્ન મન ઈત્તબઅક અલલ હકકે વલ હોદા વ અન્ન મન અનકરક વ નસબ લકલ અદાવત અલલ ઝલાલતે વર રદા અબરઓ એલલ્લાહે વ એલયક મિનહુમ ફિદ દુનયા વલ આખેરતે વસ્સલામો અલયક મા બકીતો વ બકેયલ લયલો વન નહારો વ રહેમતુલ્લાહે વ બરકાતોહ.

સલામ હો આપ પર અય અબા જઅફર મોહમ્મદ ઈબ્ને અલી અ.સ. આપ નેક, પરહેઝગાર અને વફાદાર ઈમામ છો, સલામ હો આપ પર અય વરાએલા અને પાક, સલામ હો આપ પર અય ખુદાથી મુનાજાત (કરગરવું) કરવાવાળા, સલામ હો આપ પર અય અલ્લાહના એલચી, સલામ હો આપ પર અય અલ્લાહના વલી, સલામ હો આપ પર અય અલ્લાહના ભેદ, સલામ હો આપ પર અય અલ્લાહની રોશની, સલામ હો આપ પર અય અલ્લાહના વખાણ, સલામ હો આપ પર અય અલ્લાહના શબ્દો, સલામ હો આપ પર અય અલ્લાહની રહેમત, સલામ હો આપ પર અય પ્રકાશિત નૂર, સલામ હો આપ પર અય સંપૂર્ણ ચંદ્રમા, સલામ હો આપ પર અય જે ખુદ પાક છો અને પાકિઝા નસલમાંથી છો. સલામ હો આપ પર અય કે જે ખુદ પવિત્ર છો અને પવિત્ર નસલમાંથી છો, સલામ હો આપ પર અય અલ્લાહની મહાન નિશાની, અય અલ્લાહની મોટી હુજ્જત, સલામ હો આપ પર અય કે જે બધી ભૂલોથી પાક છે, સલામ હો આપ પર અય કે જેઓ દુશ્વારીઓથી દૂર છે, સલામ હો આપ પર અય કે દુર્ગુણોથી પર છે, સલામ હો આપ પર અય કે જે શરીફ લોકોમાં બહુ જ પસંદ કરવામાં આવ્યા છે, સલામ હો આપ પર અય દીનના સ્તંભ.

હું ગવાહી આપું છું કે આપ અલ્લાહના વલી છો અને જમીન પર તેની હુજ્જત છો, અલ્લાહની નિકટ છો અને અલ્લાહના ચૂંટેલા છો, ઈલ્મે ખુદા અને અંબિયાના ઈલ્મના ધરાવનારા છો, ઈમાનનું મૂળ છો, કુરઆનના સાચા અર્થ બતાવનારા છો. હું ગવાહી આપું છું કે જેણે આપની પયરવી કરી તે હક પર છે અને હિદાયત પામેલો છે અને જેણે આપનો વિરોધ કર્યો અને આપથી દુશ્મની કરી તે ભટકેલો છે અને વિનાશને કિનારે છે. હું ખુદા વતિ અને આપના વતિ એ દુશ્મનોને તિરસ્કારૂં છું. આ દુનિયામાં અને આખેરતમાં પણ. સલામ હો આપ પર જ્યાં સુધી હું જીવતો રહું અને જ્યાં સુધી આ રાત દિવસની ઘટમાળ ચાલુ છે, આપ પર અલ્લાહની રહેમતો અને બરકતો નાઝિલ થાય.

*પછી કબરની જાળીને ચૂમે, પોતાના ગાલોને લગાડે અને પછી કહે :*

**અસ્સલામો અલયકોમા યા વલીયૅયિલ્લાહ.**
**અસ્સલામો અલયકોમા યા હુજ્જતયિલ્લાહ.**

**અસ્સલામો અલયકોમા યા નૂરલ્લાહે ફી ઝોલોમતિલ અરઝે. અસ્સલામો અલયક યબ્ન રસૂલિલ્લાહ. અસ્સલામો અલયક વ અલા આબાએક. અસ્સલામો અલયક વ અલા અબનાએક. અશ્હદો અન્નક કદ અકમતસ્ સલાત વ આતયતઝ ઝકાત વ અમરત બિલ મઅરૂફે વ નહયત અનિલ મુનકરે વ તલવતલ કેતાબ હકક તેલાવતેહી વ જાહદત ફિલ્લાહે હકકે જેહાદેહી વ સબરત અલલ અઝા ફી જમ્બેહી હત્તા અતાકલ યકીન અતયતોક ઝાએરન આરેફન બે હકકેક મોવાલેયન લે અવલેયાએક મોઆદેયન લે અઅદાએક ફશફઅ લી ઈનદ રબ્બેકા.**

સલામ હો આપ પર અય અલ્લાહના વલી, સલામ હો આપ પર અય અલ્લાહની હુજ્જત, સલામ હો આપ પર અય ધરતીના અંધકારમાં અલ્લાહનું નૂર, સલામ હો આપ પર અય રસૂલે ખુદા સ.અ.વ.ના ફરઝંદ, સલામ હો આપ પર અને આપના બાપ-દાદાઓ ઉપર, સલામ હો આપ પર અને આપના ફરઝંદો પર, સલામ હો આપ પર અને આપના દોસ્તો પર.

હું ગવાહી આપું છું કે આપે કાયમ કરી નમાઝને, ઝકાત અદા કરી, નેક કામોના હુકમો આપ્યા અને ગંદા કામોથી રોકયા, અને કુરઆનની એવી તિલાવત કરી જેવી તિલાવત કરવાનો હક હતો, અને ખુદાની રાહમાં એવી જેહાદ કરી જેવી જેહાદ કરવી જોઈએ અને ખુદાની ખૂશ્નૂદીની ખાતર સંકટો સહન કર્યાં, ત્યાં સુધી કે આપ શહાદતને ભેટયા. હું આપની ખિદમતમાં ઝિયારતના હેતુથી હાજર થયો છું મને આપના હકનું ભાન છે, આપના દોસ્તોથી દોસ્તી રાખું છું અને આપના દુશ્મનોથી દુશ્મની. તો અલ્લાહની બારગાહમાં મારી ભલામણ કરો.

**પછી ઝરીહ મુબારકને ચૂમે અને દુઆ માગે. પછી બે રકાત નમાઝ અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢે પછી સિજદો કરે અને સિજદામાં કહે:**

**ઈરહૅમ મન અસાઅ, વકૈતરફ, વસૅતકાન વઍતરફ.**
રહેમ કર એ શખ્સ પર જેણે બૂરાઈ કરી, ગુનાહ કર્યાં, લાચાર થયો, અને હવે પોતાના ગુનાહનો ઈકરાર કરે છે.

**પછી જમણો ગાલ જમીન પર રાખે અને કહે :**

**ઈને કુનેતો બેઅસલ અંબેદો ફ અનેત નેઅંમર રબ્બો.** (હું તારો એક કનિષ્ટ બંદો છું પણ તૂં તો મારો યકીનન શ્રેષ્ઠ પાલણહાર છે.)

**પછી ડાબો ગાલ જમીન પર રાખે અને કહે :**

**અઝોમઝે ઝમંબો મિને અંબૅદેક ફલે યહેંસોનિલ અંફવો મિને ઈનૅદેક યા કરીમ.** (તારા બંદાથી મોટા મોટા ગુનાહો થયા છે, પણ તું તેને સરસ રીતે માફી દે અય કૃપાળુ.)

**પછી કપાળ જમીન પર રાખે અને એકસો વખત શુકરન, શુકરન કહે, માથું ઉંચું કરી દુઆ માગે અને આ સલવાત પઢે :**

**અલ્લાહુમ્મ સૅલ્લે અંલા મોહંમ્મદિંવે વ અહેલે બયતેહી વ સૅલ્લે અંલા મોહંમ્મદિબને અંલીય્યેનિઝ ઝકીયંયિતે તકીય્યે વલ બરરિલ વફીય્યે વલ મોહઝઝબિને નકીય્યે હાદિલ ઉમ્મતે વ વારેસિલ અઈમ્મતે વ ખાંઝેનિર રહંમતે વ યમંબૂઈલ હિકમતે વ કાંએદિલ બરકતે વ અંદીલિલ કુરઆને ફિતં તાંઅંતે વ વાહેંદિલ અવંસંયાએ ફિલ ઈખંલાસે વલ અંબાદતે વ હુંજંજતેકલ ઉલંયા વ મસંલેકલ અઅંલા વ કલેમતેકલ હુંસનદંદાઈ એલયંક વદ દાલ્લે અંલયંકલ લઝી નસંબંતહૂ અંલમને લે અંબાદેક વ મોતરંજેમને લે કેતાબેક વ સાંદેઅંને બે અમંરેક વ નાસંરને લે દીનેક વ હુંજંજતને અંલા ખંલંકેક વ નૂરને તખંરોકો બેહિઝ ઝોલમ વ કુંદંવતને**

**તુદૈરકો બેહલે હેદાયતો વ શફીઍને તોનાલો બેહિલે જન્નત. અલ્લાહુમ્મ વ કમા અખૅઝ ફી ખૉશૂઍહી લક હૅઝઝહૂ વસૅતવેફ્રા મિને ખૅશેયતેક નસીબહૂ ફ સૅલ્લે ઍલયહે અઝૅઑફ મા સૅલ્લયત ઍલા વલીયેયિરૅતઝૅયત તૌઍતહૂ વ કૅબિલેત ખિદૅમતહૂ વ બલેલિગૅહૂ મિન્ના તહીંય્યતનૅ વ સલામંવ વ આતેના ફી મોવાલાતેહી મિને લદુનેક ફઝૅલંવે વ ઍહૅસાનંવે વ મગૅફેરતંવે વ રિઝૅવાનને ઈન્નક ઝુલે મનૅનિલે કૅદીમે વસૅ સૅફૅહિલે જમીલ.**

અય અલ્લાહ તું સલવાત મોકલ મોહમ્મદ સ.અ.વ. પર અને તેની એહલે બયત પર અને સલવાત મોકલ મોહમ્મદ ઈબ્ને અલી પર જેઓ પાક છે, અલ્લાહથી ડરવાવાળા છે, નેક છે, વફાદાર છે, ઉમ્મતના હિદાયત આપવાવાળા છે, ઈમામોના વારસ છે, રહેમતના ભંડાર છે, અને હિકમતના ઝરણા છે, અને બરકતોને દોરનારા છે, અને નિખાલસતામાં વસીઓમાં અને ઈબાદતમાં અનન્ય છે, તારી મોટી હુજ્જત છે, તારી ઊંચી મિસાલ છે અને તારી તરફ લોકોને બોલાવવામાં સુંદર વાણી છે અને તારી દલીલ છે, જેને તેં તારી નિશાની બનાવી લોકો માટે, અને તારી કિતાબના પ્રતિનિધિ બનાવ્યા અને તારા હુકમો પહોંચાડવાવાળા છે, તારા દીનના મદદગાર છે, લોકો પર તારી હુજ્જત છે, અને તે નૂર છે જેને કારણે તું અંધારા દુર કરે છે, અને એવા નેતા છે જેનાથી લોકોને માર્ગદર્શન મળે છે, અને એવા શફાઅત કરવા વાળા છે કે જેનાથી જન્નત મળે છે. અય અલ્લાહ જેવી રીતે તેમણે તારાથી ડરી પોતાનો ભાગ મેળવ્યો અને તારા ડરથી તેમણે પોતાનો પૂરેપૂરો હિસ્સો મેળવ્યો, તો તું સલવાત મોકલ એમના પર એટલી વધારે એ સલવાતથી કે જે તે તારા વલી પર મોકલી હોય જેને તું ચાહતો હોય, જેની ખિદમત તેં કબૂલ કરી હોય અને અમારા તરફથી તેમને સલામ અને નમન પહોંચાડ અને તેમની દોસ્તીના બદલામાં તારી પાસેથી ફઝલ એહસાન માફી અને ખૂશ્નૂદી અમને અતા કર. ખૈર તું સનાતન દાતા છે અને શ્રેષ્ઠ માફ કરવા વાળો છે. (***પછી દુઆ માગે અને જ્યારે વિદાઅ થાય તો પહેલે ઈમામ મૂસા***

***કાઝિમ અ.સ.ની ઝરીહની તરફ મોઢું કરે અને કહે :***

## વિદાઅ ઈમામ મૂસા કાઝિમ અ.સ.

**અસ્સલામો અલયક યા મવ્લાય યા અબલ હસને વ રહેમતુલ્લાહે વ બરકાતોહ. અસ્તવ્દે-ઓકલ્લાહ વ અકરઓ અલયકસ્સલામ આમન્ના બિલ્લાહે વ બિર રસૂલે વ બે મા જેઅત બેહી વ દલલ્ત અલયહે અલ્લાહુમ્મ મક્તુબના મઅશ્શાહેદીન.**

સલામ હો આપ પર અય મારા આકા, અય અબલ હસન, આપના પર અલ્લાહની રહેમત અને બરકતો નાઝિલ થાય. હું આપને અલ્લાહને સોંપું છું અને આપ પર સલામ મોકલું છું. હું ખુદા પર ઈમાન લાવ્યો છું અને તેના રસૂલ પર અને એ દરેક વસ્તુ પર જે તેઓ અલ્લાહ તરફથી લાવ્યા છે, અને તેના તરફ અમારૂં માર્ગદર્શન કર્યું છે. અય અલ્લાહ અમને તેના ગવાહોમાં ગણ.

***પછી ઈમામ મોહમ્મદ તકી અ.સ.ની ઝરીહ તરફ મોઢું કરી કહે :***

## વિદાઅ ઈમામ મોહમ્મદ તકી અ.સ.

**અસ્સલામો અલયક યા મવ્લાય યબ્ન રસૂલિલ્લાહે વ રહેમતુલ્લાહે વ બરકાતોહ. અસ્તવ્દેઓકલ્લાહ વ અકરઓ અલયકસ્સલામ આમન્ના બિલ્લાહે વ બે રસૂલેહી વ બે મા જેઅત બેહી વ દલલ્ત અલયહે અલ્લાહુમ્મ મક્તુબના મઅશ્શાહેદીન.**

સલામ હો આપ પર અય રસૂલે ખુદા સ.અ.વ.ના ફરઝંદ. અલ્લાહની રહેમતો અને બરકતો નાઝિલ થાય આપ પર. હું આપને અલ્લાહને સોંપું છું અને આપને સલામ પાઠવું છું હું ઈમાન લાવ્યો છું અલ્લાહ પર, તેના રસૂલ પર અને તેઓ તરફથી જે કંઈ લાવ્યા છે તેના પર અને જેની તેઓએ અમને હિદાયત કરી છે તેના પર. અય અલ્લાહ અમને ગવાહોમાં ગણ.

**હરમથી એવી રીતે બહાર આવે કે ઝરીહ મુબારક તરફ પીઠ ન થવા પામે.**

◆◆◆◆◆

## સૈયદ મોહમ્મદ ઈબ્ને ઈમામ અલી નકી અ.સ.ની ઝિયારત

આપનો રોઝો બલદ મુકામે આવેલો છે.

### ઈઝને દુખૂલ

સલામુલ્લાહે વ સલામો મલૉએકતિલ મુકૅર્રબિન વ અમ્બેયૉએહિલ મુર્સલીન વ ઍબાદેહિસ્ સૉલેહીન વ જમીઈશ્ શોહદૉએ વસ્ સિદ્દીકીન. અસ્સલામો ઍલયક યા સય્યેદી વબ્ન સય્યેદી યબ્ન રસૂલિલ્લાહે સૅલ્લલ્લાહો ઍલયહે વ આલેહી વ રહમતુલ્લાહે વ બરકાતોહ. અલ હમ્દો લિલ્લાહિલ લઝી જઍલના મેનલ મવાલીન લે અબ્નૉએહી વ અવ્સૅયૉએ અમ્બેયૉએહી વ અવ્લેયૉએહી અલ હમ્દો લિલ્લાહિલ લઝી વફ્ફકના લે ઝેયારતે અવ્લેયૉએના વ સાદાતેના વ શોફઔએના. અસ્સલામો ઍલયક યા સય્યેદી વબ્ન સય્યેદી યા મવ્લાય વબ્ન મવ્લાય યબ્ન ઍલીય્યેનીલ હાદી વ અખેલ હસનિલ ઍસ્કરીય્યો સૅલવાતુલ્લાહે ઍલયકુમ. યા મવ્લાય અના ઝાએરુન લક વ લે અબીક અતાઍઝનોલી બિદ્દ દોખુલ. અલ્લાહુમ્મ ઈન્ની અસ્તાઍઝેનોક વસ્તાઍઝેનો રસૂલક લે અન્નક કુલ્લત યા અય્યોહલ્લ લઝીન આમનૂ લા તદ્ખોલૂ બોયુતન્ નબીય્યે ઈલ્લા અય્યુઅઝન લકુમ. અલ્લાહુમ્મ ઈન્ની અસ્તાઍઝેનો મલૉએકતલ મોવક્કલીન બે હાઝલ હરમિશ્ શરીફે વ રહમતુલ્લાહે વ બરકાતોહ.

સલામ હો આપ પર અલ્લાહના અને સલામ હો આપ પર અલ્લાહના મુકર્રબ ફરિશ્તાઓના અને તેના નબીઓના, તેના નેક બંદાઓના અને તમામ શહીદો તથા સાચાઓના, સલામ હો આપ પર અય મારા સરદાર, અય મારા સરદારના પુત્ર અને અય રસુલે ખુદા સ.અ.વ.ના ફરઝંદ. આપ પર અલ્લાહની રહેમતો અને બરકતો નાઝિલ થાય.

અલ્લાહનો લાખ લાખ આભાર કે જેણે અમને તેના નબીઓ, વસીઓ અને વલીઓના દોસ્તો બનાવ્યા. અલ્લાહનો લાખ લાખ એહસાન કે તેણે અમને અમારા વલીઓ, સરદારો અને ભલામણ કરનારાઓની ઝિયારતની તવફીક આપી, સલામ હો આપ પર મારા સરદાર અય મારા સરદારના ફરઝંદ, અય મારા આકા અને મારા આકાના ફરઝંદ, ઈમામ અલ–હાદીના ફરઝંદ, ઈમામે હસન અસકરી અ.સ.ના ભાઈ, આપ પર અલ્લાહની સલવાત હો.

અય મારા આકા, હું આપનો ઝાઈર છું, અને આપના પિતાનો ઝાઈર છું. હું આપથી દાખલ થવાની ઈજાઝત ચાહું છું, ખુદાવંદા હું તારી પાસેથી અને તારા નબી પાસેથી ઈજાઝત માગું છું કે, કેમકે તેં ફરમાવ્યું છે કે, અય ઈમાન લાવનારાઓ તમે નબીના ઘરોમાં દાખલ ન થાવ, જ્યાં સુધી કે તમને રજા ન આપવામાં આવે. અય અલ્લાહ હું તારા ફરિશ્તાઓથી ઈજાઝત માગું છું, જેઓ આ હરમ શરીફના દરબાનો છે, અલ્લાહની રહેમતો અને બરકતો થાય આપ ઉપર.

***પછી દાખલ થાય, ઝરીહ મુબારક પાસે ઉભા રહી કહો :***

**અસ્સલામો અલયક અય્યોહલ અબ્દુસ્સાલેહો વલ વલીય્યુન નાસેહ. અસ્સલામો અલયક અય્યોહસ સય્યેદુઝ ઝકીય્ય. અસ્સલામો અલયક અય્યોહત તાહેરૂલ વફીય્ય. અસ્સલામો અલયક અય્યોહત તકીય્યુન નકીય્ય. અસ્સલામો અલયક અય્યોહર રઝીય્યુલ મરઝીય્ય. અસ્સલામો અલયક અય્યોહલ આલેમુલ જલીલો વલ મોહઝઝબુન નબીલ. અસ્સલામો અલયક અય્યોહલ બદરૂલ વાઝેહો વન્નજ્મુલ લાએહો.**

અસ્સલામો અૅલયૅક યબ્નસ્સાદતિલ્ અનજાબે વલ્ હોંજજિલ્ મયામીનલ્ અતૈયાબે. અસ્સલામો અૅલયૅક યા મન્ અઅૅતૉહુલ્ લાહુદ્ દલાએલલ્ વાઝેહાતે વલ્ કરામતિલ્ બાહેરાતે વલ્ મોઅૅજેઝાતિલ્ મશ્હૂરાત. અસ્સલામો અૅલયૅક યા મન્ ઈનૅદહૂ તુસૅતજાબુદ્ દઅૅવાતો. અસ્સલામો અૅલયૅક યા મન્ ફઝાએલોહૂ મઅૅરૂફતુન્ ઈનૅદ અહૅલિલ્ કૉરા વલ્ અતૈયાબે. અસ્સલામો અૅલયૅક અય્યોહલ્ હાફેઝો લિલ્ જીરાને વલ્ કામેઓ અનહુમ્ શર્રલ્ ઉદ્વાને વલ્ કાશેફો અનહુમ્ મોલિમ્માતિલ્ અશ્જાને વલ્ અહ્ઝાન. અસ્સલામો અૅલયૅક યા મન્ શર્રફુલ્લાહો બિલ્ કરામતે ઝાતિલ્ બયાને વલ્ બરાહીનિલ્ મુદમ્મેરતે લિસ્સારેકીનલ્ હાફેફીન બેક બાતેલલ્ વ કિઝ્બન્ અજ્જલ્લાહો લહુમ્ બિલ્ ઈન્તેકામ. અસ્સલામો અૅલયૅક યા અબા જઅૅફરિન્ યા મોહમ્મદિબ્ને અૅલીય્યેનિલ્ હાદી. અસ્સલામો અૅલયૅક યબ્નલ્ ઈમામ. અસ્સલામો અૅલયૅક યા અખલ્ ઈમામ. અસ્સલામો અૅલયૅક યા અમ્મલ્ ઈમામિલ્ આખેઝે બિસ્સારિલ્ મહદિય્યે સાહેબિઝ્ઝમાન. અસ્સલામો અૅલયૅક અય્યોહઝ્ઝ ઝાકેનો લિલ્ વાફેદીન અૅલયહે વલ્ કાસેદીન એલયહે વઝ્ઝાએરીન લહૂ. યા મવૅલાય અતયતોક વાફેદન્ કાસેદન્ ઝાએરન્ ફકઝેં હાજતી વ અજીરની ફ અના ઝયફોક વ જારોક અના કાસેદુન્

**એલયેક વ વાફેદુને એલયેક ફલા તોઉદ્દદની ખૉએબને ખૉસેરને અના વલીય્યુને લે મને વાલાક વ એદુવ્વુને લેમને ઑદાક. યા મર્વેલાય ફાઝ વલીય્યોક વ ઝેલ્લ મફારેકોક વ નજા મોસદ્દેદેકોક વ ખૉબ વ ખેસેર મોકઝ્ઝેબોક વલે મોતખેલ્લેફો એનેક ઈશેહદ્દલી બે હાઝેહિશે શહાદતે ઈનેદક લે અકુન મેનલે ફાએઝીન બે મઅરેફતેક વ તસ્દિકેક વ મોહબ્બતેક વસ્સલામો એલયેક વ રહેમતુલ્લાહે વ બરકાતોહ.**

સલામ હો આપ પર અય અલ્લાહના નેક બંદા અને નિખાલસ વલી. સલામ હો આપ પર અય પાકિઝા અને વફાદાર. સલામ હો આપ પર અય પરહેઝગાર. સલામ હો આપ પર અય ખુદા પર ખુશ રહેનાર અને જેના પર ખુદા ખુશ છે. સલામ હો આપ પર અય કીર્તિવાન આલિમ અય સંસ્કારી તથા ઉત્તમ. સલામ હો આપ પર અય ચમકતા ચાંદ અને ઝળકતા સિતારા. સલામ હો આપ પર અય શરીફ ખાનદાનના પુત્ર અને પાકિઝા, બરકતવાન હુજ્જતોના ફરઝંદ. સલામ હો આપ પર જેને ખુદાએ સ્પષ્ટ દલીલો આપી છે, અદ્દભૂત કરામતો અને મશ્હૂર મોઅજેઝા આપ્યા. સલામ હો આપ પર જેની ઝરીહ પાસે દૂઆઓ કબૂલ થાય છે. સલામ હો આપ પર જેના ફઝાઈલ શહેરવાળાઓ અને પાકીઝા લોકોમાં જાણીતા છે. સલામ હો આપ પર અય તે કે જેઓ પોતાના પડોશીઓના રક્ષણહાર છે, અને તેમનાથી બૂરાઈને દૂર કરનારા છે અને તેમના પર આવનારા દુ:ખો અને યાતનાઓને ટાળનારા છે. સલામ હો આપ પર જેને ખુદાએ વાણીની કરામતોથી નવાજ્યા છે અને એવી દલીલો આપી છે કે આપની અતરાફ જુઠ અને બાતિલ નિય્યતથી ચોરો જમા થયા છે તેને હલાક કરનારી છે. ખુદા તેમનાથી જલદી બદલો લે. સલામ હો આપ પર અય અબા જઅફર મોહમ્મદ ઈબ્ને અલી અલ-હાદી. સલામ હો આપ પર અય ઈમામના ફરઝંદ. સલામ હો આપ પર અય ઈમામના ભાઈ. સલામ હો આપ પર અય તે ઈમામના કાકા જે ઈમામે હુસૈન અ.સ.ના ખૂનનો બદલો લેશે એટલે કે ઈમામ મહેદી સાહેબુઝઝમાન. સલામ હો આપ પર અય જેઓ જામીન છે આપની ખિદમતમાં આવનારાઓના, આપની

ઝિયારતનો ઈરાદો કરનારા અને આપના ઝવ્વારોના.

અય મારા આકા હું આપની ખિદમતમાં હાજર થયો છું, આપની નિય્યતથી, ઝિયારતના આશયથી તો મારી હાજતો પૂરી કરો અને મને આશરો આપો કેમકે હું તમારો મહેમાન છું, તમારો પડોશી છું, હું તમારી કુરબતના ઈરાદાથી આવ્યો છું અને આપની જ ખિદમતમાં હાજર થયો છું, મને નિરાશ, હતાશ અને ખાલી હાથે પાછો ન ફેરવતા, હું તમારા દોસ્તોને દોસ્ત રાખું છું, તમારા દુશ્મનો સાથે દુશ્મની રાખું છું.

અય મારા મૌલા, તમારી સાથે દોસ્તી રાખનાર કામયાબ છે અને તમારાથી દુશ્મની કરનારા ગુમરાહ થયા, આપ સાક્ષી આપજો કે હું અહીં હાજર થયો છું જેથી હું પણ એ લોકોની જેમ કામયાબ થાઉં જેઓએ મઅરેફત, આપની તસ્દીક અને આપની મોહબ્બતના કારણે કામયાબી હાંસીલ કરી, અને આપ પર સલામ હો અને અલ્લાહની રહેમતો તથા બરકતો ઉતરે.

**પછી પાંચતી તરફ આવી કહે :**

**અસ્સલામો અઁલા જદ્દેકલ મુસ્તફા. અસ્સલામો અઁલા અબીકલ મુર્તઝેર રેઝા. અસ્સલામો અઁલસ્ સય્યેદયનિલ હઁસને વલ હુંસયન. અસ્સલામો અઁલા ખઁદીજત ઉમ્મે સય્યેદતે નેસાઈલ આઁલમીન. અસ્સલામો અઁલા ફાતેમત ઉમ્મેમિલ અઈમ્મતિત તાઁહેરીન. અસ્સલામો અઁલન નોફુસિલ ફાખેરતે વ બોહુરિલ ઓલુમિઝ ઝાખેરતે વ શોફઆઈ ફિલ આખેરતે વ અવલેયાઈ ઈન્દ અઁવદિર રૂહે એલલ એઁઝામિન નાખેરતે અઈમ્મતિલ ખલકે વ વોલાતિલ હકકે. અસ્સલામો અઁલયક અય્યોહશ શખ્સુશ શરીફુત તાઁહેરુલ કરીમો અતયતોક. યા મવલાય લે તકર્રોબેક ઈન્દલ્લાહે અઁઝઝ વ જલ્લ લે તર્સઅલલ્લાહ તબારક વ તઆલા અંય્યગ્ફેરલી વલે વાલેદય્ય વલે જમીએ**

**ઈર્ખેવાની વ અર્ખેવાતી મેનલ્લે મુઅ્મેનીન વલ્લે મુઅ્મેનાતે ફ અંના તાએબુને મિને જમીઈં ઝોનુબી વ ઈસેરાફી અંલા નફ્સી. અશ્હદો અલ્લ લા ઈલાહ ઈલ્લલ્લાહો વ અન્ન મોહંમ્મદને અંબ્દોહૂ વ રસૂલોહૂ વ મુર્તફાહો વ અન્ન અંલીય્યને વલીય્યોહૂ વ મુજ્તબાહો વ અન્નલ્લે અઈમ્મત ફી વુલ્દેહી એલા યવ્વમિદ્દ દીને નઅંલમો ઝાલેક ઈલ્મલ્લે યકીને વ નંહ્નો લે ઝાલેક મોઅંતકેંદુન વ ફી નર્સ્રેહિમે મુજ્તહેદુન ફર્સતર્વ્દેઓક યા મવ્લાય ઝુર્મેબી વ ખંવાતીમ અંમલી એલા આબોંએક વ અજ્દાદેકર્તે તંય્યેબિનર્તે તાંહેરીન વ અંલર્લે મલાંએકતિર્લે મુકીંમીન હંવ્લ મરકંદેકશ્ શરીફે વ રહંમતુલ્લાહે વ બરકાતોહ.**

સલામ હો આપના દાદા મુસ્તફા સ.અ.વ. પર, સલામ હો આપના પિતા અલી મુર્તઝા પર, ખુદાની ખૂશી પર રાઝી રહેનારા પર, સલામ હો બંને સરદાર ઈમામ હસન અને ઈમામ હુસૈન અ.સ. પર, સલામ હો વિશ્વની સરદાર સય્યદા સલા.ની માતા જનાબે ખદીજા સ.અ. પર, સલામ હો પાક ઈમામોની માતા ફાતેમા સ.અ. પર, સલામ હો ગૌરવશાળી આત્માઓ પર, વિશાળ ઈલ્મના દરિયા પર, અને આખેરતમાં અમારી શફાઅત કરનારા પર, અને મારા પર એ સમયે પણ હકૂમત અને વાલીપણું ધરાવનાર જયારે રૂહોને સડેલ હાડકાઓમાં ફરીવાર ફુંકવામાં આવશે, અને લોકોના ઈમામો પર, બરહક વલીઓ પર, સલામ હો આપ પર અય શરીફ, પાક અને ઉદાર ખાનદાનવાળા.

અય મૌલા હું આપની ખિદમતમાં આપની નઝદીકીના ઈરાદાથી હાજર થયો છું આપ અલ્લાહ, ઈઝ્ઝત અને જલવાવાળાની બારગાહમાં નઝદીકી ધરાવો છો એટલે મારા માટે અલ્લાહની બારગાહમાં દુઆ કરો કે તે માફ કરી આપે મને, મારા મા-બાપને, મારા બધા ભાઈઓ અને બહેનોને, મોઅમિનો

અને મોમેનાતને, કેમકે હું બધા ગુનાહો પર શરમાઉં છું, મારા આત્મા પર મેં જે અતિશ્યોક્તિઓ કરી છે તેનો પ્રશ્ચાતાપ કરૂં છું.

હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, મોહમ્મદ મુસ્તુફા સ.અ.વ. તેના બંદા, તેના રસૂલ અને તેના ચૂંટેલા બંદા છે, અને અલી અ.સ. તેના વલી અને વરાએલા બંદા છે, અને એ બધા ઈમામો જે કયામત સુધી તેમના વંશમાંથી થનાર છે તેને અમે ખાત્રીપૂર્વક જાણીએ છીએ અને અમે તેમના પર આસ્થા ધરાવીએ છીએ અને અમે તેમની મદદ કરવાના પ્રયત્નો કરનારા છીએ, આમ હું તમને સોંપું છું અય મારા મૌલા મારા બધા ગુનાહો, મારા આમાલના અંતને જે મારા છેલ્લા શ્વાસ સુધી થનારા છે, અને મારા તરફથી સલામ હો આપ પર અય મારા સરદાર, સલામ હો આપ પર આપના પવિત્ર અને પાક બાપ-દાદાઓ અને વડવાઓ પર, સલામ હો આપ પર આ માનવંત રોઝાની સંભાળ રાખવા નિયુકત થએલા તમામ ફરિશ્તાઓ પર, અલ્લાહની રહેમતો અને બરકતો નાઝિલ થાય.

***પછી બે રકાત નમાઝ પઢે અને અલ્લાહ તઆલાથી દુઆ માંગે.***

◆◆◆◆◆

# ઈમામ અલી નકી અ.સ. અને ઈમામ હસન અસ્કરી અ.સ.ની ઝિયારત

ભરોસા પાત્ર હદીસોમાં હઝરત ઈમામ હસન અસ્કરી અ.સ.થી નકલ કરવામાં આવે છે કે આપે ફરમાવ્યું : મારી કબર સામરામાં રક્ષણની જગ્યા છે, દોસ્ત અને દુશ્મન બંને માટે, અને બલાઓ અને ખુદાના અઝાબથી અમાન દેનારી છે. ઈબ્ને કવલિયા રહ.એ કામેલુઝ ઝીયારતમાં લખ્યું છે કે મઅસૂમીન અ.સ.થી રિવાયત છે કે જ્યારે ઈમામ અલી નકી અ.સ. અને ઈમામ હસન અસ્કરી અ.સ.ની ઝિયારતનો ઈરાદો કરો તો પહેલાં ગુસલ કરો, પાક અને સ્વચ્છ કપડા પહેરો.

**પછી પવિત્ર રોઝાના દરવાજા પર ઊભા રહી કહો :**

**અલ્લાહો અકબર અલ્લાહો અકબરે લા ઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર અલ હંમદો લિલ્લાહે અૅલા હિદાયતેહી લે દીનેહી વત્તવફીકે લેમા દઆૅ એલયહે મિન સબીલેહી. અલ્લાહુમ્મ ઈન્નક અકઝલો મકસુદિન, વ અકરમો મઅતીયેયિન વ કંદ અતયતોક મોતકંર્રેબન એલયક બે ઈબ્ને બિનતે નબીય્યેક સૅલવાતોક અૅલયહેમા વ અૅલા આબૉએહેમતે તાહેરીન વ અબનૉએહેમતે તંય્યેબીન. અલ્લાહુમ્મ સૅલ્લે અૅલા મોહંમ્મદિવ વ આલે મોહંમ્મદિંવ વ લા તોખંય્યેયિબ સઅૅયી વ લા તકતંઅ રજાઈ વજઅૅલની ઈનદક વજીહન ફિદ દુનયા વલ આખેરતે વ મેનલ મોકંર્રેબીન.**

અલ્લાહ મહાન છે, અલ્લાહ મહાન છે. અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. તમામ તારીફ એ ખુદાની જેણે પોતાના દીનની તરફ દોરવણી કરી અને પોતાના માર્ગ પર ચાલવાની સદબુદ્ધિ આપી, અને તેના તરફ આવવાની દાવત આપી. અય અલ્લાહ ખરેખર તું માનવંત ધ્યેય છે અને સૌથી માનવંત છે અને હું હાજર થયો છું તારી નઝદીકી મેળવવાના આશયથી

તારા નબીની બેટીના પુત્રના વસીલા સાથે અને પાક વડવાઓ અને પવિત્ર વંશજોના વસીલા સાથે. અય અલ્લાહ તું રહેમત ઉતાર મોહમ્મદ અને આલે મોહમ્મદ સ.અ.વ. પર અને મારી કોશિશોને એળે ન જવા દે, મારી આશાને ન તોડજે અને મને તારા દરબારમાંથી દુનિયા અને આખેરતમાં માન અર્પણ કર અને તારા વરાએલા બંદાઓમાં ગણી લે.

***પછી જમણા પગે અંદર દાખલ થાય અને કહે :***

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ ફી સબીલિલ્લાહે, વ અલા મિલ્લતે રસૂલિલ્લાહે સલ્લલ્લાહો અલયહે વ આલેહી, અલ્લાહુમ્મ મગ્ફિર લી વ લે વાલેદય્ય વ લે જમીઈલ મુઅમેનીન વલ મુઅમેનાત.**

દાખલ થાંઉ છું અલ્લાહનું નામ લઈને, અને તેની મદદ વડે, અને તેની ખૂશ્નૂદી માટે, અને તેના રસૂલ સ.અ.વ.ની ઉમ્મતમાં રહીને, અય અલ્લાહ તું માફ કરી દે મને અને મારા મા-બાપને અને બધા મોઅમીનો અને મોઅમેનાતને.

**જ્યારે હરમના દરવાજા પર પહોંચો તો કહો :**

**ઈઝને દુખૂલ**

**અસ્સલામો અલયકોમા યા સય્યેદય યા આલ બયતિલ મુસ્તફા અના અબ્દોકોમા વબ્નો અબ્દક કોમા અઝઝલીલો બયન યદય કોમા અલ મોઅતરેફો બે હક્કેકોમા જાએકોમા મુસ્તજીરન બે ઝિમ્મતેકોમા કાસેદન એલા હરમેકોમા મોતવજ્જેહન એલા મકામેકોમા મુતવસ્સેલન એલલ્લાહે તઆલા બે કોમા. અઅદખોલો યા અલ્લાહ અઅદખોલો યા નબીય્યલ્લાહ અઅદખોલો યાઅમીરલ મુઅમેનીન અઅદખોલો યા ફાતેમતઝ ઝહેરાએ સય્યેદત નેસાઈલ આલમીન**

**અઅદ્દખોલો યા મવ્લાયલ હૅસનબ્નૅ અલીયૅયિન અઅદ્દખોલો યા મવ્લાયલ હુસયૅનબ્ને અલીયૅયિન અઅદ્દખોલો યા મવ્લાય અલીય્યબ્નલ હુસયૅન અઅદ્દખોલો યા મવ્લાય મોહૅમ્મદબ્ન અલીયૅયિન અઅદ્દખોલો યા મવ્લાય જઅફરબ્ન મોહૅમ્મદિન અઅદ્દખોલો યા મવ્લાય મૂસબ્ન જઅફરિન અઅદ્દખોલો યા મવ્લાય અલીય્યબ્ન મૂસા અઅદ્દખોલો યા મવ્લાય મોહૅમ્મદબ્ન અલીયૅયિન અઅદ્દખોલો યા મવ્લાય અબલ હૅસને અલીય્યબ્ન મોહૅમ્મદિને અઅદ્દખોલો યા મવ્લાય યા અબા મોહૅમ્મદેનિલ હૅસનબ્ન અલીયૅયિન અઅદ્દખોલો યા મલૉએકતલ્લાહિલ મોવક્કલીન બે હાઝૅલ હૅરૅમિશ શરીફ.**

સલામ હો આપ બંને પર અય મારા સરદારો અય એહલે બયતે મુસ્તફા સ.અ.વ. હું આપ બંનેનો ગુલામ છું આપના ગુલામનો પુત્ર છું હું હકીર અને તુચ્છ છું. તમારા બન્નેની સામે હાજર થયો છું, તમો બંનેના હકોથી પરિચિત અને તમારો આશરો શોધતો, તમારી ઝિમ્મેદારી ભાળીને, તમારા બંનેના હરમની ઝિયારતના નિર્ણયથી. તમારા દરજજાને ધ્યાનમાં રાખી અને તમારા વસીલાથી અલ્લાહનો વસીલો મેળવવા.

અય અલ્લાહ શું હું આ હરમમાં દાખલ થઈ શકું છું ? અય રસુલે ખુદા સ.અ.વ. હું આ હરમમાં દાખલ થઈ શકું છું ? અય અમીરૂલ મોઅમેમીન અ.સ. હું આ હરમમાં દાખલ થઈ શકું છું ? અય વિશ્વની સ્ત્રીઓની સરદાર જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ હું આ હરમમાં દાખલ થઈ શકું છું ? અય મારા મૌલા હસન ઈબ્ને અલી અ.સ. હું આ હરમમાં દાખલ થઈ શકું છું ? અય મારા મૌલા હુસૈન ઈબ્ને અલી અ.સ. હું આ હરમમાં દાખલ થઈ શકું છું ? અય મારા મૌલા અલી ઈબ્ને હુસૈન અ.સ. હું આ હરમમાં દાખલ થઈ શકું

છું ? અય મારા મૌલા મોહમ્મદ ઈબ્ને અલી અ.સ. હું આ હરમમાં દાખલ થઈ શકું છું ? અય મારા મૌલા જઅફર ઈબ્ને મોહમ્મદ અ.સ. હું આ હરમમાં દાખલ થઈ શકું છું ? અય મારા મૌલા મૂસા ઈબ્ને જઅફર અ.સ. હું આ હરમમાં દાખલ થઈ શકું છું ? અય મારા મૌલા અલી ઈબ્ને મૂસા અ.સ. હું આ હરમમાં દાખલ થઈ શકું છું ? અય મારા મૌલા અય અબલ હસન (હસનના પિતા) અલી ઈબ્ને મોહમ્મદ અ.સ. હું આ હરમમાં દાખલ થઈ શકું છું ? અય મારા મૌલા અબા મોહમ્મદ (મોહમ્મદના પિતા) હસન ઈબ્ને અલી અ.સ. હું આ હરમમાં દાખલ થઈ શકું છું? અય મારા મૌલા અય અલ્લાહના ફરિશ્તાઓ, જેઓ હરમના રખેવાળો છો, હું આ હરમમાં દાખલ થઈ શકું છું ?

## ઈમામ અલી નકી અ.સ.ની ઝિયારત

*પછી જમણા પગે હરમમાં દાખલ થાય અને ઈમામ અલી નકી અ.સ.ની ઝરીહ સામે કિબ્લા તરફ પીઠ કરી ઉભા રહીને એકસો વખત* **અલ્લાહો અકબર** *કહે પછી કહે :*

**અસ્સલામો અઁલયઁક યા અબલઁ હઁસને અઁલી-યેંયબ્નેં મોહઁમ્મદિઝે ઝકીય્યરેં રાશેદનેં નૂરસેં સાકેંબ વ રેંહઁમતુલ્લાહે વ બરકાતોહ. અસ્સલામો અઁલયઁક યા સેંફીય્યલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા સિરેંરલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા હઁબ્લેંલલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા આલલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા ખેંયરતલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા સેંફેંવતલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા અમીનલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા હઁકેંકેંલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા હઁબીબલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા નૂરલેં અનેંવાર. અસ્સલામો અઁલયઁક યા ઝયનલેં અબેંરાર. અસ્સલામો અઁલયઁક યા સલીલલેં અખેંયાર. અસ્સલામો અઁલયઁક યા ઉંનસોંરલેં અતેંહાર. અસ્સલામો અઁલયઁક યા**

હુંજ્જતરે રેહેમાન. અસ્સલામો અલયક યા રૂકનલ ઈમાન. અસ્સલામો અલયક યા મવલલ મુઅમેનીન. અસ્સલામો અલયક યા વલીય્યસ સાલેહીન. અસ્સલામો અલયક યા અલમલ હોદા. અસ્સલામો અલયક યા હલીફત તોકા. અસ્સલામો અલયક યા અમૂદદ દીન. અસ્સલામો અલયક યબન ખાતમિન નબીય્યીન. અસ્સલામો અલયક યબન સય્યેદિલ વસીય્યીન. અસ્સલામો અલયક યબન ફાતેમતઝ ઝહેરાએ સય્યેદતે નેસાઈલ આલમીન. અસ્સલામો અલયક અય્યોહલ અમીનુલ વફીય્યો. અસ્સલામો અલયક અય્યોહલ અલમુર રઝીય્યો. અસ્સલામો અલયક અય્યોહઝ ઝાહેદુત તકીય્યો. અસ્સલામો અલયક અય્યોહલ હુંજ્જતો અલલ ખલકે અજ્મઈન, અસ્સલામો અલયક અય્યોહત તાલી લિલ કુરઆન. અસ્સલામો અલયક અય્યોહલ મોબય્યેનો લિલ હલાલે મેનલ હરામ. અસ્સલામો અલયક અય્યોહલ વલીય્યુન નાસેહ. અસ્સલામો અલયક અય્યોહત તરીકુલ વાઝેહ. અસ્સલામો અલયક અય્યોહન નજ્મુલ લાએહ. અશ્હદો યા મવલાય યા અબલ હસને અન્નક હુંજ્જતુલ્લાહે અલા ખલકેહી વ ખલીફતોહૂ ફી બરીય્યતેહી વ અમીનોહૂ ફી બેલાદેહી વ શાહેદોહૂ અલા એબાદેહી વ અશ્હદો અન્નક કલેમતુત તકવા વ બાબુલ હોદા વલ ઉરવતુલ વુસકા વલ હુંજ્જતો

**અૅલા મનેં ફવેકૅલે અરૅઝે વ મનેં તહૅતસ્સૅરા વ અશ્હદો અન્નકલે મોતંહેહરો મેનઝે ઝોનૂબિલ મોબર્રઓ મેનલે ઑયુબે વલે મુખૅતસ્સૅો બે કરામતિલ્લાહે વલે મહૅબુવ્વો બે હુંજેજતિલ્લાહે વલે મવ્હૂબો લહૂ કલેમતુલ્લાહે વર રૂકેનુલ લઝી યલેજઓ એલયેહિલ એૅબાદો વ તુહૅયા બેહિલ બેલાદો વ અશ્હદો યા મવ્લાય અન્ની બેક વ બે આબૉએક વ અબ્નૉએક મૂકેનુન મોકિરરૂન વ લકુમ તાબેઉન ફી ઝાતે નફ્સી વ શરાયેએ દીની વ ખૉતેમતે અૅમલી વ મુનકૅલબી વ મસૅવાય વ અન્ની વલીય્યુન લે મનેં વાલાકુમ વ અૅદુવ્વુન લે મનેં ઑદાકુમ મુઅમેનુન બે સિરરેકુમ વ અૅલા નેયતેકુમ વ અવ્વલેકુમ વ આખેરેકુમ બે અબી અનેત વ ઉમ્મી વસ્સલામો અૅલયૅક વ રહૅમતુલ્લાહે વ બરકાતોહ.**

સલામ હો આપ પર અય અબલ હસન અલી ઈબ્ને મોહમ્મદ અ.સ. અય પાકિઝા, અય હિદાયત પામેલા, અય સંપૂર્ણ નૂર, આપ પર અલ્લાહની રહેમતો અને બરકતો ઉતરે. સલામ હો આપ પર અય અલ્લાહના ચૂંટેલા. સલામ હો આપ પર અય અલ્લાહના ભેદી. સલામ હો આપ પર અય અલ્લાહની રસ્સી સલામ હો આપ પર અય અલ્લાહની આલ. સલામ હો આપ પર અય અલ્લાહના શ્રેષ્ઠ સર્જન. સલામ હો આપ પર અય અલ્લાહના ચૂંટેલા. સલામ હો આપ પર અય અલ્લાહના ભરોસાપાત્ર. સલામ હો આપ પર અય અલ્લાહના હક. સલામ હો આપ પર અય અલ્લાહના હબીબ. સલામ હો આપ પર અય નૂરોના નૂર. સલામ હો આપ પર અય નેક લોકોના શણગાર. સલામ હો આપ પર અય સારાઓની અવલાદ. સલામ હો આપ પર અય પવિત્ર લોકોનું મૂળ. સલામ હો આપ પર અય રહેમાનની હુજ્જત. સલામ હો આપ પર અય ઈમાનના સ્તંભ. સલામ હો આપ પર અય

મોઅમેનોના મૌલા. સલામ હો આપ પર અય નેક લોકોના વલી. સલામ હો આપ પર અય માર્ગદર્શનના નિશાન. સલામ હો આપ પર અય પરહેઝગારોના સાથી. સલામ હો આપ પર અય દીનના આધાર. સલામ હો આપ પર અય ખાતેમુન્નબી સલા.ના ફરઝંદ. સલામ હો આપ પર અય વસીઓના સરદારના પુત્ર. સલામ હો આપ પર અય ફાતેમા ઝેહરા સલા. વિશ્વની ઓરતોની સરદારના ફરઝંદ. સલામ હો આપ પર અય અમીન અને વફાદાર. સલામ હો આપ પર અય અલ્લાહની વરાએલી નિશાની. સલામ હો આપ પર અય પરહેઝગાર અને અલ્લાહથી ડરનારા. સલામ હો આપ પર અય તમામ લોકો પર અલ્લાહની હુજ્જત. સલામ હો આપ પર અય કુરઆનનું ઉદાહરણ. સલામ હો આપ પર અય હલાલને હરામથી અલગ કરનારા. સલામ હો આપ પર અય નસીહત કરવાવાળા, નિસ્વાર્થ વલી. સલામ હો આપ પર અય પ્રકાશિત માર્ગ. સલામ હો આપ પર અય ચમકતા સિતારા.

હું ગવાહી આપું છું કે અય મારા મૌલા, અય અબલ હસન અ.સ. કે બેશક આપ લોકો અલ્લાહની હુજ્જત છો અને તેના સર્જન પર તેના ખલીફા છો અને તેના શહેરો ઉપર તેના અધિકારી છો અને તેના બંદાઓ ઉપર ગવાહ છો અને હું ગવાહી આપું છું કે આપ પહેઝગારીનો કલમો છો. હિદાયતના દરવાજા છો, રસ્સી જેમ મજબૂત છો અને જે કંઈ જમીન પર છે અને જે કંઈ પાતાળમાં છે તેના પર આપ હુજ્જત છો અને હું ગવાહી આપું છું કે આપ ગુનાહોથી પાક છો અને બૂરાઈઓથી દૂર છો. અલ્લાહની બુઝુર્ગીએ આપને નિર્માણ કર્યાં છે અને આપને અલ્લાહની હુજ્જત બનાવવામાં આવ્યા છે અને આપને અલ્લાહનો કલમો આપવામાં આવ્યો છે અને આપને એવા રૂકન બનાવવામાં આવ્યા છે જેની પાસે અલ્લાહના બંદાઓ આશરો લીએ છે અને જેનાથી શહેરો આબાદ થાય છે અને હું ગવાહી આપું છું કે અય મારા મૌલા હું આપના પર, આપના વડવાઓ પર, અને આપની અવલાદ પર આસ્થા રાખું છું અને આપના હાદી હોવાનો ઈકરાર કરૂં છું અને હું મારા અંતઃકરણથી, દીનની શરીઅતમાં, અને મારા આમાલના અંતમાં મારા પાછા ફરવામાં અને અહીં રહેવામાં આપનો ફરમાબરદાર છું અને હું આપના દોસ્તોથી દોસ્તી રાખું છું અને આપના દુશ્મનોનો દુશમન છું. આપના ભેદો અને આપના જાહેરી મરતબા પર, આપના પહેલાં પર અને આપના છેલ્લા

પર ઈમાન ધરાવું છું. મારા મા–બાપ આપ પર કુરબાન. આપ પર સલામ હો, અલ્લાહની રહેમતો અને બરકતો ઉતરે.

**પછી ઝરીહને ચૂમે, પોતાના બંને ગાલોને લગાવે અને કહે :**

**અલ્લાહુમ્મ સૈલ્લે અૅલા મોહૅમ્મદિંવ્ વ આલે મોહૅમ્મદિંવ વ સૈલ્લે અૅલા હુંજ્જૅતેકલ્ વફીય્યે વ વલીય્યેકઝ્ ઝકીય્યે વ અમીનેકલ્ મુરૅતઝૅા વ સૅફીય્યેકલ્ હાદી વ સૅરાતૅકલ્ મુસૅતકીમે વલ્ જૉદદતિલ્ ઉૅઝમા વૅતૅ તૅરીકૅતિલ્ વુસૅતૉ નૂરે કૉલૂબિલ્ મુઅ્મેનીન વ વલીયૅયિલ્ મુતકીન વ સૉહેબિલ્ મુખૅલસીન. અલ્લાહુમ્મ સૈલ્લે અૅલા સય્યેદેના મોહૅમ્મદિંવ્ વ અહ્લે બયૅતેહી વ સૈલ્લે અૅલા અૅલીયૅયિબ્ને મોહૅમ્મદિર્ રાશેદિલ્ મઅ્સૂમે મેનઝ્ ઝલલે વૅતૅ તૉહેરે મેનલ્ ખૅલલે વલ્ મુનકૅતેઅૅ એલયૅક બિલ્ અમલિલ્ મબ્લુવ્વે બિલ્ ફેતને વલ્ મુખૅતબરે બિલ્ મેહૅને વલ્ મુમૅતહૅને બે હુંસ્નિલ્ બલ્વા વ સૅબ્રિશ્ શકૅવા મુર્શેદે અૅબાદેક વ બરકતે બેલાદેક વ મહૅલ્લે રૅહૅમતેક વ મુસૅતવૅદઅૅ હિકૅમતેક વલ્ કૉએદે એલા જન્નતેક અલ્ અૉલેમે ફી બરીય્યતેક વલ્ હાદી ફી ખૅલીકૅતેકલ્ લઝિરૅતઝૅયૅતહૂ વન્તજબ્તહૂ વખ્તરૅતહૂ લે મકૅામે રસૂલેક ફી ઉમ્મતેહી વ અલ્ઝમ્તહૂ હિફ્ઝ શરીઅૅતેહી ફસ્તકૅલ્લ બે અઅ્બાઈલ્ વસીય્યતે નાહેઝન્ બેહા વ મુઝૅતલેઅન્ બે હંમ્લેહા લમ્ યુઅ્સુર્ ફી મુશ્કેલિન્ વ લા હફા ફી મુઅ્ઝૅલિન્ બલ્ કશફલ્ ગૅુમ્મત વ સદ્દલ્ ફુરજત વ અદ્દલ્ મુફૅતરઝૅ અલ્લાહુમ્મ**

**ફ ક મા અકૈરરૈત નાઝૈર નબીય્યેક બેહી ફ રક્કૈહી દરજતહૂ વ અજૅઝિલ લદયૅક મસૂબતહૂ વ સૈલ્લે અૈલયહે વ બલ્લેલિગૈહૂ મિન્ના તૈહીય્યતનૈ વ સલામવૈ વ આતેના મિનૈ લદુનૈક ફી મોવાલાતેહી ફઝૈલનૈ વ અૈહેસાનંવૈ વ મગૈફિરતંવૈ વ રિઝૈવાનનૈ ઈન્નક ઝુલૈ ફઝૈલિલૈ અૈઝીમ.**

અય અલ્લાહ મોહમ્મદ અને આલે મોહમ્મદ સ.અ.વ. પર સલવાત મોકલ અને રહેમત ઉતાર, તારી હુજ્જત પર, તારા પાક વલી પર, તારા પસંદીદા અમાનતદાર પર, અને તારા ચૂંટેલા શિખામણ કરનાર પર, તારા સિધા માર્ગ પર, તારા મહાન રસ્તા પર, અને તારા મધ્યમ માર્ગ પર, મોઅમિનોના દિલના નૂર પર, પરહેઝગારોના વલી પર, તારા નિખાલસ બંદાઓના સરદાર પર, રહેમત નાઝીલ કર.

અય અલ્લાહ દુરૂદ મોકલ અમારા સરદાર મોહમ્મદ સ.અ.વ. પર અને તેની એહલેબયત પર.અને સલવાત મોકલ અલી ઈબ્ને મોહમ્મદ જે જ્ઞાની છે, મઅસૂમ છે, ખતાઓથી પાક છે. અયબોથી પાક છે. ફિત્નાઓમાં અજમાવાએલા છે, મહેનતની કસોટી પર પરખાએલા છે અને દરેક પરખની પરિક્ષામાં પાર ઉતરેલા છે. દરેક દુઃખમાં સબર કરનારા છે, તારા બંદાઓને શિખામણ કરનાર છે, તારા શહેરોની બરકત છે. તારી રહેમતનું ઘર છે અને તારી શાણપણ ધરાવનાર છે. જન્નતના માર્ગદર્શક છે, તારા સર્જકોમાં વિદવાન છે, અને તારા બંદાઓના હાદી છે, જેને તેં પસંદ કર્યા છે, ચૂંટેલા છે, અને અધિકાર આપ્યો છે, તેમને તારા રસૂલની જગ્યાએ તેની ઉમ્મત પર, અને તેને તેં શરીઅતની જવાબદારી સોંપી છે, કેમકે આપે વસીયતનો બોજ ઉપાડી લીધો, અને તેને સહન કરવા શક્તિમાન રહ્યા, ન કોઈ કઠીન મુશ્કીલમાં ભટકયા, ન કોઈ સખત પ્રશ્નમાં ફાયદા વગરની વાત કરી, બલ્કે ગુપ્ત વાતોને જાહેર કરી દીધી, અને વિઘ્નોને દુર કર્યા, અને ફરજો બજાવી લાવ્યા, ખુદાવંદા જેવી રીતે તેં આ ઈમામના લીધે તેં તારા નબીની આંખને ઠંડક પહોંચાડી એવી જ રીતે તેમની પ્રતિષ્ઠાને ઊંચી કર, અને તેમના સવાબમાં વધારો કર, તેમના પર સલવાત મોકલ, અમારા તરફથી તેમને નમન અને સલામ

પહોંચાડ, અને અમને તારી પાસેથી તેમની દોસ્તીના કારણે, ફઝલ, અહેસાન, માફી અને તારો ખાસ રાજીપો આપ, ખરેખર તું મોટો ઉપકારી છે.

**પછી દુઆ માંગે બે રકાત નમાઝ અને જનાબે સય્યદા સલા.ની તસ્બીહ પઢે પછી આ દુઆ પઢે :**

યા ઝલ્ કુંદરતિલ્ જામેઅંતે વર્ રંહમતિલ્ વાસેઅંતે વલ્ મેનનિલ્ મોતતાબેઅંતે વલ્ આલાઈલ્ મોતવાતેરતે વલ્ અયાદિલ્ જલીલતે વલ્ મવાહેબિલ્ જઝીલતે સૈલ્લે અંલા મોહંમ્મદિંવ્ વ આલે મોહંમ્મદિસ્ સૌદેકીન. વ અઅંતેંની સુઅલી વર્જેમઅ શમેલી વ લુમ્મ શઅંસી વ ઝકેકે અમલી વ લા તોઝિગ્ કંલબી બઅદ ઈઝ હદયતની વ લા તોઝિલ્લ કંદમી વ લા તકિલ્ની એલા નફ્સી તંરફ્ત અંયનિન્ અબદંવ્ વ લા તોખંયયિબ્ તંમઈ વ લા તુબ્દે અંવરતી વ લા તહેતિક સિતરી વ લા તૂહિશની વ લા તુઅયિસની વ કુન્ બી રઉફન્ રહીમન્ વહેદની વ ઝકેકની વ તંહેહિરની વ સૈફેની વર્સૈતંફેની વ ખંલેલિસ્ની વસ્તખંલિસ્ની વર્સનઅંની વર્સૈતંનેઅંની વ કંર્રિબ્ની એલયક વ લા તોબાઈદની મિન્ક વલ્તુંફ્ બી વ લા તજફોની વ અકરિમ્ની વ લા તોહિન્ની વ મા અસ્અલોક ફ લા તહેરિમની વ મા લા અસ્અલોક ફજ્મઅહૂ લી બે રંહમતેક યા અરહંમર્ રાહેમીન વ અસ્અલોક બે હુંરમતે વજહેકલ્ કરીમે વ બે હુંરમતે નબીય્યેક મોહંમ્મદિન્ સૈલવાતોક અંલયહે વ આલેહી વ બે હુંરમતે અહેલે બયતે રસૂલેક અમીરિલ્ મુઅમેનીન અંલીયયિન્ વલ્ હંસને

**વલ હુસયને વ અલીયયિને વ મોહમ્મદિવ વ જઅફરિને વ મૂસા વ અલીયયિને વ મોહમ્મદિવ વ અલીયયિને વલ હસને વલ ખલફિલ બાકી સલવાતોક વ બરકાતોક અલયહિમ અને તોસલ્લેય અલયહિમ અજમઈન વ તોઅજેલ ફરજ કોએમેહિમ બે અમરેક તનસોરહૂ વ તનતસર બેહી લે દીનેક વ તજઅલની ફી જુમલતિને નાજીન બેહી વલ મુખલેસીન ફી તોઅતેહી વ અસઅલોક બે હકકેહિમ લમ મસતજબેત લી દઅવતી વ કઝેયત લી હોજતી વ અઅતયતની સુઅલી વ કફયતની મા અહમ્મની મિને અમરે દુનયાય વ આખેરતી યા અરહમર રાહેમીન. યા નૂરો યા બુરહાનો યા મોનીરો યા મોબીનો યા રબ્બિકફેની શરરશ શોરૂરે વ આફાતિદ દોહૂરે વ અસઅલોકન નજાત યવમ યુનફખો ફિસ્સૂર.**

અય સંપૂર્ણ શકિતમાન, અય વિશાળ દયાવાન, નિરંતર ઉપકાર કરનારા, ઉપરાઉપરી નેઅમતો આપનાર, મોટા મોટા ઈનામો આપનાર અને અપાર અર્પણહાર, દુરૂદ મોકલ મોહમ્મદ અને આલે મોહમ્મદ સ.અ.વ. પર, જેઓ સાચાઓ છે.

મારો સવાલ પૂરો કર, મારી પરેશાની દૂર કર, મારા કુટુંબીઓને ભેગા રાખ, મારી વિહવળતાને દૂર કર, મારા કાર્યોને સ્વચ્છ બનાવ, અને મને તારી હિદાયત પહોંચાડયા પછી ભટકવા ન દે, મારા પગોને લપસવા ન દે અને મને મારી ઉમ્મીદોને હવાલે ન કર, એક પળવાર પણ, હંમેશા હંમેશા માટે, મારી આશાને નિરાશ ન કર, મારા કલંકોને જાહેર ન થવા દે, મારો ભરમ ન તોડ મને ભયમાં ન નાખ, મને હતાશ ન કર, મારા પર મહેરબાન બની જા, રહેમ કર, મને રસ્તો સુઝાડ, મારી સુધારણા કર, મને પાક કર, મને સાફ (નિર્મળ) બનાવ, મને પસંદ કરવા લાયક બનાવ, મને નિસ્વાર્થ

બનાવ, મને નિખાલસ બનાવ, મારી કેળવણી કર, અને મને કેળવાએલ બનાવ, મને તારી નઝદીકી આપ, મને તારાથી દૂર ન કર, મારા પર ધ્યાન આપ, મારા પર સખ્તી ન કર, અને માનવંત કર, મને હડધૂત ન કર, અને હું તારાથી જે કંઈ માગું છું તેમાં મને નિરાશ ન કર, અને હું નથી માગતો તે મારા માટે સંગ્રહી રાખ. તારી રહેમતો વાસ્તો, અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

હું તારાથી સવાલ કરૂં છું, તારા કિર્તિવંત ચેહરાના વાસ્તાથી, તારા નબી મોહમ્મદ સ.અ.વ.ની હુરમતના વાસ્તાથી, તારા રસૂલની એહલેબયતની હુરમતના વાસ્તાથી, અમીરૂલ મોઅમેનીન અલી અ.સ., ઈમામ હસન અ.સ., ઈમામ હુસેન અ.સ., ઈમામ ઝયનુલ આબેદીન અ.સ., ઈમામ મોહમ્મદ બાકિર અ.સ., ઈમામ જઅફર સાદિક અ.સ., ઈમામ મૂસા કાઝિમ અ.સ., ઈમામ અલી રઝા અ.સ., ઈમામ મોહમ્મદ તકી અ.સ., ઈમામ અલી નકી અ.સ., ઈમામ હસન અસ્કરી અ.સ., ઈમામ સાહેબુઝ ઝમાન અ.સ. એ સૌ પર તારી સલવાત અને બરકતો નાઝીલ હો અને એ તમામ પર તારી રહેમત ઉતાર અને તેમના કાઈમને જલ્દી જાહેર કર જે તારા હુકમોનું પાલન કરાવનાર છે, તું તેમની મદદ કર, અને તેનાથી તારા દીનની મદદ લે, અને મારી ગણત્રી એ લોકોમાં કર જેઓ તેમના વડે મોક્ષ મેળવશે અને તારી શુદ્ધ મને તાબેદારી કરશે અને તેમના હકના વાસ્તાથી હું માગું છું કે મારી દુઆ કબૂલ કર, મારી હાજતો પૂરી કર અને હું જે કંઈ માગું છું તે આપ, અને દુનિયા અને આખેરતના તમામ મામલામાં મારૂં પોષણ કર, એ સૌથી રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર, ઓ પ્રકાશ, ઓ દલીલ, ઓ પ્રકાશિત કરનાર, ઓ વર્ણન કરનાર, અય પાલણહાર. બધા દૂષણોથી મને બચાવી લે અને દુન્યાની આફતોથી બચાવ અને હું એ દિવસે તારાથી નજાતનો ઉમ્મીદવાર છું જે દિવસે સૂર ફૂંકવામાં આવશે.

**પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માગે.**

◆◆◆◆◆

## ઈમામ હસન અસ્કરી અ.સ.ની ઝિયારત

**ઈમામ હસન અસ્કરી અ.સ.ની ઝરીહ પાસે ઉભો રહે અને પઢે :**

અસ્સલામો અલયક યા મવ્લાય યા અબા મોહમ્મદિલ્ હસનબ્ન અલીયિનિલ્ હાદેયલ્ મુહતદેય વ રહેમતુલ્લાહે વ બરકાતોહ. અસ્સલામો અલયક યા વલીય્યલ્લાહે વબ્ન અવ્લેયાએહ. અસ્સલામો અલયક યા હુજ્જતલ્લાહે વબ્ન હોજજહ. અસ્સલામો અલયક યા સફીય્યલ્લાહે વબ્ન અસ્ફેયાએહ. અસ્સલામો અલયક યા ખલીફતલ્લાહે વબ્ન ખોલફાએહ વ અબા ખલીફતેહી. અસ્સલામો અલયક યબ્ન ખાતમિન્ નબીય્યીન. અસ્સલામો અલયક યબ્ન સય્યેદિલ્ વસીય્યીન. અસ્સલામો અલયક યબ્ન અમીરિલ્ મુઅમેનીન. અસ્સલામો અલયક યબ્ન સય્યેદતે નેસાઈલ્ આલમીન. અસ્સલામો અલયક યબ્નલ્ અઈમ્મતિલ્ હાદીન. અસ્સલામો અલયક યબ્નલ્ અવ્સેયાઈર્ રાશેદીન. અસ્સલામો અલયક યા ઈસ્મતલ્ મુત્તકીન. અસ્સલામો અલયક યા ઈમામલ્ ફાએઝીન. અસ્સલામો અલયક યા રૂક્નલ્ મુઅમેનીન. અસ્સલામો અલયક યા ફરજલ્ મલ્હૂફીન. અસ્સલામો અલયક યા વારેસલ્ અમ્બેયાઈલ્ મુન્તજબીન. અસ્સલામો અલયક યા ખાઝેન ઈલ્મે વસીય્યે રસૂલિલ્લાહ. અસ્સલામો અલયક અય્યોહદ્ દાઈ બે હુક્મિલ્લાહ. અસ્સલામો

**અલયક અય્યોહન્ નાતેકો બે કેતાબિલ્લાહ. અસ્સલામો અલયક યા હુજ્જતલ્લ હૌજજે.અસ્સલામો અલયક યા હાદેયલ્ ઓમમ. અસ્સલામો અલયક યા વલીય્યન્ નેઅમ. અસ્સલામો અલયક યા અયબતલ્ ઈલ્મ. અસ્સલામો અલયક યા સફીનતલ્ હિલ્મ. અસ્સલામો અલયક યા અબલ્ ઈમામિલ્ મુન્તઝરિઝ્ ઝાહેરતે લિલ્ ઓકલે હુજ્જતોહૂ વસ્ સાબેતતે ફિલ્ યકીને મઅરેફતોહુલ્ મુહતજબે અન્ અઅયોનિઝ્ ઝાલેમીન વલ્ મોગય્યબે અન્ દવલતિલ્ ફાસેકીન વલ્ મોઈદે રબ્બોના બેહિલ્ ઈસ્લામ જદીદન્ બઅદલ્ ઈન્તેમાસે વલ્ કુરઆન ગઝઝન્ બઅદલ્ ઈન્દેરાસ. અશ્હદો યા મવ્લાય અન્નક અકમ્તસ્ સલાત વ આતયતઝ્ ઝકાત વ અમરત બિલ્ મઅરૂફે વ નહયત અનિલ્ મુન્કરે વ દઅવ્ત એલા સબીલે રબ્બેક બિલ્ હિકમતે વલ્ મવ્એઝતિલ્ હસનતે વ અબદ્તલ્લાહ મુખ્લેસન્ હત્તા અતાકલ્ યકીન. અસ્અલુલ્લાહ બિશ્ શઅનિલ્ લઝી લકુમ્ ઈન્દહૂ અન્ યતકબ્બલ ઝેયારતી લકુમ્ વ યશ્કોર સઅયી એલયકુમ્ વ યસ્તજીબ દોઆઈ બેકુમ્ વ યજ્અલની મિન્ અન્સારિલ્ હક્કે વ અત્બાએહી વ અશ્યાએહી વ મવાલીહે વ મોહિબ્બીહે વસ્સલામો અલયક વ રહમતુલ્લાહે વ બરકાતોહ.**

સલામ હો આપ પર અય મારા મૌલા હસન ઈબ્ને અલી, હિદાયત કરનાર અને હિદાયત પામેલા આપ પર અલ્લાહની રહેમતો અને બરકતો ઉતરે. સલામ હો આપ પર અય ખુદાના વલી અને તેના વલીઓના ફરઝંદ.

સલામ હો આપ પર અય ખુદાની હુજજત અને તેની હુજજતના પુત્ર, સલામ હો આપ પર અય અલ્લાહના ચૂંટેલા અને તેના ચૂંટેલાઓના ફરઝંદ. સલામ હો આપ પર અય ખુદાના ખલીફા અને તેના ખલીફાઓના પુત્ર અને ખલીફાના પિતા. સલામ હો આપ પર અય ખાતેમુન્નબી સ.અ.વ.ના ફરઝંદ. સલામ હો આપ પર અય વસીઓના સરદારના ફરઝંદ. સલામ હો આપ પર અય અમીરૂલ મોઅમેનીન અ.સ.ના ફરઝંદ. સલામ હો આપ પર અય વિશ્વોની સ્ત્રીઓની સરદારના ફરઝંદ. સલામ હો આપ પર અય દિગદર્શક ઈમામોના ફરઝંદ. સલામ હો આપ પર અય માર્ગદર્શક ઈમામોના ફરઝંદ. સલામ હો આપ પર અય પરહેઝગારોના રક્ષણહાર. સલામ હો આપ પર અય ઉતિર્ણ લોકોના ઈમામ. સલામ હો આપ પર અય મોઅમીનોના સ્તંભ. સલામ હો આપ પર અય શોકગ્રસ્તોની મદદ કરનાર. સલામ હો આપ પર અય શરીફ અંબિયાના વારિસ. સલામ હો આપ પર અય રસુલે ખુદાના વસીના ઈલ્મના ખજાનચી. સલામ હો આપ પર અય અલ્લાહની આજ્ઞા તરફ લોકોને બોલવનાર. સલામ હો આપ પર અય કલામે ખુદા દ્વારા વાત કરનાર. સલામ હો આપ પર અય દલીલોની દલીલ. સલામ હો આપ પર અય તમામ ઉમ્મતોની હિદાયત કરનારા. સલામ હો આપ પર અય નેઅમતોના માલિક. સલામ હો આપ પર અય જ્ઞાન પામેલા. સલામ હો આપ પર અય હિલમની કશ્તી. (સહન શિલતાની નાવ). સલામ હો આપ પર અય ઈમામે મુન્તઝરના પિતા જેની દલીલ બુદ્ધિશાળીઓ સામે સ્પષ્ટ છે. જે વિશ્વાસમાં અડગ છે અને જેની ઓળખ ઝાલિમોની આંખોથી અદર્શ છે અને જે દુષ્ટોની હકૂમતથી દૂર છે. જેનાથી પરવરદિગાર ઈસ્લામનો પૂનરોદ્ધાર કરશે અને નવજીવન આપશે. જ્યારે કે તે ખતમ થઈ રહ્યો હશે, અને કુરઆનના સિદ્ધાંતોને તાજા કરશે જ્યારે તે ભુલાઈ રહ્યા હશે.

હું ગવાહી આપુ છું કે અય મારા મૌલા, ખરેખર તમે નમાઝ કાયમ કરી અને ઝકાત અદા કરી અને નેકીઓના હુકમ આપ્યા અને બુરાઈથી લોકોને રોકયા અને પોતાના પાલણહારના માર્ગ પર બોધથી અને મીઠી વાણીથી લોકોને બોલાવ્યા અને અલ્લાહની શુદ્ધ બંદગી કરી ત્યાં સુધી કે આપ શહાદતને ભેટયા.

અલ્લાહ પાસે આપનો જે માન અને મોભો છે તેનો વાસ્તો આપી હું અલ્લાહથી માગું છું કે તે મારી આ ઝિયારત કબૂલ કરે. અને આપની

બારગાહમાં મારી હાજરીને પસંદ કરે. મારી દુઆઓ આપના વાસ્તાથી કબૂલ ફરમાવે અને મને હકના મદદગારોમાં, તેની પયરવી કરનારાઓમાં, તેના ટોળામાં, તેના દોસ્તોમાં અને તેનાથી મોહબ્બત કરનારાઓમાં ગણી લે અને આપ પર સલામ હો અને અલ્લાહની રહેમત તથા બરકતો નાઝિલ થાય.

**પછી ઝરીહ મુબારકને ચૂમે અને પોતાનું મોઢું ઝરીહ પર ઘસે પછી કહે :**

**અલ્લાહુમ્મ સઁલ્લે અઁલા સય્યેદેના મોહઁમ્મદિંવ વ અહેલે બયતેહી વ સઁલ્લે અઁલલ હઁસનિબ્ને અઁલીય્યેનિલ હાદી એલા દીનેક વદ્દાઈએલા સબીલેક અઁલમિલ હોદા વ મનારિતે તોકાઁ વ મઅઁદેનિલ હેંજા વ મઅ્વને નોહા વ ગૅયસિલ વરા વ સૅહૉબિલ હિકૅમતે વ બઁહેરિલ મર્વઍઝતે વ વારેસિલ અઈમ્મતે વશ્શે શહીદે અઁલલ ઉમ્મતિલ મઅૅસૂમિલ મોહઝઝબે વલ ફાઝેલિલ મોકૅર્રબે, વલ મોતૅહેહરે મેનર રિજ્સિલ લઝી વર્રસઁતહૂ ઈલ્મલ કેતાબે વ અલ્હમ્તહૂ ફસ્લલ ખેંતાબે વ નસૅબ્તહૂ અઁલમન લે અહેલે કિબ્લતેક, વ કૅરનેત તાઁઅતહૂ બે તાઁઅતેક વ ફરઝ્ત મવદ્દતહૂ અઁલા જમીએ ખેલીકૅતેક. અલ્લાહુમ્મ ફ કમા અનાબ બે હુંસ્નિલ ઈખ્લાસેં ફી તવ્હીદેક વ અર્દા મન ખાઁઝ ફી તશ્બીહેક વ હાઁમા અઁન અહેલિલ ઈમાને બેક ફ સઁલ્લે યા રબ્બે અઁલયહે સૅલાતન યલ્હૅકોં બેહા મહૅલ્લલ ખાઁશેઈન વ યઅૅલૂ ફિલ જન્નતે બે દરજતે જદ્દેહી ખાઁતમિન નબીય્યીન વ બલ્લિગ્હૂ મિન્ના તહીય્યતન વ સલામંવ વ આતેના મિન લદુનેક ફી મોવાલાતેહી ફઝ્લંવ વ એહ્સાનંવ વ**

**મગ્ફેરતવ્વે વ રિઝ્વાનન્વે ઈન્નક ઝૂ ફઝ્લિન્વે અઝીમિન્વે વ મન્નિન્વે જસીમ.**

અય અલ્લાહ સલવાત મોકલ અમારા સરદાર મોહમ્મદ સ.અ.વ. અને તેમની એહલેબયત પર અને સલવાત મોકલ હસન ઈબ્ને અલી અ.સ. પર જે તારા દીનની હિદાયત કરનારા છે અને તારા માર્ગ પર બોલાવનાર છે. જે માર્ગદર્શનના નિશાન, પરહેઝગારીના મિનારા, બુદ્ધિની ખાણ, અને સમજણનું આશ્રય સ્થાન, સર્જનોની ફરિયાદે પહોંચનારા, હિકમત (ચાતૂર્ય)ના વાદળ, શિખામણના સમુદ્ર, ઈમામોના વારિસ, ઉમ્મત પર ગવાહ, જે નિર્દોષ અને સંસ્કારી છે, ફઝલવાળા અને (અલ્લાહ)ની નઝદીક તથા ગુનાહોથી પાક છે, કિતાબ (કુરઆન)ના ઈલ્મના વારિસ છે, અને તેમને વકતૃત્વકળા આપવામાં આવી છે અને એહલે કિબ્લા (નમાઝીઓ) માટે નિશાન બનાવવામાં આવ્યા છે અને તેમની તાબેદારીને પોતાની ઈતાઅત સાથે સાંકળી લેવામાં આવી છે અને તેમની મોહબ્બત બધા લોકો પર ફરજીયાત કરવામાં આવી છે.

અય અલ્લાહ જેવી રીતે તેઓએ તારી તવહીદને ખાલિસ કરી અને જેણે તારી મિસાલ માટે ઉદાહરણનો વિચાર કર્યો તેને કાપી નાખ્યા, અને તારા ખાતર ઈમાનવાળાઓની તરફદારી કરી. તો અય પાલણહાર તેમના પર સલવાત મોકલ જે તેમને ખાશેઈન (અલ્લાહથી ડરનારાઓ)ના સ્થાને પહોંચાડે અને જન્નતમાં તેમના દાદા ખાતેમુન્નબી સ.અ.વ.ના દરજ્જે પહોંચાડે અને મરા તરફથી તેમને સલામ અને નેકવચન પહોંચાડ અને તારી પાસેથી મને તેમની મહોબ્બતમાં તારો ફઝલ, ઉપકાર, તારી માફી અને ખૂશ્નૂદી આપ. ખરેખર તું મોટો ફઝલ કરવાવાળો અને મોટો ઉપકાર કરનારો છે.

***પછી બે રકાત નમાઝ પઢે અને જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢ પછી આ દૂઆ પઢે :***

**યા દાએમો યા દયૅમૂમો યા હંય્યો યા કંય્યૂમો યા કાશેફલ્લ કરબે વલ્લ હમ્મે વ યા ફારેજલ્લ ગંમ્મે વ યા બાએંસર રોસોલે વ યા સાંદેકંલ વઅંદે વ યા હંય્યો**

લા એલાહ ઈલ્લા અન્તં અતવસ્સલો એલયઁક બે હુંબીબેક મોહુંમ્મદિંવં વ વસીય્યેહી અંલીયંયિબ્ને અંમ્મેહી વ સેંહુંરેહી અંલબંનતેહિલં લઝીને ખંતમંત બેહેમશં શરાયેઅં વ ફતંહુંત બેહેમતં તઅંવીલ વંતંલૉયેઅં ફ સંલ્લે અંલયંહેમા સંલાતન્ં યશંહદો બેહલં અવ્વલૂન વલં આખેંરૂન વ યન્ંજૂ બેહલં અવંલેયાઓ વસંં સાંલેહૂંન વ અતવસ્સલો એલયંક બે ફાતંમતઝં ઝહુંરાએ વાલેદતિલં અઈમ્મતિલં મહુંદીય્યીન વ સય્યેદતે નેસૉઈલં આંલમીનલં મોશફ્ફઅંતે ફી શીઅંતે અવંલાદેહંતં તંય્યેબીન ફ સંલ્લે અંલયંહા સંલાતન્ં દાએમતન્ં અબદલં આબેદીન વ દહેરદં દાહેરીન વ અતવસ્સલો એલયંક બિલં હુંસનિરં રઝીંયંયિતં તાંહેરિઝં ઝકીય્યે વલં હુંસયંનિલં મઝંલૂમિલં મરઝીંયંયિલં બરંરિતં તકીંય્યે સય્યેદયં શબાબે અહુંલિલં જન્નતિલં એમામયંનિલં ખંય્યેરયંનિતં તંય્યેબયંનિતં તકીંય્યનિન્ં નકીંય્યનિતં તાંહેરયંનિશં શહીદયંનિલં મઝંલૂમયંનિલં મકંતૂલયંને ફ સંલ્લે અંલયંહેમા મા તંલઅંતં શમંસુંવં વ મા ગંરબતં સંલાતન્ં મોતવાલેયતન્ં વ મોતતાલેયતંવં વ અતવસ્સલો એલયંક બે અંલીયંયિબંનિલં હુંસયંને સય્યેદિલં આંબેદીનલં મહુંજૂબે મિન્ં ખંવંફિઝં ઝાલેમીન વ બે મોહુંમ્મદિબ્ને અંલીય્યેનિલં બાકંરિતં તાંહેરિન્ં નૂરિઝં ઝાહેરીલં એમામયંનિસં સય્યેદયંને મિફંતાંહયિલં બરકાતે વ મિસંબાહુંયિઝં ઝોલોમાતે ફ

સૅલ્લે અૅલયહેમા મા સરા લયલુને વ મા અઝાઅ નહારુને સૅલાતને તગૅદ્દ વ તરૂહૌ વ અતવસ્સલો એલયક બે જઅૅફરિબ્ને મોહંમ્મદેનિસ્સૅ સાદેકે અૅનિલ્લાહે વને નાતેકે ફી ઈલ્મિલ્લાહે વ બે મૂસબ્ને જઅૅફરિને નિલ્ અૅબ્દિસ્સૅ સાલેહે ફી નફ્સેહી વલ વસીયયિને નાસેહિલ એમામયનિલ હાદેયયનિલ મહેદીયયનિલ વાફેયયનિલ કાફેયયને ફ સૅલ્લે અૅલયહેમા મા સબ્બહૅ લક મલકુને વ તહૅર્રક લક ફલકુને સૅલાતને તુનેમા વ તઝીદો વ લા તફૅના વ લા તબીદો વ અતવસ્સલો એલયક બે અૅલીયયિબ્ને મૂસર રેઝા વ બે મોહંમ્મદિબ્ને અૅલીય્યેનિલ મુર્તઝલ એમામયનિલ મોતહેહરયનિલ મુન્તજબયને ફ સૅલ્લે અૅલયહેમા મા અઝાઅ સુબ્હુને વ દામ સૅલાતને તોર્રકીહેમા એલા રિઝ્વાનેક ફિલ ઈલ્લીય્યીન મિને જેનાનેક વ અતવસ્સલો એલયક બે અૅલીયયિબ્ને મોહંમ્મદેનિર રાશેદે વલ હૅસનિબ્ને અૅલીયયિને નિલ હાદીલ કાએમયને બે અમ્રે અૅબાદેકલ મુખ્તબરયને, બિલ મેહનિલ હાએલતે વસ્સૅ સાબેરયને ફિલ એહનિલ મૉએલતે ફ સૅલ્લે અૅલયહેમા કેફાઅ અજરસ્સૅ સાબેરન વ એઝાઅ સવાબિલ ફાએઝીન સૅલાતને તોમહેહેદો લહોમર રિફ્અૅત વ અતવસ્સલો એલયક યા રબ્બે બે એમામેના વ મોહક્કેકે ઝમાનેનલ યવ્મિલ મવઊદે વશ શાહેદિલ મશહૂદે વને નૂરિલ અઝહરે વઝ ઝયાઈલ

અનેવરિલે મનેસૂરે બિરે રોઅબે વલે મોઅય્યદે બિસે સઆદતે ફ સૈલ્લે અલયહે અદદસૈ સમરે વ અવેરાકિશે શજરે વ અજઝાઈલે મદરે વ અદદશે શઅરે વલે વબરે વ અદદ મા અહાતે બેહી ઈલમોક વ અહેસાહૂ કેતાબોક સલાતને યગ્બેતોહૂ બેહલે અવ્વલૂન વલે આખેરૂન. અલ્લાહુમ્મ વહેશુરના ફી ઝુમરતેહી, વહેફ્-ઝના અલા તાઅતેહી, વહેરૂસના બે દવલતેહી વ અતહિફના બે વેલાયતેહી વનેસુરના અલા અઅદાએના બે ઈઝઝતેહી વજઅલના યા રબ્બે મેનતે તવ્વાબીન યા અરહમરે રાહેમીન. અલ્લાહુમ્મ વ ઇન્ન ઈબ્લીસલે મોતમરરેદલે લઈન કદિસે તનેઝરક લે ઈગ્વાએ ખલ્કેક ફ અનેઝરેતહૂ વસતમહેલક લે ઈઝલાલે અબીદેક ફ અમહલતહૂ બે સાબેકે ઈલમેક ફીહે વ કદ અશશશ વ કસોરતે જોનૂદોહૂ વઝદહમતે જોયૂશોહૂ વને તશરતે દોઆતોહૂ ફી અકતારિલે અરઝે ફ અઝલ્લુ અબાદક વ અફસદૂ દીનક વ હરરફૂલે કલેમ અને મવાઝેએહી વ જઅલૂ અબાદક શેયઅને મોતફર્રેકીન વ અહઝાબને મોતમર્રેદીન વ કદ વઅદત નકઝ બુનયાનેહી વ તમઝીક શઅનેહી ફ અહલિક અવલાદહૂ વ જોયૂશહૂ વ તહહિરે બેલાદક મેનિખે તેરાઆતેહી વખતેલાફાતેહી વ અરિહે અબાદક મિને મઝાહેબેહી વ કયાસાતેહી, વજઅલે દાએરતસે સવએ અલયહિમે વબસુતે અદલક, વ અઝહિરે દીનક, વ કવ્વે અવલેયાએક વ અવહિને

**અલ્અંદાએક વ અર્વરિસે દેયાર ઈબ્લીસ વ દેયાર અવ્લેયાએહી અવ્લેયાઅક વ ખલ્લિદહુમ ફિલ જહીમે વ અઝિકહુમ મેનલ અઝાબિલ અલીમે, વર્જઅલ લઓએનેકલ મુસ્તવ્દઅત ફી મનાહેસિલ ખિલ્કતે વ મશાવીહિલ ફિત્રતે દાએરતને અલયહિમ વ મોવક્કલતને બેહિમ વ જારેયતને ફી હિમ કુલ્લ સબાહિન વ મસાઈન વ ગોદુવ્વિન વ રવાહિન રબ્બના આતેના ફિદ દુનેયા હસનતંવ વ ફિલ આખેરતે હસનતંવ વકેના બે રહેમતેક અઝાબન નાર. યા અર્હમર રાહેમીન.**

અય હમેશા રહેવાવાળા, અને હંમેશગીના માલિક. અય જીવંત, અય કાયમ રહેનારા, અય દુઃખો દૂર કરનાર, તકલીફો દૂર કરનાર, અય યાતનાઓને ઘટાવનાર, અય રસુલોને મોકલનાર, અય વાયદાના સાચા, અને હમેશા જીવંત, તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, હું તારાથી નઝદીકી ચાહું છું, તારા હબીબ મોહમ્મદ સ.અ.વ. અને તેના વસી, અને તેના કાકાના દિકરા, અને તેમની દીકરીના પતી હઝરત અલી અ.સ.ના વસીલાથી કે તેં આ બન્ને મારફત શરીઅત સંપૂર્ણ કરી અને તેમની મારફત હકીકતોનો દરવાજો ખોલ્યો, તો સલવાત મોકલ એ બન્ને પર એવી સલવાત જેની સાક્ષી અવ્વલીન અને આખેરીને આપી, અને તેના કારણે વલીઓ અને નેક બંદાઓએ મુક્તી મેળવી. હું તારી નઝદીકી ચાહું છું, જનાબે ફાતેમા ઝેહરા સ.અ.ના વાસ્તાથી, જે જ્ઞાની ઈમામોના માતા છે, અને વિશ્વોની સ્ત્રીઓની સરદાર છે અને તેમના પૂત્રોના દોસ્તોની શફાઅત કરાવનારી છે, તો તું તેમના પર સલવાત મોકલ હંમેશા રહેનારી, અબદુલ આબાદ (અનંતાઅનંત) સદાકાળ અને હું તારી નઝદીકી ચાહું છું, ઈમામ હસન અ.સ.ની મારફત જેઓ વરાએલા, પવિત્ર અને સ્વચ્છ છે અને ઈમામ હુસૈન અ.સ.ની મારફત જેઓ મઝલૂમ અને અલ્લાહની પસંદ છે સદ્વર્તની અને નિતિમાન છે, જન્નતવાળા જવાનોના સરદારો છે, જેઓ બન્ને ઈમામો છે,

ભલા છે, પાકિઝા છે, પરહેઝગાર છે, પાક છે, પવિત્ર છે, શહીદો છે, મઝલૂમો છે, કતલ થયેલા છે, તો તું તે બન્ને પર સલવાત મોકલ જ્યાં સુધી સૂર્ય નિકળતો રહે અને આથમતો રહે, એવી સલવાત જે નિરંતર અને ક્રમશ હોય અને હું તારાથી નઝદીકી ચાહું છું અલી ઈબ્ને હુસેન અ.સ.ની મારફત જે આબિદોના સરદાર છે, અને મોહમ્મદ ઈબ્ને અલી અ.સ.ના વાસ્તાથી જે ઈલમને ફેલાવનાર છે, પાક છે, પ્રકાશમાન નૂર છે, આ બન્ને ઈમામો મારા સરદારો છે, બરકતની ચાવી છે, અંધકારમાં રોશની છે. અય અલ્લાહ તું એ બન્ને પર તારી રહેમત ઉતાર જ્યાં સુધી રાતો છવાતી રહે, અને દિવસનો પ્રકાશ નિકળતો રહે, તેમના પર સવાર સાંજ તારી રહેમત હો, હું તારી નઝદીકી ચાહું છું, ઈમામ જઅફર ઈબ્ને મોહમ્મદ અ.સ.ની મારફત જેઓ અલ્લાહ તરફથી સાચું બોલનારા, અને ઈલ્મે ખુદાથી વાત કરનારા છે, અને ઈમામ મૂસા કાઝિમ અ.સ.ની મારફતે જેઓ તારા નેક બંદા છે અને નસીહત કરનારા વસી છે, આ બન્ને ઈમામો હિદાયત કરનારા અને હિદાયત પામેલા, વફા કરવાવાળા, અને કિફાયત કરવાવાળા છે, તો તું તેઓ બન્ને પર તારી રહેમત મોકલ, જ્યાં સુધી ફરિશ્તાઓ તારી તસ્બીહ કરતા રહે અને તારા માટે આસ્માન ગતિમાન રહે, એવી સલવાત જે વધતી રહે અને વધારે થતી રહે અને ન કદી ખલાસ થાય ન નકામી થાય. હું તારી નઝદીકી ચાહું છું, ઈમામ અલી ઈબ્ને મૂસા અ.સ.ના વાસ્તાથી જેઓ તારી ખુશી પર ખુશ રહેનારા છે અને મોહમ્મદ ઈબ્ને અલી અ.સ.ના વાસ્તાથી જે તને પ્યારા છે અને આ બન્ને ઈમામો પાકિઝા અને કૂળવાન છે, તો તું તેઓ બન્ને પર તારી રહેમત નાઝિલ કર, જ્યાં સુધી સવારનોપ્રકાશ ફેલાતો રહે, બન્ને સાહેબોને તારી ખૂશ્નૂદી તરફ ઉન્નત કરતી રહે અને તારી તરફ અલી ઈબ્ને મોહમ્મદ અ.સ. જે હિદાયત કરનારા છે હસન ઈબ્ને અલી અ.સ. જે રાહબર છે અને આ બન્ને તારા લોકોના આમાલોને ઠીક રાખનારા, સખત મહેનતથી અજમાવવામાં આવેલા અને દુશ્મનોએ આપેલા દુ:ખો પર સબર કરનારા છે, તો તું તેઓ બન્ને પર તારી રહેમત નાઝિલ કર, જે સાબિરોના અજરના સ્થાને હોય અને કામયાબ લોકોના સવાબની બરોબર હોય, જે સલવાત તેમને ઉન્નતીની ટોચે પહોંચાડે અને હું તારી નઝદીકી માટે મારા એ ઈમામના વસીલાથી જે અમારા જમાનાના સત્ય શોધક છે, વાયદો કરાએલા દિવસ (કયામત)ના સાક્ષી અને સાક્ષી દેવાએલા છે, સ્પષ્ટ નૂર, નૂરોનો પ્રકાશ, દબદબા સાથે મન્સૂર છે, અને સદ્‌ભાગી છે, અને સદ્‌ભાગી સાથે વિજેતા

છે, તો તું સલવાત મોકલ તેમના પર જેટલા વૃક્ષોના પાન, અને ફળો જેટલી, ધરતીના રજકણોની સંખ્યા જેટલી, જાનદારોના વાળો અને રૂંવાટીઓની સંખ્યા બરાબર અને એટલી જે તારા ઈલ્મના ઘેરાવામાં છે, અને તારી કિતાબમાં એકઠી કરવામાં આવી છે, એવી સલવાત જેના પર અવ્વલીન અને આખેરીન ઈર્ષા કરે. અય અલ્લાહ અમને તેમના ટોળામાં દાખલ કર અને તેમની તાબેદારી કરવામાં અમારી દોરવણી કર અને તેમના રાજ્યમાં અમારૂં રક્ષણ કર અને તેમની વિલાયતથી અમને માલામાલ કરી દે અને તેમના દુશ્મનોની સામે તેમના વાસ્તાથી અમારી મદદ કર અને અય અમારા પાલણહાર અમને તૌબા કરવાવાળાઓમાં ગણી લે, અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર.

અય અલ્લાહ ! બેશક ઈબ્લીસ બળવાખોરે અને લાનતીએ તારાથી તારા સર્જનોને ભટકાવવા માટે સમય માંગ્યો છે. તો તેં તેને સમય આપ્યો છે અને તેણે તારા બંદાઓને ગુમરાહ કરવાની તક માંગી તો તેને તે મોકો આપ્યો, તારા પૂર્વજ્ઞાનના કારણે જે તને તેના વિષે છે અને તેણે માળાઓ બાંધી રાખ્યા છે, તેનું લશ્કર લાંબુ બની ગયું છે અને તેની ફોજ ઈન્સાનોને નડી રહી છે, તેના પ્રતિનિધિઓ ફેલાઈ ગયા છે, જમીનના ખૂણે ખૂણામાં, એટલે તેણે તારા બંદાઓને ગુમરાહ કરી નાખ્યા છે, તારા દીનમાં ફિત્નો નાખ્યો છે અને તારા કુરઆનમાંથી નસીહતના શબ્દો ફેરવી નાખ્યા છે અને તારા બંદાઓને ફિરકાઓમાં વહેંચી નાખ્યા છે અને જુદા જુદા બંડખોર ટોળાઓમાં ફેરવી નાખ્યા છે અને તેં વાયદો આપ્યો છે તેની ઈમારત તોડી પાડવાનો અને તેની હાલતને ખરાબ કરી દેવાનો. તો તું તેના વંશનો નાશ કર અને તેના લશ્કરને વિખેરી નાખ, અને તારા શહેરોને તેની બિદઅતો અને વિરોધથી પાક કરી દે, તેના મઝહબો અને તેની કલ્પનાઓને મિટાવી દે અને તારા બંદાઓને રાહત પહોંચાડ અને તેઓની ફરતો દુષ્ટતાનો ઘેરાવો નાખ, તારા ન્યાયને ફેલાવ, તારા દીનને પ્રકાશમાન કર, તારા દોસ્તોને તાકતવર બનાવ, અને તારા દુશ્મનોને નિર્બળ કર, અને ઈબ્લીસના પ્રદેશો અને તેના દોસ્તોના પ્રદેશો પર તારા દોસ્તોને કબ્જો આપ અને હંમેશા તેના (ઈબ્લીસ) દોસ્તોને જહન્નમમાં રાખ, અને તેમને મોટા પ્રકોપની મજા ચખાવ, અને એ બધા ફિટકારો જે આ જનમ અપશુકનોમાં અને ફિતરી બદસૂરતોમાં સોંપાયેલ છે તે તેના પર, અને તેને તેના પર નાખતો રહે અને તેઓ પર આ નફરત સવાર અને સાંજ, બધી કાલો અને આજ સુધી નિરંતર રાખ. અય અમારા

પાલણહાર અમને આ દુનિયામાં ભલાઈ આપ અને આખેરતમાં પણ ભલાઈ દે અને જહન્નમની આગથી બચાવ. તારી રહેમતનો વાસ્તો અય રહમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહમ કરનાર.

**પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગો.**

◆◆◆◆◆

## વિદાઅ ઈમામ અલી નકી અને ઈમામ હસન અસ્કરી અ.સ.

**અસ્સલામો અલયકોમા યા વલીયલ્લાહે અસ્તવદેઓં કોમલ્લાહ વ અકરઓ અલયકોમસ્સલામો આમન્ના બિલ્લાહે વ બિર રસૂલે વ બેમા જેઅતોમા બેહી વ દલલતોમા અલયહે. અલ્લાહુમ્મ મક્તુબના મઅશ્શ શાહેદીન. અલ્લાહુમ્મ લા તજઅલ્હો આખેરલ અહદે મિન ઝિયારતી ઈય્યાકોમા વર ઝુકનિલ અવદ એલયહેમા વહુશુરની મઅહોમા વ મઅ આબાએહેમત્તાહેરીન વલ કાએમિલ હુજ્જતે મિન ઝુર્રીય્યતેહેમા યા અરહમર રાહેમીન.**

ઝેયારતે સય્યેદિશ શોહદાએ યુરૈતજા. અસ્સલામો અલયક અંરૈરફલ્લાહો બયનના વ બયનકુમ ફિલ જન્નતે વ હંશરના ફી ઝુમરતેકુમ વ અવરદના હંવઝ નબીય્યેકુમ વ સકૌના બે કઅસે જદદેકુમ મિંય યદે અલીયયિબ્ને અબી તાલેબિને સલવાતુલ્લાહે અલયકુમ અસઅલુલ્લાહ અંય યોરેયના ફી કોમુસ સોરૂર વલ ફરજ વ અંય યજમઅના વ ઈય્યાકુમ ફી ઝુમરતે જદદેકુમ મોહંમ્મદિન સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ અલ લા યસલોબના મઅરેફતકુમ ઈન્નહૂ વલીય્યુન કદીરૂન અતકરરબો એલલ્લાહે બે હુબ્બેકુમ વલ બરાઅતે મિન અઅદાએકુમ વત તસલીમે એલલ્લાહે રાઝેયમ બેહી ગયર મુનકેરિંવ વ લા મુસતકબેરિંવ વ અલા યકીને મા અતા બેહી મોહંમ્મદુન નતેલોબો બે ઝાલેક વજહક યા સય્યેદી. અલ્લાહુમ્મ વ રેઝાક વદ દારલ આખેરત યા સય્યેદી વબન સય્યેદી ઈશફઅ લી ફિલ જન્નતે ફ ઈન્ન લક ઈનદલ્લાહે શઅનન મેનશ શઅને. અલ્લાહુમ્મ ઈન્ની અસઅલોક અન તખતેમ લી બિસ સઆદતે ફ લા તસલુબ મિન્ની મા અના ફીહે વ લા હંવલ વ લા કુંવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીયયિલ અઝીમ. અલ્લાહુમ્મ મસતજિબ લના વ તકંબ્બલહૂ બે કરમેક વ ઈઝઝતેક વ બે રહેમતેક વ આફેયતેક વ સલ્લલ્લાહો અલા મોહંમ્મદિંવ વ આલેહી અમજમઈન વ સલ્લમ તસલીમંય યા

અરહેંમરં રાહેંમીન.

સલામ હો આદમ સફી ઉલ્લાહ પર, સલામ હો નૂહ નબી અલ્લાહ પર, સલામ હો અલ્લાહના દોસ્ત ઈબ્રાહીમ પર, સલામ હો મૂસા કલિમિલ્લાહ પર, સલામ હો ઈસા રૂહુલ્લાહ પર સલામ હો આપ પર અય અલ્લાહના રસૂલ. સલામ હો આપ પર અય અલ્લાહના શ્રેષ્ઠ સર્જન. સલામ હો આપ પર અય અલ્લાહના પસંદીદા. સલામ હો આપ પર અય મોહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ખુદાના આખરી નબી. સલામ હો આપ પર અય અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને તાલિબ રસુલે ખુદાના વસી. સલામ હો આપ પર અય ફાતેમા ઝેહરા આલમીનની ઓરતોની સરદાર. સલામ આપ બંને પર અય રહેમતના નવાસા અને જન્નતના જવાનોના સરદાર. સલામ હો આપ પર અય અલી ઈબ્ને હુસૈન આબિદોના સરદાર અને જોનારની આંખોની ઠંડક. સલામ હો આપ પર અય મોહમ્મદ ઈબ્ને અલી નબીના ઈલ્મને ફેલાવનાર. સલામ હો આપ પર અય જઅફર ઈબ્ને મોહમ્મદ, સાદિક, નેક અને અમીન. સલામ હો આપ પર અય મૂસા ઈબ્ને જઅફર પાક અને પાકિઝા, સલામ હો આપ પર અય અલી ઈબ્ને મૂસા. ખુદા પર રાજી રહેનાર અને ખુદાનો રાજીપો મેળવનાર. સલામ હો આપ પર અય મોહમ્મદ ઈબ્ને અલી અલ્લાહથી ડરનારા, પરહેઝગાર. સલામ હો આપ પર અય અલી ઈબ્ને મોહમ્મદ અય પાક અને પાકિઝા, નસીહત કરનારા અને અમીન. સલામ હો આપ પર અય હસન ઈબ્ને અલી અને સલામ હો તે વલી પર જે હસન ઈબ્ને અલીની પછી આવનારા છે. અય અલ્લાહ તું સલવાત મોકલ તારા નૂર પર, તારા ચિરાગ પર, તારા વલીના વલી પર, તારા વસીના વસી પર અને તારા સર્જનો પરની તારી હુજજત પર. સલામ હો આપ પર અય પાક અને બરગુઝીદા સરદાર. સલામ હો આપ પર અય પાકિઝા સરદારોના પુત્ર. સલામ હો આપ પર અય અલ્લાહના ચૂંટેલા અને શ્રેષ્ઠ હઝરાતના ફરઝંદ. સલામ હો અલ્લાહના રસૂલ પર, અને રસુલે ખુદા સ.અ.વ.ની અવલાદ પર અને તેમના પર અલ્લાહની રહેમતો તથા બરકતો ઉતરે. સલામ હો ખુદાના નેક બંદા પર, વિશ્વોના પાલણહાર અલ્લાહના આજ્ઞાકિત પર, તેના રસૂલ પર અને અમીરૂલ મોઅમેનીન પર, સલામ હો આપ પર અય અબુલ કાસિમ, ચૂંટેલા અને પસંદ કરાએલા નબીના નવાસાના ફરઝંદ. સલામ હો આપ પર જેની ઝિયારતમાં સય્યદુશ્શોહદાની ઝિયારતના સવાબની

આશા રખાય છે.

ખુદા અમારી અને આપની વચ્ચે જન્નતમાં ઓળખાણ કરાવે, અને તેમના સમુદાયમાં અમને ભેળવે અને અમને આપના નબીના હોજ ઉપર ઉતારે અને આપના વડિલના જામથી અમને તૃપ્ત કરે. અલી ઈબ્ને અબિતાલિબના હાથે, તેમના પર અલ્લાહની સલવાત હો. હું અલ્લાહથી અરજ કરૂં છું કે તે મને આપની ખૂશી અને સુખ દેખાડે અને અમને તથા આપને આપના દાદા મોહમ્મદ સ.અ.વ. અને તેની આલના સમુદાયમાં ભેગા કરે અને મારા દિલથી આપ લોકોની મઅરેફતને મિટાવા ન દે ખરેખર તે શકિતમાન અને માલીક છે. હું આપની મહોબ્બતના ઝરીએ અલ્લાહની નઝદીકી ચાહું છું અને આપના દુશ્મનોથી દૂરી ચાહું છું અને ખુદાના હુકમને રાજીખુશીથી માથે ચડાવું છું. તેનો ઈન્કાર નથી કરતો અને ગર્વ નથી કરતો અને તેણે મોહમ્મદ સ.અ.વ.ને જે કંઈ આપ્યું છે તેનું યકીન રાખું છું અને તેના વસીલાથી તારી નઝદીકી ચાહું છું અય મારા માલિક અને આખેરતમાં તારો રાજીપો ચાહું છું.

અય મારા સરદાર, અને અય મારા સરદારના ફરઝંદ, મારા માટે જન્નતની ભલામણ કરો કેમકે અલ્લાહ પાસે આપનો મોટો મરતબો છે. અય અલ્લાહ તારાથી સવાલ કરૂં છું કે મારા પર ભલાઈઓ પૂરી કર અને મારાથી ઈમાન ન છીનવી લેજે ન તો કોઈ મદદ કે ન તો કોઈ શકિત છે સિવાય અલ્લાહ મહાન અને અઝમત વાળાની, અય અલ્લાહ તું અમારાથી કબૂલ કરી લે અને અમારી દુઆ પૂરી કર તારા કરમથી, તારી ઈઝઝતથી, તારી રહેમતથી અને તારી આફેયતથી, અને સલવાત નાઝિલ કર મોહમ્મદ સ.અ.વ. અને તેમની તમામ આલ પર અને સલામતી ઘણી ઘણી સલામતી દે. અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરનારા.

**પછી બે રકાત નમાઝ હદીયાની નિય્યતથી પઢે :**

◆◆◆◆◆

## ઈમામઝાદા હમઝાની ઝિયારત

**અસ્સલામો અલા જદ્દેકલ મુસ્તફા. અસ્સલામો અલા અબીકલ મુર્તઝા. અસ્સલામો અલા ઉમ્મેક ફાતેમતઝ ઝહરાઅ. અસ્સલામો અલલ હસનિલ**

મુજ્તબા. અસ્સલામો અલલ હુસયનિશ શહીદે બે કરબલા. અસ્સલામો અલન્નોકૂસિલ ફાખેરતે શોફઆઈ ફિલ આખેરતે અવલેયા ઈનદ અવદિરે રૂહે અલલ અઝામિને નખેરતે અઈમ્મતિલ ખલકે વ વોલાતિલ હકકે. અસ્સલામો અલયક અય્યોહસ સય્યેદુલ અલીમ. અસ્સલામો અલયક અય્યોહસ સય્યેદુલ કરીમ. અસ્સલામો અલયક યા મને ઝારહો સય્યેદના અબ્દુલ અઝીમ. અસ્સલામો અલયક યબનલ કાઝેમિલ કઝીમ. અસ્સલામો અલયકુમ વ રહેમતુલ્લાહે વ બરકાતોહ.

સલામ હો આપના દાદા મુસતફા સ.અ.વ. પર. સલામ હો આપના પિતા અલીય્યે મુરતુઝા પર. સલામ હો આપની મા ફાતેમા ઝેહરા પર. સલામ હો ઈમામ હસન અલ મુજતબા પર. સલામ હો ઈમામ હુસૈન શહીદે કરબલા પર. સલામ હો એ પાક વ્યક્તિઓ પર જેઓ કયામતમાં મારી શફાઅત કરનારા છે અને મારા વલી છે. જયારે ફરીથી મારા સડી ગયેલા હાડકામાં રૂહ ફુંકવામાં આવશે. જે લોકોના ઈમામો છે અને બરહક વલીઓ છે. સલામ હો આપ પર અય જ્ઞાની સરદાર. સલામ હો આપ પર અય માનવંત સરદાર. સલામ હો આપ પર અય જેની મારા સરદાર અબ્દુલ અઝીમે ઝિયારત કરી. સલામ હો આપ પર અય ગુસ્સાના પીનારા કાઝિમના ફરઝંદ. સલામ અને અલ્લાહની બરકતો તથા રહેમતો ઉતરે.

**પછી બે રકાત નમાઝ પઢીને આપને હદિયો કરે :**

◆◆◆◆◆

## ઈમામઝાદા તાહિરની ઝિયારત

અસ્સલામો અલયક અય્યોહસ સય્યેદુલ તાહેર. અસ્સલામો અલયક અય્યોહસ સનદુઝ ઝાહેર. અસ્સલામો અલયક અય્યોહતે તકિય્યુર રઝિય્ય. અસ્સલામો અલયક અય્યોહલ આબેદુસ સાલેહ.

**અસ્સલામો અલયક અય્યોહલ ઝાહેદુલ ફાતેહ. અસ્સલામો અલયક યા સલિલલ અઈમ્મતિલ મઅસુમીનલ હાદીનલ મહેદિય્યીન. અસ્સલામો અલયક યા ખલફલ અવસિયાઈલ મરઝિય્યીન. અશહદો અન્ન લક ઈનદલ્લાહે કદરન અઝીમંવ વ શાનરે રફીઅલ લે અન્નહૂ તઆલા અઝહર જસદકત તય્યેબ વ બદનકત તાહર બઅદ મઝિય્યે કોરુનિમ મોતતાવેલતિંવ વ સેનીન મોત કાસેરતિમ મિન હિનિરે તેહાલેક એલા જવારિલ્લાહે લે યો બય્યેન કદરક વ મનઝેલતેક વ મનઝેલત આબાએકત તાહેરીન વ અજદાદેકલ મઅસુમીન અલા મનિતતબઅ કુમ મિન શીઅતેકોમુલ મુખલેસિન ઈરગામલ લિલ જાહેદીન. અસ્સલામો અલયક યા સય્યેદી વ મવલાય યા તાહેર ઈબ્ને ઈમામે ઝયનિલ આબેદીન વ અલા રુહેક વ બદનેક વ અલત તાહેરીન મિન આબાએક વ અજદાદેક વ રહેમતુલ્લાહે વ બરકાતોહ.**

સલામ હો આપ પર અય સય્યદ અને તાહિર. સલામ હો આપ પર અય ખુલ્લી સનદ. સલામ હો આપ પર અય પરહેઝગાર અને ખુદાની ખુશી પર રાજી રહેનારા. સલામ હો આપ પર અય નેક ઈબાદત ગુઝાર. સલામ હો આપ પર અય ઈચ્છાઓ પર ફતહ પામનાર. સલામ હો આપ પર અય માસૂમીનના ફરઝંદ. જેઓ હિદાયત પામેલા અને હિદાયત આપનારા છે. સલામ હો આપ પર અય ખુદાના રાજીપા પર રાજી રહેનારા વસીઓના ફરઝંદ.

હું ગવાહી આપું છું કે ખરેખર અલ્લાહ પાસે આપની ઘણી ઈઝઝત છે અને આપનો મોભો ઘણો ઊંચો છે. એટલા માટે કે લાંબા સમય પછી ઘણો

કાળ વહેવા પછી ખુદાએ આપના પાક જિસમ અને પાકિઝા બદનને જાહેર કર્યું. જ્યારે આપ પહેલાં ખુદાની બારગાહમાં પહોંચી ચુકયા હતા. જેથી આપના મરતબાને જાહેર કરે અને આપના બાપ-દાદાઓની મનઝેલતની પહેચાન કરાવે. આપની પયરવી કરનારા મૂખ્લીસ દોસ્તોને અને મુનકરીનને આપની મહોબ્બતનું ભાન થાય. સલામ હો આપ પર અય મારા સરદાર, અને મૌલા અય તાહિર ઈબ્ને ઈમામ ઝયનુલ આબેદિન અ.સ. અને સલામ હો આપની રૂહ પર આપના બદન પર અને આપના પવિત્ર વડવાઓ ઉપર અને બાપ-દાદાઓ પર અને ખુદાની રહેમત અને બરકતો નાઝિલ થાય.

**પછી બે રકાત નમાઝ પઢી આપને હદિયો કરે.**

◆◆◆◆◆

## ઈમામ રઝા અ.સ.ની ઝિયારત

**રોઝાના દરવાજા ઉપર પહોંચી કહે :**

અલ્લાહો અકબરો અલ્લાહો અકબરો અલ્લાહો અકબરો કબીરન વલ હંમદો લિલ્લાહે કસીરંવ વ સુબહાનલ્લાહે બુકરતંવ વ અસીલન અલ હંમદો લિલ્લાહે અલા હિદાયતેહી લે દીનેહી વત્તવફીકે લે મા દઆ એલયહે મિન સબીલેહી. અલ્લાહુમ્મ ઈન્નક અકરમો માતિય્યીવં વ કંદ અતયતોક યા ઈલાહી મુતકર્રેબન એલયક બે ઈબ્ને બિન્તે નબીય્યેક મોહંમ્મદિન સલવાતોક અલયહે વ આલેહી. અલ્લાહુમ્મ ફલા તોખંયયિબ સઅઈ વલા તકતઅ મિન ફઝલેક રજાઈ વજે અલની ઈન્દક વજીહન ફીદ દુનેયા વલ આખેરતે વ મેનલ મુકર્રબીન બે રહેમતેક યા અરહમર રાહેમીન.

અલ્લાહ મહાન છે, અલ્લાહ મહાન છે, અલ્લાહ મહાન છે. ઘણો ઘણો

મહાન અને ઘણી તારીફને તે લાયક છે તે હર અયબથી પાક છે, સવાર સાંજ મારો આ જ વિર્દ છે. તમામ તારીફ એ ખુદાને માટે છે જેણે પોતાના દીન તરફ અમારી દોરવણી કરી. અને તેના માર્ગ અખત્યાર કરવાની તેણે તવફીક આપી. અય અલ્લાહ ખરેખર સૌથી ઉત્તમમાં ઉત્તમ ધ્યેય તારી કુરબત છે અને સૌથી મોટો મહેરબાન તું જ છે અને હું હાજર થયો છું.

અય અલ્લાહ તારી બારગાહમાં તારી કુરબત હાંસિલ કરવા તારા નબી સ.અ.વ.ના ફરઝંદના દ્વારા. અય અલ્લાહ મારી આ મહેનતને એળે ન જવા દેજે અને તારા ફઝલથી મને હતાશ ન કરજે અને મને તારી પાસે માનવંત અને દીન દુનિયામાં તારા મુકર્રબ બંદાઓમાં દાખલ કર અય રહેમ કરવા વાળાઓમાં સૌથી વધારે રહેમ કરનાર તારી રહેમતનો વાસ્તો.

**પછી બીજા દરવાજા પર પહોંચે તો કહે :**

**અલ્હંમ્દો લિલ્લાહિલ્લઝી હદાના લે હાઝા વમા કુન્ના લે નહેતદેય લવ લા અન્ હદાનલ્લાહો લકંદ જાઅત્ રોસોલો રબ્બેના બિલ્ હંક્કે ફ કુંલેત યા અય્યોહલ લઝીન આમનૂ લા તદખોલૂ બોયુતન્ નબીય્યે ઈલ્લા અંઈયુઝન લકુમ્ ફહા અનાઝા મુસ્તાઝેનોક વ મુસ્તાઝેનો રસૂલેક સંલવાતોક અંલયહે વ આલેહી. અઅદખોલો યા અલ્લાહ. અઅદખોલો યા રસૂલલ્લાહ. અઅદખોલો યા અમીરલ્ મુઅમેનીન. અઅદખોલો યા ફાતેમતઝ્ ઝહેરાએ સય્યેદત નેસાઈલ્ આલમીન. અઅદખોલો યા મવ્લાના હંસન ઈબ્ને અંલીયેયિન. અઅદખોલો યા મવ્લાના હુંસયન ઈબ્ને અંલીયેયિન. અઅદખોલો યા મવ્લાના અંલીય્યબ્નિલ્ હુંસયને ઝયનલ્ આબેદીન. અઅદખોલો યા મવ્લાના મોહંમ્મદ ઈબ્ને અંલીયેયિન. અઅદખોલો યા મવ્લાના**

**જઅ્ફર ઈબ્ને મોહંમ્મદ. અઅદ્ખોલો યા મવ્લાના મૂસા ઈબ્ને જઅ્ફર. અઅદ્ખોલો યા મવ્લાના અલીય્ય ઈબ્ને મૂસર્રેઝા. અઅદ્ખોલો યા મવ્લાના મોહંમ્મદ ઈબ્ને અલીય્ય. અઅદ્ખોલો યા મવ્લાના અલીય્ય ઈબ્ને મોહંમ્મદ. અઅદ્ખોલો યા મવ્લાના હંસન ઈબ્ને અલીય્ય. અઅદ્ખોલો યા મવ્લાના હુંજ્જત ઈબ્ને હંસન સાંહેબઝે ઝમાન. અઅદ્ખોલો યા અય્યતોહલ્ મલાએતુલ્ મોવક્કેલુનલ્ મુકિમુનલ્ મોહંદ્દેકંતુલ્ હાંફેઝુન ફી હાઝલ્ હંરમિશ્ શરીફિલ્ મુબારકતે વ રંહેમતુલ્લાહે વ બરકાતોહ.**

તમામ તારીફ એ ખુદાને લાયક છે જેણે અમને આ ઝિયારતની હિદાયત કરી અને અમો કદી હિદાયત ન પામત જો તે પોતે અમારૂં માર્ગદર્શન ન કરત, ખરેખર અમારા પાલણહારના રસૂલ હક વાતો લઈને આવ્યા, જેમકે તેં ફરમાવ્યું છે કે : અય ઈમાનવાળાઓ તમે નબી સ.અ.વ.ના ઘરોમાં જ્યાં સુધી તમને ઈજાઝત ન આપવામાં આવે દાખલ ન થાવ. એટલે હું તારી ઈજાઝત માગું છું અને તારા રસૂલની ઈજાઝત ચાહું છું તેમના પર અને તેમની આલ પર તારી સલવાત હો.

અય અલ્લાહ શું હું દાખલ થાઉં. અય રસૂલે ખુદા શું હું દાખલ થાઉં ? યા અમીરૂલ મોઅમેનીન શું હું દાખલ થાઉં ? અય ફાતેમા ઝેહરા સ.અ. મારી અને વિશ્વની સ્ત્રીઓની સરદાર શું હું દાખલ થાઉં ? અય મૌલા હસન ઈબ્ને અલી અ.સ. શું હું દાખલ થાઉં ? અય મૌલા હુસૈન ઈબ્ને અલી અ.સ. શું હું દાખલ થાઉં ? અય મારા મૌલા અલી ઈબ્ને હુસૈન આબિદોની ઝિનત શું હું દાખલ થાઉં ? અય મૌલા મોહમ્મદ ઈબ્ને અલી શું હું દાખલ થાઉં ? અય મારા મૌલા જઅફર ઈબ્ને મોહમ્મદ શું હું દાખલ થાઉં ? અય મારા મૌલા મૂસા ઈબ્ને જઅફર શું હું દાખલ થાઉં ? અય મારા મૌલા અલી ઈબ્ને મૂસા રઝા શું હું દાખલ થાઉં ? અય મારા મૌલા મોહમ્મદ ઈબ્ને અલી શું હું દાખલ થાઉં ? અય મારા મૌલા અલી ઈબ્ને મોહમ્મદ શું હું દાખલ થાઉં ? અય મારા

મૌલા હસન ઈબ્ને અલી શું હું દાખલ થાઉં ? અય મારા મૌલા હુજ્જત ઈબ્ને હસન ઝમાનાના માલિક શું હું દાખલ થાઉં ? આ મુબારક હરમમાં રહેનારા, હરમની ફરતા ચોકી કરનારા, હરમનું રક્ષણ કરનારા, અને હરમના રખેવાળ મુકર્રર થએલા ફરિશ્તાઓ. તમો બધા પર ખુદાની રહેમત અને બરકાત ઉતરે શું હું અંદર દાખલ થાઉં ?

**પછી હરમ મુબારકમાં દાખલ થાય અને કહે :**

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ ફી સબીલિલ્લાહે વ અ઼લા મિલ્લતે રસૂલિલ્લાહે સ઼લ્લલ્લાહો અ઼લયહે વ આલેહી. અશ્હદો અલ્લ લા ઈલાહ ઈલ્લલ્લાહો વહ઼દહૂ લા શરીક લહૂ વ અશ્હદો અન્ન મોહ઼મ્મદન અ઼બ્દોહૂ વ રસૂલોહૂ વ અન્ન અ઼લિય્યુન વલીય્યુલ્લાહ.**

અલ્લાહના નામથી, તેની મદદથી, તેના માર્ગ પર ચાલી તેના રસૂલ સ.અ.વ.ની ઉમ્મતમાં રહીને દાખલ થાઉં છું. હું ગવાહી આપું છું કે કોઈ ઈબાદતને લાયક નથી સિવાય અલ્લાહની જે એક છે તેનો કોઈ ભાગીદાર નથી અને ગવાહી આપું છું કે મોહમ્મદ સ.અ.વ. તેના ખાસ બંદા અને રસૂલ છે અને ગવાહી આપું છું કે અમીરૂલ મોઅમેનીન ઈમામ અલી અ.સ. મુત્તકીઓના ઈમામ અને અલ્લાહના વલી છે.

**પછી ઝરીહ મુબારકની નઝદીક જાય અને પોતાની પીઠ કિબ્લા તરફ રાખી કહે :**

**અશ્હદો અલ્લ લા ઈલાહ ઈલ્લલાહો વહ઼દહૂ લા શરીક લહૂ વ અશ્હદો અન્ન મોહ઼મ્મદન અ઼બ્દોહૂ વ રસૂલોહૂ વ અન્નહૂ સય્યેદુલ અવ્વલીન વલ આખેરીન વ અન્નહૂ સય્યેદુલ અમ્બેયાએ વલ મુર્સલીન. અલ્લાહુમ્મ સ઼લ્લે અ઼લા મોહ઼મ્મદિન અ઼બ્દેક વ રસૂલેક વ નબીય્યેક વ સય્યેદે ખ઼લ્કેક અજ્મઈન સ઼લાતન લા યક઼વા અ઼લા એહ઼સાએહા ગ઼ય્રોક. અલ્લાહુમ્મ**

સૅલ્લે ઑલા અમીરિલ મુઅ્મેનીન ઑલીયૅયિબ્ને અબી તૉલેબિને ઑબ્દેક વ અખીં રસૂલેકલ લઝીને તજબ્તહૂ બે ઈલ્મેક વ જઑલ્તહૂ હાદેયલ લે મને શેઅ્ત મિને ખૅલ્કૅક વદ દલીલ ઑલા મર્ અ્બઑસ્તહૂ બે રેસાલાતેક વ દય્યાનદ દીને બે ઑદલેક વ ફસ્લૅ કૅઝૉએક બયૅન ખૅલ્કૅક વલ્ મોહયમેને ઑલા ઝાલેક કુલ્લેહી વસ્ સલામો ઑલયહે વ રૅહેમતુલ્લાહે વ બરકાતોહ. અલ્લાહુમ્મ સૅલ્લે ઑલા ફાર્તેમત બિન્તે નબીય્યેક વ ઝવ્જત વલીય્યેક વ ઉમ્મિસ્ સિબ્તૅયનિલ હૅસને વલ હુસયને સય્યેદય શબાબે અહેલિલ જન્નતિત તુહેરતિત તાહેરતિલ મોતહેહરતિત તકીય્યતિન નકીય્યતિર રઝીય્યતિઝ ઝકીય્યતે સય્યેદતે નેસાઈલ ઑલમીન વ અહેલિલ જન્નતે અજ્મઈન સૅલાતલ લા યકૅવા ઑલા એહેસૉએહા ગૅયરોક. અલ્લાહુમ્મ સૅલ્લે ઑલલ હૅસને વલ હુસયને સિબ્તૅય નબીય્યેક વ સય્યેદય શબાબે અહેલિલ જન્નતિલ કૉએમયને ફી ખૅલ્કૅક વદ દલીલયને ઑલા મર્ બઑસ્ત બે રેસાલાતેક વ દય્યાનયિદ દીને બે ઑદલેક વ ફસ્લૅયં કૅઝૉએક બયૅન ખૅલ્કૅક. અલ્લાહુમ્મ સૅલ્લે ઑલા ઑલીયૅયિ-બ્નિલ હુસયને ઑબ્દેકલ કૉએમે ફી ખૅલ્કૅક વદ દલીલયને ઑલા મર્ બઑસ્ત બે રેસાલાતેક વ દય્યાનિદ દીને બે ઑદલેક વ ફસ્લૅ કૅઝૉએક બયૅન ખૅલ્કૅક સય્યદિલ ઑબેદીન. અલ્લાહુમ્મ સૅલ્લે ઑલા

મોહંમ્મદિબ્ને અલીય્યિને અબ્દેક વ ખલીફતેક ફી અરઝેક બાકેરે ઈલ્મિન નબીય્યીન. અલ્લાહુમ્મ સલ્લે અલા જઅ્ફરિબ્ને મોહંમ્મદિસ્સાદેકે અબ્દેક વ વલીય્યે દીનેક વ હુજ્જતેક અલા ખલ્કેક અજ્મઈનસ્ સાદેકિલ્ બારરે. અલ્લાહુમ્મ સલ્લે અલા મૂસબ્ને જઅ્ફરિન અબ્દેકસ્ સાલેહે વ લેસાનેક ફી ખલ્કેક વન્ નાતેકે બે હુકમેક વલ્ હુજ્જતે અલા બરીય્યતેક. અલ્લાહુમ્મ સલ્લે અલા અલીય્યિબ્ને મૂસર રેઝલ મુરતઝા અબ્દેક વ વલીય્યે દીનેકલ્ કાએમે બે અદ્લેક વદ્ દાઈ એલા દીનેક વ દીને આબાએહિસ્ સાદેકીન સલાતલ્ લા યક્વા અલા એહ્સાએહા ગૈરોક. અલ્લાહુમ્મ સલ્લે અલા મોહંમ્મદિબ્ને અલીય્યિન અબ્દેક વ વલીય્યેકલ્ કાએમે બે અમ્રેક વદ્ દાઈ એલા સબીલેક. અલ્લાહુમ્મ સલ્લે અલા અલીય્યિબ્ને મોહંમ્મદિન અબ્દેક વ વલીય્યે દીનેક. અલ્લાહુમ્મ સલ્લે અલલ્ હસનિબ્ને અલીય્યેનિલ્ આમેલે બે અમ્રેકલ્ કાએમે ફી ખલ્કેક વ હુજ્જતેકલ્ મોઅદ્દી અન્ નબીય્યેક વ શાહેદેક અલા ખલ્કેકલ્ મખ્સૂસે બે કરામતેકદ્ દાઈ એલા તાઅતેક વ તાઅતે રસૂલેક સલવાતોક અલયહિમ અજ્મઈન. અલ્લાહુમ્મ સલ્લે અલા હુજ્જતેક વ વલીય્યેકલ્ કાએમે ફી ખલ્કેક સલાતન તામ્મતન નામેયતન બાકેયતન તોઅજ્જેલો બેહા ફરજહૂ વ તન્સોરોહૂ બેહા વ તજ્અલોના

**મઅંહૂ ફિદ્દ દુનેયા વલ્ આખેરત. અલ્લાહુમ્મ ઈન્ની અતકર્રબો એલયક બે હુંબ્બેહિમ્ વ ઓવાલી વલીય્યહુમ્ વ ઓઆદી અંદુવ્વહુમ્ ફરઝુકની બેહિમ્ ખયરદ્દ દુનેયા વલ્ આખેરતે વસ્રિફ્ અન્ની બેહિમ્ શર્રદ્દ દુનેયા વલ્ આખેરતે વ અહેવાલ યવમિલ્ કેયામહ.**

હું ગવાહી આપું છું કે કોઈ ઈબાદતને લાયક નથી સિવાય અલ્લાહની જે એક છે અને તેનો કોઈ ભાગીદાર નથી અને ગવાહી આપું છું કે મોહમ્મદ સ.અ.વ. તેના (અલ્લાહના) ખાસ બંદા છે અને રસૂલ છે અને તેઓ અવ્વલીન અને આખેરીનના સરદાર છે અને બેશક તેઓ અંબિયા અને મુરસલીનના સરદાર છે.

અય અલ્લાહ સલવાત મોકલ મોહમ્મદ સ.અ.વ. પર જે તારા બંદા, તારા રસૂલ અને તારા નબી છે, અને તારી તમામ સર્જનના સરદાર છે, એવી સલવાત જેનો શુમાર કરવાની તારા સિવાય કોઈનામાં શકિત ન હોય. અય અલ્લાહ સલવાત મોકલ અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબિ તાલિબ અ.સ. પર જેઓ તારા ખાસ બંદા છે અને તારા રસૂલના ભાઈ છે, જેને તેં તારા ઈલ્મ માટે ચૂંટી કાઢયા છે અને તારી મખ્લૂકમાંથી જેને ચાહે તેના માટે તેં તેમને માર્ગદર્શક બનાવ્યા છે, અને તારી રિસાલત પર જેને નીમ્યા છે તે તેમના માટે એક દલીલ છે અને તારા અદલ સાથે તેને હાકિમ બનાવ્યા છે, તારી મખ્લૂક વચ્ચે ચૂકાદા આપનાર કાઝી બનાવ્યા છે અને તેઓ બધા કામો પર રખેવાળ નિયુકત છે. તેમના પર સલામ હો અને અલ્લાહની રહેમતો તથા બરકતો ઉતરે. અય અલ્લાહ સલવાત મોકલ તારા નબીની લાડલી બેટી, તારા વલીની ઝવજા પર અને તારા નબીના નવાસાઓ ઈમામ હસન અને ઈમામ હુસૈન અ.સ. જન્નતના જવાનોના સરદારોની મા ફાતેમા સલા. પર જે ખાતૂન પાક પાકિઝા, પાક કરનારી, અલ્લાહથી ડરનારી, ઈબાદત ગુઝાર, અલ્લાહની ખુશી પર રાજી રહેનારી, ઝકીય્યા, આલમીનની ઓરતોની સરદાર અને જન્નતવાળાઓની સરદાર છે. એવી સલવાત જેનો શુમાર તારા સિવાય કોઈ ન કરી શકે. અય અલ્લાહ, સલવાત મોકલ ઈમામ હસન અને

ઈમામે હુસૈન અ.સ. તારા નબીના નવાસાઓ, એહલે જન્નતના જવાનોના સરદારો પર, જે બંને તારી મખ્લૂક પર કાયમ છે અને તારા રસૂલની રિસાલત પર દલીલ છે અને અદલથી દીનના હાકિમ છે અને તારી મખ્લૂક વચ્ચે ન્યાય કરનારા છે. અય અલ્લાહ સલવાત મોકલ અલી ઈબ્ને હુસૈન અ.સ. પર, જે તારી મખ્લૂક પર કાયમ તારા બંદા છે અને તારા રસૂલ મારફત જે કંઈ તેં મોકલાવ્યું તેની દલીલ છે અને અદલથી તારા દીનના હાકિમ છે, અને તારી મખ્લૂક વચ્ચે તારા હુકમ મુજબ ફેંસલા કરનારા છે, અને આબિદોના સરદાર છે. અય અલ્લાહ સલવાત મોકલ મોહમ્મદ ઈબ્ને અલી અ.સ. પર જે તારા બંદા, તારી જમીન પર તારા ખલીફા, અને નબીઓના ઈલ્મને ફેલાવનારા છે. અય અલ્લાહ સલવાત મોકલ જઅફર ઈબ્ને મોહમ્મદ અલ સાદિક અ.સ. પર, જેઓ તારા બંદા, તારા દીનના વલી, અને તારી તમામ મખ્લૂક પર તારી હુજ્જત છે, સાચા છે અને નેક છે. અય અલ્લાહ સલવાત મોકલ મુસા ઈબ્ને જઅફર અ.સ. પર, જે તારા નેક બંદા છે, જે તારી મખ્લૂક પર તારી જબાન છે, અને જે હિકમત સાથે વાતો કરે છે, અને તારી મખ્લૂક પર તારી હુજ્જત છે. અય અલ્લાહ સલવાત મોકલ અલી ઈબ્ને મૂસા રઝા અ.સ. પર, જેઓ તારા બંદા, તારા દીનના વાલી, તારા અદલ પર કાયમ, તારા દીનની દાવત આપનારા અને તેના વડવાઓના દીનના દાઈ. એવી સલવાત મોકલ જેની ગણત્રી કરવાની તારા સિવાય કોઈનામાં શક્તિ ન હોય. અય અલ્લાહ સલવાત મોકલ મોહમ્મદ ઈબ્ને અલી અ.સ. પર, જેઓ તારા બંદા, તારા વલી, તારા હુકમો પર કાયમ, તારા માર્ગ તરફ બોલાવનારા છે. અય અલ્લાહ સલવાત મોકલ અલી ઈબ્ને મોહમ્મદ અ.સ. પર, જેઓ તારા બંદા, તારા દીનના વાલી છે. અય અલ્લાહ સલવાત મોકલ હસન ઈબ્ને અલી અ.સ. પર, જેઓ તારા હુકમોનું પાલન કરાવનારા, તારી મખ્લૂક પર કાઈમ, અને તારી હુજ્જત જે તારા નબી વતિ અદા કરનારા છે અને તારી મખ્લૂક પર તારા ગવાહ, તારી કરામતોથી ખાસ માલામાલ, તારી અને તારા રસૂલની ઈતાઅત તરફ લોકોને દાવત આપનારા, આ બધા પર તારી રહેમતો ઉતરે. અય અલ્લાહ સલવાત મોકલ તારી હુજ્જત પર, અને તારા વલી પર જેઓ તારી મખ્લૂક પર કાયમ છે, એવી સંપૂર્ણ સલવાત જે સદા વધનારી, સદા રહેનારી હો, તેમના આગમનમાં જલ્દી કર, અને તેમની મદદ કર તેમાં, અને એમને દુનિયા અને આખેરતમાં તેમની સાથે ગણી લે. અય અલ્લાહ હું

તેમની મહોબ્બત થકી તારી નઝદીકી ચાહું છું. હું તેમના દોસ્તોનો દોસ્ત છું અને તેમના દુશ્મનોનો દુશ્મન છું. તેમના હિસાબે મને દીન અને દુનિયાની ભલાઈ અતા કર, અને તેમના લીધે મને દીન અને દુનિયાની બુરાઈઓથી બચાવ અને કયામતના ભયથી નજાત દે.

*પછી સિરહાના આગળ આવી કહે :*

**અસ્સલામો અઁલયઁક યા વલીય્યલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા હુઁજ્જતલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા નૂરલ્લાહે ફી ઝોલોમાતિલ અર્ઝ. અસ્સલામો અઁલયઁક યા અઁમૂદદ્ દીન. અસ્સલામો અઁલયઁક યા વારેસ આદમ સિફ્વતિલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા વારેસ નૂહિન નબીયઁયિલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા વારેસ ઈબ્રાહીમ ખઁલીલિલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા વારેસ ઈસ્માઈલ ઝબીહિલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા વારેસ મૂસા કલીમિલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા વારેસ ઈસા રૂહિલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા વારેસ મોહઁમ્મદિન રસૂલિલ્લાહ. અસ્સલામો અઁલયઁક યા વારેસ અમીરિલ મુઅ્મેનીન અઁલીયઁયિન વલીયઁયિલ્લાહે વ વસીય્યે રસૂલે રબ્બિલ આઁલમીન. અસ્સલામો અઁલયઁક યા વારેસ ફાર્તેમતઝ ઝહેરાએ સય્યેદતે નિસાઈલ આઁલમીન. અસ્સલામો અઁલયઁક યા વારેસ અબી મોહઁમ્મદેનિલ હઁસને વલ હુઁસયઁને સય્યેદયઁ શબાબે અહેલિલ જન્નત. અસ્સલામો અઁલયઁક યા વારેસ અઁલીયઁયિબ્નિલ હુઁસયઁને ઝયઁનિલ આઁબેદીન.**

**અસ્સલામો અલયક યા વારેસ મોહંમ્મદિબ્ને અલીયેયિને બાકેરે ઈલ્મિલ્ અવ્વલીન વલ્ આખેરીન. અસ્સલામો અલયક યા વારેસ જઅફરિબ્ને મોહંમ્મદેનિસ્ સાદેકિલ્ બાર્રીલ અમીન. અસ્સલામો અલયક યા વારેસ મૂસબ્ને જઅફરિન. અસ્સલામો અલયક અય્યોહસ્ સિદ્દીકુશ્ શહીદ. અસ્સલામો અલયક અય્યોહલ્ વસીય્યુલ્ બારરૂત્ તકી. અશ્હદો અન્નક કદ્ અકમ્તસ્ સલાત વ આતયતઝ્ ઝકાત વ અમર્ત બિલ્ મઅરૂફે વ નહયત અનિલ્ મુન્કરે વ અબદ્તલ્લાહ મુખ્લેસન્ હત્તા અતાકલ્ યકીન. અસ્સલામો અલયક યા અબલ્ હસને વ રહમતુલ્લાહે વ બરકાતોહ. ઈન્નહૂ હમિદુમ્ મજીદ. લઅનલ્લાહો ઉમ્મતન્ કતલતક વ લઅનલ્લાહો ઉમ્મતન્ ઝલમતક વ લઅનલ્લાહો ઉમ્મતન્ અસ્સસત્ અસાસઝ્ ઝુલ્મે વલ્ જવ્રે વલ્ બિદઅતે અલયકુમ્ અહ્લલ્ બયત.**

સલામ હો આપ પર અય અલ્લાહના વલી. સલામ હો આપ પર અય અલ્લાહની હુજ્જત. સલામ હો આપ પર અય ધરતીના અંધકારમાં અલ્લાહના નૂર. સલામ હો આપ પર અય દીનના સૂતુન, સલામ હો આપ પર અય આદમ સફીઉલ્લાહના વારિસ, સલામ હો આપ પર અય નૂહ નબી અલ્લાહના વારિસ, સલામ હો આપ પર અય ઈબ્રાહીમ ખલીલુલ્લાહના વારિસ, સલામ હો આપ પર અય ઈસ્માઈલ ઝબીહુલ્લાહના વારિસ, સલામ હો આપ પર અય મૂસા કલીમુલ્લાહના વારિસ, સલામ હો આપ પર અય ઈસા રૂહુલ્લાહના વારિસ, સલામ હો આપ પર અય મોહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ખાતેમુન્નબીયીન, આલમીનના રબના હબીબ, અલ્લાહના રસૂલના વારિસ સલામ હો આપ પર અય અલી ઈબ્ને અબિતાલિબ અમીરૂલ મોઅમેનીન,

અલ્લાહના વલીના વારિસ, સલામ હો આપ પર અય આલમીનની ઓરતોની સરદાર ફાતેમા ઝેહરા સલા.ના વારિસ, સલામ હો આપ પર અય અબા મોહમ્મદ ઈમામ હસન અ.સ.ના વારિસ, સલામ હો આપ પર અય અબુ અબ્દુલ્લાહ ઈમામ હુસૈન અ.સ.ના વારિસ, સલામ હો આપ પર અય અલી ઈબ્નુલ હુસૈન અ.સ. આબિદોના સરદારના વારિસ, સલામ હો આપ પર અય મોહમ્મદ ઈબ્ને અલી અ.સ. અવ્વલીન અને આખેરીનના ઈલ્મને ફેલાવનારના વારિસ, સલામ હો આપ પર અય જઅફર ઈબ્ને મોહમ્મદ અ.સ. સાચા, સદ્ગુણી અને ભરોસાપાત્રના વારિસ, સલામ હો આપ પર અય અબુલ હસન મૂસા ઈબ્ને જઅફર અ.સ. ગુસ્સાને પીનારા અને સહનશીલના વારિસ, સલામ હો આપ પર અય શહીદ, અય નેક, અય મઝલુમ, અય મકતૂલ, સલામ હો આપ પર અય સત્ય, સંયમી, સદ્ગુણી.

હું ગવાહી આપું છું કે આપે નમાઝ કાયમ કરી, ઝકાત અદા કરી, નેક કામોની હિદાયત કરી અને બૂરા કામોથી રોકયા અને ખાલિસ દિલથી અલ્લાહની ઈબાદત કરી, ત્યાં સુધી કે આપને કતલ કરવામાં આવ્યા. સલામ હો આપ પર અય અબલ હસન આપ પર અલ્લાહની રહેમતો અને બરકતો ઉતરે. ખરેખર અલ્લાહ બુઝુર્ગ અને વખાણને પાત્ર છે. અલ્લાહ લાનત કરે એ લોકો પર જેણે આપને કતલ કર્યા અલ્લાહ લાનત કરે આપ પર ઝુલ્મ કરનારાઓ પર, અલ્લાહ લાનત કરે ઝૂલ્મનો પાયો નાખનાર પર, આપ એહલે બયત પર અતિશયોક્તિ કરનાર પર અને સંકટ અને દુઃખ નાખનાર પર.

**પછી ઝરીહ મુબારકને ચૂમે અને કહે :**

**અલ્લાહુમ્મ એલયૅક સૅમદૅતો મિનૅ અરૅઝીં વ કૅતૅઍતુલૅ બેલાદ રજૉઅ રૅહૅમતેક ફ લા તોખૅયૅયિબૅની વ લા તરૂદૅદની બે ગૅયૅરે કૅઝૉએ હૉજતી વરૅહૅમૅ તકૅલ્લોબી ઍલા કૅબૅરિબૅને અખીં રસૂલેક સૅલવાતોક ઍલયૅહે વ આલેહી બે અબી અનૅત વ ઉમ્મી યા મવૅલાય અતયૅતોક ઝૉએરૅવૅ વાફેદનૅ ઑએઝૅમૅ મિમ્મા જનયૅતો ઍલા નફૅસી વૅહૅતબૅતો ઍલા ઝહૅરી ફ કુનૅ**

**લી શાફેઅને એલલ્લાહે તઆલા યવ્મ હાજતી વ ફકીરી વ ફાકતી ફ લક ઈનેદલ્લાહે મકામુમ મહેમૂદવ વ અનેત ઈનેદહૂ વજીહુન.**

અય અલાહ હું મારી હાજતો લઈને તારી પાસે હાજર થયો છું અને તારી રહેમતની આશામાં મેં શહેરોનું અંતર કાપ્યું છે, એટલે મને નાઉમ્મીદ ન કરજે અને મારી હાજતો પૂરી કર્યા વિના ન છોડજે અને મારા પર રહેમ કર, મેં તારા નબીના ભાઈના ફરઝંદની કબર પર મારા ગાલો લગાવ્યા છે તેમના પર અને તેમની આલ પર તારી સલવાત હો. આપ પર મારા માબાપ ફિદા થાય, હું આપની ઝિયારત કરવાના હેતુથી હાજર થયો છું, આપના પર કુરબાન થવાને મેં મારા પોતા પર કરેલા ગુનાહોની તૌબા કરીને અને મારી પીઠ પર એ બધા ગુનાહોનો બોજ લઈને, એટલે આપ મારી શિફાઅત કરો અલ્લાહ તઆલાથી, મારી હાજત, મારી ફકીરી અને મારી ભૂખના દિવસોમાં, કેમકે અલ્લાહ પાસે આપનું ઉન્નત સ્થાન છે અને આપ અલ્લાહ પાસે માનવંત છો.

**પછી જમણો હાથ ઉંચો કરે અને ડાબો હાથ ઝરીહ મુબારક પર રાખી કહે :**

**અલ્લાહુમ્મ ઈન્ની અતકર્રબો એલયક બે હુબ્બોહિમ વ બે વેલાયતેહિમ અતવલ્લા આખેરહુમ બે મા તવલ્લયતો બેહી અવ્વલહુમ વ અબરઓ મિન કુલ્લે વલીજતિન દૂનહુમ. અલ્લાહુમ્મલ અનિલ લઝીન બદદલુ નેઅમતક વત્તહમૂ નબીય્યક વ જહદૂ બે આયાતેક વ સખરૂ બે ઈમામેક વ હમલુન નાસ અલા અકતાફે આલે મોહમ્મદિન. અલ્લાહુમ્મ ઈન્ની અતકર્રબો એલયક બિલ લઅનતે અલયહિમ વલ બરાઅતે મિનહુમ ફિદ દુનયા વલ આખેરતે યા રહેમાન.**

અય અલ્લાહ હું આ સાહેબોની મહોબ્બત અને વિલાયત દ્વારા તારી

નઝદીકી ચાહું છું તેમના છેલ્લાથી એટલી જ મહોબ્બત ચાહું છું જેટલી તેમના પહેલાથી રાખું છું અને તેમના દુશ્મનોથી દૂરી ચાહું છું. અય અલ્લાહ તું લાનત કર એ લોકો પર જેણે તારી નેઅમતોને બદલી નાખી અને તારા નબી પર આરોપ મુકયો અને તારી નીશાનીઓને માની નહીં અને તારા ઈમામની મશ્કરી કરી. અને લોકોને આલે નબી પર હુકુમત કરવા તૈયાર કર્યા અલ્લાહ હું તારી નઝદીકી ચાહું છું એ લોકો પર લાનત કરવાના કારણે, અને દુનિયા તથા આખેરતમાં આવા લોકોથી દૂરી ચાહું છું અય રહેમાન.

**પછી ઝરીહ મુબારકને ચૂમે અને કહે :**

**અલ્લાહુમ્મ ફર્સતજીબ દોઓઈ યા અલ્લાહ. વકૈબલ સનાઈ યા અલ્લાહ. વજેમઅ્ બયની વ બયન અવલિયાઈ યા અલ્લાહ. બે હકકે મોહંમ્મદિંવ વ અલીયંયિંવ વ ફાતેમતો વલ હસને વલ હુસયને વલ અઈમ્મતિલ મઅ્સુમીન મિન ઝુર્રિય્યતીલ હુસયને અલયહેમુસ સલામ.**

અય અલ્લાહ મારી દુઆ કબૂલ કર. અય અલ્લાહ મારી સના (તારીફ કરવાને) કબુલ કર. અય અલ્લાહ મારા અને તારા વલીઓ વચ્ચે મેળાપ કરી દે. અય અલ્લાહ વાસ્તો મોહમ્મદ સ.અ.વ.નો અલી અ.સ.નો જનાબે ફાતેમા સલા.નો ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ.નો અને ઈમામ હુસૈન અ.સ.ની અવલાદમાંના ઈમામોનો.

**પછી આ દુઆએ તોબા પઢે :**

**અસ્તગ્ફિરુલ્લાહલ્લઝી લા ઈલાહ ઈલ્લા હોવલ હય્યુલ કય્યુમ અરરહેમાનુર રહીમે ઝુલ જલાલે વલ ઈકરામે વ અતુબો અલયહે વ અસઅલહૂ અંય યોસલ્લેય અલા મોહમ્મદિંવ વ આલે મોહંમ્મદિંવ વ અંય યતુબો અલય્ય તવબત અબ્દિન ઝલીલિન ખાઝેઈન ખાશેઈન ફકિરીન મિસ્કીનિન મુસ્તકીનિન**

**લા યુમ્લેકો લે નફ્સેહી નફ્અન વલા ઝરરન વલા મવતન વલા હયાતન વલા નોશૂરા.**

એ અલ્લાહની માફી માગું છું જેની સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, જે સદા જીવન અને સદા રહેનાર છે, જે દયાળુ અને કૃપાવાન છે, કિર્તિવાન અને ઈઝઝતવાળો છે, હું તૌબા કરૂં છું અને તેનાથી માગણી કરૂં છું કે મોહમ્મદ અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર અને મારી તૌબા કબૂલ કર એ શખ્સની તૌબા, જે તુચ્છ, નમ્ર, ડરનાર, ફકીર, રાંક અને નિરાધાર છે જે ન તો પોતાના નફા પર કે પોતાના નૂકસાન પર કાબૂ ધરાવે છે. ન મોત પર ન હયાત પર, ન ફરી જીવી ઉઠવા પર અખત્યાર ધરાવે છે.

**પછી આ સલવાત પઢે :**

**અલ્લાહુમ્મ સલ્લે અલા અલીયેબ્ને મૂસર રેઝલ મુરતઝલ એમામિત તકીય્યિન નકીય્યે વ હુજ્જતેક અલા મન ફવ્કલ અરઝે વ મન તહતસ સરસે સિદ્દીકિશ શહીદે સલાતન કસીરતન તામ્મતન ઝાકેયતન મોતવાસેલતન મોતવાતેરતન મોતરાદેફતન ક અફઝલે મા સલ્લયત અલા અહદિમ મિન અવ્લેયાએક.**

અય અલ્લાહ, સલવાત મોકલ અલી ઈબ્ને મૂસા રઝા પર જેઓ ખુદાની ખૂશ્નૂદી ચાહવાવાળા, ખુદાનો રાજીપો મેળવનારા, ઈમામ, પરહેઝગાર, નેકુકાર, અને જમીનવાળાઓ પર અલ્લાહની હુજ્જત અને પાતાળવાળાઓ પર પણ અલ્લાહની હુજ્જત છે, સિદ્દિક છે, શહીદ છે, તેમના પર ઘણી ઘણી સલવાત મોકલ, એવી સંપુર્ણ સલવાત જે રાતદિન વધતી રહે, મનને નિર્મળ કરે, સંકલિત રહે, નિરંતર રહે, બધી દિશાએથી હોય અને તારા વલીઓમાંથી કોઈ એકને પણ મોકલી હોય તેના કરતા શ્રેષ્ઠ હોય.

**પછી પાંયતી તરફ જઈને કહે :**

**સલ્લલ્લાહો અલયક યા અબલ હસને સલ્લલ્લાહો અલા રૂહેક વ બદનેક સબરત વ અન્તસ સાદેકુલ**

**મોસૈદદકોં કૅતલલ્લાહો મને કૅતલક બિલે અયેદી વલે અલેસોન.**

અલ્લાહની સલવાત હો આપ પર અય અબુલ હસન, અલ્લાહની સલવાત હો આપની રૂહ પર, આપના બદન પર, આપે સબર કરી, આપ સાદિક છો અને તસ્દીક કરવાવાળા છો, ખુદા કતલ કરે જેમણે આપને પોતાના હાથથી યા પોતાની ઝબાનથી કતલ કર્યા.

◆◆◆◆◆

*પછી રડવા કકળવા સાથે હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ. હઝરત ઈમામ હસન અ.સ. અને હઝરત ઈમામ હુસૈન અ.સ.ના કાતિલો પર લાનત કરે અને એહલેબયતે પાકના બધા કાતિલો ઉપર પણ. પછી બે રકાત નમાઝ પઢે અને દુઆ કરે પોતા માટે, પોતાના મા-બાપ માટે અને મોઅમિન બિરાદરો માટે.*

◆◆◆◆◆

## વિદાઅ હઝરત ઈમામ રઝા અ.સ.

**અસ્સલામો અૅલયેક યા મવ્લાય વબ્ન મવ્લાય વ રેહૅમતુલ્લાહે વ બરકાતોહ. અનૅત લના જુન્નતુમે મેનલે અૅઝાબે વ હાઝા અવાનુને સૅરાફી અૅનેક ઈને કુનૅત અઝિનૅત લી ગૅયેર રાગેબિને અૅનેક વલા મુસ્તબ્દેલિલે બેક વલા મુઅૅસેરીન અૅલયેક. વલા ઝાહેદિને ફી કુરૅબેક વ કૅદ જુદૅતો બે નફૅસી લિલે હૅદસાને વ તરકૅતુલે અહેલ વલે અવ્લાદ વલે અવ્તાંન ફ કુને લી શાફેઅૅને યવ્મ હૉજતી વ ફકૅરી વ ફાકૅતી યવ્મ લા યુગ્નેની અૅન્ની હૅમીમી વ લા હૅબીબી વ લા કૅરીબી યવ્મ લા યુગ્નેની અૅન્ની વાલેદય્ય વ લા વલદી અસેઅલુલ્લાહલે લઝી કૅદ્દર અૅલય્ય રેહૅલતી**

એલયેક અંયે યોનફેફેસ બેક કુરેબતી વ અસેઅલુલ્લાહલે લઝી કેંદદર અૅલય્ય ફેરાકેં મકાનેક અનેલાયજેઅૅલહૂ આખૅરલે અૅહેદે મિને રોજાુઈ એલયેક વ અસે-અલુલ્લાહલે લઝી અબેકા અૅલયેક અૅયેની અંયે યજેઅલહૂ સબબંવે વ ઝુખૅરંવે વ અસેઅલુલ્લાહલે લઝી અરાની મકાનક વ હદાની લિતે તસેલીમે અૅલયેક વ ઝિયારતી ઈય્યાક અંયે યોરેદની હેંવેઝેંકુમે વ યરેઝોકની મોરાફકેંતેકુમે ફીલે જેનાન. અસ્સલામો અૅલયેક યા સિંકેવતીલ્લાહ. અસ્સલામો અૅલા અમીરૂલે મોઅમેનીન વસિંય્યે રસૂલે રબેબિલે અૉલમીન વ કૉએદિલે ગુંરેરિલે મોહંજેજલીન. અસ્સલામો અૅલલે હંસને વલે હુંસયેને સય્યેદયે શબાબે અહેલિલે જન્નત. અસ્સલામો અૅલા અૅલિયેયિબેનલે હુંસયેને સય્યેદિસે સાજેદીન. વ મોહંમ્મદબેન અૅલીયેયિને બાકેંરે ઈલેમિલે અવ્વલીન વલે આખૅરીન. વ જઅૅફરબેને મોહંમ્મદેનિસેં સૉદેકિંલે બારેરિલે અમીન. વ મૂસબેને જઅૅફરેનિલે કાઝેમિલે હંલીમ. વ અૅલીય્યબેને મૂસરેરેઝેલે અૅલીમ. વ મોહંમ્મદિબેને અૅલીય્યેનિતે તકિંય્યીલે જવાદ. વ અૅલિય્યીબેને મોહંમ્મદેનિને નકિંય્યીલે હાદી. વલે હંસનિબેને અૅલિય્યેનિઝે ઝકીય્યે અૅસેકરી વલે હુંજેજતિલે કૉએમિલે મુનેતઝેરે વ રેહેમતુલ્લાહે વ બરકાતોહ. અસ્સલામો અૅલા મલૉએ-કતિલ્લાહિલે બાકીંન. અસ્સલામો અૅલલે મલૉએકતિલે

**મુકિમીનલ્ મુસબ્બેહીનલ્ લઝીન બે અમ્રેહી યઅ્લમુન. અસ્સલામો અ્લયના વ અ્લા એબાદિ-લ્લાહિસ્ સાલેહીન. અલ્લાહુમ્મ લા તજ્અ્લહો આખેરલ્ અ્હદે મિન્ ઝિયારતી ઈય્યાહો ફ ઈન્ જઅ્લતહૂ ફ્હશુરની મઅ્હૂ વ મઅ્ આબાએહિલ્ માઝીન વ ઈન્ અબ્કયતની યા રબ્બે ફર્ઝુકની ઝિયારતહૂ અબદમ્ મા અબ્કયતની ઈન્નક અ્લા કુલ્લે શયઈન્ કદીર.**

ત્યાર પછી કહે :

**અસ્તવ્દેઓકલ્લાહો વસ્તરઈક વ અક્રઓ અ્લયક. અસ્સલામો આમન્ના બિલ્લાહે વ બેમા દઅ્વતો એલયહ. અલ્લાહુમ્મ ફક્તુબ્ના મઅ્શ્શાહેદીન. અલ્લાહુમ્મ ફર્ઝુકની હુબ્બહુમ્ વ મોવદ્દતહુમ્ અબદમ્ મા બકીતો વ દાએમન્ એઝા ફનીતો, અસ્સલામો અ્લયના વ અ્લા એ્બાદિલ્લાહિસ્ સાલેહીન.**

સલામ હો આપ પર અય મારા મૌલા, અને મારા મૌલાના ફરઝંદ, અલ્લાહની રહેમતો અને બરકતો ઉતરે આપ પર, આપ મારા માટે અઝાબથી બચવાની ઢાલ છો અને હવે મારા પાછા ફરવાનો સમય આવી ગયો છે, આપની ખિદમત છોડીને, તો તમે મને રજા આપો હું આપને દિલથી હટાવી શકતો નથી, ન તો આપના સિવાય બીજા કોઈને મારા દિલમાં બેસારી શકું છું, ન કોઈ બીજા સાથે સંબંધ રાખવા માગું છું અને આપની કુરબતથી દુર થવા નથી ચાહતો, મેં આપની મહોબ્બતમાં મારી જાતને હવાલે કરી દીધી છે અને મેં મારા ઘરવાળાઓને, મારી અવલાદને અને મારા વતનને તજી દીધું છે, એટલે મારી હાજતો, મારી ગરીબાઈ, મારી ભૂખ (કયામત)ના સમયે મારા સિફારિશી બની જાવ, જે દિવસે ન કોઈ મારો દોસ્ત, ન કોઈ મારો ચાહવાવાળો કે ન કોઈ મારો સાથી–સગો મને કામ આવશે, જે દિવસે ન તો

મારા મા-બાપ ન મારી અવલાદ મને કોઈ લાભ આપી શકશે, હું સવાલ કરૂં છું એ ખુદાથી જેણે મારા માટે આપની જુદાઈ ભાગ્યમાં લખી નાખી છે કે મને આપથી વિખૂટો પાડે, અને એ અલ્લાહથી હું સવાલ કરૂં છું જેણે આપની ઝરીહ મુબારકથી મારૂં દૂર થવાનું નિર્માણ કર્યું છે, કે મારી આ ઝિયારતને છેલ્લી ઝિયારત ન ઠેરવે, અને હું ખુદાથી આપ પર આંસુ વહાવીને માગું છું કે આ રોવાને મારી નજાતનું કારણ બનાવે, અને હું અલ્લાહથી અરજ કરૂં છું કે જેણે મને આપના રોઝાની ઝિયારત કરાવી અને આપને કબૂલ કરવાની હિદાયત આપી, આપની ઝિયારતની સદ્‌બુદ્ધિ આપી, હવે તે મને આપના હવઝે કવસર પર હાજર રાખે અને જન્નતમાં આપનો સંગાથ નસીબ કરે.

સલામ હો આપ પર અય સફીઉલ્લાહ, સલામ હો અમીરૂલ મોઅમેનીન આલમીનના રબના વસી અને રોશન પેશાની વાળાઓને જન્નતમાં લઈ જનારા પર, સલામ હો ઈમામ હસન અને ઈમામ હુસૈન જન્નતના જવાનોના સરદારો પર, સલામ હો અલી ઈબ્ને હુસૈન સિજદા કરવા વાળાઓના સરદાર પર અને મોહમ્મદ ઈબ્ને અલી, જે પૂર્વજનોના અને અનૂજોના ઈલ્મને ફેલાવનાર પર અને ઈમામ જઅફર ઈબ્ને મોહમ્મદ સાદિક, નેકુકાર અને ભરોસાપાત્ર પર, મૂસા ઈબ્ને જઅફર, ગુસ્સો પીનાર અને સહનશીલ પર, અને અલી ઈબ્ને મૂસા રઝા, ઈલ્મવાળા પર, અને મોહમ્મદ ઈબ્ને અલી, પરહેઝગાર અને સખી દાતા પર, અને અલી ઈબ્ને મોહમમદ નેકુકાર અને માર્ગદર્શક પર અને ઈમામ હસન ઈબ્ને અલી, લશ્કરવાળા પર, અને સદા રહેનારી અલ્લાહની હુજજત પર, જેનો ઈન્તેઝાર કરવામાં આવે છે, તે બધા પર અલ્લાહની રહેમત અને બરકતો થાય, સલામ હો અમર ફરિશ્તાઓ પર, સલામ હો એ ફરિશ્તાઓ પર જેઓ કયામની હાલતમાં છે, ખુદાની તસ્બીહમાં મશ્ગૂલ છે અને એ ફરિશ્તાઓ જે ખુદાના હુકમ બજાવી રહ્યા છે, સલામ હો અમારા પર અને અલ્લાહના નેક બંદાઓ પર, યા અલ્લાહ ! મારી આ ઝિયારતને છેલ્લી ઝિયારત ન ઠેરવજે અને જો તું એ નિમર્ણ કરી ચૂકયો છે તો મારો શુમાર તેમની સાથે અને તેમના બાપ-દાદાઓ જે ગુજરી ગયા છે કરજે, અને જો તું મને જીવતો રાખે તો અય પાલણહાર ! મને એમની ઝિયારત હમેશા કરાવતો રહેજે જયાં સુધી તું મને જીવતો રાખે, ખરેખર તું દરેક વસ્તુ પર શકિતમાન છે.

***ત્યાર પછી કહે :***

હું આપને ખુદાને સોંપું છું અને તેના રક્ષણમાં આપું છું, અને આપને સલામ પાઠવું છું, હું અલ્લાહ પર ઈમાન ધરાવું છું અને એ બધી બાબતો પર પણ, જેની તરફ આપે અમને દાવત આપી, અય અલ્લાહ અમને તેના ગવાહોમાં લખી લે, અય અલ્લાહ મને તેમની મહોબ્બત અને મવદ્દતથી હમેશા હમેશા તા હયાત નવાઝતો રહે. મારા તરફથી આપ પર સલામ હો, જ્યાં સુધી હું જીવતો રહું, અને મરવા પછી સદાકાળ સલામ હો અમારા પર, અને અલ્લાહના નેક બંદાઓ પર.

**અને જ્યારે રોઝા મુબારકમાંથી બહાર નીકળે તો પીઠ પવિત્ર ઝરીહ તરફ ન કરે.**

◆◆◆◆◆

# ઝિયારતે જામેઆ

ઈબ્ને બાબવ્યહ અને બીજા આલિમોએ ભરોસાપાત્ર સનદથી રિવાયત કીરી છે કે એક શખ્સ ઈમામ અલી નકી અ.સ.ની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી કે અય ફરઝંદે રસૂલ સ.અ.વ. મને એવી સંપૂર્ણ અને ભરપુર ઝિયારત શિખવાડો કે જ્યારે પણ હું આપ હઝરાતમાંથી કોઈની પણ ઝિયારત કરવા ઈચ્છું તો તેને પઢું આપે ફરમાવ્યું કે જ્યારે તું રોઝા મુબારક પર પહોંચે તો કહે :

**અશ્હદો અલ્લે લા ઈલાહ ઈલ્લલ્લાહો વહ્દહૂ લા શરીક લહૂ વ અશ્હદો અન્ન મોહંમ્મદન સલ્લલ્લાહો અલયહે વ આલેહી અબ્દોહૂ વ રસૂલોહૂ.**

હું ગવાહી આપું છું કે કોઈ ઈબાદતને લાયક નથી સિવાય અલ્લાહના, જે એક છે અને તેનો કોઈ ભાગીદાર નથી અને ગવાહી આપું છું કે મોહમ્મદ સ.અ.વ. તેના ખાસ બંદા અને રસુલ છે.

◆◆◆◆◆

*અને પછી હરમ મુબારકમાં દાખલ થાય તો ત્રીસ વખત **અલ્લાહો અકબર** કહે પછી ધીમે ધીમે કદમ ઉપાડે અને ત્રીસ વખત **અલ્લાહો અકબર** કહે અને જ્યારે કબર મુબારકની પાસે પહોંચે તો ચાલીસ વખત **અલ્લાહો અકબર** કહે અને પછી નીચે મુજબ ઝિયારત પઢે :*

**અસ્સલામો અલયકુમ યા અહલ બયતિન નોબુવ્વતે વ મવઝેઅર રેસાલતે વ મુખ્તલફલ મલાએકતે વ મહબેતલ વહ્યે વ મઅદેનર રહમતે વ ખુઝ્ઝાનલ ઈલ્મે વ મુન્તહલ હિલ્મે વ ઓસૂલલ કરમે વ કાદતલ ઓમમે વ અવ્લેયાઅન નેઅમે વ અનાસેરલ અબ્રારે વ દઆએમલ અખ્યારે વ સાસતલ એબાદે વ અરકાનલ બેલાદે વ અબ્વાબલ ઈમાને વ ઓમનાઅર રહમાને વ સોલાલતન નબીય્યીન વ**

સિફ્વતલ મુર્સલીન વ ઈતરત ખયરતે રબ્બિલ આલમીન વ રહેમતુલ્લાહે વ બરકાતોહ. અસ્સલામો અલા અઈમ્મતિલ હોદા વ મસાબીહિદ દોજા વ અઅ્લામિત તોકા વ ઝવીન નોહા વ ઓલીલ હેજા વ કહેફિલ વરા વ વરસતિલ અમ્બેયાએ વલ મસલિલ અઅ્લા વદ દઅ્વતિલ હુસ્ના વ હોજજિલ્લાહે અલા અહેલિદ દુનેયા વલ આખેરતે વલ ઉલા વ રહેમતુલ્લાહે વ બરકાતોહ. અસ્સલામો અલા મહાલ્લે મઅ્રેફતિલ્લાહે વ મસાકેને બરકતિલ્લાહે વ મઆદેને હિકમતિલ્લાહે વ હફઝતે સિર્રિલ્લાહે વ હમલતે કેતાબિલ્લાહે વ અવસેયાએ નબીયેયિલ્લાહે વ ઝુર્રીય્યતે રસૂલિલ્લાહે સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ રહેમતુલ્લાહે વ બરકાતોહ. અસ્સલામો અલદ દોઆતે એલલ્લાહે વલ અદિલ્લાએ અલા મરઝાતિલ્લાહે વલ મુસતકિર્રીન ફી અમ્રિલ્લાહે વત તામ્મીન ફી મહબ્બતિલ્લાહે વલ મુખ્લેસીન ફી તવહીદિલ્લાહે વલ મુઝ્હેરીન લે અમ્રિલ્લાહે વ નહેયેહી વ એબાદેહિલ મુકરમીનલ લઝીન લા યસ્બેકૂનહૂ બિલ કવ્લે વ હુમ બે અમ્રેહી યઅ્મલૂન વ રહેમતુલ્લાહે વ બરકાતોહ. અસ્સલામો અલલ અઈમ્મતિદ દોઆતે વલ કાદતિલ હોદાતે વસ સાદતિલ વોલાતે વઝ ઝાદતિલ હોમાતે વ અહેલિઝ ઝિક્રે વ ઓલીલ અમ્રે વ બકીય્યતિલ્લાહે વ ખયરતેહી વ હિઝ્બેહી વ અયબતે ઈલ્મેહી વ હુજ્જતેહી વ

સૅરાતૅહી વ નૂરેહી વ બુરેહાનેહી વ રહૅમતુલ્લાહે વ બરકાતોહ. અશ્હદો અલ્લ લા ઈલાહ ઈલ્લલ્લાહો વહૅદહૂ લા શરીક લહૂ ક મા શહેદલ્લાહો લે નફ્સેહી વ શહેદત્લે લહૂ મલૉએકતોહૂ વ ઉલુલ્ ઈલ્મે મિન્ ખ્લ્કેહી લા એલાહ ઈલ્લા હોવલ્ અઝીઝુલ્ હકીમો. વ અશ્હદો અન્ન મોહમ્મદન્ અબ્દોહુલ્ મુન્તજબો વ રસૂલોહુલ્ મુરતઝો અરસલહૂ બિલ્ હોદા વ દીનિલ્ હક્કે લે યુઝ્હેરહૂ અલદ્દ દીને કુલ્લેહી વ લવ્ કરેહલ્ મુશ્રેકૂન. વ અશ્હદો અન્નકોમુલ્ અઈમ્મતુર્ રાશેદૂનલ્ મહ્દીય્યૂનલ્ મઅસૂમૂનલ્ મોકર્રમૂનલ્ મોકર્રબૂનલ્ મુત્તકૂનસ્ સાદેકૂનલ્ મોતીઊન લિલ્લાહિલ્ કવ્વામૂન બે અમ્રેહિલ્ આમેલૂન બે એરાદતેહિલ્ ફાએઝૂન બે કરામતેહિસ્ તફાકુમ્ બે ઈલ્મેહી વરતઝાકુમ્ લે ગયબતેહી વખ્તારકુમ્ લે સિર્રેહી વજતબાકુમ્ બે કુદરતેહી વ અઅઝ્ઝકુમ્ બે હોદાહૂ વ ખસ્સકુમ્ બે બુરેહાનેહી વન્તજબકુમ લે નૂરેહી વ અય્યદકુમ્ બે રૂહેહી વ રઝેયકુમ્ ખોલફાઅ ફી અરઝેહી વ હોજજન્ અલા બરીય્યતેહી વ અન્સારન્ લે દીનેહી વ હફ્ઝતન્ લે સિર્રેહી વ ખઝનતન્ લે ઈલ્મેહી વ મુસ્તવ્દઅન્ લે હિકમતેહી વ તરાજેમતન્ લે વહ્યેહી વ અરકાનન્ લે તવ્હીદેહી વ શોહદાઅ અલા ખલ્કેહી વ અઅલામન્ લે એબાદેહી વ મનારન્ ફી બેલાદેહી વ અદિલ્લાઅ અલા સૅરાતૅહી અસમકોમુલ્લાહો મેનઝ્ઝ

ઝલલે વ આમનકુમ મેનલે ફેતને વ તહહરકુમ મેનદ દનસે વ અઝહબ અનકોમુર રિજસ વ તહહરકુમ તતહીરન ફ અઅઝમતુમ જલાલહૂ વ અકબરતુમ શઅનહૂ વ મજજદતુમ કરમહૂ વ અદમતુમ ઝિકરહૂ વ વકકદતુમ મીસાકહૂ વ અહકમતુમ અકદ તાઅતેહી વ નસહતુમ લહૂ ફિસ સિરરે વલ અલાનેયતે વ દઅવતુમ એલા સબીલેહી બિલ હિકમતે વલ મવએઝ તિલ હસનતે વ બઝલતુમ અનફોસકુમ ફી મરઝાતેહી વ સબરતુમ અલા મા અસાબકુમ ફી જમબેહી. વ અકમતોમુસ સલાત વ આતયતોમુઝ ઝકાત વ અમરતુમ બિલ મઅરૂફે વ નહયતુમ અનિલ મુનકરે વ જાહદતુમ ફીલ્લાહે હકક જેહાદેહી હત્તા અઅલનતુમ દઅવતહૂ વ બય્યનતુમ ફરાએઝહૂ વ અકમતુમ હોદૂદહૂ વ નશરતુમ શરાયેઅ અહકામેહી વ સનનતુમ સુન્નતહૂ વ સિરતુમ ફી ઝાલેક મિનહૂ એલર રેઝા વ સલ્લમતુમ લહુલ કઝાઅ વ સદદકતુમ મિન રોસોલેહી મનમઝા ફરરાગેબો અનકુમ મારેકુન વલ્લાઝેમો લકુમ લાહેકુન વલ મોકસ્સેરો ફી હકકેકુમ ઝાહેકુન વલ હકકો મઅકુમ વ ફીકુમ વ મિનકુમ વ એલયકુમ વ અનતુમ અહલોહૂ વ મઅદેનોહૂ વ મીરાસુન નોબુવ્વતે ઈનદકુમ વ એયાબુલ ખલકે એલયકુમ વ હેસાબોહુમ અલયકુમ વ ફસલુલ ખેતાબે ઈનદકુમ વ આયાતુલ્લાહે લદયકુમ વ અઝાએમોહૂ ફી કુમ વ નૂરોહૂ વ બુરહાનોહૂ ઈનદકુમ વ અમરોહૂ એલયકુમ મન વાલાકુમ ફ કદ વાલલ્લાહ વ મન આદાકુમ ફ કદ આદલ્લાહ વ મન

અહૈબ્બકુમે ફ કૈદ અહૈબ્બલ્લાહ વ મન અબગઁઝકુમે ફ કૈદ અબગઁઝલ્લાહ વ મનિઅૅતસૈમ બે કુમે ફ કૈદિઅૅતસૈમ બિલ્લાહે અનતોમુસૈ સૈરાતુલ અકૈવમો વ શોહદાઓ દારિલ ફનૉએ વ શોફઓઓ દારિલ બકોએ વર રહૅમતુલ મવસૂલતો વલ આયતુલ મખઝૂનતો વલ અમાનતુલ મહૅફૂઝતો વલ બાબુલ મુબતલા બેહિન નાસો મન અતાકુમ નજા વ મન લમ યઅતેકુમે હલક એલલ્લાહે તદઊન વ અલયહે તદુલ્લૂન વ બેહી તુઅમેનૂન વ લહૂ તોસલ્લેમૂન વ બે અમરેહી તઅમલૂન વ એલા સબીલેહી તુરશેદૂન વ બે કવલેહી તહૅકોમૂન સઅદ વાલલ્લાહો મન વાલાકુમે વ હલક મન આદાકુમે વ ખાબ મન જહૅદકુમે વ ઝલ્લ મન ફારકકુમે વ ફાઝ મન તમસ્સક બેકુમે વ અમેન મન લજઅ એલયકુમે વ સલેમ મન સદદકકુમે વ હોદેય મનિઅૅતસૈમ બેકુમે મનિત્તબઅકુમે ફલ જન્નતો મઅવાહૂ વ મન ખાલફકુમે ફન્નારો મસવાહૂ વ મન જહૅદકુમે કાફેરૂન વ મન હારબકુમે મુશરિકૂન વ મન રદદ અલયકુમે ફી અસફલે દરકિમ મેનલ જહીમ. અશહદો અન્ન હાઝા સાબેકુલ લકુમ ફી મા મઝા વ જારિલ લકુમ ફી મા બકેય વ અન્ન અરવાહકુમ વ નૂરકુમ વ તીનતકુમ વાહેદતુન તાબત વ તહોરત બઅઝોહા મિમ બઅઝિન ખલકકોમુલ્લાહો અનવારન ફ જઅલકુમ બે અરશેહી મુહદકીન હત્તા

મન્ન અઁલયેના બેકુમે ફ જઅઁલકુમે ફી બોયૂતિને અઝેનલ્લાહો અને તુરેફઅઁ વ યુઝેકૅર ફીહસેમોહૂ વ જઅઁલ સૈલાતના અઁલયેકુમે વ મા ખઁસ્સૈના બેહી મિને વેલાયતેકુમે તીબને લે ખઁલેકૅના વ તેહારતને લે અનેફોસેના વ તઝેકેયતલે લના વ કફ્ફારતલે લે ઝોનૂબેના ફ કુન્ના ઈનેદહૂ મોસલ્લેમીન બે ફઝ્લેકુમે વ મઅઁરૂફીન બે તસૈદીકૅના ઈય્યાકુમે ફ બલગલ્લાહો બેકુમે અશેરફ મહઁલેલિલે મોકર્રમીન વ અઅઁલા મનાઝેલિલે મોકૅર્રબીન વ અરેફઅઁ દરજાતિલે મુરેસલીન હઁયસો લા યલેહઁકોહૂ લાહેકુંવે વ લા યફૂકોહૂ ફાએકુંવે વ લા યસેબેકોહૂ સાબેકુંવે વ લા યતેમઓ ફી ઈદેરાકેહી તાંમેઉંને હઁત્તા લા યબેકા મલકમે મોકૅર્રબુંવે વ લા નબીય્યુમે મુરેસલંવે વ લા સિદ્દીકુંવે વ લા શહીદુંવે વ લા આલેમુંવ વ લા જાહેલુંવે વ લા દનીય્યુંવે વ લા ફાઝેલુવે વ લા મુઅમેનુને સાલેહુંવે વ લા ફાજેરૂને તાલેહુંવે વ લા જબ્બારૂને અઁનીદુંવે વ લા શયેતાનુમે મરીદુંવે વ લા ખઁલેકુંને ફી મા બયેન ઝાલેક શહીદુને ઈલ્લા અઁરેરફહુમે જલાલત અમેરેકુમે વ અઁઝમ ખઁતરેકુમે વ કેબર શઅનેકુમે વ તમામ નૂરેકુમે વ સિદેકઁ મકાઅઁદેકુમે વ સબાત મકામેકુમે વ શરફ મહઁલ્લેકુમે વ મનેઝેલતેકુમે ઈનેદહૂ વ કરામતકુમે અઁલયેહે વ ખાસ્સૈતકુમે લદયેહે વ કુરેબ મનેઝેલતેકુમે મિનેહૂ બે અબી અનેતુમે વ ઉમ્મી વ અહેલી વ

માલી વ ઉસ્રતી. ઉશ્હેદુલ્લાહ વ ઉશ્હેદોકુમ્ અન્ની મુઅ્મેનમ્ બેકુમ્ વ બે મા આમન્તુમ્ બેહી કાફેરૂમ્ બે અદુવ્વેકુમ્ વ બે મા કફર્તુમ્ બેહી મુસ્તબ્સેરૂમ્ બે શઅ્નેકુમ્ વ બે ઝલાલતે મન્ ખાલફકુમ્ મોવાલિલ્ લકુમ્ વ લે અવ્લેયાએકુમ્ મુબ્ગેઝુલ્ લે અઅ્દાએકુમ્ વ મોઆદિલ્ લહુમ્ સિલ્મલ્ લે મન્ સાલમકુમ્ વ હર્બુલ્ લે મન્ હારબકુમ્ મોહક્કેકુલ્ લે મા હક્કક્તુમ્ મુબ્તેલુલ્ લે મા અબતલ્તુમ્ મોતીઉલ્ લકુમ્ આરેફુમ્ બે હક્કેકુમ્ મોકિર્રૂમ્ બે ફઝ્લેકુમ્ મુહ્તમેલુલ્ લે ઈલ્મેકુમ્ મુહ્તજેબુમ્ બે ઝિમ્મતેકુમ્ મુઅ્તરેફુમ્ બેકુમ્ મુઅ્મેનમ્ બે એયાબેકુમ્ મોસદ્દેકુમ્ બે રજ્અતેકુમ્ મુન્તઝેરૂલ્ લે અમ્રેકુમ્ મુર્તકેબુલ્ લે દવ્લતેકુમ્ આખેઝુમ્ બે કવ્લેકુમ્ આમેલુમ્ બે અમ્રેકુમ્ મુસ્તજીરૂમ્ બેકુમ્ ઝાએરૂલ્ લકુમ્ લાએઝુમ્ બેકુમ્ આએઝુમ્ બે કોબૂરેકુમ્ મુસ્તશ્ફેઉન્ એલલ્લાહે અઝ્ઝ વ જલ્લ બેકુમ્ વ મોતકર્રેબુન્ બેકુમ્ એલયહે વ મોકદ્દેમોકુમ્ અમામ તલેબતી વ હવાએજી વ એરાદતી ફી કુલ્લે અહ્વાલી વ ઓમૂરી મુઅ્મેનુમ્ બે સિર્રેકુમ્ વ અલાનેયતેકુમ્ વ શાહેદેકુમ્ વ ગાએબેકુમ્ વ અવ્વલેકુમ્ વ આખેરેકુમ્ વ મોફવ્વેઝુન્ ફી ઝાલેક કુલ્લેહી એલયકુમ્ વ મોસલ્લેમુન્ ફીહે મઅકુમ્ વ કલ્બી લકુમ્ મોસલ્લેમવ્ વ રઅ્યી લકુમ્ તબઉવ્ વ નુસ્રતી લકુમ્ મોઅદ્દતુન્ હત્તા યુહ્યેયલ્લાહો તઆલા

દીનહૂ બેકુમ્ વ યરૂદ્દકુમ્ ફી અય્યામેહી વ યુઝ્હેરકુમ્ લે અંદ્લેહી વ યોમક્કેનકુમ્ ફી અર્ઝેહી ફ મઅંકુમ્ મઅંકુમ્ લા મઅં ગૈંર્યેરેકુમ્ આમન્તો બેકુમ્ વ તવલ્લર્યતો આખ઼ેરકુમ્ બે મા તવલ્લર્યતો બેહી અવ્વલકુમ્ વ બરેઅ્તો એલલ્લાહે અંઝ્ઝ વ જલ્લ મિન્ અઅ્દાએકુમ્ વ મેનલ્ જિબ્તે વત્તૌ તાગૂતે વશ્ શયાતીને વ હિઝ્બેહેમુઝ્ ઝાલેમીન લકોમુલ્ જાહેદીન લે હક્કેકુમ્ વલ્ મારેકીન મિંવ્ વેલાયતેકુમ્ વલ્ ગાસેબીન લે ઈર્સેકોમુશ્ શાક્કીન ફીકોમુલ્ મુન્હરેફીન અન્કુમ્ વ મિન્ કુલ્લે વલીજતિન્ દૂનકુમ્ વ કુલ્લે મોતાઈન્ સેવાકુમ્ વ મેનલ્ અઈમ્મતિલ્ લઝીન યદઊન એલન્નાર. ફ સબ્બતનેયલ્લાહો અબદમ્ મા હંયીતો અલા મોવાલાતેકુમ્ વ મહબ્બતેકુમ્ વ દીનેકુમ્ વ વફ્ફકની લે તાઅતેકુમ્ વ રઝકની શફાઅતકુમ્ વજઅલની મિન્ ખ઼ેયારે મવાલીકોમુત્ તાબેઈન લે મા દઅવ્તુમ્ એલયહે વજઅલની મિમ્મંય્ યકતસ્સો આસારકુમ્ વ યસ્લોકો સબીલકુમ્ વ યહતદી બે હોદાકુમ્ વ યુહશરો ફી ઝુમ્રતેકુમ્ વ યકિર્રો ફી રજ્અતેકુમ્ વ યોમલ્લકો ફી દવ્લતેકુમ્ વ યોશર્રફો ફી આફેયતેકુમ્ વ યોમક્કનો ફી અય્યામેકુમ્ વ તકર્રો અયનોહૂ ગદમ્ બેરૂઅયતેકુમ્ બે અબી અન્તુમ્ વ ઉમ્મી વ નફસી વ અહલી વ માલી. મન્ અરાદલ્લાહ બદઅ બેકુમ્ વ મન્ વહ્હદહૂ કબેલ

ઁઅનેકુમ વ મને કંસેદહૂ તવજ્જેહ બેકુમ મવાલીય્ય
લા ઉહેંસીં સનાઅકુમ વ લા અબ્લોગોં મેનલ મદ્હે
કુન્હકુમ વ મેનલ વસ્ફે કંદ્રકુમ વ અન્તુમ નૂરુલ
અખ્યારે વ હોદાતુલ અબ્રારે વ હોજજુલ જબ્બારે
બેકુમ ફતહંલલાહો વ બે કુમ યખ્તેમો વ બેકુમ
યોનઝ્ઝેલુલ ગંયસ વ બેકુમ યુમ્સેકુસ સમાઅ અન
તકંઅ અલલ અર્ઝે ઈલ્લા બે ઈઝનેહી વ બેકુમ
યોનફ્ફેસુલ હમ્મ વ યકશેફૂઝ્ઝુરૈર વ ઈન્દકુમ મા
નઝલત બેહી રોસોલોહૂ વ હબેતંત બેહી મલાએકતોહૂ
વ એલા જદ્દેકુમ.

અગર હઝરત અલી અ.સ.ની ઝિયારત પઢતા હો તો,

વ એલા જદ્દેકુમ ના બદલે કહો, વ એલા અખીક
બોઅંસરે રુહુલ અમીનો આતાકોમુલ્લાહો મા લમ
યુઅતે અહંદમ મેનલ આલમીન તંઅતંઅ કુલ્લો
શરીફિલ લે શરફેકુમ વ બખંઅ કુલ્લો મોતકબ્બેરિલ
લે તાંઅતેકુમ વ ખંઝંઅ કુલ્લો જબ્બારિલ લે ફઝ્લેકુમ
વ ઝલ્લ કુલ્લો શયઈન લકુમ વ અશરકંતિલ અર્ઝો
બે નૂરેકુમ વ ફાઝલ ફાએઝૂન બે વેલાયતેકુમ બેકુમ
યુસલકો અલર રિઝવાને વ અલા મન જહંદ વેલાયતકુમ
ગઝબુર રંહેમાને બે અબી અન્તુમ વ ઉમ્મી વ
નફ્સી વ અહેલી વ માલી. ઝિક્રોકુમ ફિઝ્ ઝાકેરીન
વ અસ્માઓકુમ ફિલ અસ્માએ વ અજ્સાદોકુમ
ફિલ અજ્સાદે વ અરવાહોકુમ ફિલ અરવાહે વ

અનેફોસોકુમે ફિને નોફૂસે વ આસારોકુમે ફિલ આસારે વ કૌબૂરોકુમે ફિલ કૌબૂરે ફ મા અહેલા અસમાઅકુમે વ અકેરમ અનેફોસકુમે વ અઅઝમ શઅનકુમે વ અજલ્લ ખતરકુમે વ અવફા અહેદકુમે વ અસદકે વઅદકુમે કલામોકુમે નૂરુન અમરોકુમે રૂશ્દુવ વ વસીય્યતોકોમુત તકવા વ ફેઅલોકોમુલ ખયરો વ આદતોકોમુલ એહેસાનો વ સજીય્યતોકોમુલ કરમો વ શઅનોકોમુલ હકકો વસ સિદકો વર રિફકો વ કવલોકુમ હુકમુવ વ હતમુવ વ રઅયોકુમ ઈલમુવ વ હિલમુવ વ હઝમુન ઈન ઝોકેરલ ખયરો કુનતુમ અવ્વલહૂ વ અસલહૂ વ ફરઅહૂ વ મઅદેનહૂ વ મઅવાહો વ મુનતહાહો બે અબી અનતુમ વ ઉમ્મી વ નફસી. કયફ અસફો હુસન સનાએકુમ વ ઉહસી જમીલ બલાએકુમ વ બેકુમ અખરજનલ્લાહો મેનઝ ઝુલ્લે વ ફર્રજ અન્ના ગમરાતિલ કોરૂબે વ અનકઝના મિન શફા જોરોફિલ હલકાતે વ મેનન નારે બે અબી અનતુમ વ ઉમ્મી વ નફસી બે મોવાલાતેકુમ અલ્લમનલ્લાહો મઆલેમે દીનેના વ અસલહ મા કાન ફસદ મિન દુનયાના વ બે મોવાલાતેકુમ તમ્મતિલ કલેમતો વ અઝોમતિન નેઅમતો વઅતલફતિલ ફુરકતો વ બે મોવાલાતેકુમ તુકબલુત તાઅતુમ મુફતરઝતો વ લકોમુમ મવદ્દતુલ વાજેબતો વદ દરજાતુર રફીઅતો વલ મકામુમ મહમૂદો વલ મકાનુમ મઅલૂમો

ઈનંદલ્લાહે અંઝ્ઝ વ જલ્લ વલં જાહુલં અંઝીમો વશં શઅનુલં કબીરો વશં શફાઅંતુલં મકૈંબૂલતો રબ્બના આમન્ના બે મા અનંઝલંત વત્તબઅંનરં રસૂલ ફકંતુબંના મઅંશં શાહેદીન રબ્બના લા તોઝિગં કોલૂબના બઅંદ ઈઝ હદયંતના વ હબંલના મિલં લદુનંક રંહંમતનં ઈન્નક અનંતલં વહેહાબો સુબંહાંન રબ્બેના ઈન કાન વઅંદો રબ્બેના લ મફૈઊલન. યા વલીય્યલ્લાહે ઈન્ન બયંની વ બયંનલ્લાહે અંઝ્ઝ વ જલ્લ ઝોનૂબલં લા યઅંતી અંલયંહા ઈલ્લા રેઝાકુમં ફ બે હંકૈંકૈં મનિઅંતમનકુમં અંલા સિરંરેહી વસંતરંઆંકુમં અમંર ખંલંકૈંહી વ કંરન તાંઅંતકુમં બે તાંઅંતેહી લમ્મસંતંવં હબંતુમં ઝોનૂબી વ કુનંતુમં શોફઆંઈ ફ ઈન્ની લકુમં મોતીઉમં મનં અતાંઅંકુમં ફ કંદં અતાંઅંલ્લાહ વ મનં અંસાંકુમં ફ કંદં અંસૈલ્લાહ વ મનં અહંબ્બકુમં ફ કંદં અહબ્બલ્લાહ વ મનં અબંગંઝંકુમં ફ કંદં અબંગંઝંલ્લાહ. અલ્લાહુમ્મ ઈન્ની લવં વજદતં શોફઆંઅ અકૈંરબ એલયંક મિનં મોહંમ્મદિંવં વ અહેલે બયંતેહિલં અખંયારિલં અઈમ્મતિલં અબંરારે લ જઅંલંતોહુમં શોફઆંઈ ફ બે હંકૈંકૈંહેમુલં લઝી અવંજબંત લહુમં અંલયંક અસંઅલોક અનં તુદંખેંલની ફી જુમંલતિલં આંરેફીન બેહિમં વ બે હંકૈંકૈંહિમં વ ફી ઝુમંરતિલં મરંહૂંમીન બે શફાઅંતેહિમં ઈન્નક અરંહંમુરં રાહેમીન વ સૈલ્લલ્લાહો અંલા મોહંમ્મદિંવં વ આલેહીંતં તાંહેરીન

**વ સલ્લમ કસીરંવં વ હંસબોનલ્લાહો વ નેઅ્મલ વકીલ.**

સલામ હો આપ પર અય નબીની એહલેબયત અને રિસાલતના સ્થળ, અને ફરિશ્તાઓને ઉતરવાનું સ્થાન, અને વહીને ઉતારવાની જગ્યા, રહેમતની ખાણ, ઈલ્મના ખજાના, સહનશીલતાની ટોચ, કરમ (દયા)નું મૂળ, ઉમ્મતના પેશવા, નેઅમતના વાલીઓ, નેક લોકોની જડો, નેકીઓના આધાર, બંદાઓના શિક્ષકો, શહેરોના દરવાજાઓ, ઈમાનના દરવાજાઓ, રહેમના ભરોસાવાળાઓ, નબીઓના વંશજો, મૂરસલીનોના ચૂંટેલાઓ, અલ્લાહની શ્રેષ્ઠ મખલૂકની અવલાદ, આપ પર અલ્લાહની રહેમતો અને બરકતો ઉતરે.

સલામ હો હિદાયત આપનારા ઈમામો પર, અંધારાના રોશન ચિરાગો પર, પરહેઝગારોના નિશાનો પર, અક્કલવાળાઓ પર, ઈબાદત ગુઝારો પર, લોકોના આશરા પર, નબીઓના વારિસો પર, ઊંચી મિસાલો પર, શ્રેષ્ઠ દાવતો પર, દુનિયા અને આખેરતવાળાઓ પર, અલ્લાહની હુજજતો, આપ પર રહેમતો અને બરકતો ઉતરે.

સલામ હો આપ પર અય અલ્લાહની મઅરેફતના કેન્દ્રો, અલ્લાહની બરકતોના સ્થળો, અલ્લાહની હિકમતની ખાણો, અલ્લાહના રહસ્યોના રક્ષકો, અલ્લાહની કિતાબના સાંચવનારાઓ, અલ્લાહના નબીઓના વસીઓ, અને અલ્લાહના રસૂલ સ.અ.વ.ની અવલાદ આપ પર અલ્લાહની રહેમતો અને બરકતો ઉતરે.

સલામ હો અલ્લાહની તરફ બોલાવનારાઓ પર, અલ્લાહની ખૂશ્નૂદીના માર્ગદર્શકો, અલ્લાહના હુકમો પર અડગ રહેનારાઓ, અલ્લાહની મહોબ્બતમાં સંપૂર્ણ, અલ્લાહની તવહીદમાં મુખ્લીસો, અલ્લાહના હુકમો અને મનાઈઓ બતાવનારાઓ અને અલ્લાહના એવા બંદાઓ જેઓ બોલવામાં અલ્લાહના કૌલથી આગળ વધતા નથી અને તેના હુકમોનું પાલન કરે છે, આપ પર અલ્લાહની રહેમતો અને બરકતો હો.

સલામ હો દાવત આપનારા ઈમામો પર, હિદાયતના આગેવાનો પર, વલીઓના સરદારો પર, રક્ષણ કરનારાઓ પર, એહલે ઝિકર પર, (દીનના) હાકિમો પર, અલ્લાહના બકીય્યા પર, તેના ચૂંટેલાઓ પર, તેના લશ્કર

પર, તેના ઈલ્મના પાત્રો પર, તેની હુજ્જતો પર, તેના રસ્તા પર, તેના નૂર પર, તેની બુરહાન (દલીલ) પર, અલ્લાહની રહેમતો અને બરકતો નઝિલ થાય.

હું ગવાહી આપું છું કે કોઈ ઈબાદતને લાયક નથી સિવાય અલ્લાહ, જે એક છે અને તેનો કોઈ ભાગીદાર નથી, એવી ગવાહી જેણે પોતા માટે આપી છે, તેના ફરિશ્તાઓએ આપી છે અને તેની ખિલ્કતમાંના સાહેબે ઈલ્મ ઈમામોએ આપી છે, કે કોઈ ઈબાદતને લાયક નથી સિવાય તેના જે મહેરબાન અને હાકીમ છે.

હું ગવાહી આપું છું કે મોહમ્મદ સ.અ.વ. તેના રસૂલ છે, તેના બંદા છે, તેના ચૂંટેલા છે, તેના પસંદ કરેલા છે, તેણે તેમને હિદાયત માટે, અને સાચા દીન સાથે મોકલ્યા છે કે, જેથી તેઓ આ દીનને બધા બીજા મઝહબો પર જાહેર કરે, ભલે પછી મુશ્રીકોને તે ન ગમે, અને ગવાહી આપું છું કે, આપ હઝરાત (ઈમામો) વિદવાન ઈમામો છો, હિદાયત પામેલા છો, મઅસૂમો છો, માનવંતા છો, અલ્લાહના મુકર્રબ છો, પરહેઝગારો છો, સાચા છો, વરાએલા છો, અલ્લાહના ફરમાંબરદાર છો, તેના હુકમોને નાફિઝ કરનારા છો, તેની ઈચ્છાઓ પર અમલ કરનારા છો, તેની કરામતો પર ફાઈઝ છો, તેણે પોતાના ઈલ્મથી આપને ચૂંટયા, પોતાના ગયબ માટે આપને પસંદ કર્યા, પોતાના રહસ્યો પર આપને અધિકાર આપ્યો, પોતાની કુદરતથી આપની વરણી કરી, પોતાની હિદાયતથી આપને નવાજ્યા, પોતાની દલીલો માટે આપને ખાસ નીમ્યા, પોતાના નૂરથી આપને ચૂંટયા, પોતાની રૂહથી આપને ટેકો આપ્યો, પોતાની જમીન પર આપને તેના ખલીફા બનાવ્યા, પોતાના બંદાઓ પર તેની હુજ્જત બનાવ્યા, તેના દીનના આપને અન્સાર બનાવ્યા, તેના ભેદોના આપને રખેવાળ બનાવ્યા, પોતાના ઈલ્મના ખજાના બનાવ્યા, તેની હિકમતને અમાનત રાખવાના સ્થળો બનાવ્યા, તેની વહીના આપને તરજુમાન બનાવ્યા, તેની તવહીદના અરકાનો બનાવ્યા, તેની ખિલ્કત પર આપને ગવાહ બનાવ્યા, તેના બંદાઓ માટે નિશાનો બનાવ્યા, તેના શહેરો પર મિનારા બનાવ્યા, તેના માર્ગના રેહબરો બનાવ્યા, આપને ખુદાએ ભુલથાપથી નિર્ભય રાખ્યા, ફિત્નાઓથી અમાનતમાં રાખ્યા, ખરાબીથી આપ લોકોને પાક રાખ્યા, આપને બુરાઈથી (ગુનાહ)થી દૂર રાખ્યા, અને આપને એવા પાક રાખ્યા કે જેવા પાક રાખવાની જરૂરત (હક) હતી. આપે તેની

કિર્તિને વધારી, તેની શાનને મોટી કરી, તેના કરમને સ્થાપ્યો, તેના ઝિક્રને અમરતા આપી, તેના વાયદાને પાકો કર્યો, તેની ઈતાઅતને મજબૂત કરી, અને લોકોને જાહેર રીતે અને છૂપી રીતે તેના વિષે નસીહત કરી અને હિકમત તથા સભ્યતાપૂર્વક તેના માર્ગ તરફ લોકોને બોલાવ્યા અને તેની ખૂશ્નૂદી ખાતર આપના જીવોને અર્પી દીધા, અને તેના માર્ગમાં આપ પર મુશ્કિલો પડી તે આપે સહન કરી લીધી.

આપે નમાઝ કાયમ કરી, ઝકાત અદા કરી, નેક કામોની હિદાયત કરી અને બૂરા કામોથી લોકોને રોકયા, અને અલ્લાહના માર્ગમાં એવો જેહાદ કર્યો જે જેહાદ કરવાનો હક હતો, ત્યાં સુધી કે આપે તેની દાવતનું એલાન કરી દીધું, અને તેની ફરજો બયાન કરી દીધી, અને તેની હદો કાયમ કરી દીધી અને તેના એહકામો અને સુન્નતની શરીઅત નાફિઝ કરી દીધી અને આમ આપ અલ્લાહની ખુશી સુધી પહોંચી ગયા, અને તેના ફેંસલાઓ માની લીધા અને બધા રસૂલોની તસ્દીક કરી, એટલે આપ હઝરાતથી મોં ફેરવનાર દીનથી ખારિજ છે, અને આપ હઝરાતને માનનારા દીન પર છે અને આપના હક્કોને ઓછા કરનાર નાશ પામશે, હક આપ હઝરાતની સાથે છે, આપ જ હક છો, હક આપની તરફ છે અને આપ જ તેને લાયક છો, અને તેની ખાણ છો, નબીઓનો વારસો આપની પાસે છે, અને બધા લોકોનું પાછું ફરવું આપની તરફ છે, અને આપ હઝરાત જ તેનો હિસાબ લેનારા છો, આપનું કહેવું પ્રમાણ ભૂત છે, ખુદાની નિશાનીઓ આપની પાસે છે, તેના ઈરાદાઓ આપમાં જ છે, તેનું નૂર અને દલીલો આપ હઝરાત પાસે છે, તેના હુકમો આપની તરફ આવે છે, જેણે આપને દોસ્ત રાખ્યા તેણે ખુદાને દોસ્ત રાખ્યો અને જેણે આપથી દુશ્મની કરી તેણે ખુદાથી દુશ્મની કરી, અને જેણે આપનાથી મહોબ્બત કરી તેણે ખુદાથી મહોબ્બત કરી અને જેણે આપનાથી અદેખાઈ કરી તેણે ખુદાની અદેખાઈ કરી અને જેઓ આપની સાથે થયા તેઓ ખુદાની સાથે થયા, આપ મોટો માર્ગ છો, સીધા રસ્તા છો, આ જગતના આપ ગવાહ છો, અને આખેરતના જગતમાં શફાઅત કરનારા છો, નિરંતર રહેમત છો, છુપી નિશાનીઓ છો, અને સુરક્ષિત અમાનતો છો, અને દરવાજા છો જેના ઝરીએ લોકોનું ઈમ્તેહાન લેવામાં આવ્યું, જે આપની પાસે આવ્યો તેણે નજાત પામી, અને જે આપની પાસે ન આવ્યો તે નાશ પામ્યો, આપ હઝરાત ખુદાની તરફ બોલાવતા રહ્યા, અને તેની તરફ માર્ગદર્શન આપતા રહ્યા

અને તેના પર ઈમાન રાખતા રહ્યા, અને તેની આગળ મસ્તકો નમાવી રહ્યા અને તેના જ હુકમોનું પાલન કરતા રહ્યા અને તેના માર્ગની હિદાયત આપતા રહ્યા, અને તેના કહેવા પ્રમાણે હુકમો આપતા રહ્યા, જેણે આપથી દોસ્તી કરી તે ખુશનસીબ થયો, અને જેણે આપથી દુશ્મની કરી તે નાશ પામ્યો, આપનો ઈન્કાર કરનાર નિરાશ થયો, આપથી જુદો થનાર ગુમરાહ થયો, અને આપથી સંબંધ રાખનાર કામયાબ થયો, આપનો આશરો લેનાર નિર્ભય બન્યો, અને આપની તસ્દીક કરનાર સલામત રહ્યો, આપનો દામન પકડનારને હિદાયત મળી, જેણે આપની પયરવી કરી તેને જન્નતમાં સ્થાન મળ્યું, અને જેણે આપની મુખાલેફત કરી તેનું ઠેકાણું જહન્નમ છે, આપને ન માનનારો કાફર છે, અને આપથી લડનાર મુશ્રિક છે, અને જેણે આપ હઝરાતને રદ કર્યા તે જહન્નમના છેલ્લા તબક્કામાં છે.

હું ગવાહી આપું છું કે બધા ગુણો આપમાં પહેલેથી જ છે, અને હમેશા બાકી રહેશે, ખરેખર આપ સૌ હઝરાતની રૂહો, નૂરો, અને માટી બધા એક છે, અને પાક અને પાકિઝા છે,અને એક બિજાથી સંકલિત છે, અલ્લાહે આપ હઝરાતને નૂરથી પૈદા કર્યા, અને પોતાના અર્શ પર સ્થાન આપ્યું, અને અર્શને ચારે તરફ ફેલાવી અમારા પર એહસાન કર્યો અને આપના ઘરોને અલ્લાહના ઝિકર કરવાના ઘરો બનાવ્યા અને અમને આપના પર દુરૂદ મોકલવાનો હુકમ આપ્યો, આપની મહોબ્બતને અમારી ખાસ ઈબાદત ઠેરાવી, અમારી ખિલકત પાક બનાવી, અમારા નફસોને પાકિઝા કર્યા, અમારી ઈસ્લાહ કરી, અને અમારા ગુનાહોનો કફ્ફારો બનાવ્યો, કેમકે અમે ખુદ ઈલ્મમાં આપ હઝરાતના ફઝલનો એઅતેરાફ કરવાવાળા હતા. અને આપની તસ્દીકથી ઓળખનારા હતા, ખુદાએ આપ હઝરાતને માન ઈકરામના ઊંચા સ્થાને પહોંચાડયા અને અલ્લાહની કુરબત ધરાવનારાના ઉન્નત દરજજે, મુરસલીનના દરજ્જાઓની ટોચે એવા ઉન્નતિના શિખરે કે જ્યાં પહોંચવાની કોશિશ કરનારો પહોંચી નથી શકતો અને ન કોઈ તેને વટાવી શકે છે, ન કોઈ તેમનાથી પહેલ કરી શકે છે અને ન કોઈ લાલસા ધરાવનાર તેના દરજ્જાની લાલસા કરી શકે છે, ત્યાં સુધી કોઈ મુકર્રબ ફરિશ્તો, કોઈ મુરસલ નબી, કોઈ સીદ્દીક, કોઈ શહીદ, કોઈ આલિમ, કોઈ જાહિલ, કોઈ પસ્ત, કે કોઈ માનવંત, ન કોઈ નેક મોમિન, કે ન કોઈ દૂરાચારી દુષ્ટ, ન કોઈ સીતમગર, ન કોઈ સરકશ શયતાન, તેમજ ન કોઈ લોકો વચ્ચેની બીજી કોઈ મખ્લૂક જે

હસ્તી ધરાવતી હોય બાકી નથી રહી પણ તેને ખુદાએ ઓળખાણ કરાવી છે આપના માન મરતબાની, આપના મોભાની, આપની ઊંચી શાનની, આપના સંપૂર્ણ નૂરની, આપની પૂર્ણ સચ્ચાઈની, આપના સ્થાનની મજબૂતીની, આપના મરતબાની શરાફતની, તેની પાસે આપનો જે દરજજો છે, અને તેની બારગાહમાં આપની જે ખુસુસીયત છે અને કુરબત અને મન્ઝેલત જે આપ હઝરાતને મળી છે, મારા મા–બાપ, મારા ઘરવાળા, મારો માલ, મારી સ્મૃધ્ધિ બધું આપના પર કુરબાન.

હું અલ્લાહને ગવાહ બનાવું છું અને આપને શાક્ષી રાખું છું કે હું આપ હઝરાત પર ઈમાન રાખું છું અને તેના પર જેના પર આપ ઈમાન લાવ્યા છો અને આપના દુશ્મનોનો હું મુન્કિર છું અને તેનો પણ જેનો આપે ઈન્કાર કર્યો છે, આપની શાન પર યકીન રાખું છું અને આપની મુખાલેફત કરનારની ગુમરાહીને જાણું છું, હું આપનો દોસ્ત છું અને આપના દોસ્તોને દોસ્ત રાખું છું, આપના દુશ્મનોનો દુશ્મન છું અને તેઓથી દુશ્મની રાખું છું આપની સાથે સુલ્હ કરનાર સાથે સુલ્હ રાખું છું અને આપની સાથે લડનાર સાથે લડું છું જેને આપ હક સમજો છો તેને હું હક સમજું છું, જેને આપ બાતિલ સમજો છો તેને હું બાતિલ સમજું છું, હું આપનો ફરમાંબરદાર છું, આપના હકોને જાણું છું, આપના ઉપકારનો રૂણી છું, આપના ઈલ્મનો વિધાર્થી છું, આપના આશરામાં શરણ ચાહું છું, આપને પહેચાનું છું, આપ પર ઈમાન ધરાવું છું, આપના પાછા ફરવા પર યકીન રાખું છું, આપના હુકમોનો ઈન્તેઝાર કરૂં છું, આપની હુકૂમતનો ઉમ્મીદવાર છું, આપની વાણીથી સબક મેળવું છું, આપના હુકમો પર અમલ કરૂં છું, આપના શરણે આવ્યો છું, આપનો ઝાઈર છું, આપનો દામન પકડી રહ્યો છું, આપની કબર પર પનાહ લેવા આવ્યો છું, અલ્લાહ કિર્તિવાન અને માનવંત પાસે આપની સિફારિશ ચાહું છું, આપના સદકે તેની કુરબત માગું છું, મારી માગણી, મારી હાજતો, અને મારી હર હાલતમાં અને હર કામમાં હું આપને આગળ કરૂં છું, આપના ભેદો પર ઈમાન ધરાવું છું, આપના જાહેર પર, આપના હાજર પર, આપના ગાઈબ પર, આપના પહેલા પર અને આપના છેલ્લા પર હું ઈમાન રાખું છું અને આ બધી વાતોમાં હું આપ હઝરાત પર ભરોસો કરૂં છું અને આપની સામે હું મારૂં મસ્તક નમાવું છું અને મારૂં દિલ આપની સામે ઢળેલું છે અને મારા દિલમાં હું આપને અનૂસરૂં છું, અને આપની મદદ માટે તત્પર છું, ત્યાં સુધી કે ખુદા

આપની મારફત દીનને સજીવન કરે અને પોતાના દિવસોમાં આપને પાછા ફેરવે, પોતાના અદલ સાથે આપને જાહેર કરે, અને પોતાની જમીન પર આપને સ્થિર કરે, હું આપની સાથે છું તો આપની સાથે જ છું, આપના દુશ્મનો સાથે હરગીઝ નથી, હું આપ પર ઈમાન રાખું છું, આપના આખરથી એટલી જ ઉલફત રાખું છું, જેટલી આપના પહેલાંથી રાખું છું અને અય અલ્લાહ હું નફરત કરૂં છું આપના દુશ્મનોથી, બૂતોથી, જૂઠા ખુદાઓથી અને શયતાનથી અને ઝાલિમોના ટોળાથી, જેણે આપ હઝરાત પર ઝુલ્મો કર્યાં અને આપના હકનો અનાદર કરનારાઓથી, અને આપની દોસ્તીથી બાહર નીકળી જનારાઓથી, અને આપની મિરાસ ગસબ કરનારાઓથી, આપના વિશે શંકા કરનારાઓથી, આપથી વેગળા થઈ જનારાઓથી, અને બેઝાર છું હું આપની સિવાય બિજા કોઈ ભરોસાદારથી, અને હરેક સરદારથી જે આપના સિવાય હોય, અને એ ઈમામોથી જેઓ જહન્નમની તરફ બોલાવે છે.

બસ ખુદા મને હમેશા સાબિત કદમ રાખ, જ્યાં સુધી હું જીવું, તો આ સૌ હઝરાતોની મહોબ્બતમાં, તેઓની વિલામાં, તેઓના દીન પર, અને તેઓની ઈતાઅતાની તૌફિક પર, અને તેઓની શફાઅત ઈનાયત કર, મને તેઓના નકશે કદમ પર ચાલનારાઓમાં ગણ, તેઓના માર્ગે ચલાવ, તેઓની હિદાયતથી હિદાયત અપાવ, અને તેઓની ગિરોહમાં મને શામિલ કર અને તેઓના પાછા ફરવાનો ઈકરાર કરનારો બનાવ, તેઓની હુકૂમતમાં મને મહકૂમ (પ્રજાજન) બનાવ, તેઓની આફિયતના લાભ અપાવ, અને તેઓના કાળમાં મને સ્થાન આપ અને મારી આંખોને કાલે તેઓની ઝિયારતની ઠંડક અપાવ, માર મા-બાપ, મારો જીવ, મારા ઘરવાળા અને મારો માલ આપ પર કુરબાન.

જેણે ખુદાથી મોહબ્બત કરી તેણે આપનાથી શરૂઆત કરી, અને જેણે અલ્લાહને એક માન્યો તેણે આપનો દીન અપનાવ્યો, અને જેણે ખુદાની કુરબતનો ઈરાદો કર્યો, તેણે આપ તરફ ધ્યાન આપ્યું, હું આપના વખાણની ગણત્રી નથી કરી શકતો, અય મારા મૌલાઓ, અને વખાણ કરવામાં આપની હકીકત સુધી નથી પહોંચી શકતો, અને આપની પ્રશંસા કરવામાં આપના મોભા સુધી નથી પહોંચી શકતો, આપ બધા ચૂંટેલા લોકોના નૂરો છો અને નેક લોકોના હાદી છો અને અલ્લાહની હુજ્જતો છો, આપના દવારા અલ્લાહે

શરૂઆત કરી અને આપના પર ખતમ કરશે, આપના કારણે અલ્લાહ વરસાદ વરસાવે છે અને આપના આધારે આસમાનને ટકાવી રાખ્યું છે, કે તે જમીન પર ન પડે તેમની રજા વગર, આપના સદકે અલ્લાહ અમારા રંજ દૂર કરે છે અને સંકટો ટાળે છે અને એ વસ્તુઓ આપની પાસે છે જે રસૂલો લઈને આવ્યા અને ફરિશ્તાઓ ઉતર્યા અને આપના દાદા પર (જો હઝરત અલી અ.સ.ની ઝિયારત પઢતા હો તો દાદાને બદલે ભાઈ શબ્દ ઉચ્ચારો) રૂહુલ અમીનને મોકલવામાં આવ્યા, ખુદાએ આપ હઝરાતને એ સર્વ આપ્યું જે સૃષ્ટિમાં કોઈ એકને પણ નથી આપ્યું, આપની શરાફત આગળ બધા શરીફો ઝૂકી ગયા, અને દરેક ગર્વિષ્ટ (મગરૂરે) આપની ઈતાઅત માટે માથું નમાવી દીધું અને આપના ફઝલ આગળ મોટા મોટા હડધૂત થયા અને દરેક વસ્તુ આપની સામે હકીર બની, આપના નૂરથી ધરતી રોશન થઈ, આપની મહોબ્બતથી કામિયાબ થનારા કામયાબી પામ્યા, આપની મારફત રિઝવાન સુધી પહોંચી શકાય છે, અને જેણે આપની વિલાયતનો ઈન્કાર કર્યો, તેણે ખુદાનો ખોફ વહોરી લીધો, મારા મા-બાપ, મારી જાન, મારા ઘરવાળા અને મારો માલ આપ પર કુરબાન, ઝિકર કરવાવાળાઓમાં આપનો ઝિકર છે, નામોમાં આપના નામો, જિસમોમાં આપના જિસમો અને રૂહોમાં આપની રૂહો અને જાનોમાં આપ હઝરાતની જાનો, યાદગીરીઓમાં આપની યાદગીરીઓ, અને કબરોમાં આપની કબરો સૌથી ચડિયાતી છે, કેમકે આપના નામો કેટલા મધૂરા છે, આપની જાનો કેટલી કિમતી છે, આપના મરતબા કેટલા બૂલંદ છે, આપની કિર્તિ કેટલી ઉજવળ છે, આપના વચનો કેટલા પૂરા છે, આપના વાયદા કરનારાઓમાં સૌથી સાચા છો, આપના કલામો નૂર છે, આપના હુકમો હિદાયત છે, આપની વસીયત પર અમલ કરવો પરહેઝગારી છે, આપના કાર્યો નેક છે, આપની આદતો હમેશા ઉપકાર કરનારી છે, આપના સ્વભાવમાં ઉદારતા છે, આપની શાન હક છે, સચ્ચાઈ છે, ઉચ્ચ છે, આપના કૌલ હુકમ છે અને છેવટના છે, આપના અભિપ્રાયો જ્ઞાન અને ધીરતાથી ભરપૂર છે અને ડહાપણથી ભરેલા છે, નેકીના ઝિકર કરવામાં આવે તો આપ તેમાં પ્રથમ છો, તેના મૂળ છો, તેની શાખો છો, તેની ખાણો છો, તેના કેન્દ્રો છો, તેની પરાકાષ્ટાઓ છો, મારા મા-બાપ, મારી જાન, આપ પર કુરબાન.

હું આપની સુંદર તારીફ કેવી રીતે કરી શકું અને આપના સુંદર ઈમ્તેહાનોનું

વર્ણન હું કઈ રીતે કરી શકું, કેમકે તે આપના જ લીધે ખુદાએ અમને હલકટ અવસ્થામાંથી બહાર નીકાળ્યા અને દુઃખોના ગર્તમાં પડવાથી બચાવી લીધા અને સર્વનાશ તથા દોઝખની આગથી છૂટકારો આપ્યો, આપ હઝરાત પર મારા મા-બાપ અને જાન કુરબાન, આપની મહોબ્બતના કારણે ખુદાએ અમને અમારા દીનના નિશાનોની તાલીમ આપી, અમારી દુનિયામાં જે કંઈ ફસાદ (બગાડ) હતો તેની સુધારણા કરી, અને આપની મહોબ્બતના કારણે ફરજ કરાએલી બધી ઈતાઅતો કબૂલ થાય છે અને આપની જ મહોબ્બત અમારા પર વાજિબ કરવામાં આવી છે, આપના જ માટે દરજજાઓ ઊંચા છે અને પ્રશંસાપાત્ર સ્થાનો છે, મંઝિલો નક્કી છે. અલ્લાહ ઈઝઝત અને કિર્તિવાન પાસે આપના મરતબા ઉન્નત છે. આપની શાન મહાન છે, આપની શફાઅત કબૂલ થાય છે. અય પાલણહાર અમે તારી ઉતારેલી બધી વસ્તુઓ પર ઈમાન લાવ્યા, અને તારા રસૂલની ફરમાં બરદારી કરી, એટલે મને ગવાહોમાં લખી લે અય અમારા પાલણહાર, અમારી હિદાયત કર્યા પછી અમારા દિલોમાં પરિવર્તન ન થવા દેજે, અને અમારા પર તારી પાસેથી રહેમત અતા કર, તું વિશાળ અતા કરવાવાળો છે, અમારો પાલણહાર બે અયબ છે, તેણે જે વાયદા કર્યા તે પૂરા થઈને રહેશે, અય અલ્લાહના વલી ખરેખર મારી અને ખુદાની વચ્ચે કેટલાક એવા ગુનાહ આડે આવી ગયા છે કે જેને આપની ખૂશ્નૂદી સિવાય કોઈ દૂર કરી શકતું નથી, એટલે આપને તેના હકનો વાસ્તો આપું છું જેણે આપને પોતાના ભેદોના અમાનતદાર બનાવ્યા, અને પોતાની મખ્લૂક પર આપને નિગેહબાન બનાવ્યા અને પોતાની ઈતાઅતને આપની ઈતાઅત સાથે મેળવી દીધી, કે આપ મારા ગુનાહોની બખ્શીશ માટે મારી ભલામણ કરનારા બની જાવ, હું આપનો ફરમાંબરદાર છું, જેણે આપની ઈતાઅત કરી તેણે અલ્લાહની ઈતાઅત કરી, જેણે આપનો વિરોધ કર્યો તેણે ખુદાનો વિરોધ કર્યો, જેણે આપથી દોસ્તી કરી તેણે ખુદાથી દોસ્તી કરી અને જેણે આપનાથી દુશ્મનાવટ રાખી તેણે ખુદાથી દુશમનાવટ રાખી.

અય અલ્લાહ અગર મને કોઈ એવા શફાઅત કરનારા મળી જાતે જેઓ મોહમ્મદ સ.અ.વ. અને તેમની એહલેબયતથી કોઈ તારી વધારે નિકટ હોય તો હું તેની શફાઅત પેશ કરત, એટલે તેમના એ હકનો વાસ્તો જે તેં તારા પર વાજિબ કરી લીધો છે, હું તારાથી સવાલ કરૂં છું કે મને તેમના બધા હકોના અને તેમના જાણકારોમાં દાખલ કરી દે અને એ લોકોમાં જેના પર તેં

તેમની શફાઅતના કારણે રહેમ કરી હોય, ખરેખર તું બધા રહમ કરવાવાળ ાઓમાં સૌથી વધારે રહેમ કરનાર છો, અને સલવાત મોકલ મોહમ્મદ સ.અ.વ. અને તેમની પાક આલ પર અને ઘણા ઘણા સલામ અને અમારા માટે ખુદા કાફી છે અને શ્રેષ્ઠ સર્જક છે.

*ત્યાર પછી મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર ઘણા ઘણા દુરૂદ મોકલે.*

◆◆◆◆◆

# ઝિયારતે આશૂરા

રાવી અલકમા કહે છે કે, ઈમામ મોહમ્મદ બાકિર અ.સ.એ ફરમાવ્યું : આપની ઝિયારત દરરોજ આ રીતે પઢે તો તેને અલ્લાહ એટલો જ સવાબ આપશે જે આશુરાના દિવસે આ ઝિયારત પઢવાનો સવાબ છે.

**અસ્સલામો અઁલયઁક યા અબા અઁબ્દિલ્લાહ. અસ્સલામો અઁલયઁક યબ્ન અમીરિલ મુઅ્મેનીન વબ્ન સય્યેદિલ વસીય્યીન. અસ્સલામો અઁલયઁક યબ્ન ફાતેમત સય્યેદતે નેસાઈલ આલમીન. અસ્સલામો અઁલયઁક યા સારલ્લાહે વબ્ન સારેહી વલ વિત્રલ મવ્તૂર. અસ્સલામો અઁલયઁક વ અઁલલ અરવાહિલ લતી હલ્લત બે ફેનાએક અઁલયઁકુમ મિન્ની જમીઅન સલામુલ્લાહે અબદમ મા બકીતો વ બકેયલ લયલો વન નહારો, યા અબા અઁબ્દિલ્લાહે લકદ અઁઝોમતિર રઝીય્યતો વ જલ્લત વ અઁઝોમતિલ મોસીબતો બેક અઁલયના વ અઁલા જમીએ અહલિલ ઈસ્લામે વ જલ્લત વ અઁઝોમત મોસીબતોક ફિસ સમાવાતે અઁલા જમીએ અહલિસ સમાવાતે ફ લઅઁનલ્લાહો ઉમ્મતન અસ્સસત અસાસઝ્ઝુલ્મે વલ જવ્રે અઁલયઁકુમ**

અહેલલ બયતે વ લઅનલ્લાહો ઉમ્મતન દફઅતકુમ અન મકામેકુમ વ અઝાલતકુમ અમ મરાતેબેકોમુલ લતી રત્તબકોમુલ્લાહો ફીહા વ લઅનલ્લાહો ઉમ્મતન કતલતકુમ વ લઅનલ્લાહુલ મોમહેહેદીન લહુમ બિત તમકીને મિન કેતાલેકુમ બરેઅતો એલલ્લાહે વ એલયકુમ મિનહુમ વ મિન અશયાએહિમ વ અતબાએહિમ વ અવલેયાએહિમ, યા અબા અબદિલ્લાહે ઈન્ની સિલમુન લે મન સાલમકુમ વ હરબુન લે મન હારબકુમ એલા યવમિલ કેયામતે વ લઅનલ્લાહો આલ ઝેયાદિન વ આલ મરવાન વ લઅનલ્લાહો બની ઊમય્યત કાતેબતંવ વ લઅનલ્લાહુબન મરજાનત વ લઅનલ્લાહો ઓમરબન સઅદિન વ લઅનલ્લાહો શિમરંવ વ લઅનલ્લાહો ઉમ્મતન અસરજત વ અલજમત વ તનકકબત વ તહય્યઅત લે કેતાલેક બે અબી અનત વ ઉમ્મી લ કદ અઝોમ મોસાબી બેક ફ અસઅલુલ્લાહલ લઝી અકરમ મકામક વ અકરમની બેક અંય યરઝોકની તલબ સારેક મઅ એમામિમ મનસૂરિમ મિન અહેલે બયતે મોહંમ્મદિન સલ્લલ્લાહો અલયહે વ આલેહી. અલ્લાહુમ મજઅલની ઈનદક વજીહમ બિલ હુસયને અલયહિસ સલામો ફિદ દુનયા વલ આખેરતે યા અબા અબદિલ્લાહે ઈન્ની અતકરરબો એલલ્લાહે વ એલા રસૂલેહી વ એલા અમીરિલ મુઅમેનીન વ

એલા ફાતેમત વ એલલે હસને વ એલયેક બે મોવાલાતેક વ બિલ બરાઅતે મિમ્મન અસ્સસ અસાસઝે ઝુલમે વલે જવરે એલયેકુમ વ અબરઓ એલલ્લાહે વ એલા રસૂલેહી મિમ્મન અસ્સસ અસાસ ઝાલેક વ બના એલયેહે બુનયાનહૂ વ જરા ફી ઝુલમેહી વ જવરેહી એલયેકુમ વ એલા અશયાએકુમ બરેઅતો એલલ્લાહે વ એલયેકુમ મિનહુમ વ અતકર્રરબો એલલ્લાહે સુમ્મ એલયેકુમ બે મોવાલાતેકુમ વ મોવાલતે વલીય્યેકુમ વ બિલ બરાઅતે મિન અઅદાએકુમ વન નાસેબીન લકોમુલ હરબ વ બિલ બરાઅતે મિન અશયાએહિમ વ અતબાએહિમ ઈન્ની સિલમુલ લે મન સાલમકુમ વ હરબુલ લે મન હારબકુમ વ વલીય્યુલ લે મન વાલાકુમ વ અદુવ્વુલ લે મન આદાકુમ ફ અસઅલુલ્લાહલ લઝી અકરમની બે મઅરેફતેકુમ વ મઅરેફતે અવલેયાએકુમ વ રઝકનિલ બરાઅત મિન અઅદાએકુમ અંય યજઅલની મઅકુમ ફિદ દુનયા વલ આખેરતે વ અંય યોસબ્બેત લી ઈનદકુમ કદમ સિદકીન ફિદ દુનયા વલ આખેરતે વ અસઅલોહૂ અંય યોબલ્લેગનિમ મકામમ મહમૂદ લકુમ ઈનદલ્લાહે વ અંય યરઝોકની તલબ સારી મઅ ઈમામિન હોદન ઝાહેરિન નાતેકિન બિલ હકકે મિનકુમ વ અસઅલુલ્લાહ બે હકકેકુમ વ બિશ શઅનિલ લઝી લકુમ ઈનદહૂ અંય યુઅતેયની બે

મોસાઁબી બેકુમેં અફ્ઝૅલ મા યુઅઁતીં મોસાઁબમેં બે મોસીઁબતેહી મોસીઁબતમેં મા અઅઁઝમહા વ અઅઁઝમ રઝીય્યતહા ફિલ્ ઈસ્લામે વ ફી જમીઈસ્ સમાવાતે વલ્ અર્ઝે, અલ્લાહુમ્ મજ્અઁલ્ની ફી મકાઁમી હાઝા મિમ્મન્ તનાલોહૂ મિન્ક સૅલવાતંવ્ વ રેંહમતુંવ્ વ મગ્ફેરતુન્, અલ્લાહુમ્ મજ્અઁલ્ મહ્યાય મહ્યા મોહંમ્મદિંવ્ વ આલે મોહંમ્મદિંવ્ વ મમાતી મમાત મોહંમ્મદિંવ્ વ આલે મોહંમ્મદ. અલ્લાહુમ્મ ઈન્ન હાઝા યવ્મુન્ તબર્રકત્ બેહી બનૂ ઊમય્યત વબ્નો આકેલતિલ્ અક્બાદિલ્ લઈનુબ્નુલ્ લઈને અઁલા લેસાનેક વ લેસાને નબીય્યેક સૅલ્લલ્લાહો અઁલયહે વ આલેહી ફી કુલ્લે મવ્તેંનિંવ્ વ મવ્કેંફિંવ્ વ કઁફ ફીહે નબીય્યોક સૅલ્લલ્લાહો અઁલયહે વ આલેહી, અલ્લાહુમ્ મલ્અન્ અબા સુફ્યાન વ મોઆઁવેયત વ યઝીદબ્ન મોઆઁવેયત અઁલયહિમ્ મિન્કલ્ લઅઁનતો અબદલ્ આબેદીન વ હાઝા યવ્મુન્ ફરેહંત્ બેહી આલો ઝેયાદિંવ્ વ આલો મર્વાન બે કઁત્લેહેમુલ્ હુંસયન સૅલવાતુલ્લાહે અઁલયહે, અલ્લાહુમ્મ ફ ઝાઈફ્ અઁલયહેમુલ્ લઅઁન મિન્ક વલ્ અઁઝાબલ્ અઁલીમ. અલ્લાહુમ્મ ઈન્ની અતકઁર્રબો એલયક ફી હાઝલ્ યવ્મે વ ફી મવકૅફી હાઝા વ અય્યામે હંયાતી બિલ્ બરાઅતે મિન્હુમ્ વલ્ લઅઁનતે અઁલયહિમ્ વ બિલ્ મોવાલાતે લે નબીય્યેક વ આલે નબીય્યેક અઁલયહે વ અઁલયહેમુસ્ સલામ.

*પછી એકસો વખત ઈમામ હુસૈન અ.સ.ના કાતિલો ઉપર લાનત કરે.*

**અલ્લાહુમ્મે મલઅનેં અવ્વલ ઝાલેમિનેં ઝલમ હક્કે મોહમ્મદિંવ્વ વ આલે મોહમ્મદિંવ્વ વ આખેર તાબેઈને લહૂ અલા ઝાલેક અલ્લાહુમ્મે મલઅનિલ્ અસાબતલ્ લતી જાહદતિલ્ હુસયન વ શાયઅત વ બાયઅત વ તાબઅત અલા કત્લેહી અલ્લાહુમ્મે મલ્ અનેહુમ્ જમીઆ.**

*પછી એકસો વખત ઈમામ હુસૈન અ.સ. ઉપર સલામ મોકલે.*

**અસ્સલામો અલયક યા અબા અબ્દિલ્લાહે વ અલલ્ અરવાહિલ્ લતી હલ્લત બે ફેનાએક વ અનાખત બે રહલેક અલયક મિન્ની સલામુલ્લાહે અબદમ્ મા બકીતો વ બકેયલ્ લયલો વન્ નહારો વ લા જઅલહુલ્લાહો આખેરલ અહદે મિન્ની લે ઝેયારતેકુમ્ અસ્સલામો અલ્ હુસયને વ અલા અલીયિબ્નિલ્ હુસયને વ અલા અવ્લાદિલ્ હુસયને વ અલા અસ્હાબિલ્ હુસયન.**

*પછી કહે :*

**અલ્લાહુમ્મ ખુસ્સે અનેત અવ્વલ ઝાલેમિનેં બિલ્ લઅને મિન્ની વબ્દઅ બેહી અવ્વલન સુમ્મસ્ સાની વસ્ સાલેસ વર રાબેઅ, અલ્લાહુમ્મે મલઅન યઝીદ ખામેસન વલઅન ઓબયદલ્લાહિબ્ને ઝેયાદિન વબ્ન મરજાનત વ ઓમરબ્ન સઅદિન વ શિમ્રન વ આલ અબી સુફયાન વ આલ ઝેયાદિન વ આલ મરવાન એલા યવ્મિલ્ કેયામહ.**

*પછી સિજદામાં જઈ કહે :*

**અલ્લાહુમ્મ લકલ્ હંમ્દો હંમદશ્ શાકેરીન લક અંલા મોસાંબેહિમ્. અલ્ હંમ્દો લિલ્લાહે અંલા અઝીમે રઝીય્યતી, અલ્લાહુમ્મરૅઝુકૈની શફાઅંતલ્ હુંસયૅને યવૅમલ્ વોરૂદે વ સબ્બિત્ લી કંદમ સિદ્કિન્ ઈન્દક મઅંલ્ હુંસયૅને વ અસંહાબિલ્ હુંસયૅનિલ્ લઝીન બઝલૂ મોહજહુમ્ દૂનલ્ હુંસયૅને અંલયૅહિસ્ સલામ.**

સલામ હો આપ પર અય અબુ અબ્દુલ્લાહ, સલામ હો આપ પર અય રસૂલે ખુદા સ.અ.વ.ના ફરઝંદ, સલામ હો આપ પર અય અમીરૂલ મોઅમેનીનના ફરઝંદ અને અય વસીઓના સરદારના ફરઝંદ, સલામ હો આપ પર અય ફાતેમા ઝેહરા સ.અ. વિશ્વની સ્ત્રીઓની સરદારના ફરઝંદ, સલામ હો આપ પર જેના ખૂનનો બદલો ખુદા લેનાર છે અને તેના ફરઝંદ જેના ખૂનનો બદલો ખુદા લેનાર છે, જે જે એકલા અલગ પડી ગયા હતા. સલામ હો એ ફીરશ્તાઓ પર જે આપના સહેનમાં ઉતરે છે, આપ હઝરાત પર મારા સલામ થાય હમેશા હમેશા જ્યાં સુધી હું જીવું અને જ્યાં સુધી આ રાત અને દિવસ બાકી છે.

અય અબૂ અબ્દુલ્લાહ, ખરેખર આપની મુસીબત મોટી છે, કસોટી સખ્ત છે અને આપની મુસીબત અમારા ઉપર અને બધા મુસલમાનો ઉપર કઠિન છે, અને આપની મુસીબત આસમાનોમાં અને બધા આસમાનવાળાઓ ઉપર પણ ભારે છે, અલ્લાહનો શ્રાપ હોય એ લોકો પર જેણે જુલમ અને સખ્તીનો પાયો નાખ્યો, આપ એહલે બયત માટે અને ખુદા લાનત કરે એ લોકો પર જેણે આપ હઝરાતને આપના મકામથી હઠાવ્યા અને આપના મોભાઓનો અનાદર કર્યો એ મોભા જે ખુદાએ આપના માટે મક્કમ કર્યાં છે. અને ખુદા લાનત કરે એ લોકો ઉપર જેણે આપને કતલ કર્યાં અને લાનત કરે એ લોકો પર જેણે આપના કતલ માટેના સાધનો તૈયાર કર્યાં.

ખુદાના ઝરીએ અને હું આપની મારફત એ લોકોથી અને તેમના દોસ્તોથી દૂરી ચાહું છું અને એ લોકોથી જેણે તેમની પયરવી કરી અને જેમણે એ લોકોની તાબેદારી કરી. અય અબા અબ્દિલ્લાહ (ઈમામ હુસેન અ.સ.) હું

આપની સાથે સુલેહ કરનાર સાથે સુલેહ કરવા ચાહું છું અને આપની સાથે લડનાર સાથે લડવા ચાહું છું કયામત સુધી અને ખુદા લાનત કરે ઝિયાદની અવલાદ પર અને મરવાનની અવલાદ પર અને લાનત કરે ઉમૈયાની બધી અવલાદ પર અને અલ્લાહ લાનત કરે મરજાનાના પુત્ર પર અને અલ્લાહ લાનત કરે ઉમરે સઅદ પર અને અલ્લાહ લાનત કરે શીમ્ર પર અને અલ્લાહ લાનત કરે એ લોકો પર જેણે આપને કતલ કરવા ઘોડાઓ સજાવ્યા, લગામો કસી, બુકાની બાંધી, મારા મા–બાપ આપ પર ફિદા થાય. ખરેખર આપની શહાદત અમારા માટે મોટી મુસીબત છે. હું અલ્લાહથી યાચના કરૂં છું. એ અલ્લાહ જેણે આપના સ્થાનને ઉન્નત કર્યું અને આપને કારણે મને પણ માનવંત બનાવ્યો, કે મને ઈમામે ઝમાના સાથે આપના ખૂનનો બદલો લેવા ભાગ્યશાળી બનાવે. જે મોહમ્મદ સ.અ.વ. અને તેમની આલની એહલે બયઅતમાંથી હશે. અય અલ્લાહ મને દુનિયા અને આખેરતમાં ઈમામ હુસૈન અ.સ. સાથે સુખરૂ કર.

અય અબા અબ્દિલ્લાહ, હું નઝદિકી ચાહું અલ્લાહથી, રસૂલે ખુદા સ.અ.વ.થી અમીરૂલ મોઅમેનીન અ.સ.થી અને ફાતેમા ઝેહરા સલા.થી, ઈમામે હસન અ.સ.થી અને આપનાથી આપની મોહબ્બતના કારણે અને હું દૂરી ચાહું છું એ બધાથી જેમણે આપનું ખૂન કર્યું અને આપની સાથે લડાઈ કરી અને દૂરી ચાહું એ લોકોથી જેણે આપ પર ઝૂલ્મ અને સખ્તીથી શરૂઆત કરી અને દૂરી ચાહું છું અલ્લાહના દરબારમાં અને તેના રસુલ સ.અ.વ. પાસે એ લોકોથી જેણે એની બુન્યાદ નાખી અને તેનો પાયો મજબૂત કરતા રહ્યા અને આપના પર ઝુલ્મો સિતમ કરતા રહ્યા અને આપના દોસ્તો પર ઝૂલ્મ અને સિતમ કરતા રહ્યા, અલ્લાહના તરફથી તથા આપના તરફથી એ લોકોથી દૂરી ચાહું છું અને અલ્લાહથી નઝદિકી ચાહું છું અને પછી આપ હઝરાતથી આપની દોસ્તીના કારણે અને આપના દોસ્તોથી દોસ્તીના કારણે અને આપના દુશ્મનોથી એ લોકોથી જેણે આપ લોકોથી જંગ કરી અને લડયા એ લોકોથી દૂરીના કારણે તથા એ લોકોની પયરવી કરનારા અને તેની તાબેદારી કરનારાઓથી દૂરીના કારણે. ખરેખર હું શાંતિ ચાહું છું એ લોકો સાથે જેઓ આપના સાથે શાંતિથી રહ્યા, અને લડાઈ કરવાનો છું એ લોકોથી જેમણે આપના સાથે લડાઈ કરી. આપના દોસ્તોથી દોસ્તી રાખું છું અને આપના દુશ્મનોથી દુશ્મની.

અને અલ્લાહથી દુઆ કરૂં છું જેણે મને આપને જાણવાની ઈઝઝત આપી અને આપના દોસ્તોથી ઓળખાણ કરાવી અને આપના દુશ્મનોથી દૂર રાખ્યો અને મને દુનિયા અને આખેરતમાં આપની સાથે ગણે અને દુનિયા અને આખેરતમાં આપની મહોબ્બતમાં સાબિત કદમ રાખે સચ્ચાઈની સાથે અને ચાચું છું કે આપને એ પ્રસંશાપાત્ર સ્થાને પહોંચાડે જે આપના માટે અલ્લાહ પાસે છે, અને એ કે ખુદા મને આપના ખૂનનો બદલો લેવાનું નસીબ કરે ઈમામે જમાના સાથે જે સત્યની સાથે જાહેર થશે અને સાચું બોલશે.

અને અલ્લાહ પાસે માગણી કરૂં છું આપના હકના વાસ્તાથી આપની એ શાનના વાસ્તાથી જે તેની પાસે છે કે મને આપની સાથે એ શ્રેષ્ઠ બદલો અતા કરે જે કોઈ પણ મુસીબત ઉઠાવનારને એની મુસીબતના કારણે આપશે. કેટલી મોટી મુસીબત આપની છે અને કેટલી મોટી આપની કસોટી છે, તમામ જમીન અને આસમાનના રહેવાવાળાઓમાં અને ઈસ્લામમાં.

અય અલ્લાહ, આ સ્થળે મને એ લોકો સાથે ગણ જેના પર તારી રહેમત અને બરકતો ઉતરે છે, અને તારી બખ્શીશ અતા થાય છે. અય અલ્લાહ મારી ઝિંદગીને મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ.ની ઝિંદગી સાથે ગણ અને મારી મોતને મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ.ની મોત સાથે ગણ. અય અલ્લાહ આજના દિવસને બની ઉમય્યા અને કાળજુ ચાવનારી સ્ત્રીની અવલાદે ખૂશીનો દિવસ ગણ્યો છે. એ મલઉન છે અને મલઉનનો દિકરો છે તારા કહેવા મુજબ અને તારા નબીના કહેવા મુજબ, ખુદા રહેમત ઉતાર રસુલે ખુદા સ.અ.વ. પર અને તેની આલ પર, દરેક સ્થળે અને દરેક રોકાવાની જગ્યાએ જ્યાં તારા નબી સ.અ.વ. રોકાયા. અય અલ્લાહ લાનત કર અબુ સુફયાન પર, મઆવિયા ઈબ્ને અબૂ સુફયાન પર અને યઝીદ ઈબ્ને મઆવિયા પર આ બધા પર તારા તરફથી હંમેશા હંમેશા લાનત અને આ ખુશીનો દિવસ છે આલે ઝિયાદ અને આલે મરવાનના માટે, એટલે કે તેઓએ ઈમામે હુસેન અ.સ.ને કત્લ કર્યાં.

ખુદાવંદા તારા તરફથી તેમના પર લાનત અને અઝાબમાં વધારો કર. બારે ઈલાહા, હું તારી કુરબત ચાહું છું આ દિવસે, આ પવિત્ર સ્થળે અને મારા જીવનના બધા દિવસોમાં, આલે નબી સ.અ.વ.ના દુશ્મનોથી બેઝારી કરવાના કારણે અને તેમના પર લાનત કરવાના કારણે અને તારા નબી સ.અ.વ. અને આલે નબી સ.અ.વ.થી દોસ્તી રાખવાના કારણે, આ બધા

હઝરાત પર સલામ હો.

*પછી એકસો વખત ઈમામ હુસૈન અ.સ.ના કાતિલો ઉપર લાનત કરે.*

અય અલ્લાહ લાનત કર એ પહેલાં ઝાલિમ પર જેણે મોહમ્મદ અને આલે મોહમ્મદ સ.અ.વ.નો હક છીનવ્યો અને બિજા એ લોકો પર જેણે આ વાતમાં તેમની તાબેદારી કરી. અલ્લાહ લાનત કર એ લોકો પર જેણે ઈમામ હુસૈન અ.સ. પર મુસીબત નાખી અને તેમની સાથે લડાઈ કરી અને તેમને કતલ કરવામાં જે લોકોએ ઝાલિમની બયઅત કરી અને તેની પયરવી કરી. ખુદાવંદા આ બધા પર લાનત કર.

*પછી સો વખત ઈમામ હુસૈન અ.સ. ઉપર સલામ મોકલે :*

સલામ હો આપ પર અય અબૂ અબ્દુલ્લાહ અને એ ફરિશ્તાઓ પર જે આપના રોઝાના સહેનમાં ઉતરે છે અને રોઝામાં રહેઠાણ બનાવે છે. મારા તરફથી અલ્લાહના સલામ હો હંમેશા જ્યાં સુધી હું જીવું અને જ્યાં સુધી આ રાત દિવસની ઘટમાળ ચાલુ છે. અલ્લાહ મારી આ ઝિયારતને આખરી ઝિયારત ન ઠેરવજે. સલામ થાય ઈમામ હુસૈન અ.સ. પર. અને અલી ઈબ્ને હુસૈન અ.સ. પર અને ઈમામ હુસૈન અ.સ.ની અવલાદ પર અને ઈમામ હુસૈન અ.સ.ના અસહાબો પર.

*પછી પઢે :*

અય અલ્લાહ, તું મારી લાનતને ખાસ કર પહેલા ઝાલિમ માટે અને શરૂઆત કર પહેલાં આજ ઝાલિમથી પછી બિજાથી, પછી ત્રીજાથી, પછી ચોથા પર, અય અલ્લાહ લાનત કર યઝીદ ઈબ્ને મઆવિયા પર, એટલે કે પાંચમા પર, પછી લાનત કર ઓબેદુલ્લાહ ઈબ્ને ઝિયાદ પર, પછી ઈબ્ને મરજાના પર, પછી ઈબ્ને સઅદ પર, અને શીમ્ર પર અને આલે અબૂ સુફયાન પર અને આલે ઝિયાદ પર, અને આલે મરવાન પર, આલે બની ઉમય્યા પર, હમેશા કયામત સુધી.

**પછી સિજદામાં જઈ પઢે :**

અય અલ્લાહ તમામ તારીફ તારા જ માટે છે, શુકર કરવા વાળાઓની તારીફ, જેણે પોતાની મુસીબત પર તારો આભાર માન્યો, તમામ તારીફ ખુદાને લાયક છે દરેક હાલતમાં અને મોટા દુ:ખોમાં પણ, અય અલ્લાહ, મને કયામતના દિવસે ઈમામ હુસૈન અ.સ.ની શફાઅત નસીબ કરજે અને મને તારી પાસે સચ્ચાઈ સાથે સાબિત કદમ રાખ. ઈમામ હુસૈન અ.સ. સાથે

અને તેમના અસહાબો સાથે જેમણે હઝરત ઈમામ હુસૈન અ.સ.ની મદદ કરવામાં તેમની સામે પોતાની જાનોના નઝરાણા પેશ કર્યા.

◆◆◆◆◆

# ઝિયારતે અરબયન

### ઈમામ હુસૈન અ.સ.ના ચેહલૂમના દિવસે પઢવાની ઝિયારત

ભરોસાપાત્ર કિતાબોમાં ઈમામ હસન અસકરી અ.સ.થી રિવાયત છે કે મોઅમીનની પાંચ નિશાનીઓ છે :

(૧) દરરોજ એકાવન રકાત નમાઝ વાજિબ અને નાફેલાની પઢે. (૨) સય્યદુશ્શોહદાની ચહેલૂમના દિવસે ઝિયારત પઢે. (૩) જમણા હાથમાં વીંટી પહેરે. (૪) સિજદામાં કપાળને જમીન (સજદગાહ) પર રાખે. (૫) (કુરાદા) નમાઝમાં બિસ્મિલ્લાહહિર રહમાનિર રહીમ મોટેથી પઢે.

*ચેહલૂમના દિવસે જ્યારે સૂરજ થોડો ઉંચે ચઢે ત્યારે એકાગ્રતા પૂર્વક અને ખુલુસે દિલથી ઈમામ હુસૈન અ.સ.ની કબર તરફ ઈશારો કરે અને કહે :*

**અસ્સલામો અઁલા વલીયેયિલ્લાહે વ હુઁબીબેહી. અસ્સલામો અઁલા ખઁલીલિલ્લાહે વ નજીબેહી. અસ્સલામો અઁલા સૈફીયેયિલ્લાહે વબ્ને સૈફીય્યેહી. અસ્સલામો અઁલલ હુંસયેનિલ મઝ્લૂમિશ શહીદ. અસ્સલામો અઁલા અસીરિલ કોરોબાતે વ કઁતીલિલ અઁબરાત. અલ્લાહુમ્મ ઈન્ની અશ્હદો અન્નહૂ વલીય્યોક વબ્નો વલીય્યેક વ સૈફીય્યોક વબ્નો સૈફીય્યેકલ ફાએઝો બે કરામતેક અકરમ્તહૂ બિશ શહાદતે વ હુંબવ્તહૂ બિસ સઁઆદતે વજ્તબયતહૂ બે તીંબિલ વેલાદતે વ જઁઅલ્તહૂ સય્યેદન મેનસ સાદતે વ કાંએદન મેનલ કાંદતે વ ઝાએદન મેનઝ ઝાદતે વ અઁઅતયતહૂ મવારીસલ અમ્બેયાએ વ જઁઅલ્તહૂ હુંજ્જતન અઁલા ખઁલ્કેક મેનલ અવ્સેયાએ ફ અઅઝરે ફિદ દોઆએ**

વ મનહૈને નુસેહૈં વ બઝલ મુહૈતજહૂ ફીક લે યસૈતનેકેંઝ એંબાદક મેનલ્ર્ જહાલતે વ હૈંયેરતિંઝે ઝંલાલતે વ કેંદ તવાઝર અંલયેહે મને ગેંરેરતેહુદ દુનેયા વ બાઅ હૈંઝેઝહૂ બિર્લ અરંઝલિલ્ર્ અદના વ શરા આખેંરતહૂ બિસૈ સમનિર્લ અર્વકસે વ તગેંતંરસ વ તરદૈદા ફી હવાહૂ વ અસેખૈંતંક વ અસેખૈંતે નબીય્યક વ અતૌંઅં મિને એંબાદેક અહૈલશે શેકૌંકે વને નેફાકે વ હૈંમલતલ્ર્ અર્વઝારિલ્ર્ મુસૈતર્વજેબીનને નાર ફ જાહદેહુમે ફીક સૌંબેરમે મુહૈંતસેબને હૈંતા સોફેક ફી તૌંઅંતેક દમોહૂ વસૈતોબીહૈં હૈંરીમોહૂ. અલ્લાહુમ્મ ફલેઅંનેહુમે લઅંનંર્વ વબીલંર્વ વ અંઝેઝિબહુમે અંઝાબને અલીમ. અસ્સલામો અંલયેક યબ્નેન રસૂલિલ્લાહ. અસ્સલામો અંલયેક યબ્નેન સય્યેદિલ્ર્ અર્વસેયાઅ. અશેહદો અન્નક અમીનુલ્લાહે વબ્નેનો અમીનેહી ઈશૈત સઈદંર્વ વ મઝેયેત હૈંમીદંર્વ વ મુત્ત ફકીંદુને મઝેલૂમને શહીદંર્વ વ અશેહદો અન્નલ્લાહ મુનેજેઝુમે મા વઅંદક વ મુહૈલેકુમે મને ખેંઝલક વ મોઅંઝેઝેબુમે મને કૈંતલક વ અશેહદો અન્નક વફયેત બે અંહૈદિલ્લાહે વ જાહદૈત ફી સબીલેહી હૈંત્તા અતાકલ્ર્ યકીંનો ફ લઅંનલ્લાહો મને કૈંતલક વ લઅંનલ્લાહો મને ઝલમક વ લઅંનલ્લાહો ઉમ્મતને સમેઅંતે બે ઝાલેક ફ રઝેયતે બેહ. અલ્લાહુમ્મ ઈન્ની ઉશેહેદોક અન્ની વલીય્યલ્ર્ લે મને વાલાહૂ વ અંદુવ્વુલ્ર્ લે મને આંદાહૂ બે અબી અનેત વ ઉમ્મી યબ્નેન

રસૂલિલ્લાહે. અશ્હદો અન્નક કુન્ત નૂરન્ ફિલ્ અસ્લાબિશ્ શામેખતે વલ્ અર્હામિલ્ મુતહ્હરતે લમ્ તોનજ્જિસ્કલ્ જાહેલીય્યતો બે અન્જાસેહા વ લમ્ તુલ્બિસ્કલ્ મુદ્લહિમ્માતો મિન્ સેયાબેહા વ અશ્હદો અન્નક મિન્ દઆએમિદ્ દીને વ અર્કાનિલ્ મુસ્લેમીન વ મઅ્કેલિલ્ મુઅ્મેનીન વ અશ્હદો અન્નકલ્ ઈમામુલ્ બર્રૂત્ તકીય્યુર્ રઝીય્યુઝ્ ઝકીય્યુલ્ હાદિલ્ મહ્દીય્યો. વ અશ્હદો અન્નલ્ અઈમ્મત મિંવ્ વુલ્દેક કલેમતુત્ તક્વા વ અઅ્લામુલ્ હોદા વલ્ ઉર્વતુલ્ વુસ્કા વલ્ હુજ્જતો અલા અહ્લિદ્ દુન્યા. વ અશ્હદો અન્ની બેકુમ્ મુઅ્મેનુંવ્ વ બે એયાબેકુમ્ મૂકેનુમ્ બે શરાયેએ દીની વ ખવાતીમે અમલી વ કલ્બી લે કલ્બેકુમ્ સિલ્મુંવ્ વ અમ્રી લે અમ્રેકુમ્ મુત્તબેઉંવ્ વ નુસ્રતી લકુમ્ મોઅદ્દતુન્ હત્તા યઅ્ઝનલ્લાહો લકુમ્ ફ મઅકુમ્ મઅકુમ્ લા મઅ અદુવ્વેકુમ્ સલવાતુલ્લાહે અલય્કુમ્ વ અલા અર્વાહેકુમ્ વ અજ્સાદેકુમ્ વ શાહેદેકુમ્ વ ગાએબેકુમ્ વ ઝાહેરેકુમ્ વ બાતેનેકુમ્ આમીન રબ્બલ્ આલમીન.

સલામ હો આપ પર અચ અલ્લાહના દોસ્ત અને સ્નેહી, સલામ હો આપ પર અચ અલ્લાહના ખલીલ અને તેના પસંદ કરાએલા, સલામ હો આપ પર અચ અલ્લાહના ચૂંટાયેલા અને તેના ચૂંટાયેલાના પુત્ર, સલામ હો આપ પર અચ મઝલૂમ શહીદ ઈમામ હુસૈન અ.સ., સલામ હો આપ પર જેને રંજો મુસીબતમાં જકડી લેવામાં આવ્યા અને અત્યંત દુ:ખ આપી કત્લ કરવામાં આવ્યા.

અય અલ્લાહ હું ગવાહી આપું છું કે તેઓ ખરેખર તારા દોસ્ત છે, અને તારા દોસ્તના પુત્ર છે, તારા સફી છે અને તારા સફીના પુત્ર છે, જેઓ તારી મહેરબાનીના કારણે શહાદત મેળવવામાં સફળ થયા અને તેમને તેં નેક જીવન અતા કર્યું. તેમને તેં પવિત્ર જન્મ માટે પ્રતિષ્ઠિત કર્યા, અને તેમને તેં સરદારોના સરદાર અને આગેવાનોના આગેવાન બનાવ્યા, દીનના હામીઓના હામી બનાવ્યા, તેમને નબીઓનો વારસો આપ્યો, અને તેઓને પોતાના વસીઓમાંથી બધા લોકો પર હુજ્જત ઠેરવી, એટલે તેમણે હકની તબ્લીગ કરવામાં કંઈ કચાશ ન રાખી અને પોતાનો ખુલુસ પેશ કર્યો અને પોતાના ખૂન અને પોતાની ઓલાદને તારી રાહમાં કુરબાન કરી દીધી કે જેથી તારા બંદાઓ જેહાલતમાંથી બહાર નિકળે અને ઝિલ્લતમાંથી ઊંચા આવે, પણ તેઓએ તેમનો વિરોધ કરવા માટે કમર કસી લીધી હતી, દુનિયાએ એ લોકોને ધોકામાં રાખ્યા અને પોતાના નસીબને ન જેવી વસ્તુ ખાતર વેચી દીધા અને આખેરતને સસ્તામાં વેચી નાખી અને તકબ્બુર કર્યો અને પોતાની ઈચ્છાને સંતોષી અને તને અને તારા નબીને નારાઝ કર્યા અને તારા દુશ્મનો અને મુનાફિકોની પયરવી કરી, પોતાના ગુનાહોનો બોજ પોતાના માથે નાખ્યો અને જહન્નમના હકદાર બની ગયા, પણ તારા નેક બંદાઓએ તેમની સામે ધીરજપૂર્વક જેહાદ કર્યો, તારી રઝા અને ખૂશ્નૂદીની સાથે, ત્યાં સુધી કે તારી ઈતાઅતમાં તેઓએ પોતાનું ખૂન વહાવી દીધું અને તેમને રૂસ્વા કરવામાં આવ્યા, અય અલ્લાહ, તેમના (દુશ્મનો) પર લાનત કર, ઘણી મોટી અને તેમના પર સખ્તમાં સખ્ત અઝાબ નાઝિલ કર, સલામ હો આપ પર અય રસૂલે ખુદા સ.અ.વ.ના પુત્ર, સલામ હો આપ પર અય વસીઓના પુત્ર.

હું ગવાહી આપું છું કે તમે અલ્લાહના અમીન (ભરોસાપાત્ર) છો અને તેના અમીનના પુત્ર છો, આપે સદાચારી જીવન વિતાવ્યું, અને વખાણપાત્ર બની વફાત પામ્યા, અને ઘણા મઝલૂમ બની શહીદ થયા.

હું ગવાહી આપું છું કે ખુદા આપને આપેલો વાયદો જરૂર પૂરો કરશે અને આપને તજી દેનારાઓનો નાશ કરશે અને આપને શહીદ કરનારા પર અઝાબ નાઝિલ કરશે અને હું ગવાહી આપું છું કે આપે અલ્લાહ સાથે કરેલો વાયદો પૂરો કર્યો અને તેના માર્ગમાં જેહાદ કર્યો ત્યાં સુધી કે તમે શહાદતને વર્યા, અલ્લાહ લાનત કરે આપને શહીદ કરનારા પર, અને અલ્લાહ લાનત

કરે એ લોકો પર જેણે આપ પર ઝુલ્મ તોડયા અને અલ્લાહ લાનત કરે એ લોકો પર જેણે આપની શહાદત વિશે સાંભળ્યું અને તે પર રાજી થયા, અય અલ્લાહ હું તને ખાતરીપૂર્વક કહું છું કે હું એ લોકોનો દોસ્ત છું જે તેમને દોસ્ત રાખે છે અને દુશ્મન છું એમના દુશ્મનોનો, અય રસૂલે ખુદા સ.અ.વ.ના પુત્ર, મારા મા-બાપ આપ પર ફિદા થાય, હું ગવાહી આપું છું કે બેશક તમે પૂર્વજોની ઉત્તમ પીઠોમાં અને પવિત્ર ગર્ભોમાં એક નૂર હતા, આપને જહાલત ન તો પોતાની નજાસતથી નજીસ કરી શકી છે, ન પોતાના અંધકારના વસ્ત્રો આપને પહેરાવી શકી છે, અને હું ગવાહી આપું છું કે ખરેખર તમે દીનના સ્તંભ છો અને મુસલમાનોના આધાર છો અને મોઅમીનો માટે આશરો છો, હું ગવાહી આપું છું કે બેશક તમે ઈમામ, નેક, પરહેઝગાર, અલ્લાહની રઝા પર રાઝી રહેનારા, પાકો પાકિઝા, હિદાયત કરનારા, અને હિદાયત પામેલા છો અને હું ગવાહી આપું છું કે આપની અવલાદમાંના ઈમામો પરહેઝગારીની અલામત, હિદાયતના મિનારા, અલ્લાહની મઝબૂત રસ્સી અને દુનિયાવાળ ાઓ પર હુજ્જત છે અને હું ગવાહી આપું છું કે હું આપ પર ઈમાન લાવ્યો છું અને આપના પાછા આવવા પર યકીન રાખું છું, પોતાના દીનની શરીઅત પર, આમાલોના અંત પર અને મારૂં દિલ આપના દિલ સાથે સુલેહ ધરાવે છે, અને મારા આમાલ આપના હુકમો મુજબ છે અને મારી મદદ આપની ખિદમતમાં હાજર છે, ત્યાં સુધી કે ખુદા આપને ફરી સજીવન થવાની રજા આપે, એટલે હું આપની સાથે છું તો આપની જ સાથે છું, આપના દુશ્મનો સાથે હરગીઝ નથી, અલ્લાહ આપ પર રહેમત નાઝિલ કરે, આપની રૂહો પર, આપના બદનો પર, આપના હાજર પર, અને આપના ગાઈબ પર, આપના જાહેર પર અને આપના છુપા પર, આમીન. અય આલમોના પાળ વાવાળા.

પછી બે રકાત નમાઝ પઢે અને દુઆ માંગે. પછી **જનાબે અલી અકબર અ.સ.**ની ઝિયારત પઢે અને તમામ શહીદોની ઝિયારત પઢે અને પછી હઝરત અબ્બાસ અ.સ.ના રોઝા પર જાય અને **હઝરત અબ્બાસ અ.સ.**ની ઝિયારત પઢે.

◆◆◆◆◆

# ઝિયારતે અરફા

**અરફાતના દિવસે ઈમામ હુસૈન અ.સ.ની પઢવાની ઝિયારત**

નવમી ઝિલ્હજના રાત્રે અને દિવસે જ્યારે ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારતનો ઈરાદો કરે તો પહેલાં ગુસલ કરે, પાક અને સ્વચ્છ કપડાં પહેરે અને નમ્રતા અને નિસ્વાર્થ ભાવના સાથે રવાના થાય, જ્યારે હરમના દરવાજા પર પહોંચે તો કહે :

અલ્લાહો અકબરો કબીરન વલ હમ્દો લિલ્લાહે કસીરન વ સુબ્હાનલ્લાહે બુકરતન વ અસીલન વલ હમ્દો લિલ્લાહિલ લઝી હદાના લે હાઝા વ મા કુન્ના લે નહતદેય લવ લા અન હદાનલ્લાહો લ કદ જાઅત રોસોલો રબ્બેના બિલ હક્કે. અસ્સલામો અલા રસુલિલ્લાહે સલ્લલ્લાહો અલયહે વ આલેહી. અસ્સલામો અલા અમીરિલ મુઅમેનીન. અસ્સલામો અલા ફાતેમતઝ ઝહેરાએ સય્યેદતે નેસાઈલ આલમીન. અસ્સલામો અલલ હસને વલ હુસયન. અસ્સલામો અલા અલીયયિબ્નિલ હુસયન. અસ્સલામો અલા મોહમ્મદિબ્ને અલીયયિન. અસ્સલામો અલા જઅફરિબ્ને મોહમ્મદિન. અસ્સલામો અલા મૂસબ્ને જઅફરિન. અસ્સલામો અલા અલીયયિબ્ને મૂસા. અસ્સલામો અલા મોહમ્મદિબ્ને અલિયયિન. અસ્સલામો અલા અલીયયિબ્ને મોહમ્મદિન. અસ્સલામો અલલ હસનિબ્ને અલીયયિન. અસ્સલામો અલલ ખલફિસ સાલેહિલ મુન્તઝર. અસ્સલામો અલયક યા અબા અબ્દિલ્લાહ.

**અસ્સલામો અઁલયઁક યબ્નૅન રસૂલિલ્લાહે અઁબ્દેદોક વબ્નૅનો અઁબ્દેદીક વબ્નૅનો અમતેકલે મોવાલી લે વલીય્યેકલે મોઆદી લે અઁદુવ્વેકસઁતજાર બે મશ્હદેક વ તકઁર્રેરબ એલલ્લાહે બે કઁસ્દેક અલ હઁમ્દો લિલ્લાહિલ લઝી હદાના લે વેલાયતેક વ ખઁસ્સની બે ઝેયારતેક વ સહ્હલ લી કઁસ્દક.**

અલ્લાહ મહાન છે, ઘણો મહાન છે, તમામ તારીફ અલ્લાહના માટે છે ઘણી ઘણી તારીફ, અલ્લાહની પાકીઝગી બયાન કરૂં છું સવાર સાંજ અને તમામ તારીફ અલ્લાહની, જેણે અમારી હિદાયત કરી આ માર્ગની અને જો તે અમારી હિદાયત ન કરતે તો અમે હરગીઝ હિદાયત ન પામત, અમારા પાલણહારે હકની સાથે રસુલોને મોકલ્યા, સલામ હો રસૂલે ખુદા સ.અ.વ. પર, અને તેમની આલ પર, સલામ હો અમીરૂલ મોઅમેનીન પર, સલામ હો આલમની ઓરતોની સરદાર જનાબે ફાતેમા ઝેહરા સલા. પર, સલામ હો ઈમામે હસન અને હુસૈન પર, સલામ હો અલી ઈબ્ને હુસૈન પર, સલામ હો મોહમ્મદ ઈબ્ને અલી પર, સલામ હો જઅફર ઈબ્ને મોહમ્મદ પર, સલામ હો મૂસા ઈબ્ને જઅફર પર, સલામ હો અલી ઈબ્ને મૂસા પર, સલામ હો મોહમ્મદ ઈબ્ને અલી પર, સલામ હો અલી ઈબ્ને મોહમ્મદ પર, સલામ હો હસન ઈબ્ને અલી પર, સલામ હો તેમના નેક પુત્ર પર જેનો ઈન્તેઝાર થઈ રહ્યો છે, સલામ હો આપ પર અય અબા અબ્દિલ્લાહ, સલામ હો અય રસુલે ખુદા સ.અ.વ.ના ફરઝંદ, આ આપનો ગુલામ, આપના ગુલામનો પુત્ર, અને આપની કનીઝનો પુત્ર, આપના દોસ્તોનો દોસ્ત અને આપના દુશ્મનોનો દુશ્મન, આપના આ પવિત્ર સ્થાનમાં રક્ષણ લઈ રહ્યો છે, અલ્લાહની નઝદીકી ચાહે છે આપના ઝરીએ, તમામ તારીફ એ અલ્લાહની જેણે આપની વિલાયત વિશે મારી હિદાયત કરી અને આપની ઝિયારત માટે મને ખાસ તક આપી અને મને મારા આ ઈરાદાની સફળતામાં સરળતા કરી આપી.

**પછી હરમમાં દાખલ થાય અને પછી કિબ્લા તરફ પીઠ કરી ઝરીહ મુબારક સામે ઉભો રહે અને કહે :**

**અસ્સલામો અઁલયઁક યા વારેસ આદમ**

સિફ્વતિલ્લાહ. અસ્સલામો અલયક યા વારેસ નૂહિને નબીયિલ્લાહ. અસ્સલામો અલયક યા વારેસ ઈબ્રાહીમ ખલીલિલ્લાહ. અસ્સલામો અલયક યા વારેસ મૂસા કલીમિલ્લાહ. અસ્સલામો અલયક યા વારેસ ઈસા રૂહિલ્લાહ. અસ્સલામો અલયક યા વારેસ મોહમ્મદિન હબીબિલ્લાહ. અસ્સલામો અલયક યા વારેસ અમીરિલ મુઅમેનીન. અસ્સલામો અલયક યા વારેસ ફાતેમતઝ ઝહેરા. અસ્સલામો અલયક યબ્ન મોહમ્મદેનિલ મુસ્તફા. અસ્સલામો અલયક યબ્ન અલીય્યેનિલ મુર્તઝા. અસ્સલામો અલયક યબ્ન ફાતેમતઝ ઝહેરા. અસ્સલામો અલયક યબ્ન ખદીજતલ કુબ્રા. અસ્સલામો અલયક યા સારલ્લાહે વબ્ન સારેહી વલ વિત્રલ મવ્તૂર. અશ્હદો અન્નક કદ અકમ્તસ્ સલાત વ આતયતઝ ઝકાત વ અમરત બિલ મઅરૂફે વ નહયત અનિલ મુન્કરે વ અતઅ્તલ્લાહ હત્તા અતાકલ યકીનો ફ લઅનલ્લાહો ઉમ્મતન કતલતક વ લઅનલ્લાહો ઉમ્મતન ઝલમતક વ લઅનલ્લાહો ઉમ્મતન સમેઅત બે ઝાલેક ફરઝેયત બેહી. યા મવ્લાય યા અબા અબ્દિલ્લાહે ઉશ્હેદુલ્લાહ વ મલાએકતહૂ વ અમ્બેયાઅહૂ વ રોસોલહૂ અન્ની બેકુમ મુઅમેનન વ બે એયાબેકુમ મૂકેનુન બે શરાયેએ દીની વ ખવાતીમે અમલી વ મુન્કલબી એલા રબ્બી ફ સલવાતુલ્લાહે અલયકુમ વ અલા અરવાહેકુમ વ

અઁલા અજઁસાદેકુમેં વ અઁલા શાહેદેકુમેં વ અઁલા ગૉએબેકુમેં વ ઝાહેરેકુમેં વ બાતેંનેકુમેં. અસ્સલામો અઁલયઁક યબ્ને ખાઁતમિને નબીય્યીન વબ્ને સય્યેદિલે વસીંય્યીન વબ્ને ઈમામિલે મુત્તકીંન વબ્ને કૉએદિલે ગુંર્રિલે મોહંજ્જલીન એલા જન્નાતિને નઈમ વ કયઁફ લા તકૂનો કઝાલેક વ અનેંત બાબુલે હોદા વ ઈમામુતેં તોકાં વલે ઉંર્વતુલે વુસ્કાં વલે હુંજ્જતો અઁલા અહેલિદ્દ દુનેયા વ ખાઁમેસો અસ્હાબિલે કેસાંએ ગઁઝતેંક યદુરે રેંહમતે વ રોઝેંઅેત મિને સંદયિલે ઈમાને વ રુબ્બીતેં ફી હિજ્રેલે ઈસેલામે ફને નફસો ગઁયરો રાઝેયતિને બે ફેરાકેંક વ લા શાકેંકતિને ફી હેંયાતેક સેંલવાતુલ્લાહે અઁલયઁક વ અઁલા આબૉએક વ અબ્નાએક. અસ્સલામો અઁલયઁક યા સેરીઅઁલે અઁબેરતિસ્સે સાકેબતે વ કઁરીનલે મોસીંબતિર રાતેબતે લઅઁનલ્લાહો ઉમ્મતને ઈસેંતહેંલ્લતે મિનેકલે મહાંરેમે ફ કૉતિલેત સેંલ્લલ્લાહો અઁલયઁક મકૈહૂરને વ અસેંબહેં રસૂલુલ્લાહે સેંલ્લલ્લાહો અઁલયઁહે વ આલેહી બેક મવેંતૂરંવે વ અસેંબહેં કેતાબુલ્લાહે બે ફકેંદેક મહેજૂરન. અસ્સલામો અઁલયઁક વ અઁલા જદ્દેક વ અબીક વ ઉમ્મેક વ અખીંક વ અઁલલે અઈમ્મતે મિમ્ બનીક વ અઁલલે મુસેંતશેહદીન મઅઁક વ અઁલલે મલૉએકતિલે હૉફ્ફીન બે કઁબ્રેક વશે શાહેદીન લે ઝુવ્વારેકલે મુઅમ્મેનીન બિલે કઁબૂલે અઁલા દોઆંએ શીઅઁતેક

**વસ્સ સલામો અલયક વ રહેમતુલ્લાહે વ બરકાતોહ. બે અબી અન્ત વ ઉમ્મી યબ્ન રસૂલિલ્લાહે બે અબી અન્ત વ ઉમ્મી યા અબા અબ્દિલ્લાહે લ કદ અઝોમતિર રઝીય્યતો વ જલ્લતિલ મોસીબતો બેક અલયના વ અલા જમીએ અહેલિસ સમાવાતે વલ અરઝે ફ લઅનલ્લાહો ઉમ્મતન અસ્સરજત વ અલજમત વ તહય્યઅત લે કેતાલેક યા મવલાય યા અબા અબ્દિલ્લાહે કસદતો હરમક વ અતયતો મશ્હદક અસ્અલુલ્લાહ બિશ્શ શઅનિલ્લ લઝી લક ઈનદહૂ વ બિલ્લ મહલ્લિલ્લ લઝી લક લદયહે અંય યોસલ્લેય અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વ અંય યજઅલની મઅકુમ ફિદ દુનયા વલ આખેરતે બે મન્નેહી વ જૂદેહી વ કરમેહ.**

સલામ હો આપ પર અય આદમે સફીઉલ્લાહના વારિસ, સલામ હો આપ પર અય નૂહ નબીઉલ્લાહના વારિસ, સલામ હો આપ પર અય અલ્લાહના ખલીલ (દોસ્ત) ઈબ્રાહીમના વારિસ, સલામ હો આપ પર અય મૂસા કલિમુલ્લાહના વારિસ, સલામ હો આપ પર અય ઈસા રૂહુલ્લાહના વારિસ, સલામ હો આપ પર અય અલ્લાહના હબીબ મોહમ્મદ સ.અ.વ.ના વારિસ, સલામ હો આપ પર અય અલ્લાહના વલી અમીરૂલ મોઅમેનીનના વારિસ, સલામ હો આપ પર અય ફાતેમા ઝેહરા સલા.ના વારિસ, સલામ હો આપ પર અય મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.ના ફરઝંદ, સલામ હો આપ પર અય અલી મુર્તઝા અ.સ.ના ફરઝંદ, સલામ હો આપ પર અય ફાતેમા ઝેહરા સ.અ.ના ફરઝંદ, સલામ હો આપ પર અય ખદીજતુલ કુબ્રાના ફરઝંદ, સલામ હો આપ પર અય તે શહીદ જેના ખૂનનો બદલો પણ અલ્લાહ લેનાર છે અને અય શહીદના ફરઝંદ જેના ખૂનનો બદલો અલલાહ લેનાર છે જે પોતે પણ શહીદ થયા અને જેના કુટુંબીજનોને પણ શહીદ કરવામાં આવ્યા.

હું ગવાહી આપું છું કે આપે નમાઝ કાયમ કરી, ઝકાત અદા કરી, નેકીના હુકમો આપ્યા, અને બુરાઈઓથી લોકોને રોકયા અને અલ્લાહની શહીદ થવા સુધી ઈતાઅત કરતા રહ્યા. બસ અલ્લાહ લાનત કરે એ લોકો પર જેણે આપને શહીદ કર્યા અલ્લાહ લાનત કરે એ લોકો પર જેણે આપના પર ઝૂલ્મો સિતમ કર્યાં, અને અલ્લાહ લાનત કરે એ લોકો પર જેણે આપની શહાદત વિશે સાંભળ્યું અને રાજી થયા. અય મારા મૌલા, અય અબા અબ્દિલ્લાહ, હું ગવાહ કરૂં છું અલ્લાહને, તેના ફરિશ્તાઓને, તેના નબીઓને અને તેના રસૂલોને કે હું આપ પર ઈમાન લાવ્યો છું અને આપના આ દુનિયામાં ફરી પાછા આવવા (રજઅત) પર યકીન રાખું છું. દીની શરીઅત પર અને મારા આમાલના અંત પર યકીન રાખું છું અનેઆખર ખુદાની તરફ પાછું ફરવાનું છે એ મારૂં ઈમાન છે. અલ્લાહ આપ પર રહેમત નાઝિલ કરે, આપની રૂહો પર, આપના બદનો પર, આપના પ્રગટ પર, અને આપના ગુપ્ત પર, આપના હાજર પર અને આપના ગાયબ પર, સલામ હો આપ પર અય ખાતેમુન્નબીના ફરઝંદ, વસીઓના સરદારના પુત્ર, પરહેઝગારોના ઈમામના પુત્ર, નૂરાની અંગોવાળાઓને જન્નતમાં લઈ જનારા સરદારના પુત્ર અને આપ આવા કેમ ન હો કેમકે આપ તો હિદાયતના દરવાજા છો અને મુત્તકીઓના ઈમામ છો અને અલ્લાહની મજબૂત રસ્સી છો અને દુનિયા વાળાઓ પર અલ્લાહની હુજ્જત છો, કિસાઅવાળાઓમાંના પાંચમાં છો, અલ્લાહની રહેમતે આપને ખોરાક પહોંચાડયો અને ઈમામના શેરે આપને ઉછેર્યા અને ઈસ્લામના ખોળામાં તમે મોટા થયા. એટલે આપથી જુદા થતા મારૂં મન દુ:ખાય છે અને આપના જીવતા હોવા વિષે મને જરાય શંકા નથી. અલ્લાહ રહેમત કરે આપ પર, અને આપના બાપ-દાદા પર, અને આપની અવલાદ પર. સલામ હો આપ પર જેને રડાવી રડાવી શહીદ કરવામાં આવ્યા અને ઉપરા ઉપરી મુસીબતો સહન કરવી પડી, ખુદા લાનત કરે એ લોકો પર જેણે આપના સંબંધમાં હરામને હલાલ સમજયું અને આપને કતલ કરી ઈસ્લામની હુરમત બરબાદ કરી. આપ પર સલવાત હો અલ્લાહની, આપને જોર જબરથી શહીદ કરવામાં આવ્યા અને મોહંમદ મુસ્તફા સ.અ.વ. આપના ખૂનનો બદલો લેનારા છે અને આપના જવા પછી કિતાબે ખુદાને લોકોએ ત્યાગી દીધી. સલામ હો આપ પર આપના નાના પર, આપના પિતા પર, આપની માતા પર, આપના ભાઈ પર અને આપની અવલાદમાંના ઈમામો

પર, અને તમામ શહીદો પર જે આપની સાથે શહીદ થયા અને આપની કબર પર પહેરો દેનારા ફરિશ્તાઓ પર, જે આપના ઝાઈરોના ગવાહ છે અને આપના દોસ્તોની દુઆ કબૂલ થાય એ માટે આમીન કહેનારા છે. આપ પર સલામ હો. અલ્લાહની રહેમતો અને બરકતો ઉતરે. મારા મા-બાપ આપ પર કુરબાન, અય રસૂલે ખુદા સ.અ.વ.ના ફરઝંદ, મારા મા-બાપ આપ પર કુરબાન અય અબ્દુલ્લાહના પિતા ખરેખર આપની મુસીબત અને દુઃખોનો સદમો અમારા પર અને જમીન અને આસમાનના રહેવાસીઓ પર ઘણો ભારે છે. અલ્લાહ લાનત કરે એ લોકો પર જેણે આપને કતલ કરવા માટે ઘોડા સજાવ્યા, લગામો કસી અને આપને શહીદ કરવા તૈયાર થયા. અય મારા મૌલા, અય અબા અબ્દિલ્લાહ, મેં આપના હરમમાં આવવાનો ઈરાદો કર્યો છે અને આપના મશહદ (શહાદતની જગ્યા) પર હાજર થયો છું. હું ખુદાથી સવાલ કરૂં છું આપની એ શાન (મોભા)ના વાસ્તાથી જે આપની તેની પાસે છે અને એ મરતબાનો વાસ્તો જે તમારો તેના દરબારમાં છે કે તે મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દરૂદ નાઝિલ કરે અને મને આપ સાહેબોની સાથે રાખે દુનિયા અને આખેરતમાં પોતાની કૃપા દયા અને ઉદારતાની રૂએ.

**પછી બે રકાત નમાઝ પઢે અને પછી આ દુઆ પઢે :**

**અલ્લાહુમ્મ ઈન્ની સૈલ્લયતો વ રકઅૈતો વ સજદતો લક વહૈદક લા શરીક લક લે અન્નસૈ સૈલાત વરૈ રોકૂઅૈ વસૈ સોજૂદ લા યકૂનો ઈલ્લા લક લે અન્નક અનૈતલ્લાહુલૈ લઝી લા ઈલાહ ઈલ્લા અનૈત અલ્લાહુમ્મ સૈલ્લે અૈલા મોહૈમ્મદિંવૈ વ આલે મોહૈમ્મદિંવૈ વ અબ્લિગૈહુમૈ અૈન્ની અફૈઝૈલત્તૈ તહૈય્યત વસ્સલામ. અલ્લાહુમ્મ વ હાતાનિરૈ રકૈઅૈતાને હદીય્યતુમૈ મિન્ની એલા મૌલાય વ સય્યદી વ ઈમામિલૈ હુંસયૈનિબ્નૈ અૈલીયૈયિનૈ અૈલયૈહેમસૈ સલામો. અલ્લાહુમ્મ સૈલ્લે અૈલા મોહૈમ્મદિંવૈ વ આલે મોહૈમ્મદિંવૈ વ તકૈબ્બલૈ**

**ઝાલેક મિન્ની વજેઝેની અલા ઝાલેક અફઝલ અમલી વ રજાઈ ફીક વ ફી વલીય્યેક યા અરહમર રાહેમીન.**

અય અલ્લાહ મેં આ નમાઝ પઢી, રૂકુ કરી અને સિજદાઓ બજાવી લાવ્યો તારા માટે, તું એક છો કોઈ તારો ભાગીદાર નથી. એટલા માટે કે નમાઝ રૂકુઅ અને સિજદા તારા સિવાય કોઈને માટે નથી કરી શકાતા, પણ માત્ર તારા માટે જ, તું અલ્લાહ છે, તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. અય અલ્લાહ મોહમ્મદ અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દરૂદ નાઝિલ કર અને મારા તરફથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ નમન અને સલામ તેમને પહોંચાડ અને તેમના તરફથી મને પણ સલામ અને સોગાત પહોંચાડ, અય અલ્લાહ આ બે રકાત નમાઝ મારા તરફથી મારા મૌલા અને સરદાર, ઈમામ હુસૈન ઈબ્ને અલી અ.સ.ને હદિયો છે. તેમના પર મારા સલામ હો, અય અલ્લાહ મોહમ્મદ અને આલે મોહમ્મદ સ.અ.વ. પર સલવાત મોકલ અને મારી આ માગણી સ્વીકારી લે અને મને આ સારા કામનો અજર અતા કર અને મને તારાથી જે આશા અને ઉમ્મીદ છે તે પૂરી કર અને તારા વલીથી પણ. અય રહેમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહેમ કરવાવાળા.

**પછી ઝરીહ મુબારકને વળગીને પઢે :**

**અલ્લાહુમ્મ લક તઅર્રઝતો વ લે ઝેયારતે અવલેયાએ કસદતો રગબતન ફી સવાબેક વ રજાઅન લે મગફેરતેક વ જઝીલે એહસાનેક ફ અસઅલોક અન તોસલ્લેય અલા મોહમ્મદિવ વ આલે મોહમ્મદિવ વ અન તજઅલ રિઝકી બેહિમ દારરંવ વ અયશી બેહિમ કારરંવ વ ઝેયારતી બેહિમ મકબૂલતંવ વ ઝમ્બી બેહિમ મગફૂરંવ વકલિબની બેહિમ મુફલેહમ મુનજેહમ મુસતજાબન દોઓઈ બે અફઝલે મા યનકલેબો બેહી અહદુમ મિન ઝુવ્વારેહી વલ કાસેદીન એલયહે બે રહમતે યા અરહમર રાહેમીન.**

અય અલ્લાહ હું તારા દરબારમાં હાજર થયો છું અને તારા વલીઓની ઝિયારતનો ઈરાદો કર્યો છે, સવાબના હેતુથી, તારાથી બખ્શીશની આશા સાથે, તારા ઉપકારોની આરઝૂમાં. હું તારાથી સવાલ કરૂં છું કે મોહમ્મદ અને આલે મોહમ્મદ સ.અ.વ. પર દુરૂદ નાઝિલ કર અને તેમના સદકામાં મને રોઝી અતા કર અને મારા જીવનને બાકી રાખ, તેમના વસીલાથી મારી ઝિયારત કબૂલ કર, તેમના સદકે મારા ગુનાહો માફ કર, મારા દિલને સફળતા આપ, અને મારી આરઝુઓ પૂરી કર અને મને મારી દુઆઓની કબૂલિયત (સ્વીકાર) સાથે મને પાછો ફેરવ, એવી શ્રેષ્ઠ રીતે જેવી રીતે તેના ઝવ્વાર અને તેની તરફ આવવાવાળા પાછા ફરે છે. તારી રહેમતનો વાસ્તો અય સૌથી શ્રેષ્ઠ રહેમ કરવાવાળાઓમાં સૌથી વધુ રહમ કરનાર.

**પછી ઝરીહ મુબારકને ચુમે. બે રકાત નમાઝ પઢે. જનાબે સય્યદા સ.અ.ની તસ્બીહ પઢે અને દુઆ માગે.**

◆◆◆◆◆

## ફજરની નમાઝ બાદ પઢવાની દોઆ

કિતાબ મુતહજ્જિદમાં છે કે આ દોઆ નમાઝે ફજર બાદ પઢે :

**અલ્લાહુમ્મ સૅલ્લે અૅલા મોહૅમ્મદિંવં વ આલે મોહૅમ્મદિંવં વહૅદેની લે મખ્તોલેફ ફીહે મેનલ હૅક્કે બે ઈઝનેક ઈન્નક તહૅદી મન તશાઓ એલા સૅરાતિમ મુસ્તકીમ.**

અય મઅબૂદ ! મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર રહેમત ઉતાર અને હકમાં મતભેદ સમયે તારા હુકમથી મને હિદાયત કર. બેશક તું જેને ચાહે સીધા માર્ગની હિદાયત ફરમાવે છે.

**પછી દસ વખત પઢે :**

**અલ્લાહુમ્મ સૅલ્લે અૅલા મોહૅમ્મદિંવં વ આલે મોહૅમ્મદેનિલ અવસેયાઈર રાઝીનલ મરઝીય્યીન બે અફઝલે સૅલવાતેક વ બારિક અૅલયહિમ બે અફઝલે**

**બરકાતેક વસ્સલામો અલયહિમ વ અલા અરવાહેહિમ વ અજસાદેહિમ વ રહેમતુલ્લાહે વ બરકાતોહૂ.**

અય મઅબૂદ ! મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ સ.અ.વ. પર રહેમત ઉતાર, જેઓ વસીઓ છે કે તેઓ ખુદાથી રાજી અને ખુદા તેઓથી રાજી છે. તારી શ્રેષ્ઠ રહેમતો અને તારી શ્રેષ્ઠ બરકતો તેઓ માટે નક્કી કર. તેઓ પર અને તેઓના જિસમો અને રૂહો પર ખાસ કરીને સલામ થાય. અને અલ્લાહની રહેમત અને બરકત ઊતરે.

**પછી એક વખત પઢે :**

**અલ્લાહુમ્મ અહયેની અલા મા અહયયત અલયહે અલીય્યબ્ન અબીતાલિબ. વ અમિતની અલા મા માત અલયહે અલીય્યુબ્નો અબી તાલિબ અલયહિસ્સલામો.**

અય મઅબૂદ ! મને એ માર્ગ પર જીવતો રાખ જેના પર તેં ઈમામ અલી બિન અબી તાલિબને જીવતા રાખ્યા છે અને મને એ પંથે મોત દે જેના પર તે ઈમામ અલી બિન અબૂ તાબિને શહાદત અર્પણ કરી.

◆◆◆◆◆

## ઝોહરની નમાઝ પછી પઢવાની દોઆ

કિતાબ મુતહજિજદમાં છે કે આ દોઆ નમાઝે ઝોહર બાદ પઢે :

**લા ઈલાહ ઈલ્લલ્લાહુલ અઝીમુલ હલીમ. લા ઈલાહ ઈલ્લલ્લાહો રબ્બુલ અરશિલ કરીમ. અલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન. અલ્લાહુમ્મ ઈન્ની અસઅલોક મૂજેબાતે રહેમતેક વ અઝાએમ મગફેરતેક વલ ગનીમત મિન કુલ્લે બિર્રિવ વસ્સલામત મિન કુલ્લે ઈસ્મિન. અલ્લાહુમ્મ લા તદઅ લી ઝમ્બન ઈલ્લા ગફરતહૂ વ લા હમ્મન ઈલ્લા ફર્રજતહૂ વ લા**

**સુકૈમને ઈલ્લા શફૈયતહૂ વલા અૅયૈબને ઈલ્લા સતરૈતહૂ વલા રિઝૈકને ઈલ્લા બસૈતૈતહૂ વલા ખૌવૈફને ઈલ્લા આમનેતહૂ વલા સૂઅને ઈલ્લા સૈરફૈતહૂ વલા હૌજતને હેય લક રેઝૈવં વ લેય ફીહા સૈલાહુંને ઈલ્લા કૈઝૈયૈતહા યા અરૈહંમર રાહેંમીન આમીન રબ્બલં અૉલમીન.**

અઝીમ અને હલીમ (મહાન અને સહિષ્ણું) ખુદા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. મહાન અર્શના પાલણહાર સિવાય કોઈ ખુદા નથી. હમ્દ (તમામ તારીફ) દુનિયાઓના પાલણહાર ખુદાના માટે છે.

અય ખુદા ! હું તારી પાસે રહેમતની વર્ષા અને નક્કી માફીની માંગણી કરૂં છું. દરેક નેકીમાં ભાગ લેવા અને દરેક ગુનાહથી બચવા ચાહું છું.

અય મઅબૂદ ! મને એવા ગુનાહમાં ન નાખ પણ એ કે જેને તું માફ કરી દે. મને એવા કોઈ ગમ ન આપ પણ એ જે તું દૂર કરી દે. મને એવી કોઈ બીમારી ન દે પણ જે તું સારી કરી દે. મને એવી ખોડ ન આપ પણ એ કે જે તું ગુપ્ત રાખે. મને એવી રોજી ન આપ પણ જેમાં તું વિપૂળતા અતા કરે. મને એવો ડર ન હોય પણ જેનાથી અમન અતા કરે. મારામાં એવી બુરાઈ ન આવે પણ જેને તું હટાવી દે. મને એવી કોઈ હાજત ન હોય, પણ એ જેને તું પૂરી કરે. અને તેમાં તારો રાજીપો અને મારી ભલાઈ હોય. અય સૌથી વધારે રહેમ કરનાર અને દુનિયાઓના પાલણહાર, આમ્ર જ થાય.

**પછી દસ વખત પઢે :**

**બિલ્લાહિઅૈતસૈમંતો વ બિલ્લાહે અસૈકોં વ અૅલલ્લાહે અતવકૈકલો.**

હું ખુદાથી નજદીકી ચાહું છું, અને ખુદા ઉપર ભરોસો કરૂં છું, અને ખુદાથી જ આશા રાખુ છું.

**પછી એક વખત પઢે :**

**અલ્લાહુમ્મ ઈને અૅઝોમતં ઝોનૂબી ફ અનેત અઅૅઝમો વ ઈને કબોર તફ્રૈરીતીં ફ અનેત અકૈબરો વ**

**ઈન્નેદામ બુખ્લી ફ અન્ત અજવદો. અલ્લાહુમ્મગ્ફિર લી અઝીમ ઝોનૂબી બે અઝીમે અફ્વેક વ કસીર તફ્રીતી બે ઝાહેરે કરમેક વકમઅ બુખ્લી બે ફઝ્લે જૂદેક. અલ્લાહુમ્મ મા બેના મિન નેઅમતિન ફ મિન્ક લા ઈલાહ ઈલ્લા અન્ત અસ્તગ્ફિરોક વ અતૂબો એલયક.**

અય મઅબૂદ ! જો મારા ગુનાહો મોટા છે તો તારી ઝાત તો સૌથી મોટી છે. જો મારી ભૂલચૂક મોટી છે તો તારી ઝાત કયાંય મહાન છે. અને જો મારી કંજૂસી સદાની છે તો તું વધારે આપનાર છો.

અય અલ્લાહ તારી મહાન બખ્શિશથી મારા મોટા ગુનાહ માફ કરી દે. તારી કૃપા અને માયાથી મારી ઘણી ભૂલ ચૂકો માફ કરી દે. અને તારા ઉદાર અતિશય દાનથી મારી કંજૂસી દૂર કરી દે.

અય ખુદા ! અમારી પાસે જે નેઅમતો છે એ તારા તરફથી છે. તારા સિવાય કોઈ બંદગીને લાયક નથી. તારાથી બખ્શિશ ચાહું છું અને તારી સમક્ષ તૌબા કરૂં છું.

◆◆◆◆◆

## અસરની નમાઝ બાદ પઢવાની દોઆ :

કિતાબ મુતહજ્જિદમાં છે કે આ દોઆ નમાઝે અસર બાદ પઢે :

**અસ્તગ્ફિરુલ્લાહલ્લઝી લા ઈલાહ ઈલ્લા હોવલ હય્યુલ કય્યુમુર રહમાનુર રહીમો ઝુલ જલાલે વલ ઈકરામે. વ અસઅલોહૂ અંય યતૂબ અલય્ય તવ્બત અબ્દિન ઝલીલિન ખાઝેઈન ફકીરિન બાએસિન મિસ્કીનિન મુસ્તકીનિન મુસ્તજીરિન લા યમ્લેકો લે નફ્સેહી નફ્અવ વલા ઝર્રવ વલા મવ્તવ વલા હયાતવ વલા નોશૂરા. અલ્લાહુમ્મ ઈન્ની અઊઝો બેક**

**મિનં નફસિલં લા તશંબઓં વ મિનં કલંબિલં લા યખંશઓં વ મિનં ઈલંમિલં લા યનંફઓં વ મિનં સલાતિલં લા તુરંફઓં વ મિનં દોઓઈલં લા યુસંમઓં. અલ્લાહુમ્મ ઈન્ની અસંઅલોકલં યુસંર બઅંદલં ઉંસરે વલં ફરજ બઅંદલં કરંબે વર રખોંએ બઅંદશં શિદદતે. અલ્લાહુમ્મ મા બેના મિનં નેઅંમતિનં ફ મિનંક લા ઈલાહ ઈલ્લા અનંત અસંતગંફેરોક વ અતૂબો એલયંક.**

એ ખુદાથી માફી માગું છું, જેના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. તે જીવંત અને સદાકાળ રહેનાર છે. ઘણી દયાવાળો, મહેરબાન, કીર્તિ અને મોટાઈનો ધણી છે.

હું તેનાથી સવાલ કરૂં છું કે તે પોતાના લાચાર, વિનમ્ર, મોહતાજ, સંકટગ્રસ્ત, નિરાશ્રિત, નિરાધાર, આશરો શોધનારાની તૌબા કબૂલ કરે છે. જે પોતાના નફા નૂકસાનનો માલિક નથી. ન તો તે પોતાની મોત કે ઝિંદગી પર કે આખેરત પર અખત્યાર ધરાવે છે.

અય મઅબૂદ ! હું કદી ન ધરાનાર જીવ, ડર ન રાખનાર દિલ, નફો ન આપનાર ઈલ્મ, કબૂલ ન થારી દુઆ અને ન સાંભળવામાં આવનારી યાચાનાથી તારી પનાહ ચાહું છું.

અય મઅબૂદ ! હું તારાથી સવાલ કરૂં છું કે મને કઠણાઈ પછી આસાની, દુઃખ પછી સુખ, તંગી પછી પુષ્કળતા આપ. અય ખુદા, અમારી પાસે જે નેઅમત છે એ તારી દીધેલી જ છે તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. હું તારાથી ક્ષમા માગું છું અને તારી સમક્ષ તૌબા કરૂં છું.

◆◆◆◆◆

## નમાઝે મગરિબ બાદ પઢવાની દોઆ

તસ્બીહે જનાબે ફાતેમા ઝેહરા સ.અ.પછી પઢે :

**ઈન્નલ્લાહ વ મલાએકતહૂ યોસલ્લૂન અંલનં નબીય્યે યા અય્યોહલં લઝીન આમનૂ સલ્લૂ અંલયંહે વ**

**સલ્લેમૂ તસલીમા. અલ્લાહુમ્મ સૈંલ્લે અૅલા મોહૅમ્મદેનિનૅ નબીય્યે વ અૅલા ઝુરૅરીયતેહી વ અૅલા અહેલે બયૅતેહી.**

બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તાઓ નબી કરીમ (સ.અ.વ.) પર દરૂદ મોકલે છે, અય ઈમાનવાળાઓ તમો પણ નબી (સ.અ.વ.) પર દરૂદ મોકલો કે જે સલામનો હક છે.

ખુદાવંદા ! મોહમ્મદ નબી (સ.અ.વ.) અને તેઓની અવલાદ અને તેઓની એહલે બયત પર રહેમત ઉતાર.

**પછી સાત વખત પઢે :**

**બિસ્મિલ્લાહિર રૅહૅમાનિર રહીમે વ લા હૅવૅલ વ લા કુૅવ્વત ઈલ્લા બિલ્લાહિલૅ અૅલીયૅયિલૅ અૅઝીમ.**

ખુદાના નામથી શરૂ કરૂં છું જે મહાન કૃપાળું અને અત્યંત દયાવાન છે. નથી કોઈ ગતિ કે શકિત પણ એ જે મહાન ખુદા તરફથી મળે છે.

**પછી ત્રણ વખત પઢે :**

**અલૅ હૅમૅદો લિલ્લાહિલૅ લઝી યફૅઅૅલો મા યશાઓ વલા યફૅઅૅલો મા યશાઓ ગૅયૅરોહૂ.**

દરેક પ્રકારની પ્રશંસા ખુદાના માટે છે, તે જે ચાહે છે તે કરે છે અને અન્ય કોઈ ચાહે તે કરતો નથી.

**પછી એક વખત પઢે :**

**સુબ્હૅાનક લા ઈલાહ ઈલ્લા અનૅતગૅફિર લી ઝોનૂબી કુલ્લહા જમીઅૅન. ફ ઈન્નહૂ લા યગૅફિરૂઝ ઝોનૂબ કુલ્લહા જમીઅૅનૅ ઈલ્લા અનૅત.**

પાક છે તું કે તારા સિવાય કોઈ મઅબૂદ નથી, મારા બધાય બધા ગુનાહો માફ કરી દે; કેમકે તારા સિવાય કોઈ બધાય ગુનાહો માફ કરનારો નથી.

◆◆◆◆◆

## ઈશાની નમાઝ બાદ પઢવાની દોઆ

અલ્લાહુમ્મ ઈન્નહૂ લયેસ લી ઈલ્મુવે બે મવઝેઓ રિઝ્કી વ ઈન્નમા અતૅલોબોહૂ બે ખતરાતિન તખ્તોરો અલા કલ્બી ફ અજૂલો ફી તલબેહિલે બુલ્દાન ફ અના ફીમા અના તાલેબુન કલે હયરાને. લા અદરી અ ફી સહેલિન હોવ અમ ફી જબલિન અમ ફી અરઝીન અમ ફી સમાઈન અમ ફી બરરિન અમ ફી બહેરિવે વ અલા યદયે મન વ મિન કેબલે મન વ કદ અલિમતો અન્ન ઈલ્મહૂ ઈનદક વ અસબાબહૂ બે યદેક વ અનતલ્લે લઝી તકસેમોહૂ બે લુત્ફેક વ તોસબ્બેબોહૂ બે રહેમતેક. અલ્લાહુમ્મ ફ સલ્લે અલા મોહમ્મદિવે વ આલેહી વજઅલ યા રબ્બે રિઝ્કક લી વાસેઅવે વ મતલબહૂ સહેલવે વ મઅખઝહૂ કરીબવે વલા તોઅન્નેની બે તલબે મા લમ તોકદ્દિર લી ફીહે રિઝ્કન ફ ઈન્નક ગનીય્યૂન અન અઝાબી વ અના ફકીરુન એલા રહેમતેક ફ સલ્લે અલા મોહમ્મદિવે વ આલેહી વ જુદ અલા અબ્દેક બે ફઝલેક ઈન્નક ઝૂ ફઝલિન અઝીમ.

અય ખુદા ! મને મારા રોજીના ઠેકાણાની ખબર નથી. અને હું તેને મારી સમજ પ્રમાણે ગોતું છું, એટલે હું રોજીની તલાશમાં દેસ પરદેસમાં ચક્કરો કાપું છું. અને તેને ગોતવામાં ઘૂમી રહ્યો છું. અને હું નથી જાણતો કે શું મારી રોજી હવામાં છે કે પહાડમાં ? જમીનમાં છે કે આસમાનમાં ? જંગલમાં છે કે સમંદરમાં ? કોના હાથે અને કોના તરફથી છે. અને હું જાણું છું કે તેનું ઈલ્મ તારી પાસે છે, તેના સાધનો તારા કબ્જામાં છે, અને તું તારી કૃપાથી રોજી વહેંચે છે. તારી રહેમતથી તેના કારણો પૂરા પાડે છે.

અય ખુદા ! મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ.) પર રહેમત ઉતાર અને અય પાલણહાર ! તારી રોજી મારા માટે વિશાળ કરી દે. તેનું માગવું સરળ કરી દે. અને તે મળવાની જગ્યા પાસે કરી દે. જે ચીઝમાં તેં મારી રોજી નથી રાખી મને તેને ગોતવાની મહેનતમાં ન નાખ. કેમકે તું મને અઝાબ દેવામાં બેપરવા અને હું તારી દયાનો મોહતાઝ છું. તો મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ પર રહેમત ઉતાર અને આ તુચ્છ સેવકને તારી અત્યંત કૃપાથી ભાગ આપ કેમકે તું ઘણો ફઝલ (અત્યંત કૃપા) કરનારો છે.

◆◆◆◆◆

## ઉમરએ મુફરદા

ઉમરાનો શાબ્દિક અર્થ ઝિયારત થાય છે, પરંતુ મઝહબે ઈસ્લામમાં અલ્લાહના ઘર કા'બાની ઝિયારતને ઉમરા કહેવાય છે. ઉમરા કરવા માટે અમુક નિયમો નક્કી કરવામાં આવેલ છે. મઝહબે ઈસ્લામમાં હજ વાજિબ (ફર્ઝ) છે જ્યારે ઉમરા મુસ્તહબ અથવા સુન્નતે મોઅક્કેદા છે અને ઉમરએ મુફરદામાં અરફાત અને મીનાની વિધીઓ હોતી નથી.

## ઉમરા કરવાની રીત

ઉમરા અદા કરવા માટે નીચે મુજબ વિધાઓ એક પછી એક પૂરી કરવી વાજીબ છે.

(૧) મીકાતથી ઉમરાની નિય્યત (નિર્ણય) કરી એહરામ બાંધવું અને તલબીયા પઢવું. (૨) ખાનએ કા'બાનો તવાફ કરવો. (૩) તવાફની બે રકાત નમાઝ પઢવી. (૪) સફા અને મરવા વચ્ચે ચાલવું (સઈ કરવી). (૫) તકસીર કરવી–થોડા વાળ કાપવા. (૬) તવાફુન્નીસાઅની નિય્યતથી તવાફ કરવો. (૭) તવાફુન્નીસાઅના તવાફની બે રકાત નમાઝ પઢવી.

## એહરામ (પુરૂષો માટે)

ઉમરા કરવા વખતે પહેરવાના ખાસ વસ્ત્રને એહરામ કહેવાય છે, જે અઢી ગજ લાંબા અને ૪૨ ઈંચ પહોળા વગર સિવેલા બે ટુકડાઓની હોય છે. એહરામ બાંધવા પહેલા ઝાએરીનને વઝુ અથવા ગુસલ કરવું સુન્નત છે, એહરામ બાંધવા માટે એહરામનો એક ભાગ શરીરના નીચેના હિસ્સા ઉપર તહેમત (લુંગી)ની જેમ ગાંઠ લગાવ્યા વગર પહેરવો અને મજબુતી માટે એના ઉપરના ભાગને સાડીની જેમ બેવડુ કરીને વાળી લેવું, એહરામના બીજા ભાગને ખભા ઉપર એવી રીતે ઓઢવો કે બને ખભાઓ ઢંકાએલા રહે, પરંતુ માથું અને કાન ખુલ્લા રહેવા જોઈએ.

## એહરામ (સ્ત્રીઓ માટે)

સ્ત્રીઓ માટે એહરામ એમના વપરાશના કપડા જ છે. રેશમના કપડા પણ પહેરી શકાય છે. વસ્ત્રો સુતરાઉ અને સફેદ રંગના હોય તો વધારે સારૂં પરંતુ એટલા જીણા ન હોય કે શરીર દેખાય. સ્ત્રીઓને ચહેરા અને

હથેળીઓ સિવાય તમામ શરીર ઢાંકેલું રાખવું જરૂરી છે, સ્ત્રીઓને માથું એવી રીતે ઢાંકી રાખવું જોઈએ કે માથાના વાળ બીલ્કુલ ન દેખાય અને કાન પણ ઢાંકેલા હોવા જોઈએ. સ્ત્રીઓ માસિક અટકાવ (હયઝ)ની હાલતમાં પણ એહરામ બાંધી શકે છે; અને જો એહરામ બાંધ્યા બાદ માસિક શરૂ થઈ જાય તો પણ એહરામમાં કશો ફરક પડતો નથી, પરંતુ એ હાલતમાં ખાનએ કા'બાના હરમમાં દાખલ ન થાય. તમામ ઝાએરીનોએ એહરામ બાંધ્યા પછી છ અથવા બે રકાત નમાઝ સુન્નત પઢવી જોઈએ. કોઈ પણ વાજીબ નમાઝ પઢવા પછી પણ એહરામ બાંધી શકાય છે.

## મીકાત

